
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૩મું
મે - ૨૦૧૮
અંક : ૪૮૦

મંગલ મંદિર ● મે-૨૦૧૮ ● ૧
(કુલ પાના : ૯૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



1st May 1960
Gujarat Day

Gujarat-A state that fosters dreams & cultivates wisdom

: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org

# 'નવનીત'નાં
# જનરલ નૉલેજ માટેનાં
# શ્રેષ્ઠ પ્રકાશનો

શૈક્ષણિક, વૈજ્ઞાનિક, વ્યાપારિક, રાજકીય, માનવીય, શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક, સ્વાસ્થ્યલક્ષી, વાસ્તુલક્ષી, ખેચર-ભૂચર-જળચર, પશુ-પંખી-જીવ-જંતુ-કીટાણુ, વાનસ્પતિક, જૈવિક, ભૌગોલિક, ખગોલીય, બ્રહ્માંડીય / વૈશ્વિક – તમામ વિષયો માટે 'ગાગરમાં સાગર' સમાં ને જ્ઞાનના ખજાના જેવાં આ પ્રકાશનો દરેક ઘરમાં અવશ્ય હોવાં જ જોઈએ. આજે જ વસાવી લેશો. આબાલ-વૃદ્ધ સૌ માટે આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી નીવડશે!

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**




NAVNEET®

Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380 052, India.
**Phone :** (079) 6630 5000 • 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**e-mail :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

## હેલ્થને હેમખેમ રાખવાનું ગાઈડન્સ આપતાં પુસ્તકો

**કેન્સર વિષયક પુસ્તકો**

**ડૉ. ચિરાગ એ. શાહ**

| | |
|---|---|
| કેન્સર મટી શકે છે | 400 |
| સ્તનકેન્સર | 30 |
| કેન્સરથી ગભરાશો નહિ | 120 |
| લોહીનું કેન્સર | 70 |
| પાચનતંત્રનું કેન્સર | 50 |
| કેન્સર વિશે જાણો | 20 |
| Cancer Can Be Cured | 600 |
| Know About Cancer | 20 |
| કેન્સર કે બારેમેં જાનિએ | 20 |
| તંબાકુ કી લત યાનિ સર્વનાશ | 50 |
| શરાબ કી લત કરે જિંદગી બરબાદ | 50 |

**Dr. Prakash D. Doshi**

| | |
|---|---|
| Tobacco and Alcohol The Silent Killers | 50 |

**પ્રજ્ઞા શાહ**

| | |
|---|---|
| કેન્સર મારો પરમ સખા ! (પુરસ્કૃત) | 50 |

**કોરોનરી હૃદયરોગ નિવારણ**

**પુસ્તિકા-સપ્તક (પુ.7) 120**

**ડૉ. રમેશ કાપડિયા**

| | |
|---|---|
| હૃદયરોગને ઓળખો અને અટકાવો | 15 |
| હૃદયરોગમાં તનાવ અને તનાવપ્રબંધ | 15 |
| હૃદયરોગમાં શવાસન અને ધ્યાન | 20 |
| હૃદયરોગ અને આહાર | 20 |
| હૃદયરોગ અને યુનિવર્સલ હીલિંગ કાર્યક્રમ | 15 |
| હૃદયરોગમાં વિજ્ઞાન અને અધ્યાત્મ | 22 |
| હૃદયરોગ અંગે વારંવાર પુછાતા પ્રશ્નો | 13 |

**બાળઆરોગ્યનાં પુસ્તકો**

**ડૉ. હર્ષદ વી. કામદાર**

| | |
|---|---|
| બાળકોની માવજત જાતે કરો | 340 |
| બાળકોમાં કાયમી શરદી અને ખાંસી | 20 |
| એલર્જીને ઓળખીએ | 20 |
| બાળકોને અપાતી આધુનિક રસીઓ | 50 |
| બાળકોમાં કાયમી ઝાડા અને તેના ઉપાયો | 15 |
| બાળકોની ઊલટીની સમસ્યા અને તેના ઉપાયો | 15 |
| બાળકની ભૂખ વધારવા શું કરશો ? | 15 |
| બાળકોમાં કિડનીના અને મૂત્રમાર્ગના રોગો | 40 |
| બાળકોમાં એલર્જીની તકલીફ | 40 |
| બાળકોને પડતી સામાન્ય તકલીફ | 40 |
| બાળકોની ઊંચાઈની સમસ્યા | 15 |
| બાળવિકાસ અને સંભાળ | 35 |
| બાળઆરોગ્યની વાતો | 40 |

**ડૉ. મુકુંદ મહેતા**

| | |
|---|---|
| ફિટનેસ ફન્ડામેન્ટલ્સ | 225 |
| હેલ્થ હાઇવે | 400 |
| આરોગ્યની આડી લીટી સીધી લીટી | 270 |
| હેલ્થ ટિટ્બિટ્સ | 225 |
| હાસ્યચિકિત્સા | 5 |

**ડૉ. પી. જી. શાહ**

| | |
|---|---|
| એક્યુપંક્ચર (પુરસ્કૃત) | 100 |
| એક્યુપંક્ચર | 30 |
| Acupuncture (અંગ્રેજી) | 30 |
| હોમિયોપેથિક સારવાર | 60 |
| હાર્ટએટેક : નિદાન અને સારવાર | 12 |
| ડાયાબિટીસ | 10 |
| અનેક રોગોમાં અક્સીર હોમિયોપેથિક સારવાર | 45 |

**ડૉ. હર્ષદ વી. કામદાર**

| | |
|---|---|
| HIV-AIDS જાણકારી એ જ સાચો બચાવ | 120 |

**ડૉ. કલા શાહ**

| | |
|---|---|
| દંપતી મેનોપોઝ : મૂંઝાવું શાને ? | 100 |

**અન્નપૂર્ણા ત્રિવેદી**

| | |
|---|---|
| આહાર અને પોષણ | 64 |

**ડૉ. માણેકભાઈ પટેલ 'સેતુ'**

| | |
|---|---|
| દાંત સાથે દોસ્તી | 30 |

**ડૉ. બકુલરાય મહેતા**

| | |
|---|---|
| આયુર્વેદોપચાર (પંચકર્મ સહિત) | 200 |

**ડૉ. યુવા અય્યર**

| | |
|---|---|
| આયુર્વેદ : આરોગ્ય અને રોગ | 250 |

**ડૉ. સી. બી. દેસાઈ**

| | |
|---|---|
| Clinical views for Homeopathy | 30 |

**પંકજ ભટ્ટ**

| | |
|---|---|
| ડિપ્રેશનથી સચ્ચિત્ત આનંદ | 120 |

## આવાં અન્ય અનન્ય પુસ્તકો ખરીદવાનાં અમદાવાદનાં ગ્રંથતીર્થો

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340,
મો. 9825268759
ઈમેલ :
gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**
- તંત્રી લેખ ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૮

**લેખ વિભાગ**

**કચ્છની રસધાર**
- વચન પાલન ........ **દુલેરાય કારાણી** ....... ૯

**કચ્છી કથા**
- જત કન્યા ........ **સ્વામી સચ્ચિદાનંદ** ..... ૧૩

**ધારાવાહિક નવલકથા**
- છોરાંવછોઈ – (૧૯)
  મરઘાંમાએ હૈયાધારણ અને હિંમત આપી ........ **હંસરાજ સાંખલા** ..... ૧૫

**નિબંધ**
- જૈન ધર્મ અને વિજ્ઞાન ........ **અલ્કા સુનિલ શાહ** ..... ૧૮
- મારું સપનું સાકાર થશે ........ **લીલાધર ગડા** ..... ૨૦
- ભારતની રાષ્ટ્રીયતાને ઘાતક : જ્ઞાતિ ને ધર્મવાદ ........ **ડૉ. નિથાલાલ ગોહિલ** ..... ૨૩

**વાર્તા**
- રજા ચિઠ્ઠી ........ **ગુલાબચંદ સાવલા** ..... ૨૬
- પરીક્ષા ........ **કેશુભાઈ દેસાઇ** ..... ૨૮

**લોકકથા**
- રોઈ રોઈ કોને સંભળાવું? ........ **નાનાભાઈ જેબલિયા** ..... ૩૦

**પર્વ કથા**
- અક્ષય તૃતીયા – એક રસમય રહસ્ય ........ **આ. કલ્યાણબોધિસૂરિ** ..... ૩૨

**શિક્ષણ**
- Result (પરિણામ) ........ **એસ. જી. પટેલ** ..... ૩૩
- શાળામાં ફેશન અને વ્યસનમુક્તિ અભિયાન દ્વારા
  બાળકોને સંસ્કૃતિસભર બનાવીએ ........ **ખોડાભાઈ બી. પટેલ** ..... ૩૫

**બાળ શિક્ષણ**
- બાળકને બાળપણ માણવા દો ........ **ડૉ. ઊર્મિલા શાહ** ..... ૩૬

**સમાજ ચિંતન**
- અલૌકિક વાત્સલ્ય ........ **ઇલા કે. શાહ** ..... ૩૮
- શટર બંધ કરવા ........ **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૪૦

**ચિંતન**
- વૈકુંઠ તારા હૃદયમાં છે ........ **મૂ.લે. : લીઓ ટોલ્સ્ટોય, અનુવાદ : ચિત્તરંજન વોરા** ..... ૪૨
- સમાજના બે પાસાં ........ **રસિક મહેતા (પારેખ)** ..... ૪૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**મંથન**
- મૃત્યુનું રહસ્ય ખોલીએ ...... **ફાધર વર્ગીસ પોલ** ..... ૪૫
- ત્રણ પ્રકારના શાળા સંચાલકો ...... **તુલસીભાઈ પટેલ** ..... ૪૭

**સમાજ**
- ઘર ઘર ફરીને પેટિયું રળતા મૂકસેવકો ...... **કાન્તિ ભટ્ટ** ..... ૫૦

**આરોગ્ય**
- અલઝાઈમર અને અશ્વગંધા ...... **દક્ષા રાઠોડ** ..... ૫૧

**પર્યાવરણ**
- પર્યાવરણ અને આપણે... ...... **હેમા મહેતા** ..... ૫૪

**પ્રેરણા**
- ઋણ મુક્તિ ...... **ગિરીશ ગણાત્રા** ..... ૫૫

**વિભૂતિ વંદના**
- વૈશાખી પૂર્ણિમા : બુદ્ધ જયંતી પર્વ
  મધ્યમ માર્ગના પ્રવર્તક : ભગવાન ગૌતમ બુદ્ધ ...... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૫૬

**પ્રવાસ**
- અતીતમાં ભૂસકો! ...... **હરેશ ધોળકિયા** ..... ૫૯

**હાસ્ય**
- મરણોત્સવ ...... **વિનોદ ભટ્ટ** ..... ૬૪
- ક્યારેક ક્યારેક મૂંગી નાર ...... **નિરંજન ત્રિવેદી** ..... ૬૬

**સંસ્મરણ**
- પહેલાંના વખતમાં ભણતરની સુવર્ણ યાદ ...... **અલ્કા એ. સંઘવી** ..... ૬૭

**નિયમિત વિભાગો**
- આંજો કાગર ...... ૬૭
- બાલુડેં જ્યું ગાલિયું ...... **ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૬૮
- *Nano Nine* શબ્દ રમત-૧૪૦ ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૯
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૯૭) ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૧
- જાણવા જેવું ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૨
- વલોવતન ...... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૭૪
- સમાજ દર્પણ ...... ૭૭
- સંસ્થા સમાચાર ...... ૭૮
- ઊડતી નજરે ...... ૮૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : નોટબુક-ચોપડા વિતરણ ફોર્મ ...... ૮૮
- બાળવર્ગથી ધોરણ-૭ સુધી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું માહિતી પત્રક (ફોર્મ-A) ...... ૮૯
- ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું માહિતી પત્રક (ફોર્મ-B) ...... ૯૧

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

મૂળભૂત રીતે આપણો દેશ કૃષિ અને ઋષિ સંસ્કૃતિ ધરાવતો દેશ છે. એથી માનવ જીવનમાં શ્રમ અને સાધના બેઉનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. ધર્મ પણ આ બેઉ મુદ્દાઓને સાંકળીને ચાલતો રહ્યો છે. ઋતુચક્ર મુજબ ગ્રીષ્મ એ સૂર્યની જુવાની છે. પૃથ્વીને બરાબર તપાવીને સકળ સૃષ્ટિના જીવનદાતા સૂર્યદેવ વર્ષાનાં અમીછાંટણાં કરે છે. મહાન તીર્થંકરોનું જીવન પણ આવા જ આકરા તાપ અને તિતિક્ષાના ઉજ્જવળ ઉદાહરણ સમું હોય. એમાંથી યુગો સુધી પ્રેરણાની અમીવર્ષા થયા કરે. ભગવાન આદિનાથથી લઈ મહાવીર સ્વામી સુધીના તીર્થંકરોએ જીવનને તપોવનમાં ફેરવી દઈ માનવજાતને આદર્શોના ઇક્ષુરસથી સીંચી છે. આવો ભવ્ય અને દિવ્ય વારસો ભૌતિક દૃષ્ટિએ સમૃદ્ધ ગણાતી પ્રજાઓ પાસે નથી, તે આખું જગત જાણે છે. એ સંદર્ભે આપણે ભારતવાસીઓ ઘણા નસીબદાર છીએ. ધોમધખતા ઉનાળામાં અક્ષયતૃતીયા જેવું પવિત્ર પર્વ આવે છે. દેશી ભાષામાં આપણે એને અખાત્રીજ કહીએ છીએ. ઉત્તર ભારતમાં આ જ પર્વ 'બૈસાખી' નામે ઊજવાય છે. ભારતીય પંચાંગ અનુસાર શુભ મંગલ કાર્યોના શુભારંભ માટે કેટલાંક વણજોયાં મુહૂર્ત પ્રસ્થાપિત કરાયાં છે. એમાં દિવાળી પછી આવતી લાભપાંચમ જેને જૈન શાસ્ત્ર 'જ્ઞાન પંચમી' તરીકે ઊજવતાં રહ્યાં છે તેની લગોલગ સૂર્યના મકરપ્રવેશનું પર્વ મકર સંક્રાન્તિ આવે છે. આ બેઉ કરતાં મૂઠી ઊંચેરો મહિમા અખાત્રીજનો છે. ખગોળ, જ્યોતિષ, ધર્મ અને ખેતી – દરેક સંદર્ભે એનું આગવું મહત્ત્વ છે. એ યુગ પ્રારંભની તિથિ ગણાય છે. આ પવિત્ર દિવસે કરવામાં આવેલ દાન, સ્નાન, જપ-તપ ઇત્યાદિનું અનેકગણું ફળ મળે છે. એનું નામ જ અક્ષય તૃતીયા છે. એ દિવસે આરંભેલાં શુભ કર્મો - સત્કર્મોનો ક્ષય થતો નથી. પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ ચારસો ઉપવાસ પૂરા કર્યા પછી પણ સંકલ્પ મુજબની ભિક્ષા કે ભેટ નહીં મળતાં હસ્તિનાપુર પધારે છે. ત્યાં એમના જ પ્રપૌત્રને દિવ્ય પ્રેરણા થાય છે. એને પૂર્વજીવનનું સ્મરણ થાય છે. પૂર્વ જન્મમાં કરેલ તીર્થંકરનાં દર્શન, પોતે જીવેલ સાધુજીવન – એ બધું એકસામટું યાદ આવી જાય છે. યોગાનુયોગ એ જ સમયે આ શ્રેયાંસકુમારને કોઈ શેરડીના રસનો કુંભ ભેટ આપવા આવી ચડે છે. સહજ અંતઃપ્રેરણાથી પ્રપૌત્ર શ્રેયાંસકુમાર પ્રભુ આદીશ્વરનાથને ભક્તિભાવપૂર્વક વિનંતી કરે છે : "પ્રભુ, આ શુદ્ધ - નિર્દોષ ઇક્ષુરસ સ્વીકારો અને મને પાવન કરો." પ્રભુએ હાથ પ્રસાર્યા. ઇક્ષુરસનો સ્વીકાર કરી ચારસો નિર્જળા ઉપવાસનાં પારણાં કર્યાં. આ દિવસ હતો વૈશાખ સુદ ત્રીજ, અખાત્રીજ. એક વર્ષ ઉપરાંતનાં તપનાં એ "વર્ષીતપ"નાં પારણાંનો દિવસ જૈન ધર્મ માટે સીમાચિહ્ન સમો બની રહ્યો. આ વખતના અંકમાં આચાર્યપ્રવર કલ્યાણબોધિસૂરિ લિખિત લેખ – "અક્ષયતૃતીયા – એક રસમય રહસ્ય" પ્રગટ કરતાં આનંદ અને આત્મતૃપ્તિ અનુભવું છું સાથે જ આ માસમાં આવતી 'બુદ્ધ પૂર્ણિમા' વિશેનો લેખ પણ સામેલ છે.

દરમિયાન દેશમાં કેટલીક અત્યંત અરુચિકર ઘટનાઓ બની ગઈ છે, તેનો કોઈ પણ ભારતીય નાગરિકને અફસોસ થવો જ જોઈએ. શું રામ, કૃષ્ણ, બુદ્ધ અને મહાવીરની તથા ગાંધી - વિનોબા જેવા પુણ્યાત્માઓની પાવન ભૂમિને આવી ઘૃણાજનક ઘટનાઓ શોભે છે? બાલિકાથી માંડી યુવાન સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારો આપણા સંસ્કારોથી વિપરીત નથી?

ચાલો, વિચારીએ અને ઉપાય શોધીએ!

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | અદ્ભુત ક્લીપનો કાર્યક્રમ.<br>(સાથે : હાસ્ય કલાકાર અને હાઉસી ગેમની મજા) |
| ● મંગળવાર, તા. ૧૫-૫-૨૦૧૮થી શનિવાર, તા. ૧૯-૫-૨૦૧૮ રોજ બપોરે ૩ થી ૫ | નવનીત ભવન, આણંદજી કલ્યાણજી બ્લોક્સ, બહેરામપુરા. | બાલ સમૃધ્ધિ યોજના સમિતિ | ધોરણ-૩થી ઉપરના વિદ્યાર્થીઓ માટે ચિત્રકામનો એક વર્કશોપ. |
| ● મંગળવાર, તા. ૫-૬-૨૦૧૮ | ISRO - જોધપુર. | બાલ સમૃધ્ધિ યોજના સમિતિ | ISROની મુલાકાતનો કાર્યક્રમ. |
| ● શનિવાર, તા. ૯-૬-૨૦૧૮ અને રવિવાર, તા. ૧૦-૬-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | રાહત દરે નોટબુક - ચોપડા વિતરણ કાર્યક્રમ. |
| ● જૂન-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | યોગનો કાર્યક્રમ અથવા સ્ત્રી સ્વ-રક્ષણનો કાર્યક્રમ. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*ફૂંક મારીને દીવાને ઓલવી શકાય, અગરબત્તીને નહીં.*
*જે સુગંધ ફેલાવે છે તેને કોઈ ઓલવી શકતું નથી.*


# JETHABHAI DOONGARSHI TRANSPORT Co.

# J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

કચ્છની રસધાર

# વચનપાલન

દુલેરાય કારાણી

કચ્છ-વાગડની ઉત્તર સરહદ પર આવેલું લોદ્રાણી ગામ થરપારકર અને કચ્છ વચ્ચેની એક કડી સમાન છે. લોદ્રાણી એ થરપ્રદેશનું નાકું ગણાય. કચ્છના મોટા રણની શરૂઆત ત્યાંથી જ થાય. વૈશાખના વાવલિયા વાય અને અરબી સમુદ્રનું પાણી આ રણપ્રદેશમાં ખેંચાઈ આવે. વરસાદનાં વાદળાં પોતાનો મોરચો માંડે ત્યાર પહેલાં તો આ રણપ્રદેશ પર સમુદ્રનાં પાણીનો પ્રવાહ ફરી વળે. આ રણનું પાણી ક્યારેક ઢીંચણ સમું અને કોઈ વાર છાતીપૂર ઊંડું પણ હોય. થરીઆ અને ખારાઈ ઊંટોની લાંબીલાંબી કતારો આ પાણી જંગીને ઘીના મોટા 'ધબ્બા' સહિત રાતની રાતમાં આખું રણ ઓળંગી આવે.

પારકરમાં તો ઘી પાણીના મૂલે વેચાય. દૂધ-દહીંની તો ત્યાં છોળો ઊડે. દૂધ, દહીં, છાશ અને માખણ એ જ ત્યાંના લોકોનું જીવન. આ પ્રદેશના માલધારી લોકો રોટલો તો ભાગ્યે જ જુએ. ગાયો, ભેંસો આદિ પશુધન તો અહીં કીડિયારાની પેઠે ઉભરાય. આ લોકોની શ્રીમંતાઈ પણ પશુધન વડે જ અંકાતી. આજે સૂકા બની ગયેલા થરપ્રદેશની માત્ર એક સદી પહેલાં આવી સમુદ્ર સ્થિતિ હતી.

થરપારકરમાંથી હાથણી જેવી ભેંસોનું એક મોટું ટોળું લઈને વારુ ચારણ કચ્છ તરફ આવવા નીકળ્યો. ચારણો એ સમયે મોટા વેપાર પણ ખેડતા. સિંધ, પંજાબ, મારવાડ અને કચ્છ વચ્ચેનો ઘણો વ્યાપાર-વ્યવહાર આ ચારણો અને વણઝારાઓ મારફત ચાલતો. ચારણોને તો દાણામાફીનો લાભ મળતો એટલે એમે આ વેપારમાં વિશેષ નફો થતો. વારુ ચારણે પણ ભેંસોનું મોટું ધણ વેપાર માટે જ ખરીદી લીધું હતું. આ તમામ ભેંસો સાથે વારુ ચારણે કચ્છના રણમાં ઝંપલાવી દીધું.

રણના પાણીમાં પગ દીધો, એટલે જાણે દુનિયાથી દૂર થઈ ગયા. પાણી અને આકાશ એ જ માત્ર સુખ-દુઃખનાં સાથી અને સાક્ષી. નીચે અનંત પાણી અને ઉપર અનંત આકાશ! એ સિવાય તો એક ઝાડનું ઠૂંઠૂં પણ ક્યાંય શોધ્યું જડે નહિ. પાણી ભરેલા આ રણપ્રદેશમાં એક કાંકરો કે રેતીની એક મુઠી પણ દુર્લભ.

રણના પાણીને ખૂંદતો-ખૂંદતો વારુ ચારણ પોતાની ભેંસોના મોટા ટોળા સાથે એક રાત અને એક દિવસના સતત પ્રવાસ પછી વળતે દિવસે સવારે રણના કાંઠે આવેલા લોદ્રાણી ગામે આવી પહોંચ્યો. લોદ્રાણીની ધરતી એટલે ઘાસચારાનો અખૂટ ખજાનો. કાળા ઉનાળામાં અને કાળદુકાળમાં પણ લોદ્રાણીની ધરતીમાં ઘાસચારાની તાણ ન પડે.

વારુ ચારણની ભેંસો એક દિવસ અને એક રાતના સતત પ્રવાસ વચ્ચે રણનું પાણી ચીરીને આવેલી હોવાથી ઘાસનું એક તરણું પણ તેમને ક્યાંય જોવા મળ્યું ન હતું. કાળી વાદળી જેવી કાળી ભેંસો આજે કાળી ભૂખથી અકળાઈ ગઈ હતી. રણને કિનારે પગ મૂકતાં જ લોદ્રાણીની સીમનું ગૂડા સમું ઘાસ જાણે આ ભેંસોના આખા ધણને આમંત્રણ આપતું ઝૂલી રહ્યું હતું. ભૂખી તરસી ભેંસો આ લીલુડા ઘાસમાં મુક્ત મને ચરવા લાગી. બબ્બે દિવસની ભૂખના કડાકાથી ભૂખી ડાંસ બનેલી વારુ ચારણની ભેંસો લોદ્રાણીની લીલી જમીનને એકસરખી સાફ કરવા મંડી પડી.

લોદ્રાણીમાં આ સમયે સબરાણી વંશના વાઘેલાઓનો અમલ હતો. એ વખત કંઈ જુદો જ હતો. માથું દેવું અને માથું લેવું એ તો એ વખતે એક રમત વાત હતી. પણ પારકાં ચોપાને પોતાની હદમાં ચરવા દેવાની ઉદારતા અલભ્ય હતી. લીલાં માથાં દઈ દેવા કરતાં લીલા ઘાસનું દાન દુર્લભ હતું. આમ છતાં વારુ ચારણ તો નિશ્ચિત હતો. રાજપૂત રાજ્યના પ્રદેશમાં ચારણોની સલામતી હતી. અહીં એમને કશું ડરવાપણું ન હતું. એટલે વારુ ચારણે ભેંસોને લોદ્રાણીની ધરતીમાં છૂટી ચરતી છોડી દીધી. પોતે પણ બે દિવસની ભૂખ, ઉજાગરા અને થાકથી થાકેલોપાકેલો હોવાથી એક વિશાળ વટવૃક્ષનો શીળો છાંયડો જોઈને તેની નીચે થોડો આરામ લેવા આડે પડખે થયો. ભેંસોને ગળે બાંધેલી ઘંટડીઓના મીઠા રણકાર વચ્ચે તે તરત જ નિદ્રાદેવીને આધીન થઈ ગયો. એની સાથેના માણસો પણ થાક્યાપાક્યા હોવાથી ઝાડની ઠંડી છાયામાં ઠંડી હવાની લહેરો વડે લેવાઈને ઊંઘી ગયા.

પારકરની પાર વગરની ભેંસો લોદ્રાણીની સીમને સફાચટ કરતી હતી. આ સમાચાર વાઘેલા સરદારને કાને આવતાં તે તરત જ પોતાના માણસો સાથે ત્યાં આવી પહોંચ્યો. ભેંસો તો લોદ્રાણીની ધરતી પર ધરિયાણિ થઈને ધરાર ચરી રહી હતી. આ દશ્ય જોઈને વાઘેલાની આંખો ગુસ્સાથી લાલચોળ બની ગઈ. તેણે આ બધી ભેંસોને હાંકીને દરબારગઢમાં પૂરી દેવાનો પોતાના માણસોને હુકમ કરી દીધો. મોજથી ચરતી ભેંસોના મોંમાંથી ઘાસનાં તરણાં ઝૂંટવાઈ ગયાં. તમામ ભેંસોને દરબારગઢમાં ધકેલી દેવામાં આવી. થાકથી લોથપોથ બનેલો વારુ ચારણ અને એના

માણસો વૃક્ષના છાંયડા તળે જેમના તેમ સૂતા જ રહી ગયા.

પાછલા પહોરે ઊંઘમાંથી ઊઠીને વારુ ચારણે પહેલી દૃષ્ટિ ભેંસો તરફ દોડાવી. પણ ભેંસો તો તમામ અલોપ થઈ ગઈ હતી. ઘંટડીનો રણકાર સાંભળવા તેણે પોતાના કાન સરવા કર્યા. પણ સૂસવતા પવનના સુસવાટા સિવાય તે કશું સાંભળી શક્યો નહિ. હાથી જેવી ધીંગી ભેંસો ક્યાંક છુપાઈ જાય એવું પણ ન હતું. તેને તરત જ ખાતરી થઈ ગઈ કે ભેંસો નજદીકમાં તો ક્યાંય નથી. એટલે હવે તો તે ભેંસોનાં પગલાંની શોધમાં પડ્યો. પગ લેતો લેતો તે ભેંસો જવાના માર્ગે ચાલવા લાગ્યો. આમ ચાલતો-ચાલતો તે વાઘેલા રાજના દરબારગઢમાં આવી ઊભો.

ચારણને અહીં આવી પહોંચેલો જોઈને વાઘેલા સરદારે તેને ધક્કા મારીને બહાર કાઢવાનો માણસોને હુકમ કરી દીધો. ચારણના પેટમાં ફાળ પડી. જિંદગીભરની કમાણી જેવા પશુધનને આંચકી લેવા તૈયાર થયેલા વાઘેલાને જોઈને ચારણની વ્યથાનો પાર રહ્યો નહિ. પણ આખરે ચારણ તે ચારણ. એનાથી તલવાર થોડી જ ઊપડવાની હતી! આંખમાં આંસુ સાથે પોતાની ભેંસો પાછી મેળવવા તે વાઘેલા સરદાર પાસે કરગરવા લાગ્યો, પણ હાથણો જેવી જબરી ભેંસો જોઈને વાઘેલાનું મન હવે ફરી ગયું હતું. ભેંસો વાઘેલાના હૈયા હેઠેથી ઊતરતી ન હતી. તેણે વારુ ચારણને ચોખ્ખા શબ્દોમાં જણાવી દીધું : "ભાગી જા અહીંથી ભિખારી, ભેંસો તારી હતી પણ નહિ અને તને મળવાની પણ નથી!"

વાઘેલાંનાં નિષ્ઠુર વચનોએ ચારણના હૃદય પર વજ્રનો પ્રહાર કર્યો. તેણે ઘણીઘણી વિનવણી કરી પણ વાઘેલા સરદારનું પથ્થર-હૃદય પીગળ્યું નહિ. ચારણે રડતા હૃદયે કહ્યું : 'વાઘેલારાજ, ચારણનો માલ તો કાચા પારા સમાન છે, કાચો પારો પચી શકતો નથી તેમ ચારણનો માલ તને પચવાનો નથી, એ વાત યાદ રાખજે!"

ચારણની તમામ વાતો અરણ્યરુદન જેવી નીવડી. વાઘેલાની સ્વાર્થવૃત્તિ ચારણની એકે વાત સાંભળવા તૈયાર ન હતી. તેણે પોતાના નોકરો પાસે ધક્કા મરાવીને વારુ ચારણને દરબારગઢથી બહાર હાંકી કાઢ્યો. જતાં-જતાં ચારણે કકળતી આંતરડીથી કહ્યું : "વાઘેલા, તારો જુલમ હું તો સાંખી લઉં છું પણ મારો ભગવાન સાંખવાનો નથી. ચારણનો મારો શ્રાપ છે, તારે દીકરી-દીવો નહિ રહે!"

વાઘેલાની જહાંગીરી પર શાપોનો વરસાદ વરસાવતો ભૂખ્યો-તરસ્યો ચારણ આંખમાં આંસુ સાથે ચાલતો થયો. વાઘેલાની જોહુકમીનો ઈન્સાફ ઈશ્વરના હાથમાં સોંપી પોતાની મદમાતી ભેંસોની આશા સદાને માટે છોડીને લોહીવરસતી આંખે તેણે લોદ્રાણીનો ત્યાગ કર્યો.

ઉપરની ઘટના પર ચાર-છ માસનાં વહાણાં વાઈ ગયાં. આટલા ટૂંકા ગાળામાં જ આ વાઘેલાવંશ પર કાળી આફત ઊતરવા લાગી. સબરાણી પાંખડીના એકસરખા સાઠ માણસોના જૂથમાં કુસંપનું ઝેર પેસી ગયું. આપસના કંકાસ, ઝઘડા અને કુસંપના વાતાવરણથી સબરાણી વંશ દિવસે-દિવસે ઘસાતો ચાલ્યો. છ માસમાં તો એમનું ખેદાનમેદાન થઈ ગયું. આ લોકોના ઘસારાથી સામા પક્ષના વાઘેલા વધુ જોરમાં આવી ગયા. પછી તો આ પક્ષના લોકો સબરાણીવંશનો ભાંગીને ભુક્કો કરવાના ઈલાજ લેવા લાગ્યા. વારુ ચારણના બળતા હૃદયના શબ્દોએ અજબ ચમત્કાર કરી બતાવ્યો. સબરાણીવંશ સમૂળગો નષ્ટભ્રષ્ટ બની ગયો. આખા વંશમાં આખરે એક જ માણસ લાઘોજી અને તેનો નાનકડો કુંવર લખધીરજી બાકી રહી ગયા. થોડો સમય વીત્યા પછી લાધાજીનો જીવન-દીપ પણ ઝાંખો પડવા લાગ્યો. એને વિચાર આવ્યો કે તે પણ હવે થોડા દિવસનો જ મહેમાન છે.

લાધાજી વાઘેલાનો એક પરમ મિત્ર હતો; એનું નામ ડુંગરજી. આ ડુંગરજી રાઠોડવંશનો હતો. એને સૌ ડુંગરા ભગતના નામથી ઓળખતા. નાનપણથી જ એને પ્રભુભક્તિની લગની લાગી હતી. રાત-દિવસ તે રામનામમાં જ મગ્ન રહેતો. એનું જીવન અવિવાહિત હતું. આ સ્થિતિમાં જ આખું જીવન વ્યતીત કરવાની એની અભિલાષા હતી. ડુંગરો ભગત ટેકીલો અને એકવચની હતો. સબરાણીવંશના સમસ્ત જથ્થાનો નાશ તે પોતાની સગી આંખે જોતો રહ્યો હતો. તાવડામાં ધાણી ફૂટે તેમ આખા વંશનો નાશ થઈ ગયો હતો. એ વંશમાંથી બાકી રહેલો લાધાજી પણ હવે છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો.

લાધાજીનો એકનો એક બાલકુંવર લખધીરજી હતો. કુંવર નાનો હોવાથી તેના જીવનની ચિંતા લાધાજીનું અંતર કોરી ખાતી હતી. તેને ફિકર હતી કે સામા વાસવાળા વાઘેલા વિજયરાજ અને જુગતસંગને જરા પણ લાગ આવતાં તે કુંવર લખધીરજીનું કાસળ કાઢી નાખ્યા વિના રહેવાના નથી. લોદ્રાણીની માલિકીનો દાવો ધરાવનાર હવે માત્ર આ એક જ કુંવરડો હોવાથી એના જીવનની ચિંતા લાધાજીના જીવને અકળાવી રહી હતી. સબરાણી વંશના આ છેલ્લા છોડવાનું અકાળે જીવન ઉચ્છેદન થઈ જાય તો આખો વંશ નાબૂદ થઈ જાય એ ફિકર લાધાજીને રાતદિવસ સતાવી રહી હતી. આથી તેનો જીવ અટવાઈ રહ્યો હતો. કેમે કરી એના જીવની મુક્તિ થતી ન હતી.

પોતાના પરમ મિત્ર લાધાજીની આવી સ્થિતિ જોઈને ડુંગરા ભગતના દિલમાં ભારે દુઃખ થયું. તેણે છેલ્લી પથારી પર પડેલા પોતાના મિત્ર લાધાજીને કહ્યું : "વાઘેલારાજ! તમારો જીવ અકળાતો જોઈને મને પણ પારાવાર દુઃખ થાય છે. તમારી કોઈ આકાંક્ષા રહી જતી હોય તો તે મને બેલાશક જણાવી દો."

"ભગતરાજ! મારા અંતરમાં હવે એક જ ચિંતા રહી જાય છે, તમે તે ચિંતા દૂર કરી શકશો?"

"જરૂર કરીશ! મારા જીવનના ભોગે પણ તમારી ઈચ્છા પાર પાડતાં પાછો હઠીશ નહિ!"

"રાઠોડ વીર! મારા જીવને માત્ર એક જ ચિંતા અકળાવી રહી છે. કુંવર લખધીરજી હજુ નાનો છે. આખા સબરાણીવંશમાં આ એક જ તાંતણો હવે બાકી છે. એના જીવનની ફિકર મને પળેપળે સતાવી રહી છે."

"બસ, વાત તો એટલી જ છે ને?"

"એટલી જ, પણ એ વાત ક્યાં નાની છે? એની જિંદગી પર વાગી રહેલાં દુશ્મનોનાં કાળનગારાં મને સુખથી મરવા પણ દેતાં નથી. મારું મૃત્યુ સુધરે એવી આશા હવે તમારા સિવાય ક્યાંય નથી."

"મિત્રવર! તમે નિશ્ચિંત રહો! બાલકુંવર લખધીરજીને હું મારા જીવના જોખમે પણ જાળવીશ તે ખાતરી રાખજો."

"બસ એટલું જ હું માગું છું. અમારા વંશની આ છેલ્લી નિશાનીને તમે જીવની જેમ જાળવજો! તમારા મિત્રની આ એકની એક અનામતને તમે અમૂલ્ય ખજાનાની પેઠે સાચવજો!"

"મિત્ર લાધાજી! તમે તમારા જીવની ગતિ કરો! હું મારી સાત પેઢીના સોગંદથી તમને વચન આપું છું કે - જ્યાં કુંવર ત્યાં હું!"

"બસ, બસ, રાઠોડ દેવ! તમે તમારા એક વાક્યમાં ઘણું બધું કહી દીધું. મારા મનને હવે સાચી શાંતિ થઈ. મારું મૃત્યુ આ પળે જ આવીને ઊભું રહે તો તેની પણ હવે મને કશી દરકાર નથી. મારી તમામ ચિંતા તમે ટાળી દીધી!"

અને એ જ વખતે લાધાજીનો આત્મા તેના નશ્વર શરીરને છોડીને અમરધામમાં ચાલ્યો ગયો.

એ દિવસથી જ ડુંગરા ભગતે કુંવર લખધીરજીને પોતાને ગળે લઈ લીધા. એ કુંવર એની સૃષ્ટિનું કેન્દ્ર બની ગયો. સ્વર્ગવાસી મિત્રની અણમોલ થાપણ તે મોટા ખજાનાની જેમ સાચવવા લાગ્યો. પળવાર પણ તે કુંવરને રેઢો મૂકતો નહિ. 'જ્યાં કુંવર ત્યાં હું' એ શબ્દોની સતત યાદગીરી એના મસ્તકમાં રહ્યા કરતી.

કુંવરનું જતન કરવાની ભગતની ભાવના અપૂર્વ હતી. કુંવરનાં ખાનપાન હરવું-ફરવું બધું તેની જાતદેખરેખ નીચે થતું. આમ છતાં આખી બાજી પલટાઈ ગઈ. મનુષ્ય એક ધારે છે અને કુદરત કંઈ બીજું જ કરી નાખે છે. ઘણી વાર એવું પણ બને છે કે જે વસ્તુને દૂર રાખવા આપણે સતત કાળજી સેવીએ છીએ એ જ વસ્તુ અણધારી રીતે આપણી સામે આવીને ઊભી રહે છે. આ પ્રસંગમાં પણ એવું જ બની ગયું. ભગતની ભારે તકેદારી છતાં કુંવરના શરીર પર સામા પક્ષવાળા તરફથી થયેલો ઝેરનો પ્રયોગ કાર્ય કરી ગયો. જૂના જમાનામાં પણ ઝેરના પ્રયોગો ખૂબ આગળ વધી ગયા હતા. તેમાં પણ દેશી રજવાડાંમાં તો આ કસબ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. પગમાં પહેરવાનાં પગરખાં પણ જો પૂરાં સાચવેલાં ન હોય તો તેમાંથી પણ ઝેરનો ચેપ લાગી જાય. પહેરવાનાં કપડાં તરફ પણ જરા બેદરકારી રહે તો તેમાં પણ ઝેરની અસર આવી જાય. ગમે તેમ બન્યું હોય પણ બાલકુંવર લખધીરજી આવા જ કોઈક ઝેરના પ્રયોગનો ભોગ બની ગયો. ફૂલ જેવા સુકોમળ કુંવરની જીવનજ્યોત એકાએક બુઝાઈ ગઈ. ડુંગરા ભગત પર તો આભ તૂટી પડ્યું. ભગતની અંતરવ્યથાનો પાર રહ્યો નહિ. મિત્ર લાધાજીને આપેલ મજબૂત વચન તેને યાદ આવ્યું કે "જ્યાં કુંવર ત્યાં હું!"

ભગતનું વચન અફર હતું. કુંવરની સાથે જ અગ્નિદાહ ગ્રહણ કરવાનો તેણે નિશ્ચય કરી લીધો. ડુંગરજી ભગતનો એક પરમ મિત્ર રાપરમાં રહેતો હતો. તેનું નામ રતનો ભગત. રાપર અને લોદ્રાણી વચ્ચે બાર ગાઉનું અંતર. પોતાની અંતિમ ક્રિયા રતના ભગતના હાથે કરાવવાની ડુંગરજીની ઈચ્છા હતી. આ રતના ભગતને તાબડતોબ બોલાવી લાવવા તેણે એક કાસદને ખાસ રાપર રવાના કર્યો.

સાંજ પડી ગઈ હતી. દિવસ જરાક ચડતાં જ અગ્નિસંસ્કારનું મુહૂર્ત હતું. કુંવરના શબ પાસે ડુંગરો ભગત બેરખો લઈને બેસી ગયો. આખી રાત તેણે પ્રભુભજનમાં વિતાવી.

પ્રભાતનો સમય થયો, પણ રતનો ભગત હજુ રાપરથી આવ્યો નહિ. આમ છતાં ડુંગરજીને તો ખાતરી હતી કે તેનો મિત્ર ગમે તે ઉપાયે અહીં આવી પહોંચ્યા વિના રહેવાનો નથી.

ડુંગરજી ભગત કુંવર સાથે સતા થવાના છે એ વાત અલ્પ સમયમાં જ આજુબાજુનાં ગામોમાં ફેલાઈ ગઈ. દિવસ ઊગતાં જ આસપાસનાં ગામોના માણસો ડુંગરજી ભગતનાં દર્શન માટે આવી પહોંચ્યા.

રાપરથી રતનો ભગત હજુ પણ આવ્યો નહિ. સૌના મનમાં અકળામણ થવા લાગી. સૂરજ ઊંચેઊંચે ચડતો જતો હતો. અગ્નિ સંસ્કારની સઘળી વિધિઓ તૈયાર હતી. ઝાંઝ અને પખવાજ સાથેની ભજન મંડળીઓ હાજર હતી. અબીલ અને ગુલાલના ગોટેગોટા આકાશમાં ઊડતા હતા. કુંવરની નનામી સાથે ડુંગરજી ભગત જીવન પરથી સદાને માટે હાથ ઉઠાવી, હાથમાં માળા લઈ, પરમાત્માનું ધ્યાન ધરતા ધીમે પગલે ચાલતા હતા. રાપરથી આવનાર રતના ભગતની સૌ કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. બધાની આંખો રાપરના રસ્તા પર ચોંટી ગઈ હતી.

આમ આખી મંડળી સ્મશાનભૂમિમાં આવી પહોંચી. ચિતા ખડકાઈ ગઈ. ડુંગરજી ભગત બાલકુંવરના શબને ખોળામાં લઈને ચિતા પર ચડી બેઠા. ચિતા પ્રગટાવવા માટે રતના ભગતની બધા અધીર હૃદયે રાહ જોઈ રહ્યા હતા.

રતનો ભગત મહાશક્તિશાળી મનાતો. એની શક્તિ વિશે અનેક ચમત્કારી વાતો પણ ચાલતી. સામા પક્ષપાળા વાઘેલાઓને ધાસ્તી હતી, કે જો રતનો ભગત રાપરથી ખરેખર આવી જાય તો કદાચ કુંવર લખધીરજીને સજીવન પણ કરી દે! આથી એ

લોકોના મનમાં કોઈક નવા કારસ્તાનની રચના ચાલી રહી હતી.

ચિતા તૈયાર હતી. થોડી જ વારમાં સળગી ઊઠે એવાં, ઘૃતથી તરબોળ બનેલાં લાકડાંની મોટી ચેહ ખડકાઈ ગઈ હતી. ભગત કુંવરના શબ સાથે ક્યારનાયે ચેહ પર ચડી બેઠા હતા. માત્ર રતના ભગતની રાહ જોવાતી હતી. એક ચિનગારીની જ વાર હતી. વરસાદની માફક રતના ભગતની રાહ જોતા લોકોની દૃષ્ટિ રાપરની રાજમાર્ગ પર મંડાઈ રહી હતી.

એટલામાં અચાનક કોઈકે પાછળથી આવીને ચિતાના પાછલા ભાગમાં દીવાસળી ચાંપી દીધી. સૌની અજાયબી વચ્ચે ચિતા એકાએક ભડભડ કરતી સળગવા લાગી. આ દગાખોરીની ખબર તો ડુંગરજી ભગતને તે જ ક્ષણે પડી ગઈ. પણ ડુંગરજી ભગત તો ડુંગર જેટલી જ અડગતાથી જેમના તેમ ચિતા પર બેઠા રહ્યા. કાળની જિહ્વા સમી અગ્નિની જ્વાળાઓ ભગતને અને કુંવરને ભરખી જતી આકાશમાં લહેરાવા લાગી.

રાપરથી એક જ શ્વાસે નીકળેલ રતનો ભગત બરાબર એ જ વખતે આવી પહોંચ્યો. પણ અહીં તો બાજી પલટાઈ ગઈ હતી. પોતાના પ્રિય મિત્ર ડુંગરા ભગતને અને કુંવરને રતનો અગ્નિદાહ આપે તે પહેલાં તો અગ્નિદેવે પોતાનું કાર્ય પૂરું કરવા માંડ્યું હતું. દૂરથી જ આ દૃશ્ય જોઈને રતના ભગતની હૃદયવ્યથાનો પાર રહ્યો નહિ. સળગતી ચિતાને નમસ્કાર કરીને તે ત્યાંથી જ પાછો ફર્યો. રતના ભગતને આમ પાછો ફરતો જોઈને લોદ્રાણીના લોકોએ તેને ગામમાં આવવા આગ્રહ કર્યો. જવાબમાં ભગતે એટલું જ કહ્યું કે, “આ જમપુરીમાં મારે આવવું નથી.” આમ કહી રતનો ભગત ત્યાંથી ચાલતા થયા. રાપર જઈને રતના ભગતે પણ ત્યાં સમાધિ લીધી. આ બંને સમાધિઓ રાપર અને લોદ્રાણી બંને ગામોમાં આજે મોજૂદ છે. ડુંગરા ભગતની સમાધિ પર મોટું શિખરબંધ દહેરું બાંધવામાં આવ્યું છે.

આ ઘટના પર આજે દોઢસો વરસ જેટલો સમય વીતી ગયો છે. છતાં આ ઉભય ભક્તાત્માઓનું સ્મરણ લોકહૃદયમાં તાજું જ છે. ઉભયનાં સમાધિસ્થાન આજ પણ પ્રજાનાં પૂજાસ્થાન બની રહ્યાં છે. એક કચ્છ-લોદ્રાણીમાં અને એક રાપરમાં!

“જ્યાં કુંવર ત્યાં હું!” એ વાક્ય ડુંગરજી ભગતે પોતાના આત્મબલિદાનથી સિધ્ધ કરી બતાવ્યું.

ડુંગરજી ભગત સતા થયા એ પ્રસંગનું ચારણકવિ જયમલ્લદાનજીએ રચેલું એક ચારણી કાવ્ય અત્રે આપવામાં આવે છે.

## દોહરા

*પુરુષોત્તમ પારસમણિ, ભગત ડુંગરો ભૂપ,*
*કુંવર લખધર કારણે, સતા ચડ્યા નિજ શ્રૂપ.*

*જન્મ ધરી ધનધન હુવા, ધન હો માતા તાત,*
*વીર રતનદે વૈકુંઠે, સિધાવિયા સાક્ષાત.*

*બાંહ મધે લઈ બેરખો, શિવ શિવ નામ સંભાર,*
*અગર ચંદન ધૂપ, આગળે ઝળકત નેન જવાળ.*

*રૂપ પલટ્યું રાઠોડનું, સત સત ચડ્યું શરીર,*
*જયમલ ઊગ્યે જગ ચખે, ઉજ્જવળ મુખ અમીર.*

## લીલાવતી છંદ

ઉજ્જવળ મુખ અંગ નવ રંગ અતિ, નૈન ધખત અંગાર ઝરે,
ફરરર ફરરર ફર બાહુ ફરક્ત, કમધજ હર હર નાદ કરે;
સજી સ્વાંગ સરવાંગ સતી રો, પ્રથમ ચંડીને પાય પડે,
હરખ કરી મન હર હર! કર કર, ચિતભર ડુંગર ચિતા ચડે
જિય ચિતભર ડુંગર ચિતા ચડે!

પરગટ ભાણ પ્રગટ ભૂમિ પર, ચખ નખ રત ધંધુકાર ચડે,
લોક જગત સહ શ્રીફળ લઈ કર, હરિ હરિ કહ કર પાય પડે;
ગાવત ગીત સખી મિલ ગરબા; સતવત કમધજ કાઠ ચડે,
હરખ કરી મન હર હર! કર કર, ચિતભર ડુંગર ચિતા ચડે,
જિય ચિતભર ડુંગર ચિતા ચડે!

ભભકત આગ લગી ચેહ ભીતર, ધોમ રોમ ચચડાટ ધખે,
ભક્ત રતનેશ્વર સંત શિરોમણિ, નિરખત મહા નિશ્વાસ નખે;
ધૂપ અગર ચંદન ધૂંધવાતી, જજળ પ્રજળ સદ વાસે જળે,
હરખ કરી મન હર હર! કર કર, ચિતભર ડુંગર ચિતા ચડે.
જિય ચિતભર ડુંગર ચિતા ચડે!

દેવ દુંદુભી વાજા અનહદ, ગણણ ગણણ ગણ આભ ગજે,
પરવત ચડ નિરખત જૂથ જોગણી, વાહ વાહ કરતાલ વજે;
સુર મિલત સબ રસત પુષ્પ સુ, નાદ ધ્વનિ જય જય નિકલે,
હરખ કરી મન હર હર! કર કર, ચિતભર ડુંગર ચિતા ચડે
જિય ચિતભર ડુંગર ચિતા ચડે!

શ્રી લોદ્રાણી જન્મ લઈ ધર, ઉજ્જવળ કર વર કાજ અઠે,
રાઠોડ સુયશ ત્રય લોક ઉચ્ચરે, જયકર સર સુર રાજ જઠે;
શિવનંદ જયમલ અખિયાત સુણી કર, કર દો જોડી છંદ કરે,
હરખ કરી મન હર હર! કર કર, ચિતભર ડુંગર ચિતા ચડે,
જિય ચિતભર ડુંગર ચિતા ચડે!

## છપ્પય

હૈયે ધરીને હરખ, ભગત તનમન નવરંગે,
હૈયે ધરીને હરખ, સિધાવ્યા હુતભુક સંગે
હૈયે ધરીને હરખ અમર વર નિરખણ આયા,
હૈયે ધરીને હરખ, વૃષ્ટિ ફૂલ સુર વરસાયા

વરસત પુષ્પ જય જય વદે, નારદ શારદ નામને,
કર જુગલ જોડ ‘જયમલ’ કહે, કરો પૂર્ણ મન કામને!

કચ્છી કથા

# જત કન્યા

સ્વામી સચ્ચિદાનંદ

મોટા ભાગની બહારથી આવનારી પ્રજા ભારતમાં પ્રથમ સિંધમાં, પછી કચ્છમાં અને પછી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આવીને વસી છે. મોટા ભાગની આવી પ્રજા માલધારીઓની રહી છે. માલધારીઓ ચારા-પાણીની શોધમાં અહીંથી તહીં ભટકતા રહેતા હોય છે. સતત યાયાવર રહેવાથી તેમનાં શરીર ખડતલ અને બળવાન બની જતાં હોય છે. સતત અગવડોમાં જીવનારા આપોઆપ ખડતલ બની જતા હોય છે. બહુ સગવડોમાં અને સુખ-સાહ્યબીમાં રાચનારા ખડતલ નથી થઈ શકતા. સુંવાળા લોકો કુદરતી પ્રકોપોને સરળતાથી સહી શકતા નથી. તેમાં પણ જો તેઓ વધુ પડતા એશઆરામી અને ભોગવાદી થઈ જાય તો તેમનું જીવન પરાશ્રયી થઈ જતું હોય છે.

આવી સતત વિચરતી જાતિઓમાંની એક જાતિ હતી જતોની. મૂળમાં તે રાજપૂતોની એક શાખા જ કહેવાય, પણ પાછળથી ઈસ્લામ ધર્મ સ્વીકાર કરવાથી તેઓ મુસલમાન બન્યા. સિંધમાં અને મારવાડમાં તેમને 'પગેરો' કહેવાય છે. મારવાડ-જેસલમેરની સરહદ કે પાકિસ્તાનની સીમા ઉપર બંને તરફ પગેરો રહે છે. અને તેમના ગુરુ પાકિસ્તાનમાં 'પીર પગેરો' તરીકે ઓળખાય છે.

સિંધમાં ત્યારે ૭૦૦ પગેરો પોતાનાં ઢોરઢાંખર લઈને રહે. આમાંના એક પગેરા જતના ઘરે એક કન્યાનો જન્મ થયો. કન્યા બહુ જ રૂપાળી. તેના રૂપની ચર્ચા આખા સિંધમાં થવા લાગી. તે વખતે સિંધમાં જામ નિઝામુદ્દીન રાજ્ય કરે. આ જામ પેલી જત-કન્યા ઉપર મોહી પડ્યો. પ્રેમ થવો અને મોહી પડવું બંનેમાં ભારે અંતર છે. મોહ આંધળો હોય છે. જામે જતોને હુકમ કર્યો કે કન્યાના નિકાહ પોતાની સાથે કરાવી દે, પણ જતો ન માન્યા. રાજાનો વિરોધ કરીને રહેવાય નહીં, તેથી ૭૦૦ જતોએ સિંધમાંથી ઉચાળા ભર્યા. સ્ત્રીઓ માટે શું-શું નથી કરવું પડતું! સ્ત્રી-પરિવાર વિનાના લોકોને ખબર ન હોય. તેમાં પણ રૂપાળી સ્ત્રીઓ તો સાપનો ભારો કહેવાય. તેમને સાચવવી બહુ કઠિન થઈ જાય. તેઓ ક્યારે કોને ડંખ મારે તે કહેવાય નહીં. મર્દોની મર્દાનગીનું માપ સ્ત્રીઓની આન-શાનથી નીકળતું હોય છે. એક કન્યા માટે ૭૦૦ લોકો ઉચાળા ભરે તે કેટલી શાનની વાત કહેવાય!

પણ હવે જવું ક્યાં? મર્દોનું શરણ પણ મર્દો જ થઈ શકે. મર્દાનગી શત્રુતા વિનાની ન હોય અને શત્રુતાને કાયરો જીરવી ન શકે. સાતસો જતો ફરતા-ફરતા મૂળીના પરમાર લખધીરજી અને હમીરજી પાસે પહોંચી ગયા. પ્રત્યેક સમયમાં એકાદ વીર પુરુષની હાક વાગતી જ હોય છે. હાક વગાડી શકે તે જ હાકેમ થઈ શકે. જેની હાકમાં ધાક ન હોય તે હાકેમ ન થઈ શકે અને કદાચ થાય તો તેની હાક ન વાગે, તાબોટા વાગે.

મૂળીના પરમાર લખધીરજી અને હમીરજીએ જતોને આશરો આપ્યો. સાતસો જતોની સાથે સાત હજાર ઢોર-ઢાંખર, જેમાં જાતવાન સાંઢણીઓ તો ખરી જ. રાજપૂતોની ઘોડેસવારી વખણાય, તો જતોની સાંઢણી સવારી વખણાય. પવનવેગી સાંઢણીથી ગાઉના ગાઉ દોડી જવું અને હરણ-અપહરણ કરવું એ જતોની મર્દાનગીનો એક ભાગ કહેવાય.

સિંધનો જામ નિઝામુદ્દીન પાછળ પડ્યો. બધું સહન થાય પણ પોતાની મંગેતરને લઈ જવું સહન ન થાય. કોઈ પણ ભોગે જત-કન્યા તો જોઈએ જ. આ તો પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો.

મૂળીના પરમારો જાણતા જ હતા કે જતોને આશરો આપવાનો અર્થ સિંધના જામ સાથે બાથ ભીડવાનો જ હતો. જે લોકો સમય ઉપર બળિયા સાથે બાથ ભીડી શકતા નથી તેઓ બિચારા પગ ચાટતા થઈને જેમતેમ જીવતા રહેતા હોય છે. તેમનો ઈતિહાસ હોતો નથી.

પરમારોએ વ્યૂહ ગોઠવ્યો. મૂળીથી ૩૫ માઈલ દૂર ત્યારે ગાઢ જંગલ હતું. ત્યાં છાવણી નાખી. વ્યૂહ વિના યુદ્ધ કરાય નહીં અને કદાચ કોઈ કરે તો કમોતે મરવા જ કરે. પરમારો અને જતો મળીને સિંધના જામ ઉપર તૂટી પડ્યા. ઘનઘોર યુદ્ધ થયું. જામ હારીને પાછો ભાગવાની અણી ઉપર હતો ત્યાં પરમારોમાંથી એક દગાબાજ ફૂટી ગયો. યુદ્ધમાં શત્રુઓ કરતાં પણ વધુ સાવધાની પોતાના ગદ્દારોથી રાખવાની હોય છે. હિંદુ પ્રજા ગદ્દારો વિનાની ભાગ્યે જ લડતી જોવા મળશે. દગાબાજે સિંધના જામને પાણી પીવાનો ગુપ્ત કૂવો બતાવી દીધો. જામે તેમાં ગૌમાંસ નખાવી દીધું. હવે જતો અને રાજપૂતોથી તે પાણી પિવાય નહીં. બધાં તરસે મરવા લાગ્યાં. ધાર્મિક આચારો અને આદર્શો એવા ન હોવા જોઈએ કે તે ખરા સમયે ડુબાડનારા બની જાય. આપત્કાળમાં તેમાં છૂટ અને અપવાદ હોવાં જ જોઈએ. પણ તેવું ન થયું. પરમારોની સેના લાચાર બની ગઈ. જત-કન્યાને સોંપી દેવી તેવી મંત્રણા થવા લાગી. જ્યારે જત-કન્યાને ખબર પડી કે હવે તેને પોતાને સોંપી દેવી પડશે, ત્યારે તે બહાદુર કન્યાએ અનિચ્છુક જામ સામે પોતાનું શિયળ ધરી

દેવા કરતાં મોતને વહાલું કર્યું. તેણે મોટો ખાડો ખોદાવ્યો અને તેમાં પલાંઠી વાળીને બેસી ગઈ. બધા જતોએ મળીને 'જય માતાજી! જય માતાજી!' બોલતાં-બોલતાં ખાડો પૂરી દીધો. જત-કન્યા સમાઈ ગઈ. માટીમાં માટી થઈ ગઈ. તે ભલે માટી થઈ ગઈ, પણ તેણે પોતાનું શિયળ માટી થવા ન દીધું. શિયળ તો સોનું થઈને આવનારાં સેંકડો વર્ષ સુધી શીલવંતી નારીઓને ઉચ્ચ આદર્શની પ્રેરણા પૂરી પાડતું રહેશે.

આ કન્યાની સમાધિ આજે પણ વણોદ ગામની ભાગોળે અડીખમ ઊભી રહીને જતોનો જયજયકાર બોલાવે છે.

સિંધનો જામ હાથ ઘસતો પાછો ફર્યો. મોટાંમોટાં યુદ્ધો જીતી શકાય છે, પણ અડગ મન વાળી સ્ત્રીના શિયળને મોટી તોપોથી પણ જીતી શકાતું નથી.

*'મેરુ રે ડગે જેનાં મન ન ડગે રે, પાનબાઈ,*
*મર ને ભાંગી પડે ભરમાંડ જી!'*

ગંગાસતીએ આવી જ સતીઓ માટે આ ભજન રચ્યું હશે.

## જેનરીક દવાઓ અપનાવો – દવાઓનું બીલ ઘટાડો

બીજા દેશોની જેમ આપણી સરકારે પણ જેનરીક દવાઓનો વપરાશ વધે તે માટે ઘણા પગલા લીધા છે. બધી જ જાણીતી કંપનીઓ હવે બ્રાન્ડેડ દવાઓ તથા જેનરીક દવાઓનું માર્કેટિંગ કરે છે. વિકસિત દેશોમાં તો દવાઓ જેનરીક નામ પ્રમાણે જ લખાતી હોય છે. Tab Calpol 500 mg આ બ્રાન્ડેડ નામ છે જ્યારે Tab Paracetamol 500 mg એ જ દવાનું જેનરીક નામ છે. જેનરીક દવાઓ ઘણી સસ્તી હોય છે. જેનરીક દવાઓ સસ્તી હોય છે એનું મુખ્ય કારણ કંપનીઓએ જેનરીક દવા માટે સેલ્સ અને માર્કેટિંગનો ખર્ચ કરવો પડતો નથી.

બજારમાં મળતી મોંઘી બ્રાન્ડેડ દવાઓ જ સારી હોય છે એ માન્યતા ભૂલભરેલી છે. આપણે જ્યારે જનરલ પ્રેક્ટિશનર પાસે જઈએ છીએ ત્યારે એ આપણને તપાસીને પોતાને ત્યાંથી જેનરીક દવાઓ જ આપે છે. જો એ દવાથી આપણને સારું થતું હોય તો બજારમાં મળતી – જેનરીક દવાથી કેમ ફાયદો ન થાય?

આપણા સમાજે હવેથી આપણા મેડિકલ સ્ટોર્સમાં બજારમાં મળતી બધી જ જેનરીક દવાઓ ઉપલબ્ધ કરી છે. આશા છે, ડૉક્ટર્સ અને આપણે સૌ જેનરીક દવાઓનો સ્વીકાર કરીને આપણું દવાનું બીલ ઘણું ઓછું કરી શકીશું.

*પ્રેષક : લક્ષ્મીચંદ વીરા*

## શિક્ષકો આદરણીય કેમ રહ્યા નથી?

રાષ્ટ્રના નવનિર્માણ માટે શિક્ષણને એક અમોઘ સાધન ગણવામાં આવે છે. શિક્ષણ વડે જ રાષ્ટ્રને વિકાસની દિશામાં દોરી શકાય. આ શિક્ષણની પ્રક્રિયામાં 'વર્ગખંડમાં ભારતનું ભાવિ ઘડનાર' શિક્ષક જ ચાવીરૂપ ભૂમિકામાં છે. પરંતુ આઝાદી બાદ આપણને જે કક્ષા અને જે પ્રકારના શિક્ષકો મળ્યા છે તેને કારણે જ દેશે જેવી અને જેટલી પ્રગતિ કરવી જોઈએ એટલી તે કરી શક્યો નથી. થૉમસ કાર્લાઈલના મત મુજબ "રાષ્ટ્રનું શાસન ઉત્તમ માણસોના હાથમાં ન હોય તો રાષ્ટ્રનો વિકાસ ન થાય પણ વિનાશ થાય." જાણીતા શિક્ષણ ચિંતક શ્રી ગુણવંત શાહ આ વિધાનના અનુસંધાનમાં જણાવે છે કે, રાષ્ટ્રનું શિક્ષણ ઉત્તમ શિક્ષકોના હાથમાં હોય તો ઉધાર શાસકોને પ્રજા વેઠી ન શકે. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે ચાણક્યના, સ્વામી વિવેકાનંદના, ઋષિઓના દેશમાં આપણે ઉત્તમ શિક્ષકો મેળવી શક્યા નથી. શિક્ષણનો અર્થ અને શિક્ષણનું હાર્દ ન સમજનારા-શિક્ષકોના હાથમાં જ શિક્ષણ આપી બેઠા છે.

શિક્ષણ એ વ્યવસાય છે, શિક્ષણ એ ધર્મ છે, એ ભૂલીને આજે સૌએ શિક્ષણને 'ધંધો' બનાવી દીધો છે. તેમાં શિક્ષક પણ ભળે તો રાષ્ટ્રનું શું થાય? ન થવાનું હોય તે થાય. પગારનો અસંતોષ તો પ્રાચીન યુગના શિક્ષકોને પણ હતો, છતાં મોટાભાગના શિક્ષકો વ્યવસાયને ધર્મ માની કામ કરતા જ હતા.

રાધાકૃષ્ણન્ પંચે જે શિક્ષકોનું 'The key stone of the urchin of education' કહી ગૌરવ કર્યું એ શિક્ષણશાસ્ત્રીએ શિક્ષકને કલાકાર કહી અંજલી આપી કે, 'The teacher is an artist he works with the precious clay of unfolding personality' તે શિક્ષકો આજે ધર્મ ભૂલ્યા છે. સ્વભૂમિકા ભૂલ્યા છે. તેથી જ વિદ્યા અને વિદ્યાલયોની ધૂળધાણી થઈ છે. ગામડાંમાં બરબાદી થતી રહી છે. કારણ સ્પષ્ટ છે કે, શિક્ષણની પ્રણાલીમાં પાયાની ભૂલ રહેલી છે. શિક્ષણની સાચી વિભાવના ક્યાંય જોવા મળતી નથી. શિક્ષણ આપવાની પદ્ધતિઓ ચીલાચાલુ રહીછે. શિક્ષકો આદરણીય કે અનુકરણીય રહ્યા નથી. અફસોસ છે કે આઝાદી પછીના ૬૭ વર્ષ પછી પણ બાબુઓ બનવાનું, માહિતીના ભારવાળું, માત્ર ડિગ્રી મેળવી આપનારા શિક્ષણને સાચવીને બેઠા છીએ. માત્ર માહિતીના સંચયવાળું શિક્ષણ (જે કાર્ય આજે કમ્પ્યૂટર અને ઇન્ટરનેટ સરળતાથી કરે છે.) નિરર્થક છે, એ વાતનો અહેસાસ થઈ રહ્યો છે. જે આશાજનક વાત છે.

*પ્રા. રણજીત જે. સોલંકી*
*વ્યાખ્યાતા સહાયક, સરકારી બી.એડ. કોલેજ*
*વાંસદા, જિ. નવસારી. મો. ૯૫૫૮૮ ૦૯૭૩૬*

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૧૯)

હંસરાજ સાંખલા

## મરઘાંમાએ હૈયાધારણ અને હિંમત આપી

રતનને હવે એક પણ ઘડી સુખ ન'તું આવતું. એ શૂન્યમનસ્ક અચેતન પૂતળું બની ગઈ હતી. સાંજે બધાનું જમવાનું મરઘાંમાને ઘરે હતું. એ મરઘાંમા સાથે જમવા તો ગઈ, પણ એને એક પણ કોળિયો ગળેથી નીચે ન ઊતર્યો. એ આઘેરું ઓઢેલી સાડીના સહારે રોઈ પડી.

એ ખાધા વગર ઊભી થઈ. આંગણામાં જતી રહી.

રતનની પીડા માત્ર મરઘાંમા સમજતાં હતાં. તે એની પાછળ-પાછળ ગયાં. રતન તેના કાકાએ આપેલી ગાયના મોં આગળ ઊભી તેનાં ગળાની ઝૂલમાં હાથ ફેરવતી રોતી હતી, ને ગાય મોં ઊંચું કરી શાંત થઈ ઊભી હતી. આ બધું બન્યા પછી રતનની દીકરીયું પણ એની નજીક આવતી ન હતી.

આજે રતનને સાંભળનાર અને સંભાળનાર કોઈ ન હતું. ગાય જાણે એની બહેન હોય એમ રતન એની આગળ મનોમન વાતો કરતી હતી કે ફરિયાદ કરતી હતી. ત્યાં પાછળથી મરઘાંમાએ રતનના માથે હાથ ફેરવ્યો. "રતન બેટા, હાલ ખાઈ લે થોડું..." આટલાં વર્ષો પછી મરઘાંમાએ આજે પહેલીવાર રતનને વહુ ન કહેતાં રતન કહીને સંબોધી, એટલે રતનને એક જુદો જ ભાવ અનુભવાયો.

રતન પાછી ફરી મરઘાંમાને ભેટી, રોઈ પડી. થોડીવારે "મને ભૂખ નથી મા તમે ખાઈ લ્યો."

"આજ તારા વગર મને નીં ભાવે. જો બેટા જે થવાનું હતું ઇ થૈ ગ્યું. હવે ભૂખ્યા રહેવાથી શું થશે. નકામી માંદી પડીશ. ખાઈ લે થોડું. જે ભાવે તે..."

એણે ફક્ત નકારમાં માથું હલાવ્યું. એ ન બોલી શકી. મરઘાંમા ઘણું કરગર્યા પણ એ ત્યાંથી ન ખસી. સાડીના છેડાથી આંસુ લૂછતી રહી.

"જો દીકરા આટલેથી જિંદગી પૂરી નથી થઈ જતી. કોઈ વાર વાવાંચ (વાવાઝોડું) આવે ને ખેતર ઉજ્જડી જાય એનો અરથ એવો નથી કે ઇ ખેતર હામીજ મોરે (હંમેશાં) ઉજ્જડ રહેશે. એ ફરીથી મોરે (મ્હોરે) ઇ ફરીથી નંદનવન પણ ભને. એના માટે એના ધણીમાં ઇ ખેતર લીલુંછમ (નંદનવન) બનાવવાની ધૂપ ખપે. એનામાં ઉજ્જડી ગયેલા ખેતરને ફરી નંદનવન બનાવવાની આવડત, આશા, અને ઉમેદ હોય તો એક દી ઈ ખેતર હરૂભરુ લીલુંછમ નંદનવન ભને.

ઇ બધું તારામાં હે રતન! ઇ બધું તારામાં હે. તું નિરાશ ના થા!

તું તાં સંસ્કારી હો. તું તાં સહનશીલતાની મૂરતી હો. તું ઈ જ હો તારા મરેલા જેવા ધણીને હાજો કર્યો'તો. ભગવાન રામની ઘરવાળી સતી સીતાને તારા જેવી તકલીફ નો'તી પડી? એનાથી કાંય ગભરાઈ ન જવાય. તને તાં જલાબાપાના આશીર્વાદ હે. તું તાં કે'તીને, હારામાં તો હૌ જીવે પણ મુશ્કેલીમાં જે મહોરે એને જ ખરી ખૂબી અને ખાનદાની કહેવાય. તને હવે તારી ખૂબી અને ખાનદાની બતાવવી પડશે.

"તારા ઉજ્જડી ગયેલા ખેતરને ફરીથી નંદનવન બનાવવું હે. હવે હિંમત હાર્યે નઈ હાલે મારી દીકરી. મારા આશીર્વાદ તારા હાથે હૈ. તારા કને વચને બંધાઉરી તારી દીકરીયું ને હું જીવતી હઈશ ત્યાં હોદી જીવની જેમ જાળવીશ. ક્યાંક મોકો મલશે તો તને પણ મળાવતી રઈશ. હું યે એક મા હૌ. માની લાગણીને પીડા (વેદના) હું હમજું રી'પણ આ રાક્સ જેવા પંચાતિયાને કોણ હમજાવે?" મરઘાંમાના મોએથી આટલું સાંભળતા રતન રહી ન શકી. એ ફરી મરઘાંમાને બખમાં લઈ રડી પડી, રડતી રહી.

આજે રતન એની સાસુ મરઘાંમાને નહીં પણ એની મા મરઘાંમાને મલીને રોતી હતી. સાસુ વહુનો સંબંધ તો પંચના ફેંસલા વખતે જ પૂરો થઈ ગયો હતો. રતનને આજે મરઘાંમામાં સગી માનાં દર્શન થયાં'તાં.

મરઘાંમા સમજતાં તાં કાલે એને જવું જ પડશે. આ ક્ષણ લાગણીશીલ રતન માટે એટલી કપરી અને અઘરી હશે કે એને લાગણી, આશ્વાસન ને હૈયાધારણ નહીં મળે તો એ કદાચ ગાંડી થઈ જશે.

એ આવી તે દીથી આજ દી હોદ્દી બિચારીને હાચું હુખ મલ્યું નો'તું. મોટાં માબાપની દીકરી હોવા છતાં એણે કેદીયે દુ:ખી હૌં એવું અનુભવ્યું નો'તું કે ક્યાંય ફરિયાદ નો'તી કરી.

રતનના છૂટકાના બનાવથી મરઘાંમાને પણ અંદરથી ખૂબ દુ:ખ થતું 'તું. પહેલાં એને એમ હતું હમણાં ભલે ગમે તેમ રૈયે, પણ ગેઢપણમાં તો અમારા વારા જ કરશું. એક મૈનો

લીલાવઉ કને જેમ તેમ કાઢશું પણ એક મૈંનો તો રતનવઉ કને હોખી થશું ને? એની એને ખાતરી હતી પણ આજે ભગવાને ઓચિંતું પાનું ફેરવી નાખ્યું.

મરઘાંમાને ખાતરી હતી જ કે "ઇ તો જ્યાં જશે ત્યાં બધાંને પોતાનાં બનાવી લેશે. પણ હું તો હખર વઉ વગર રખડી પડી ને?" વિચારતાં મરઘાંમા "ઊભી રે હું આવું!" કહી ઘરમાં ગયાં.

રતન ત્યાં જ ઊભી રહી.

થોડી વારે સાડલાના છેડામાં લકાડીને દૂધ ભરેલો એક પ્યાલો લઈ આવ્યાં. "રતન લે થોડું દૂધ પી લે. નકાં તને મારા હમ હે." કહી રતનના હાથમાં પ્યાલો આપ્યો.

રતન કંઈક વિચારતી ધીમે ધીમે પી ગઈ.

ખાલી ગ્લાસ એક હાથમાં લઈ સાડલામાં લકાડ્યો ને બીજા હાથે રતનનો હાથ પકડ્યો ને. "બેટા અંદર હાલ ને લાલિયાને ધવરાવી લે ભૂખ્યો થયો હશે."

લાલિયાની વાત આવતાં રતન પૂતળાંની જેમ મરઘાંમાની સાથે દોરવાઈ. બંને અંદર ગયાં. એ રૂમમાં ગઈ. નાના બાબાને ગોદમાં લઈ ધવરાવવા માંડી. એની આંખમાં આંસુ સુકાતાં ન હતાં. એને વિચાર આવ્યો. "એક બાજુ એમ કેર્યા. આ ગગો (બાબો) એનો નથી. તો એને કાં દીધો? મને કાં નથી દેતા? બે ભાઈ બોન મને દીધા હોત તો હું એના આધારે જીવી હકત. આમ મારા જીવવાનો અર્થ શો હે? હું કેના આધારે જીવીશ? ને કેના હારું જીવીશ? આમ મારાથી ની જીવાય! પણ હવે ઇયાં મને વલોપાત કરવાનો કાંય અર્થ નથી.

જુઓ તો ખરા જેના હારું મેં આ કર્યું ઇ દીકરીયું યે આજ ઓડીયુયે (નજીક) નથી આવત્યું. જોતિતાં (જ્યોતિતાં) ડાઈ ને બધું હમજે એવી હે પણ ઇયે એની લીલાકાકીની વાતમાં આવી ગી લાગેરી. એટલે જ. ન કાં ઈ કેવી ડાઈ હમજુ ને કહ્યાગરી હે. છોરીયું તો ચારે ડાઈ ને કહ્યાગરી જ હે. ઇ ચારે બોનું મારા માથે ગીયું હે.

કોકીતાં હજી અણસમજ છોરું હે. પણ મોટીયું ત્રણે બોનું બધું હમજેર્યું. ઇ એના મગજમાં મારા વિશે કેવું વિચારતીયું હશે. રતનને અંદરથી ઊંડે ઊંડે એક પીડા થઈ. એ આ વાતની પીડાથી પરસેવે રેબઝેબ થૈ ગઈ.

નાનો લાલિયો એના ખોળામાં ઊંઘી ગયો હતો એને ઘોડિયામાં સુવરાવવો હતો. પણ આજે એની ઊભી થવાની હિંમત ન ચાલી. દરવાજા વચ્ચે કમાડને પડતું ભરાવી (ટેકો લઈ) એ બેઠી રહી. એને માથું પાછળ કમાડને ટેકવ્યું ને એની આંખ ભેળી થઈ ગૈઈ એને ઝોકું આવી ગયું.

કમાડનો ટેકો લઈ બેઠી બેઠી સૂઈ ગયેલી રતન ઝબકીને જાગી ગઈ.

એણે જોયું બાજુમાં મરઘાંમાના ઘરમાં બધાં સૂઈ ગયાં હતાં.

ચારે દીકરીયુંને મરઘાંમાએ એની બાજુ સુવરાવી હતી. મરઘાંમાને એમ, આજની રાત ભલે રતન મોકળા મને મણિલાલ આગળ દિલ હળવું કરી લે.

રતન ઊભી થઈ. ખોળામાં સૂઈ રહેલા લાલાને ઘોડિયામાં સુવરાવી એ બહાર ગઈ.

મણિલાલ આંગણાંમાં છંડોડ નીચે ખાટલામાં નસકોરાં બોલાવતો સૂતો હતો.

રતન એના ખાટલાની બાજુમાં થોડી વાર ઊભી રહી. આજે મણિલાલને ઉઠાડવાની એની એકદમ હિંમત ન ચાલી. છતાં હિંમત કરીને એના હાથને પકડી "હાલો માંય હુઈ જાઓ. તમારું વેછાણ (પથારી) તૈયાર હે."

"હું ઇયાં જ હુવુંર્યો. તું માંય હુઈ જા." મણિલાલે સૂતાં સૂતાં જ જવાબ દીધો.

"બારે માંક (ઝાકળ) કેટલી આવી હે? માંય હુવો નકાં ઠરી જશો. તમારો શરદીનો કોઠો હે, તો ધ્યાન ન રાખ્યું ખપે?"

"મને કાંય નીં થાય તું માંય હુઈ જા અને થશે તોય હવે તને શું?" મણિલાલે રતનથી છૂટવા કહ્યું.

"એટલે તાં કૌંરી. હવે તમારી સેવા કરવાવાળું કોય નથી. ઇ બધું હવે તમને જ ધ્યાન રાખવું પડશે. હાલો હુઈ જાઓ."

"એકવારતાં કેધું મને માંય નથી હુવું. તને હુવું હોય તો હું. નૈં તો ઊભી હો એમને એમ." કહેતા મણિલાલ મોં ઉપર ગોદડું નાખી પડખું ફેરવી હુઈ ગયો.

રતન થોડી વાર વિચારતી ઊભી રહી. એની આંખમાં ફરી આંસુ આવી ગયાં. એને એમ હતું અંદર સૂવે તો થોડી વાતો થઈ શકે. જૂનું બધું યાદ દેવરાવી એને હમજાવું. હજીયે હિંમત કરે તો હાતે જણ જતાં રૈયે ગામ મૂકીને તો એક ભવમાં બીજો ભવતાં ન કરવો પડે.' પણ રતનની એને સમજાવીને સાથે રહેવાની છેલી આશા ઉપર પણ મધ્યરાત્રીએ પાણી ફરી વળ્યું.

રતન નિરાશ થૈ ગઇ.

એ ઘરમાં ગઈ. ઘોડિયાંની બાજુમાં પાથરેલાં ગોદડાં પર બેસતાં. 'હે જલાબાપા' રોજની આદત મુજબ એનાથી બોલાઈ ગયું.

એને આજ કેટલાય દિવસ પછી જલારામ બાપા યાદ આવ્યા. એને દુઃખ થયું. મને કાયમ મદદ કરનાર બાપાને મેં ફરિયાદ ન કરી? હરહંમેશ મદદ કરનાર જલાબાપાને મેં આવડી મોટી મુશ્કેલી વખતે કેમ યાદ ન કર્યા? કાયમ મારાં દુઃખ દૂર કરનાર બાપાને મેં ફરિયાદે ન કરી? નસીબમાં એની મદદ નીં હોય તૈયે જ ને? નકાં મારી નેનકડી મોટી બધી તકલીફમાં હમોવચ ઊભા રેનાર જલોબાપો મદદ કર્યા વગર રે ખરા? માએ માગ્યા વગર ભોભો ન દે. કેધા વગર એને ખબર થોડી પડે?"

એના હૃદયના ઊંડાણમાંથી નીકળી ગયું. 'હે જલાબાપા હવે તમારે ભરોસે હૌ. મારી તાં વાડી વજીફું હંધુય ઉજ્જડી ગ્યું. પછી તું જે કર તે ખરું. હે જલાબાપા, હજીયે રાતના એને હમજણ દેજો. હવાર હોદી રસ્તો નીકળે તો ધજ.' આવા વિચારો વચ્ચે ફસાયેલ રતનને બહુ મોડેથી ઊંઘ આવી.

ગેઢેરાઓ ગયા પછી, દી આથમે ખેપિયો રતનના કાકા નારણકાકાને પરિવારે લખેલી ટપાલ આપી આવ્યો હતો.

રાત્રે એના કાકા બે માણસને લઈને ખીરપર રતનના પરિવારવાળાને મળવા આવ્યા હતા. પણ અહીં બધું નક્કી થઈ ગયું હતું. એણે ઘણી દલીલો કરી પણ એની વાત કોઈ સાંભળવા તૈયાર નતું. પરિવારજનોને રતન પ્રત્યે લાગણી અને માન હતું છતાં ગેઢેરાઓએ આપેલી ધમકીથી બધા ડરતા હતા.

નારણકાકા સાથે આવેલા ભાઈએ કહ્યું, "અમને બોલાવવા તો હતા. અમે એનાં માવતર હતાં ને?"

"જુઓ પટેલ તમારી બાઈનો વાંક જગજાહેર પાધરો હતો. ને એના પુરાવા ખપે તો હતા. પછી પોદળો વીંખતાં કીડા જ - નીકળત ને? પટેલ હું આપડી બાઈને પૂરેપૂરી જાણુર્યો ઇ નામ પ્રમાણે રતન. હાચું રતન હે. પણ થાય શું બિચારીને એના નસીબમાં કાળી ટીલી લખાઈ હશે. તમારી દલીલુંનો હવે કાંય મતલબ નથી. તમે હવારે આવો એને તેડી જાઓ." નારણકાકાને એક બાજુ બોલાવી પરિવારના એ ભાઈએ કહ્યું. "એના હારું નવું ઠેકાણું આનાથી ઘણું ચડિયાતું મારી નજરમાં હે. અને પાછુ બારે પરદેમાં (પરદેશમાં) હું પોતે ગોઠવી દઈશ." કહી હાથ દબાવ્યો.

એ સમસમીને દીકરીનું એક કલંક લઈને પાછા ગયા.

રતન માટે નવા ઠેકાણાની આશા આપનાર મનજીબાપા લાખ રૂપિયાનો માણસ હતો. હવે એના જ પગ પકડવા પડશે. એવું મનોમન વિચારતા ને સંસ્કારી રતને કરેલું સહન, એણે જમાઈને જીવાડવા ઉઠાવેલી તકલીફ, એણે રાત-દી કરેલી મજૂરી અને એના સદગુણોના અને એણે પરિવાર માટે કરેલા સમર્પણના ગુણગાન ગાતા અને એ બધાં ઉપર એની એક ભૂલે પાણી ફેરવી નાખ્યું. એમ વિચારતા રાત્રે મોડેથી પોતાના ગામ પોંચ્યા.

*(ક્રમશઃ)*

## સાચું ગણિત

### પ્રભુ નામ સ્મરણ

*દેહ અને દુનિયા*
*બન્ને અશ્વ સમાન છે.*
*આપણે એના ઉપર આરૂઢ*
*થયેલા અસ્વાર છીએ.*
*રહી ન હોય જો લગામ હાથમાં*
*તો પડવાનું છે નિશ્ચિત હાથવેંતમાં*
*પડ્યા તો પડ્યા, પણ,*
*ક્યાં પડ્યા ને કેમ પડ્યા એ વિચારવાનું હોય ના*
*પસ્તાવાના વિપુલ ઝરણામાં*
*આંહી નાવાનું હોય ના*
*પ્રાયશ્ચિતના ઊંડા ધરામાં*
*સામે પૂરે તરવાનું હોય છે.*
*તરી શકાય તો,*
*કિનારે કિનારે ચાલવાનું હોય છે*
*ચાલી શકાય ના તો,*
*તટ પર બેસી જવાનું હોય છે.*
*બેસી શકાય ના તો,*
*ઈશને ખોળે માથું મૂકી સૂઈ જવાનું*
*શ્વાસે શ્વાસે ઈશને સમરવા,*
*પછી રસ્તા શું ખુદ મંજિલ આવી મળશે.*
*ગણિત છે આ સાવ સાચું,*
*સૌએ જાતે ગણવું રહ્યું*
*ઉત્તર એનો ગોવિંદે,*
*ગીતાની ગાઈડમાં ગાયો*
*તે જોઈ ચકાસી જવો,*
*ગમે તેવો પણ દુરાચારી*
*અંત સમય જે સમરશે મને,*
*તે મને મોક્ષને આવી મળશે.*

***– કાંતિભાઈ કલઇવાળા***

***'મદદ' એ ખૂબ મોંઘી ભેટ છે, તેથી દરેક પાસેથી તેની અપેક્ષા રાખશો નહીં કારણકે ખૂબ જ ઓછા લોકોના હૃદય શ્રીમંત હોય છે.***

॥ क्षमा वीरस्य भूषणम् ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

નિબંધ

# જૈન ધર્મ અને વિજ્ઞાન

અલ્કા સુનિલ શાહ

વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. આજે આપણે સૌ ૨૧મી સદીમાં જીવી રહ્યા છીએ. જ્યાં દરરોજ કોઈ ને કોઈ નવી શોધખોળ થતી રહે છે અને માનવી દિન પ્રતિદિન વધુને વધુ સિધ્ધિ હાંસિલ કરીને કુદરત પર વિજય મેળવવા માટે કટીબધ્ધ બનતો જાય છે. આપણે માનીએ છીએ કે માનવજાતની વિકાસની આ યશોગાથા, આ વિજ્ઞાનને આભારી છે. પથ્થર યુગનો આદિમાનવ આજે મંગળ ગ્રહ પર પગરણ માંડી ચૂક્યો છે પણ એવી કેટલીય બાબતો છે કે જેને આપણા તીર્થંકર ભગવંતે વર્ષો પૂર્વે કરેલી જ હતી. એ આપણે શું ભૂલી ગયા છીએ?

પૃથ્વી ગોળ છે અને સૂર્ય, ચંદ્ર, તારા અને ગ્રહો આ બધું બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવે છે એવું આજે વિજ્ઞાન કહે છે. પણ સર્વજ્ઞ ભગવંતોએ તો ચૌદ રાજલોકમાં આપણે જ્યાં વસીએ છીએ એ જંબુદ્વીપનો આકાર ગોળ થાળી જેવો છે અને એની આસપાસના બધા દ્વીપ, સમુદ્રો આદિનું પણ વર્ણન ખૂબ વિસ્તૃત રીતે લઘુ સંગ્રહણી ગ્રંથમાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ કરેલું જ છે. બ્રહ્માંડમાં અનેક આકાશગંગા - Galaxy છે એવું સાબિત થયું છે તો પ્રભુ મુખેથી સાંભળીને દ્વાદશાંગીની રચના કરનાર પૂ. ગણધર ભગવંતોએ તો આ સત્ય વર્ષો પૂર્વે કહ્યું હતું જેમાં સૂર્ય, ચંદ્ર, જ્યોતિષી વિમાન આદિ સર્વેનું વર્ણન આ આકાશગંગાની સાથે સામ્યતા ધરાવે છે જ.

આપણી દિનચર્યાથી જ શરૂઆત કરીએ તો ધર્મ ક્યાં ક્યાં વિજ્ઞાન સાથે સંકળાયેલ છે એની સરખામણી થઈ જશે.

*રાતે વહેલા જે સૂવે, વહેલા ઊઠે વીર*
*બળ બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.*

આવું આપણા પૂર્વજો કહી ગયા અને આપણે પણ માનીએ છીએ. તો પ્રભુએ પણ જ્યારે ગૌતમ સ્વામિએ પૂછેલું ત્યારે શ્રાવકની દિનચર્યાની દરેક બાબતો — ક્યારે જાગવું, શું શું કરવું, શું ખાવું, ક્યારે સૂવું — આ બધી જ વાતોની વિસ્તૃત વાત કરેલ. તેમાં કહ્યું છે કે સૂર્યોદય પૂર્વે એક પ્રહર બાકી હોય ત્યારે જાગવું અને જાગ્યા પછી જે ક્રિયાઓ આપણે કરીએ તેની વાત કરીએ તો આજે વિજ્ઞાન કહે છે કે વહેલી સવારે વાતાવરણમાં 'ઓઝોન'નું પ્રમાણ સવિશેષ હોય. જેથી સવારમાં યોગાસન કરો, પ્રાણાયામ કરો, મોર્નિંગ વૉક લો એથી સ્વાસ્થ્ય સારું રહેશે. સાચો જૈન તો સવારે ઉઠીને પ્રભુ સ્મરણ કરીને રાત્રિ દરમિયાન થયેલ પાપમાંથી પાછા ફરવાની ક્રિયારૂપ પ્રતિક્રમણ અવશ્ય કરશે જ. આ પ્રતિક્રમણની એક એક ક્રિયાવિધિ - ખમાસમણું એટલે પંચાંગ પ્રણિપાત, ગુરૂવંદન, વાંદણા (જેમાં સત્તર સંડાસા આવે), કાઉસ્સગ્ગ — આ દરેકે દરેક ક્રિયાઓ હકીકતમાં યૌગિક ક્રિયાઓ જેવી કે શંશાકાસન, ભૂધરાસન, કંઈક અંશે સૂર્ય નમસ્કાર અને અલગ અલગ પ્રાણાયામ — આ બધું જ પ્રતિક્રમણમાં આપણે કરીએ છીએ જ. જે આજનો આધુનિક માનવ યોગાસનના વર્ગોમાં જઈને કે જીમમાં જઈને કરે છે!!

વનસ્પતિમાં જીવ છે એવું શ્રી જગદીશચંદ્ર બોઝે શોધ્યું તે આપણે માન્યું પણ એ જ વાત કે વનસ્પતિ એ એકેન્દ્રિય સ્થાવર જીવ છે એવું નવતત્ત્વમાં ભગવાને કહ્યું હતું તે આપણે ભૂલી ગયા. અમેરિકા જેવા દેશના લોકો આજે "વિઘન" બનીને જીવે તો આપણે વાહવાહ કરી તેમને બિરદાવીએ, પણ આપણું શાકાહારીપણું પણ કંઈક અંશે આ 'વિઘન' સાથે સામ્યતા ધરાવે છે. એ પણ હકીકત છે.

આપણું શરીર પંચમહાભૂતનું બનેલું છે. પૃથ્વી - જળ - વાયુ - અગ્નિ અને આકાશ — આ પંચમહાભૂતોની સમાનતા હોય તો સ્વાસ્થ્ય જળવાઈ રહે પણ જો તેમાં વધઘટ થાય તો તંદુરસ્તી બગડે. એ જ બાબત ભગવાને કહી છે કે પર્વ-તિથિના દિવસોમાં લીલોતરીનો ત્યાગ કરવો. શા માટે? વનસ્પતિમાં જલીયાંશ તત્ત્વ છે. વળી ચંદ્રની કળાની વધઘટના પરિણામે અમુક તિથિઓમાં જલ તત્ત્વનું પ્રાધાન્ય વિશેષ હોય. આમ વાતાવરણમાં અને શરીરમાં આની સમતુલા જળવાય. માટે આઠમ, ચૌદસ, પાંચમ, પૂનમ, અમાસ આદિ સમયમાં આ વનસ્પતિનો ત્યાગ કરવા પ્રભુએ સમજાવેલ છે. એ જ પ્રમાણે આજે વિજ્ઞાને પણ સાબિત કર્યું છે કે અમુક આહારથી માણસમાં તમો ગુણની વૃધ્ધિ થાય છે. પરિણામે માણસની પ્રકૃતિ તામસી બનતાં તે ક્રોધી, હિંસક બને છે. આવા આહારમાં કાંદા, લસણ વગેરે ગણાવેલ છે. તો આપણા ભગવાને આ સર્વ કંદમૂળ અનંતકાય છે તેથી જીવહિંસા થાય છે માટે તેને ત્યાજ્ય ગણ્યા છે.

આયુર્વેદમાં મહર્ષિ વાગભટ્ટે આહાર અંગે અમુક બાબતો જણાવી છે કે કઠોળ સાથે દહીં અભિષ્યંદી છે. માટે તે ન ખાવું. તેથી ચર્મવિકાર થાય અને જો ખાવું જ હોય તો દહીં સંસ્કાર કરીને - ગરમ કરી / વઘારીને તેનું સ્વરૂપ બદલીને ખાઓ. વિરૂધ્ધ આહારમાં ઘણી બાબતો જણાવી. શરીર માટે આવો

આહાર નુકસાન કરનાર છે. જેથી ચામડીના, શ્વાસના રોગો થાય છે તેવું કહ્યું છે. તો સર્વજ્ઞ ભગવંતોએ પણ દ્વિદળની ખૂબ સુંદર સમજ આપતા કહ્યું છે કે કાચા દહીં, દૂધ સાથે સર્વ કઠોળ ત્યાજ્ય ગણવા. જેથી જીવહિંસાથી બચી શકાય. તે જ પ્રમાણે અમુક અભક્ષ્ય પદાર્થોની પણ સુંદર સમજ પ્રભુએ આપી, તેનો ત્યાગ કરવા કહ્યું છે.

આજે વિજ્ઞાને પણ સાબિત કર્યું છે કે વાસી ખોરાક ખાવાથી પાચનતંત્ર બગડે છે. પ્રભુએ પણ રાતવાસી પદાર્થોમાં લાળિયા જીવ (બેઇન્દ્રિય જીવન)ની ઉત્પત્તિ થાય છે માટે તેનો ત્યાગ કરવા કહેલું જ છે. પણ આજે આધુનિક સમયમાં જીવતા આપણે આ વાતોને એટલી ગંભીર નથી ગણતા અને પછી એવો આહાર લઈને જાતજાતના રોગોનો ભોગ બની બેસી, ડૉક્ટરો પાસે દોડીએ છીએ.

પાણીમાં અસંખ્ય જીવ છે અને જો તેને શુધ્ધ કર્યા વગર પીવામાં આવે તો પાણીજન્ય અનેક રોગો જેવા કે કમળો, મરડો, કોલેરા આદિનો ભોગ બની જવાય છે. માટે જ આજે માનવી મિનરલ વોટર પીવાનું પસંદ કરે છે. સાચો શ્રાવક તો કાયમ ઉકાળેલું પાણી જ પીવે છે. પ્રભુએ પણ કહ્યું છે કે પાણી અર્થાત્ અપકાય જેમાં અસંખ્ય સૂક્ષ્મ જીવો છે - ગાળ્યા વગરનું પાણી ન પીવો અને ઉકાળેલ પાણીમાં આ જીવો વારંવાર ઉત્પન્ન થતા અટકે છે. માટે પાણી ઉકાળીને પીવા કહ્યું છે. એ જ રીતે આપણી આવનારી પેઢીઓને પણ પાણી મળી રહે એ માટે અત્યારથી જ જાગૃતિ આણી, પાણીનો અપવ્યય થતો અટકાવવો જરૂરી છે એ વાત આજનો સમજદાર માનવી જાણી શક્યો માટે જ "Save Water"ના નામે લોકોને સમજાવવા પ્રયત્ન કરે છે. સામે આપણા ભગવાને જે વર્ષો પૂર્વે કહેલ કે - અપકાયમાં અસંખ્ય જીવો હોવાથી તેની હિંસા ન કરો. તેનો ખપ પૂરતો જ ઉપયોગ કરો. પાણીને બચાવો.

આપણા વ્રત, ઉપવાસ, આયંબીલ, એકાસણા, બેઆસણા — આ બધા પાછળ કોઈને કોઈ હાર્દ છુપાયેલ છે. એને આપણે સમજી નથી શક્યા. આજે વિજ્ઞાન પણ કહે છે કે બધા રોગોનું મૂળ પેટ છે. એને સ્વસ્થ રાખવા માટે આહાર સમજી વિચારીને લો. અકરાંતિયાની પેઠે ખા-ખા ન કરો. જ્યારે આપણે બીમાર પડીએ ત્યારે ડોક્ટરો યા તો ખોરાક સદંતર બંધ કરાવીને ગ્લુકોઝના બોટલ ચડાવે છે, તો ક્યારેક હળવો સુપાચ્ય ખોરાક જ લેવો તેવું કહે છે. આ બધું આપણા ધર્મમાં આવેલું જ છે. નવકારશીનું પચ્ચક્ખાણ કરીએ એટલે નિયમમાં આવીએ. ખાવા પર અંકુશ આપોઆપ આવે. આયંબીલ એટલે તેલ-મરી-મસાલા વગરનો હળવો સુપાચ્ય આહાર જ છે જેથી પાચનતંત્રને આરામ મળે છે. એ જ પ્રમાણે આપણું ઉમોદરી તપ કે વૃત્તિ સંક્ષેપ જેવું આભ્યંતર તપ પણ આહાર પર નિયંત્રણ જ સૂચવે છે ને?

આજનું આધુનિક વિજ્ઞાન માને છે કે રાત્રે નિદ્રા લેતા પૂર્વે ત્રણ કલાક પહેલા સાંજનું હળવું ભોજન કરવું જેથી શરીર સ્વસ્થ રહે. એસિડીટી, ગેસ ટ્રબલ, અલ્સર આદિ અનેક રોગોથી બચી શકાય. પ્રભુએ એથી જ ચૌવિહારનો નિયમ બતાવ્યો. સૂર્યાસ્ત પૂર્વે સાંજનું ભોજન લેવું - રાત્રિ ભોજનનો ત્યાગ કરવાનું કહ્યું. આપણા જ્ઞાની ભગવંત કેટલા દૂરંદેશી હતા? આપણી Digestive System ને Healthy રાખવી હશે, સ્વસ્થ રહેવું હશે તો આ વાતને જીવનમાં અપનાવવી જ રહી.

શરીરની સાથે મન પણ પ્રસન્ન રહેવું જરૂરી છે. મનોરોગી અનેક શારીરિક વ્યાધિઓને પણ નોતરે જ છે. એ માટે મન પ્રસન્નચિત્ત - સ્વસ્થ રહેવું જોઈએ. આપણા પાંચ મહાવ્રત અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ — આને જો જીવનમાં અપનાવીશું તો દિન પ્રતિદિન વધતી જતી માનસિક તાણથી દૂર રહી શકીએ.

વારંવાર 'વિશ્વયુધ્ધ થશે તો?'ના ભયથી આજે સમગ્ર વિશ્વ ભયભીત છે જ. આજે શાંતિની અહાલેક જગાવવી હશે તો પ્રભુ વીરે ચીંધેલ અહિંસાના માર્ગે કદમ આગળ માંડવા જ પડશે. માનવી માનવી વચ્ચે પ્રેમભાવ સ્થાપવા માટે "જીવો અને સર્વ જીવોને જીવવા દો" નો મંત્ર અપનાવવો પડશે. પ્રત્યેક માનવી મારો ભાઈ છે એવી ભાવના મનમાં સ્થાપિત કરવા માટે 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાને ચરિતાર્થ કરવી પડશે.

હમણાંની જ વાત કરું તો થોડા સમય પૂર્વે સુપ્રીમ કોર્ટે ઇચ્છા મૃત્યુનો સ્વીકાર કરવાનું કહ્યું — માનવી ઈચ્છે તો પોતાના મૃત્યુને પણ ઇચ્છા મુજબ સ્વીકારી શકે. પ્રભુએ તો હજારો વર્ષ પૂર્વે "સંલેષણા" અને "આગારી અણસણ"ની વાત કરી જ હતી ને? આત્મા પર વિજય મેળવવાનું સરળ કાર્ય પ્રભુએ શીખવ્યું છે.

આજના બુદ્ધિશાળી બાળકો વાતવાતમાં સંદેહ પેદા કરે કે આવું શા માટે? કોણે કહ્યું કે આમ કરવાથી આમ થશે? તેથી એ સમયે આપણે એને સાબિતી અને ઉદાહરણ સાથે સમજાવવું પડે તો જ એના નાનકડા મગજમાં એ વાત બંધ બેસતી થાય. વિજ્ઞાનના આ યુગમાં લોકો કોઈ વાત એમને એમ આંધળુ અનુકરણ કરીને સ્વીકારવા તૈયાર નથી. એ વાત પહેલા સાબિત કરો, Prove કરો પછી જ માનીશું એમ તેઓ કહે છે.

આ સમયે આપણા કેવળી ભગવંતોએ પ્રરૂપેલ જૈન ધર્મની સાચી સમજ આપી, એમને હર એક બાબત ગીતાર્થ ગુરૂ પાસે હૃદયસ્થ કરાવી શકીએ એટલું જ્ઞાન સાચા અર્થમાં આપણા જૈન ધર્મમાં ભંડારેલું પડ્યું છે. જેને વિજ્ઞાન સાથે સહજ રીતે સાંકળી કોઈ પણ દાખલા - દલીલ વગર સ્વીકારી શકાય તેમ છે જ. બસ, એ વિષયની સાચી સમજ કેળવવા માટે પહેલાં ધર્મને સાચી રીતે જાણવો પડશે, હૃદયમાં ઉતારવો પડશે. એક અતૂટ શ્રદ્ધા કેળવવી પડશે કે મારા ભગવાને કહ્યું છે એ સાચું છે તો પછી વિજ્ઞાનની સાથે દોટ મૂકવાની સાચા જૈનને ક્યારેય જરૂર નહીં જ પડે એવું હું માનું છું.

*એ-૫, પ્રિયા પાર્ક, ઇલોરા પાર્ક, વડોદરા.*

નિબંધ

# 'મારું સપનું સાકાર થશે'

લીલાધર ગડા

અમારાં દાદીમા અમને બાળપણમાં વાર્તા કહેતાં અને અમે એ વાર્તા સાંભળવા બેસી જતા. વારતા અડધી સમજાય ન સમજાય તો પણ અમે શાંતિથી વાર્તા સાંભળતા. દાદીમા વાર્તાની શરૂઆત કરે "એક રાજા હતો. તેની એક પુત્રી હતી જેને સૌ રાજકુમારી કહેતા. રાજકુમારીને રોજ રાત્રે સપનું આવે. તે સફેદ ફરાક (ફ્રોક) પહેરી બહાર આવે અને પછી પરીની જેમ આકાશમાં ઊડે. આકાશમાં તેને એક રાજકુમાર મળે..." વાર્તા આગળ ચાલે અને અમે તંદ્રામાં સરી જતા. અમને ઊંઘ આવી જતી. દાદીમા અમને હળવેક સુવાડી દેતા. સવારે વારતા, રાજકુમારી બધું ભૂલાઈ જતું. ફરી પાછા રાત્રે દાદીમાના ખોળામાં બેસી એવી જ વારતાઓ, એની એ જ વાતો સાંભળીએ. સતત પુનરાવર્તન થાય પણ ક્યારેય કંટાળો ન આવે. અમને પણ અડધી રાત્રે ક્યારેક સપનું આવે કે રાજકુમારી પરી બની પછી શું થયું?

★ ★ ★

ત્રાવણકોર કોચીન (કેરળ રાજ્ય) ના રાજઘરાનાની એક રાજકુમારી નામે લલિતાને સપનું આવે છે કે તે સફેદ-ધવલ કપડામાં સજ્જ થઈ ફ્લોરેન્સ નાઈટીંગેલની જેમ દર્દીઓની સેવા કરે છે. દૂરનાં જંગલમાં આદિવાસીઓની વચ્ચે, અડધી સાડી પહેરનાર સ્ત્રીઓ, નાગાંપૂગાં ફરતાં બાળકોની વચ્ચે તે બેઠી છે અને એક પછી એક દર્દીઓને તપાસે છે, દવા આપે છે...અને આંખ ઊઘડી જાય છે, સપનું ઊડી જાય છે. સવારે એની બહેનપણીને સપનાની વાત કરે છે ત્યારે તેની બહેનપણી વાતને ઉડાડી કહે છે, "સપનાં તે થોડાં જ સાચાં પડે છે" અને ત્યારે રાજઘરાનાની દીકરી લલિતા મનોમન કહે છે, "મારું સપનું સાકાર થશે."

શાળા અને કૉલેજ અભ્યાસ પૂરો કરી લલિતા એલેપ્પીની મેડિકલ કૉલેજમાં દાખલ થાય છે અને ત્યાં એનાં સપનાંનો રાજકુમાર મળે છે. મધ્યમવર્ગના ખ્રિસ્તી પરિવારમાંથી આવતા જ્યોર્જ નેગી પણ એમ.બી.બી.એસ. નો અભ્યાસ કરવા એલેપ્પી મેડિકલ કૉલેજમાં દાખલ થયા હોય છે. અભ્યાસકાળ દરમિયાન ૧૯૮૧ ના વર્ષમાં રીડર્સ ડાયજેસ્ટમાં - જામખેડ - ખાનદેશ જિલ્લામાં ગામડામાં રહી ડોક્ટરી વ્યવસાયનું નામ ઊજળું કરનાર ડૉ. ઐરોલે દંપતિ વિષેનો આર્ટિકલ લલિતા અને જ્યોર્જ વાંચે છે અને ત્યારે બન્ને સાથે મળી નિશ્ચય કરે છે કે જ્યાં ડૉક્ટર નથી એવા વિસ્તારમાં જઈ બેસવાનું. ડૉ. લલિતાના શબ્દોમાં "We imagined to be doctor where there are no doctors."

લલિતા અને જ્યોર્જ એમ.બી.બી.એસ. નો અભ્યાસ પૂરો કરી આગળનો અભ્યાસ કરવા કયા વિષયો પસંદ કરવા તે નક્કી કરવા ગ્રામ્ય વિસ્તાર માટે ડૉક્ટરો નિર્માણ કરતી કસ્તુરબા હોસ્પિટલ-ગાંધીગ્રામ-વર્ધામાં તાલીમ લે છે. ડૉ. જ્યોર્જ ૧૯૮૭ માં એનેસ્થેશિયામાં પોસ્ટ ગ્રેજ્યુએશન મણિપાલ-દક્ષિણ કેનેરામાંથી પૂરું કર્યું અને ડૉ. લલિતાએ મદુરાઈથી ગાયનેકોલોજીનો અભ્યાસ પૂરો કર્યો. પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યા પછી બન્ને પ્રેક્ટિકલ અનુભવ મેળવવા ગાંધીગ્રામ હોસ્પિટલમાં જોડાયાં અને પાંચ વર્ષ પછી તેઓએ કસ્તુરબા હોસ્પિટલ છોડી. બન્નેનાં મનમાં ગામડામાં બેસવાનું સપનું રમતું હતું અને હવે એને સાકાર કરવું હતું. ભારતના વંચિત અને છેવાડેના પ્રદેશમાં એમને ઠરીઠામ થવું હતું. તકવંચિત સમુદાયો વચ્ચે રહીને સેવાની ધૂણી ધખાવવાની હતી. એ વિસ્તાર અને સમુદાયોની પસંદગી માટે બન્નેએ ભારતના ઘણા પ્રદેશોનો એક વર્ષ માટે પ્રવાસ કર્યો. આ પ્રવાસ દરમિયાન તેઓ કચ્છ આવ્યાં હતાં અને ખાવડા વિસ્તારને પણ પોતાની પ્રવૃત્તિઓ માટે ધ્યાનમાં લીધો હતો. એ સમયે (૧૯૮૭ દરમિયાન) કચ્છની ગણના પછાત વિસ્તારમાં થતી હતી. ગુજરાતના આદિવાસી જિલ્લા ડાંગનો પ્રવાસ કર્યો હતો. એમની એક વર્ષની રખડપટ્ટીમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, તમિલનાડુને આવરી લીધાં હતાં. એમણે નોંધ્યુ કે સૌથી વંચિત વિસ્તાર અને લોકો આદિવાસી છે. આઝાદી કે આબાદી-ખુશહાલીનું કિરણ પણ હજી ત્યાં નથી પહોંચ્યું. એમની જરૂરિયાત સામે એમને માંડ માંડ પાંચ-સાત ટકા સગવડો મળતી હશે. એમણે પસંદ કરેલા વિસ્તારમાંથી આખરે નાની યાદી (Short List) બનાવી અને છેવટે તામિલનાડુ રાજ્યના સાલેમ શહેરથી ૭૦-૮૦ કિ.મી. દૂર ધર્મપુરી જિલ્લાનાં શિટ્ટીલિંગી વિસ્તાર પર મહોર મારી.

ચારે તરફ ટેકરીઓ (Hills) થી ઘેરાયેલા આ વિસ્તારમાં તેઓએ ૧૯૯૩ માં હોસ્પિટલ શરૂ કરી. ત્યારે શિટ્ટીલિંગીમાં ઈલેક્ટ્રિસિટી ન હતી. ત્યાં જવાનો રસ્તો કાચો હતો. સાલેમથી ૭૦ કિ.મી.નો પ્રવાસ કરવામાં ચારથી પાંચ કલાક લાગતા હતા. તેમણે શરૂઆતમાં ત્યાં સોલાર સિસ્ટમ બેસાડી અને એનાથી ઓપરેશન થિયેટર શરૂ કર્યું. હોસ્પિટલના બાકીના વિસ્તારમાં

સોલાર ફાનસોનો ઉપયોગ કર્યો. હોસ્પિટલના મુખ્ય વિભાગ સિવાય અન્ય વિભાગો માટે ઘાસની ઝૂંપડીઓ બનાવી તેનો ઉપયોગ કરવામાં આવતો.

ડૉ. જ્યોર્જ નેગીનો ખ્યાલ હતો કે આવનાર દર્દી આદિવાસી હોવાથી સમગ્ર વાતાવરણ પોતીકું લાગવું જોઈએ એટલે બહુ પાકાં મકાનો બનાવવાં નહીં. પાણી કુવામાંથી હેન્ડપંપથી ઉલેચવાનું હતું. જંગલ વિસ્તાર હોવાથી સરિસૃપ ક્યારે પણ અંદર સરી આવે પણ તેનો કોઈ ભય રાખવાનો નહીં. આવી ઘણી મર્યાદાઓ વચ્ચે ૧૯૯૩ માં શિટ્ટીલિંગીમાં હોસ્પિટલ શરૂ થઈ. આટલે દૂર નોકરી માટે કોઈ આવે નહીં એટલે સ્થાનિક લોકોને તાલીમ આપી તેમણે સ્ટાફની કેડર બનાવી. આરોગ્યની પ્રવૃત્તિઓમાં નિદાન, સારવાર, ઓપરેશન ઈત્યાદિ ખરાં પણ એની સાથે સાથે આરોગ્ય અંગે જાગૃતિ અને જનજાગરણના કાર્યક્રમો હાથ ધર્યા. આ કાર્યમાં એમણે આદિવાસી યુવક અને યુવતીઓને જોડ્યાં. એમણે Tribal Health Initiative (THI) નામે સંસ્થા શરૂ કરી. જાગૃતિ અને જનજાગરણની સાથે સાથે અંધશ્રદ્ધા નિર્મૂલન પ્રવૃત્તિને પણ જોડી અને આ રીતે THI માત્ર આરોગ્ય સંસ્થા ન બની રહેતાં લોકભાગીદારીની સામાજિક સંસ્થા બની.

તેઓએ શિટ્ટીલિંગીમાં ધૂણી ધખાવી ત્યારની વાત કરતાં ડૉ. લલિતા કહે છે, "શિટ્ટીલિંગીમાં દર્દીને હોસ્પિટલની (દવાખાનાની) સેવા મેળવવા ૪૮ કિ.મી.નો પ્રવાસ કરવો પડતો અને ઓપરેશન જેવી સુવિધા માટે છેક સાલેમ જવું પડતું. એટલે સરેરાશ ૧૦૦ કિ.મી. દૂર આ સુવિધાઓ મળતી. સાલેમ જવાની બસ પકડવા પોતાના ગામથી દશેક કિ.મી.નો પગપાળા પ્રવાસ કરવો પડતો. પ્રસૂતિ વેળાએ કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે લગભગ પ્રસૂતા અને બાળકને અથવા બેમાંથી એકને મૃત્યુનું શરણ મળતું. ૧૯૯૩ માં બાળમરણનું પ્રમાણ દર હજારે ૧૪૭ જેટલું હતું. દર પાંચ બાળકમાંથી એક બાળક પ્રથમ જન્મદિવસ મનાવી શકતું નહીં.

૧૯૯૩ થી ૨૦૦૮ પંદર વર્ષની THI સંસ્થાનો પ્રવાસ સરળ નથી રહ્યો. આ યાત્રા દરમિયાન દરેક ક્ષેત્રે સંઘર્ષ કરવો પડ્યો છે. આદિવાસી સમાજની સરકાર અને સમાજ તરફથી થતી ઉપેક્ષા, સરકારી બાબુઓની એમના ઉત્કર્ષ માટેની ઉદાસીનતા, એમની સમસ્યાઓનાં મૂળ સુધી જવાને બદલે ઉપરછલ્લું કામ કરવાની નીતિઓ અને સૌથી પીડાદાયક સમાજની નિષ્ક્રિયતા અને સરકારની નિષ્ઠુરતા છે.

શિટ્ટીલિંગીમાં THI જ્યાં હોસ્પિટલ ચલાવે છે એ વનવિભાગની જમીન છે અને સરકારે આને દબાણ તરીકે ઘોષિત કર્યું છે. THI ની સરકાર પાસે એક એકર જમીનની માગણીની ફાઈલ વર્ષોથી તુમારશાહીમાં અટવાયેલી છે અને જવાબમાં જગ્યા ખાલી કરવાની નોટિસ આવે છે. જમીનનું લીઝ દર વર્ષે રિન્યુ કરાવવું પડે છે એટલે લટકતી તલવાર જેવું છે. ઉદ્યોગો માટે વનવિભાગ, ગોચર, ખેતીલાયક, હજારો એકર જમીનની ખેરાત કરતી સરકાર THI જેવી સંસ્થાઓ, જેઓ સરકારે કરવાનું કાર્ય કરે છે તેમને એક એકર જમીન ન ફાળવી શકે? આવું માત્ર તમિલનાડુ રાજ્યમાં નથી કિંતુ ભારતનાં તમામ રાજ્યોમાં આવું થતું હોય છે અને એ માટે માગણીઓ, વિનંતીઓ બહેરા કાને અથડાય છે. આ નિષ્ઠુરતા, ઉદાસીનતા, શોષણ જ નક્સલવાદને નોતરે છે.

આજે THI હોસ્પિટલમાં પ્રતિવર્ષ ૧૮૦૦૦ દર્દીઓની ઓ.પી.ડી. થાય છે અને ૧૨૦૦ જેટલા દર્દીઓ વિશેષ સારવાર માટે હોસ્પિટલમાં ભરતી થાય છે. ૨૪ પથારી ધરાવતી THI હોસ્પિટલમાં X-Ray, સોનોગ્રાફી, લેબોરેટરી, પ્રસુતિ વિભાગ, નવજાત બાળકો માટેનો સારવાર વિભાગ, ઑપરેશન થિયેટર ઈત્યાદિની સુવિધાઓ છે. પ્રતિવર્ષ ૩૫૦ જેટલાં વિવિધ ઑપરેશનો અને પ્રતિમાસ ૧૦૦ની આસપાસ પ્રસૂતિઓ થાય છે. બાળમરણ ૧૯૯૩ માં પ્રતિ ૧૦૦૦ બાળકે ૧૪૭ થતાં હતાં જે THI હોસ્પિટલની સ્થાપના પછી ૨૦૦૮ માં ઘટીને પ્રતિ ૧૦૦૦ નવજાત બાળકોમાં ૨૦ જેટલાં થાય છે. ૨૦૧૩-૧૪ દરમિયાન આ આંક ઘટીને ૧૦થી નીચે જશે. ૨૦૦૨ ના વર્ષ પછી અત્યાર સુધી એકપણ પ્રસૂતાનું સુવાવડ દરમિયાન મૃત્યુ થયું નથી. બાળમરણનું મુખ્ય કારણ કુપોષણ છે અને તે માટે ડૉ. લલિતા અને ડૉ. જ્યોર્જે પૌષ્ટિક આહાર માટેનું અભિયાન શરૂ કર્યું છે. શિટ્ટીલિંગીની આસપાસનાં ત્રીસેક ગામડાંઓમાં ૮ ધોરણ સુધી ભણેલી બહેનોને આરોગ્ય કાર્યકરની ઘનિષ્ઠ તાલીમ આપી જે તે ગામમાં ઉઘાડપગા ડોક્ટરો (BARE FOOT DOCTORS) ની સેવાઓ ઉપલબ્ધ કરાવી છે. આ પ્રકારની ક્ષેત્રીય સેવાઓ દરેક ગામને વિનામૂલ્યે આપવામાં આવે છે.

પંદર વર્ષની માનવતાલક્ષી સેવાઓ પ્રદાન કરવામાં સૌથી વધારે મૂંઝવણ અને મુશ્કેલભર્યા અનુભવો વિષેના સવાલનો ડૉ. લલિતા સરળતાથી જવાબ આપે છે કે "સ્વપ્નના આકાશ પરથી વાસ્તવિકતાની ધરતી પર આવવું હતું એટલે તમામ મુશ્કેલીઓ આસાન હતી. મૂંઝવણ હતી કે અમારી ઉત્તરાવસ્થા વેળાએ THI

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

નું સુકાન કોણ સંભાળશે? THI ની પ્રવૃત્તિઓને કાયમી સ્વરૂપે કોણ આગળ ધપાવશે? અત્યારે અમારે ત્યાં વિઝિટિંગ ડોક્ટરો આવે છે જે દિવસ કે બે દિવસ સેવાઓ આપે છે, પરંતુ અહીં આ જંગલમાં રહી અમારી સાથે કોણ રહેશે? પરંતુ હંમેશાં બનતું રહ્યું છે તેમ કોઈકના મનમાં રામ વસે છે. કોઈ આ ધ્વજને નીચે પડવા નહીં દે. માનવતાના દીપને જલતો રાખવા, એમાં તેલ પૂરવા કોઈને ભલી લાગણી થશે.''

અને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં જીવનની ત્રીસી હજી વટાવી નથી એવો એક ફૂટડો યુવાન શિટ્ટીલિંગીમાં આવે છે. એનું નામ છે ડૉ. રવિ. બેંગલોરમાં ૨૦૦૨ માં જનરલ સર્જરીમાં MS કર્યા પછી ત્રણ વર્ષ ઇંગ્લેન્ડમાં વધુ અભ્યાસ કર્યો હતો.

ત્યાર પછી બે વર્ષ માટે ઓરિસ્સાના આદિવાસી વિસ્તારમાં કામ કર્યું અને છેવટે ૨૦૦૭-૨૦૦૮ માં શિટ્ટીલિંગીની THI હોસ્પિટલમાં જોડાવાના નિર્ણય સાથે પોતાની ધર્મપત્ની (તેઓ BPNL નર્સ છે) સાથે પધાર્યા અને હવે ડૉ. લલિતા અને ડૉ. જ્યોર્જને નિરાંત છે કે ડૉ. રવિ એમનાં કાર્યોને આગળ ધપાવશે.

ડૉ. લલિતા, ડૉ. જ્યોર્જ, ડૉ. રવિની જેમ ભારતના ગ્રામ્ય વિસ્તારમાં કાર્યશીલ સર્જન ડોક્ટરોની સંસ્થા છે. એસોસિએશન ઓફ રૂરલ સર્જન ઓફ ઇન્ડિયા (A.R.S.I.) આ પ્રકારે વિશ્વમાં, ખાસ કરીને અલ્પવિકસિત દેશોમાં જે તે દેશની રૂરલ સર્જનોનાં એસોસિએશનો છે. આ તમામ એસોસિએશનોએ સાથે મળી ફેડરેશન બનાવ્યું છે. ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ એસોસિએશન્સ ઓફ રૂરલ સર્જન (IFARC). પ્રતિવર્ષ ARSIનું અધિવેશન Conference) ભારતમાં મળે છે અને પ્રતિ બે વર્ષે IFARC નું અધિવેશન જુદા જુદા દેશમાં મળે છે. આ વર્ષે ARSI અને IFARC નું અધિવેશન સંયુક્ત રીતે ભારતમાં મળ્યું હતું અને યજમાન તરીકે કચ્છમાં ભચાઉની વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ પર પસંદગી થઈ હતી. નવેમ્બર ૨૨-૨૩-૨૪, ૨૦૧૩ ના આ કોન્ફરન્સ મળી હતી અને મારા સદભાગ્યે કોન્ફરન્સના ઉદઘાટન પ્રસંગે મુખ્ય પ્રવચન (Key Note Address) મારે આપવાનું હતું.

કોન્ફરન્સ સમાપ્ત થયા પછી આભારદર્શન સમારોહ હતો. તે પ્રસંગના ભોજન સમારંભમાં ડૉ. લલિતા અને ડૉ. રવિએ ભોજાય હોસ્પિટલની મુલાકાત લેવાની ઇચ્છા દર્શાવી અને ત્યારે મારી ખુશીનો પાર ન રહ્યો. ડૉ. લલિતા જેવી વ્યક્તિ અમારે આંગણે પધારે એ અમારું સદ્‌ભાગ્ય હતું.

ભચાઉથી ભોજાય ત્રણ કલાકની મુસાફરી દરમિયાન ડૉ. લલિતા, ડૉ. રવિ અને મારી વચ્ચે વાર્તાલાપ ચાલુ રહ્યો. ડૉ. લલિતા અને ડૉ. જ્યોર્જ ૧૯૮૩-૮૪ દરમિયાન કચ્છ આવ્યાં હતાં. તેઓ ખાવડા-બન્નીમાં રોકાયાં હતાં. સુષ્માબેન આયંગરનાં તેઓ પરિચિત હતાં. ભોજાયની સ્ત્રીરોગ શિબિરો વિષેની તેમની પાસે જાણકારી હતી. પ્રજનન અવયવોના રોગો (ગર્ભાશયના રોગો) માટે જાગૃતિ કેળવવા અને બહેનોમાં એ અંગેનો સંકોચ દૂર કરી ડૉક્ટર પાસે તપાસણી કરાવવા સ્વેચ્છાએ આગળ આવે એ પ્રયોગની સફળતામાં ભોજાય સર્વોદય ટ્રસ્ટે ધાઈબહેનોને તાલીમ આપવાના કાર્યક્રમથી તેઓ વાકેફ હતા અને તેમને એ માટે વધારે માહિતી મેળવવા ભોજાય આવવાની ઇચ્છા હતી. યોગાનુયોગ તેઓ ભોજાય આવ્યાં ત્યારે ત્યાં સ્ત્રીરોગ શિબિર ચાલુ હતી. ત્રણેક કલાક સુધી તેઓએ શિબિર અંગે વિસ્તૃત માહિતી મેળવી. ધાઈબહેનોની તાલીમ અને તેમના સશક્તિકરણ માટેનો પ્રયોગ શિટ્ટીલિંગીમાં કરવા તેઓ ઉત્સુક હતા અને એ માટે ભોજાય મદદરૂપ થાય તેવી એમની વિનંતીનો અમે સ્વીકાર પણ કર્યો. વળતા દિવસે તેમણે માનસમંદિર, માનસીની મુલાકાત લીધી અને એક દિવસ ભુજ રોકાઈ શિટ્ટીલિંગી પાછાં ફર્યા.

ભચાઉની કોન્ફરન્સમાં આપણા પ્રેરણામૂર્તિ બની રહે એવા ડૉક્ટરોની ઉપસ્થિતિ હતી અને ગ્રામ્ય વિસ્તારમાં કામ કરવા એમણે કરેલો સંઘર્ષ, એમણે અપનાવેલો અભિગમ અને આદરેલા નવતર પ્રયોગો નોંધવા જેવા અને અનુકરણીય છે. ત્રણ દિવસ દરમિયાન એમનાં પ્રવચનો, પેપર્સ રજૂ થયાં હતાં. એમની વાતો સદૈવ સ્મૃતિમાં સચવાઈ રહેશે.

ચાર-પાંચ દાયકાઓ પહેલાં બલરાજ સાહની, અભિ ભટ્ટાચાર્ય, લીલા નાયડુ, નાઝિર હુસેનના અભિનયથી ઓપતી ફિલ્મ, ગામડાના એક ડૉક્ટરની કહાણી પર કંડારાયેલી ''અનુરાધા'' હજી સુધી ભુલાઈ નથી. ■


**પંચગની હવાફેર**

**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**

**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**

**રાજલક્ષ્મી આરોગ્યધામ**

**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour

Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.

**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

નિબંધ

# ભારતની રાષ્ટ્રીયતાને ઘાતક : જ્ઞાતિ ને ધર્મવાદ

ડૉ. નાથાલાલ ગોહિલ

વ્યક્તિ મહાન નથી, રાષ્ટ્ર મહાન છે. વ્યક્તિ પોતાના અહમને, જ્ઞાતિને, ધર્મને છોડી માત્ર ને માત્ર રાષ્ટ્રને મહાન ગણશે ત્યારે સાચી રાષ્ટ્રીયતાનો જન્મ થશે. આ દેશની કમનસીબી એ રહી છે કે તે વ્યક્તિપૂજામાં માને છે. આ વ્યક્તિપૂજા તેને દેવ માને છે ને તે પછી દેવને ભગવાન બનાવી તેની પૂજા કરે છે, ત્યારે એ ભૂલી જાય છે કે વ્યક્તિ કરતાં માતૃભૂમિ, રાષ્ટ્ર મહાન છે. આ વ્યક્તિપૂજામાં રત રહેતો સમાજ તે વ્યક્તિના કાર્યને આચરણમાં મૂકતો નથી. કૃષ્ણને ભગવાન તરીકે સ્થાપી દીધાં ને ગીતાનું આચરણ કર્યું નહીં, રામ રાજ્યની સ્થાપના કરવાના સ્વપ્નાંઓ બતાવે પણ રામરાજ્ય સ્થાપવાનું એક પણ કાર્ય કરે નહીં. ગાંધીને માધ્યમ રાખી સર્વપક્ષીય નેતાઓએ ગુણગાન ગાયા પણ સત્ય, અહિંસાને કોરે મૂકી દીધાં.

ડૉ. આંબેડકર કહે છે કે – 'મારે ભારપૂર્વક કહેવું પડશે કે હું કદાચ ગાંધીજી અને જિન્હાને ધિક્કારતો હોઈશ પરંતુ સાચું કહું તો હું તેમને ધિક્કારતો નથી, પરંતુ તેઓ મને ગમતા નથી. અને એનું કારણ એટલું જ કે મને રાષ્ટ્ર (ભારત) માટે વધારે પ્રેમ છે. વળી કોઈ પણ રાષ્ટ્રવાદી વ્યક્તિની આ જ સાચી શ્રદ્ધા છે કે મારા દેશબાંધવોને ક્યારેક તો સમજાશે કે વ્યક્તિ કરતાં રાષ્ટ્ર મહાન છે.'

રાષ્ટ્રસત્તા સર્વોપરી બને ત્યારે જ રાષ્ટ્રીય ભાવના લોકોમાં જાગતી હોય છે. પરંતુ ભારતમાં રાષ્ટ્રસત્તા સામે ધર્મસત્તા કાર્યરત રહી છે ને તેમાં ધર્મસત્તા પ્રબળ બને ત્યારે રાષ્ટ્ર ટકી શકે નહીં. ભારતમાં ધર્મના નામે સત્તા ચાલી છે. રાજસત્તા ઉપર ધર્મગુરુઓ આદેશ કરતાં રહ્યા છે. પ્રવર્તમાન સમયમાં ધર્મના નામે સત્તા હાંસલ કરવામાં આવી છે. ધર્મગુરુઓ તેમના પ્રવક્તા બની જાણે કે પોતાનો ધર્મ જાળવી રહ્યા છે ત્યારે રાષ્ટ્રીય ભાવના ગૌણ બની જતી જોવા મળે છે. દેશના બધા જ લોકો એક જ ધર્મને અનુસરી શકે નહીં, જ્યારે રાષ્ટ્ર કોઈ પણ ધર્મ, સંપ્રદાયને સ્વીકાર્ય હોય છે. ધર્મવાદથી આંતરિક સંઘર્ષો થયા છે ને રાષ્ટ્રના ભાગલા થયા છે. એટલું જ નહીં વિદેશી સત્તાઓ આવી છે. રાષ્ટ્રસત્તા સર્વોપરી બને તેનો અર્થ એમ પણ નથી કે તે ધર્મ, સંપ્રદાય, પંથની અવગણના કરે.

રાષ્ટ્રીયતા સર્વ સ્વીકૃત એટલા માટે બની શકે કે તેમની માતૃભૂમિ એક જ છે. આ ધરતીમાં મારો જન્મ થયો છે. હું મારી જનતાને ક્યારેય બેવફા બની શકું નહીં તેમ જન્મભૂમિને, મારા દેશને ક્યારેય બેવફા બની શકું નહીં. આ ભાવ દૃઢીભૂત થવો જોઈએ તેને સ્થાને આ દેશમાં જ્ઞાતિવાદ, કોમવાદ, અસ્પૃશ્યતા, ધર્મવાદને કારણે વિદેશી આક્રમણકારોને સહયોગ આપનારા આ દેશના જ ગદ્દારો હતા ને રહ્યા છે. મુસ્લિમ ધાડાંઓને મદદ કરનારા, અંગ્રેજોને સત્તાસ્થાને બેસાડી તેનો વહીવટ સંભાળનારા, મુસ્લિમ સત્તાધીશોના લશ્કર, વહીવટમાં સહયોગી આપણે જ રહ્યા છીએ. આ ઇતિહાસને ડૉ. આંબેડકર સાહેબે વિગતે મૂકી આપેલ છે. બીજું એક મહત્ત્વનું કારણ આંબેડકર સાહેબ જણાવે છે કે –

'આપણા રાષ્ટ્રના અધઃપતનનું કોઈ પણ કારણ હોય તો તે ઇશ્વર દેવ-દેવીની કલ્પના જ છે. અન્ય રાષ્ટ્ર ઉપર 'આફત' આવી પડે ત્યારે લોકો 'એક સંપ' બની આફત સામે ઝઝૂમી તેને હટાવી, શાંતિ તથા સમૃદ્ધિ પ્રાપ્ત કરતા હોય છે. પરંતુ આપણા ધર્મે આપણા મનમાં એવું ઠસાવી દીધું છે કે, માણસ કંઈ કરી શકતો જ નથી. સમાજ ઉપર સંકટના સમયે 'ઇશ્વર' અવતાર ધારણ કરી આપણી વચ્ચે આવી આપણને ઉગારે છે. પરિણામે સંપીને સંકટનો સામનો કરવાને બદલે આપણે 'અવતાર'ની પ્રતીક્ષા કરીએ છીએ. પોતાના ઉદ્ધાર માટે 'ઇશ્વર'ની પ્રતીક્ષા કરી બેસી રહેવાની વાત હું સમાજની - રાષ્ટ્રની ગુલામીનું કારણ માનું છું.'

મહંમદ ગઝની સોમનાથનો ધ્વંસ કરવા આવ્યો ત્યારે સવામણ જનોઇ થાય એટલા બ્રાહ્મણો ભગવાનને ભજતા રહ્યા, જો તેમણે હથિયાર ધારણ કર્યા હોત તો? પણ વર્ણવ્યવસ્થામાં તો યુદ્ધ કરવાનું, શહીદ થવાનું ક્ષત્રિયનું કામ છે. બ્રાહ્મણોએ તો વેદપાઠ કરવાના ને લાડુ જમવાના. ધર્મના નામે આ જે સિસ્ટમ ઊભી કરવામાં આવી ને આજે પણ તેને અનુમોદન આપનારા બેઠા છે તે રાષ્ટ્રીયતા માટે ઘાતક છે. ગામ ઉપર દુશ્મનો ચડી આવ્યા ત્યારે ઢોલ વગાડતો ઢોલી તલવાર લઇ દુશ્મનોનો દાટ વાળી શહીદ થનારો 'કાનિયો ઝાંપડો' રૂખી હતો, શુદ્ર હતો ને ક્ષત્રિયવટ રાખ્યો તેમ જો ઉચ્ચવર્ણવાદીઓએ કર્યું હોત તો આ દેશ ગુલામ થયો ન હોત.

ડૉ. આંબેડકર સાહેબે આભડછેટનું દર્દ ડગલે ને પગલે વેંઢાર્યું. આ આભડછેટના મૂળ તપાસવા તેમણે અભ્યાસ કર્યો, તેનાં તારણો આપી જણાવ્યું કે આ દેશમાં વર્ણવ્યવસ્થા ને જ્ઞાતિવાદ રહેશે ત્યાં સુધી આ દેશમાં એકતા ને અખંડિતતા

સ્થપાશે નહીં. 'અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા' કહેનારા સચ્ચિદાનંદજી કહે છે :

'વર્ણવાદ એટલે હિંદુધર્મનો પાળિયો, વર્ણવાદ એટલે હિંદુ ધર્મનું કેન્સર, વર્ણવાદ એટલે હિંદુ ધર્મની ઘોર.'

આ વર્ણવાદમાંથી ભારતમાં અનેક જ્ઞાતિઓ ઊભી થઈ છે. આ જ્ઞાતિઓ પોતપોતાની અલગ ઓળખ, અલગ સમાજ વ્યવસ્થા ધરાવે છે ને તે અન્ય જ્ઞાતિજૂથથી પોતાને શ્રેષ્ઠ માને છે. એક જ જ્ઞાતિ હોય ને તેના પેટા ભાગ થાય છે ને તે અંદરોઅંદર કટ્ટરવાદી થયા છે ને અધૂરામાં પૂરું રાજસત્તાધીશો આ જ્ઞાતિવાદને પોષે છે. જ્ઞાતિ આધારિત વોટ બેંક સ્થાપી તેના આધારે ટિકિટો ફાળવવામાં આવે છે. અંદર અંદર વેરઝેર સ્થાપી તમે ઝઘડતા રહો ને અમે તમારા ઉપર રાજ કરતા રહીએ. આ જ્ઞાતિવાદમાંથી પછાત જ્ઞાતિઓનું જૂથ, પટેલ જ્ઞાતિઓનું જૂથ, અછૂત જ્ઞાતિઓનું જૂથ સ્થાપી રાજ તો નિશ્ચિત એક જ વર્ગ કરી રહેલ છે તેમાં રાષ્ટ્ર ક્યાં? હા, જરૂર સૂત્ર અપાય છે, 'મેરા દેશ મહાન', 'વંદે માતરમ્' પણ એકતા, અખંડિતતા સ્થાપવા કશું જ થતું નથી.

બીજો ધર્મવાદ છે. જુદા જુદા ધર્મને સંપ્રદાયના ફિરકાધારીઓ પોતપોતાના અનુયાયીઓનું જૂથ વધારી ધર્મના નામે સંપત્તિ એકઠી કરે છે. માયાવી આશ્રમો ને આવક ઊભી કરવા દિવ્ય મંદિરો બનાવે છે. તેમાં રાષ્ટ્ર નવનિર્માણનું શું? આ દેશના ગરીબ ખેડૂત, મજૂર, સામાન્ય જીવન જીવતાં લોકોનાં શિક્ષણનું શું? શિક્ષણનું ખાનગીકરણ, જ્ઞાતિકરણ, ધર્મકેન્દ્રી શિક્ષણધામો! તેમાં આ દેશના ગરીબોનું શું? સરકારે તો શિક્ષણમાંથી હાથ ઉંચા કરી લીધા છે. એવું જ હોસ્પિટલોનું થયું છે, ખેડૂત ને મજૂરોનું થયું છે ત્યારે 'મારો ભારત દેશ મહાન' ક્યાં?

આજે ડૉ. આંબેડકર સાહેબના સંશોધન અંગે ઈતિહાસવિદોએ શોધ કરી સત્ય દર્શાવ્યું છે કે આર્યો વિદેશમાંથી ચડી આવેલી પ્રજા છે. તેણે ભારતના મૂળ નિવાસીઓને શુદ્ર, અછૂત બનાવી દીધા, લડાયકોને ક્ષત્રિય બનાવી દીધા ને પોતાને સર્વશ્રેષ્ઠ બનાવી દીધાં. આ ઉચ્ચવર્ણવાદીઓમ માત્ર ૪ ટકા છે ને ૯૬ ટકા ઉપર રાજ ભોગવે છે. ભલે તમને સત્તાસ્થાને અન્ય લોકો જોવા મળે પણ માસ્ટર ચાવી તો તેમની પાસે જ છે. હજુ પણ વર્ણવાદી, જ્ઞાતિવાદી, ધર્મવાદી પછાત જ્ઞાતિઓને, અછૂતોને ધર્મપીઠના આચાર્યપદે સ્થાપવા રાજી નથી. અછૂતને શંકરાચાર્યના ચરણસ્પર્શ કરવાનો અધિકાર નથી. મોટા ભાગના મંદિરોમાં પ્રવેશ નથી. આ અંગેનું ઝેર અનેક રીતે શબ્દોથી વ્યક્ત થતું રહ્યું છે.

શંકરાચાર્યે ફેબ્રુઆરી ૧૯૧૦માં અમદાવાદમાં જાહેર વ્યાખ્યાનમાં કહ્યું : 'હજારો ગાયોના ટોળામાં એક ઘોડો જેમ માલૂમ પડી જાય છે તેમ બીજા વર્ણોમાંથી બ્રાહ્મણ પોતાની વિદ્યા અને ગુણકર્મથી ઓળખાઈ આવે છે. આ સૃષ્ટિમાનાં એનક ઝાડો અને પ્રાણીઓ જેમ પોતપોતાના ભેદ વડે ઓળખાય છે તેમ હિંદુઓમાં ચારે વર્ણો પોતપોતાના ગુણકર્મોથી ઓળખાઈ જાય છે. સાકરનું ખાતર નાખવાથી લીંબડો મીઠો થતો નથી અને કસ્તુરી નાખવાથી લસણ સુગંધિત બનતું નથી, તેમ ઉતરતી વર્ણનો માણસ શ્રેષ્ઠમાં ખપી શકતો નથી.'

આવા બ્રાહ્મણવાદી, વિદેશીઓએ જે રીતે શુદ્રને રીબાવી રીબાવી માર્યા છે તેને જગતગુરુ કહી શકાય નહીં. આજે પણ અછૂતોની હાલત મૂળમાંથી બદલાઈ નથી. ગાયોના નામે ઉનાકાંડમાં દલિતોને જાહેરમાં માર મારવામાં આવ્યો છે. આવી ધર્મવાદી, જ્ઞાતિવાદી વિચારધારા ધરાવતા સત્તા ભોગવશે ત્યાં સુધી રાષ્ટ્રવાદ સ્થપાશે નહીં.

'આ છેલ્લી ટ્રેન છે' પુસ્તિકામાં સચ્ચિદાનંદજી નોંધે છે : 'જે દિવસે તમે શંકરાચાર્યની ગાદી ઉપર તથા અન્ય ગાદીઓ ઉપર કોઈ યોગ્ય હરિજનને, આદિવાસીને, વૈશ્યને, ક્ષત્રિયને બેસાડશો, તે દિવસ હિંદુ ધર્મ માટે સોનાનો દિવસ હશે. વર્ષો જૂનું પાપ સમાપ્ત થશે, ધર્મ મજબૂત થશે. ધર્માંતર થવાનાં કારણો ઘટી જશે અને આ લોકો આજના વર્ણવાદીઓ કરતાં ધર્મને વધુ સારો ન્યાય આપશે.

આજે હિંદુવાદ, હિંદુ રાષ્ટ્રની વિચારધારા પ્રબળ બનાવવામાં આવી છે. સારું છે જે હિંદુસ્તાનમાં રહે છે તે. પરંતુ આ અર્થઘટન પ્રમાણે એકતા સ્થાપી શકાશે ખરી? પ્રથમ સવાલ આ દેશના મૂળનિવાસી અછૂતોને હિંદુધર્મીનો દરજ્જો આપ્યો છે ખરો? શંકરાચાર્યનું આગળનું વિદાન ફરી વાંચી જવા વિનંતી. આ દેશમાં જૈન ધર્મી, શીખધર્મી, બુદ્ધધર્મી, ખ્રિસ્તી, ઇસ્લામી અને નાના નાના અનેક ધર્મપંથો છે તેને તમે હિંદુવાદના નામે એક કરી શકશો ખરા? રાષ્ટ્રીય એકતા માટે ભારત, રાષ્ટ્ર કેન્દ્રમાં હોય, માતૃભૂમિ કેન્દ્રમાં હોય, જ્ઞાતિ વર્ણ, કોમ, ધર્મ, સંપ્રદાય નહીં. એટલા માટે આર્ષદષ્ટા ડૉ. ભીમરાવ આંબેડકર ભારતીય સમાજનું પુનનિર્માણ કરે છે. તેઓનું સ્વપ્ન હતું કે ભારત વર્ણ, જ્ઞાતિ, ધર્મની વાડાબંધી રહિત, શોષણવિહીન રાષ્ટ્ર બને. તેઓએ મુદ્રાલેખ આપ્યો :

'જાતિવિહીન સમાજરચના કે બીના સ્વરાજપ્રાપ્તિ અર્થહીન હૈ.'

ભારતીય સમાજરચનાની મર્યાદાઓ દલિત અને ભારતીય નારીની સમાજમાં તિરસ્કૃત સ્થિતિ જોતાં હિંદુ સમાજનો વિનાશ થઈ રહ્યો હતો. મુઠ્ઠીભર રૂઢીવાદી બ્રાહ્મણો સમાજમાં ધર્મને નામે ભય, ભ્રમણાઓ ફેલાવી અંધશ્રદ્ધા ને કર્મકાંડ કરાવી રહ્યા હતા. તેની સામે અનેકવિધ ક્ષેત્રથી ક્રાંતિકારી આંદોલન કરે છે.

ઈ.સ. ૧૯૩૬માં લાહોરમાં 'જાત-પાંત તોડક મંડળ'ની પરિષદમાં પ્રમુખીય વ્યાખ્યાન આપવા ડૉ. આંબેડકર સાહેબને નિમંત્રણ મળ્યું. સાહેબે તે સહર્ષ સ્વીકારી વ્યાખ્યાન લિખિત મોકલી આપ્યું. ક્રાંતિકારી લખાણ વાંચી આયોજકોને હિંદુવાદીઓનો ભય લાગ્યો ને આ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો.

આ વ્યાખ્યાન પછી પ્રકાશિત થયું હતું.

ડૉ. આંબેડકર સાહેબે જ્ઞાતિઓના નિર્મૂલન અને હિંદુધર્મના સુધારાની વાત તેમાં નોંધી હતી. જ્ઞાતિવાદને કારણે હિંદુઓ અસંગઠિત અને નિસ્તેજ બની જાય છે. હિંદુ સમાજ જ્ઞાતિઓનો જથ્થો છે. તે એક બંધ કંપની જેવો છે. તેમાં અન્યને પ્રવેશ નથી. આથી હિંદુઓને વિસ્તરણથી અટકાવ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે સમાજમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો સિદ્ધાંત સ્વીકારવો જોઈએ. આ માટે સર્વજ્ઞાતિ સમૂહ ભોજન, આંતરજ્ઞાતિય લગ્નો થવા જોઈએ. હિંદુ ધર્મની કૂપમંડૂકતા, રૂઢી અને આભડછેટે અંતે તેમણે હિંદુ ધર્મનો ત્યાર કર્યો. લાહોરમાં હિંદુ ધર્મ સુધારણા માટે કેટલાક સૂચનો કર્યા :

૧. હિંદુ ધર્મનો એક જ પ્રમાણિત ગ્રંથ હોવો જોઈએ જે તમામ હિંદુઓએ માન્ય રાખવો જોઈએ (જેમ કે ઇસ્લામમાં કુરાન, ખ્રિસ્તીમાં બાઈબલ).

૨. હિંદુઓમાં વારસાગત જન્મજાત પુરોહિત પૂજારી થાય છે તેમ ન હોવું જોઈએ. જે હિંદુધર્મ પાળે તે દરેક વ્યક્તિને પૂજારી થવાનો અધિકાર છે.

૩. પુરોહિતપદની પરીક્ષા લેવામાં આવે ને જે ઉત્તીર્ણ થાય તે પુરોહિત થઈ શકે.

૪. પુરોહિત પૂજારી રાજ્યનો નોકર ગણાય ને તેને પણ શિસ્તભંગનો કાયદો લાગુ પડે.

૫. પુરોહિતોને સનદ્ આપવામાં આવે અને તેની સંખ્યા નિશ્ચિત કરવામાં આવે.

આંબેડકરે 'એનિહિલેશન ઓફ કાસ્ટ' નામના પુસ્તકમાં આ સુધારાઓ સૂચવ્યાં છે. પરંતુ આપણે જાણીએ છીએ કે આ દેશમાંથી જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા અને રૂઢીવાદી હિંદુ ધર્મની માન્યતાઓ છૂટે તેમ નથી. આંબેડકર સાહેબ ધર્મને સમાજ સુધારણા સાથે, નારીને અધિકારો મળી રહે તે માટે મોટો સંઘર્ષ કર્યો હતો. તેઓએ 'હિંદુ કોડ બીલ' લખીને પાર્લામેન્ટમાં મૂક્યું પરંતુ જ્ઞાતિવાદીઓ ધર્મવાદીઓ આ બીલને પસાર થવા દેતા નથી. ને નાછૂટકે આંબેડકર સાહેબ કાયદા પ્રધાનમાંથી રાજીનામું મૂકી દે છે. જે સત્ય તે સમયની પાર્લામેન્ટે માન્ય ન રાખ્યું તેને ટુકડે ટુકડે માન્ય રાખી સ્વીકારવું પડ્યું ને આજે તો સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવાના નારા લગાવે છે ને જે વિરોધી હતા એ જ આંબેડકર સાહેબના ગુણગાન ગાય છે. જાણે કે દલિતોના મતને સલામ ભરે છે.

ડૉ. આંબેડકર જણાવે છે કે — 'રાષ્ટ્રવાદ ત્યારે જ ઔચિત્ય ગ્રહણ કરી શકે, જ્યારે લોકો જાતિ, જ્ઞાતિ, રંગ તથા ઊંચનીચના ભેદભાવ ભૂલાવી તેમનામાં રહેલી સામાજિક ભાતૃત્વની ભાવનાને સર્વોચ્ચ સ્થાન આપે.' આજે બ્રાહ્મણોએ ઊભો કરેલો બ્રાહ્મણવાદ વધારે ભયંકર છે. આ વાદના નામે તેમણે સત્તા, વિશેષાધિકાર અને એમના હિતો હાંસલ કર્યા છે. એથી વિશેષ તો તેમણે સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને ન્યાયનો ઇન્કાર કર્યો તે છે.'

ધર્મ, ધર્મવાદ, જુદા જુદા પંથના આશ્રમધારીઓ લોકોને ગુમરાહ કરી રહ્યા છે. સ્ત્રીઓ તો આવા આશ્રમધારીઓને સમર્પિત રહી છે. જે જેલમાં જતા કૌભાંડી સાધુઓથી જાણીએ છીએ છતાં ધર્મવાદ છૂટતો નથી. જ્ઞાતિવાદ ને વરવી આભડછેટ છૂટતી નથી. બંધારણમાં સમાનતા, સ્વતંત્રતાનો અધિકાર હોવા છતાં સમરસતા સ્થાપવાની વાતો થાય, અનામત અછૂત હોવાને કારણે મળી છે, તેને આર્થિક ધોરણે આપવાની વાતો થાય, સરકાર ખાનગીકરણ સ્થાપી નોકરીઓમાંથી અનામતનો છેદ ઉડાડી મૂકે ને ધર્મવાદ તો નવા નવા સરનામે પ્રગટતો જ રહે છે. જે રાષ્ટ્રીયતાઘાતક બનતો જાય છે. ડૉ. આંબેડકર સાહેબ એટલે જ જ્ઞાતિવિહીન સમાજ સ્થાપવા ને માનવધર્મ સ્થાપવા ઇચ્છતા હતા.

સ્પષ્ટતા કરતા ડૉ. ભીમરાવ આંબેડકર કહે છે :

'આપણો વિરોધ કોઈ વ્યક્તિ વિશેષ જ્ઞાતિ-જાતિ કે હિંદુ ધર્મ સામે નથી. બ્રાહ્મણ સામે પણ નહીં, પરંતુ 'બ્રાહ્મણવાદ' સામે આપણો વિરોધ છે. અસ્પૃશ્યતા સામનો સંઘર્ષ સવર્ણ-અવર્ણ વચ્ચેનો સંઘર્ષ નથી. અસ્પૃશ્યતામાં માનનારા અને નહીં માનનારા વચ્ચેનો આ સંઘર્ષ છે. સંઘર્ષ વિરોધી વિચારસરણી વચ્ચે છે. વ્યક્તિ-જાતિ માટે નહીં. વિશેષમાં તેઓ કહે છે : 'આજે ધર્મોમાં ન તો દેવ છે કે ન તો સદાચાર. આજે જે સ્થિતિ છે તે તો માનવમનના પતનની સ્થિતિ છે. અત્યારે ધર્મનું આચરણ ઉપરછલ્લું થાય છે. ધર્મનો ગર્ભિતાર્થ સમજીને એ પ્રમાણે જીવન ઢાળવાનો પ્રયાસ જ થતો નથી. સદાચારનું સ્થાન મૂર્તિપૂજાએ લઈ લીધું છે. આ મૂર્તિઓ સાધુ સંતોને કે જાદુગરની કે કોઈ પણની હોઈ શકે.'

જ્ઞાતિવાદ, ધર્મવાદ છૂટે તો રાષ્ટ્રવાદ જાગે.

***મો. ૯૪૨૯૨ ૧૭૧૮૫***

*અનુકૂળ સંજોગોમાં અદૃશ્ય અને*
*પ્રતિકૂળ સંજોગોમાં પ્રગટ થતા લોકો જ ખરા હિતેચ્છુ હોય છે.*

**JAYANT STEELS**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**

**જયંત સ્ટીલ્સ**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
**સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન**

વાર્તા

# રજા ચિઠ્ઠી

ગુલાબચંદ સાવલા

ઘરમાં વેકેશનની તડામાર તૈયારી ચાલી રહી હતી. ચાર દિવસ પછી તો આપણે પ્લેનમાં બેઠાં હોઈશું... અને ખૂબ મજા કરીશું... મમ્મી તો ગોવા જતી ફ્લાઈટમાં જાણે સૌ બેસી ગયાં હોય છે તેવું આભાસી ચિત્ર મોટા દીકરા આયુધ અને નાની દીકરીને બતાવી રહી હતી. અને જો મમ્મી... હું બીચ પર ખૂબ નહાવાનો છું, તું મને રોકતી નહીં...!! દસમા ધોરણની પરીક્ષા પૂરી થયા પછી આયુધ ક્યારનોય વેકેશનની મોજમસ્તીના સપના જોઈ રહ્યો હતો.

પણ મમ્મી, આ ફરવા જવાનો ખર્ચ કેટલો થશે? ક્યારનીયે ચૂપ બેઠેલી રીધ્ધિએ મમ્મીને પૂછી લીધું.

એ..તો... તારા પપ્પાને ખબર...!! મમ્મીએ જવાબ વાળી તો દીધો પણ જે ચિંતા મોટી વ્યક્તિને થવી જોઈતી હતી તે ચિંતા ઘરની સૌથી નાની વ્યક્તિ, જેણે હજુ તો ચોથા ધોરણની પરીક્ષા આપી, તે રીધ્ધિ કરી રહી હતી.

પણ જુઓ, આ વખતે હું તમારું કોઈ બહાનું નહીં ચલાવી લઉં... મારી બધી બહેનો તો આખું ભારત ફરી આવી... તમે મને અંબાજીથી ક્યાંય આગળ નથી લઈ ગયા...!! ગમે તેમ કરી આ વેકેશન તો મારે ગોવા જવું જ છે. સ્ત્રીહઠે વશિષ્ઠને મજબૂર કરી દીધો હતો.

જો કે તે સ્ત્રીહઠ પૂરી કરવા પાછળ વશિષ્ઠે પોતાની પ્રામાણિકતા દાવ પર લગાવી દીધી હતી. પોતાની કંપનીમાં એ મોટો ઓર્ડર અપાવવા માટે સામેની કંપની પાસે ગોવાનું પેકેજ લાંચ પેટે લઈ લીધું હતું. વશિષ્ઠની અંદરનો વસવસો દૂર કરવા તેની પત્નીએ જ પ્રેક્ટિકલ ઍપ્રોચ સમજાવ્યો હતો. વશિષ્ઠની પત્નીએ અને આયુધે તો પોતાની સોસાયટી અને દરેક જાણીતાને પોતે વેકેશનમાં પ્લેનમાં ફરવા જવાના છે તેની જાહેરાતો કરી દીધી.

મમ્મીએ ત્રીજીવાર બધું પેકિંગ ચકાસી લીધું. અને બસ હવે તો ગોવામાં જ શાંતિથી સૂઈ શકશે તેવા શમણામાં ખોવાઈ જતી... રાતે બાર વાગે સેકન્ડ શિફ્ટ પૂરી કરી વશિષ્ઠ ઘરે આવ્યો. તેના ચહેરા પર નૂર ઓછું હતું. તે ચૂપ હતો. પત્નીએ આજે પહેલીવાર રાત્રે મોડે ગરમ ગરમ રસોઈ બનાવી આપી.

ચોથા કોળિયે તો વશિષ્ઠે કહી જ દીધું, ‘મારી રજા મંજૂર થઈ નથી. બધા વેકેશનમાં રજા લેશે તો કંપની કેવી રીતે ચાલશે? કહી શેઠે હમણા રજા નહીં મળે તેમ સ્પષ્ટ કહ્યું છે.’ આ વાક્ય પૂરું થતા તો તેની પત્નીના બધા સપનાઓ તો જાણે એક ક્ષણમાં જ ઓગળી ગયા.

તો પછી, એક કામ કરો... બીમારીની રજા લઈ લો! પણ... માંદુ કોણ છે? એક તો મેં શેઠને જણાવ્યું પણ નથી કે આપણે ફરવા જવાના છીએ. જો તે તપાસ કરે કે આ પેકેજ મને પેલી કંપનીએ ગીફ્ટ વાઉચરમાં આપ્યું છે તો... મારી વર્ષોની પ્રામાણિકતા અને વિશ્વાસ પર પાણી ફરી વળે. વશિષ્ઠ ખોટું કરવા તૈયાર નહોતો.

બળી તમારી પ્રામાણિકતા, ને બળ્યો તમારો વિશ્વાસ. આટલા વર્ષોની નોકરી પછી તમને મળ્યું છે શું? અને એકવાર ખોટું બોલી જશો કે મારી દીકરી ખરેખર માંદી છે તો શેઠ કંઈ ઘરે થોડા જોવા આવવાના છે? પત્ની ખૂબ પ્રેક્ટિકલ બની વશિષ્ઠની વર્ષોની પ્રામાણિકતાને તુચ્છ જણાવી રહી હતી.

સારું, એમ કરીશ. ત્રણ શબ્દો પછી વશિષ્ઠે જમવાનું પૂરું કર્યું અને આયુધ - રીધ્ધિ પાસે સૂઈ ગયો.

રીધ્ધિ તે બંનેની વાતો સાંભળી ચૂકી હતી. વશિષ્ઠની આંખોમાંથી ઊંઘે રજા લઈ લીધી હતી તેમ તે રૂમની છતને તાકીને જોઈ રહ્યો હતો. રીધ્ધિ જાણે પપ્પાની પરિસ્થિતિ પામી ચૂકી હોય તેમ પોતાની નાની હથેળીથી પપ્પાના માથે હાથ ફેરવવા લાગી. કેમ બેટા, ઊંઘ નથી આવતી? વશિષ્ઠે રીધ્ધિ બાજુ પડખું ફેરવ્યું.

પપ્પા, તમને પણ ક્યાં ઊંઘ આવે છે? પપ્પા, પૈસાની તકલીફ હોય તો આપણે ફરવા નથી જવું. દીકરીની નાની હથેળીમાં વહાલ એટલું હતું કે વશિષ્ઠની આંખો ભરાઈ આવી. ના બેટા, આ તો રજા પાસ નથી થઈ... તું સૂઈ જા અને વેકેશનની ટૂરની તૈયારી કર. વશિષ્ઠે રીધ્ધિના કપાળે દીર્ઘચુંબન કર્યું અને જાણે પોતાનો બધો ભાર હળવો થઈ ગયો હોય તેમ લાગ્યું.

બીજા દિવસે વશિષ્ઠે પોતાના ઓળખીતા ડૉક્ટર પાસે રીધ્ધિનું માંદગીનું સર્ટીફિકેટ લઈ લીધું અને કંપનીમાં ભારે પગલે શેઠની કેબિનમાં પગ મૂક્યો. શેઠ તેમના હાથમાં એક કાગળ વાંચી રહ્યા હતા. સર, મારી રજાચિઠ્ઠી. મારી દીકરીને ઝેરી મેલેરિયાની અસર છે... હું આ અઠવાડિયું કામ પર નહીં આવી

શકું...! વશિષ્ઠે આખરે સાહસ કરી ખોટું બોલી દીધું.

રજા આપી નથી એટલે બહાનું તો નથી ને વશિષ્ઠ? શેઠે ધારદાર નજરથી વશિષ્ઠ તરફ જોયું અને તે ક્ષણે વશિષ્ઠની આંખોમાં રહેલું અસત્ય ક્યાંય પરખાઈ ન જાય એટલે તે આડીઅવળી થઈને સુરક્ષિત ખૂણો શોધવા લાગી. અને છેલ્લે તે જમીન તરફ સ્થિર થઈ ગઇ અને જીભે તેનું પ્રેક્ટિકલ કામ કર્યું. 'ના સર...!!'

સારું, મને તારામાં વિશ્વાસ છે કે તું ખોટું નહીં બોલે. શેઠના આ શબ્દોથી વશિષ્ઠને થયું કે ખરેખર આજે પહેલીવાર હું મારી નજર ઊંચી નથી કરી શકતો. તે ચૂપ રહ્યો. શેઠે કહ્યું, સારું, રીધ્ધિની સારવારનો ખર્ચ કંપનીમાંથી લઈ લેજે. આ શબ્દોથી વશિષ્ઠની આંખોમાંથી ઝળઝળિયા આવી ગયા. અને ફરી અંદરથી સત્ય બેઠું થઈ ગયું. તે વિશ્વાસથી શેઠને સાચું કહેવા નજીક આવ્યો. સર, સોરી.. હું આજે તમારી સામે જૂઠું બોલ્યો છું. રીધ્ધિ માંદી નથી. મારે રજા નથી જોઈતી... વશિષ્ઠ ઝડપથી કેબિનની બહાર નીકળવા લાગ્યો.

ઊભો રહે વશિષ્ઠ, તું આ કંપનીનો સૌથી જૂનો અને પ્રામાણિક કર્મચારી છે. તું જૂઠું બોલ્યો તેની સજા થશે. શેઠની આંખોમાંથી જાણે આગના તણખા સરી રહ્યા હતા.

લે આ કરવ... શેઠના ભારેખમ અવાજમાં વશિષ્ઠના પગ થંભી ગયા. વશિષ્ઠને લાગ્યું કે શેઠે મને પાણીચું તો નથી પકડાવી દીધું ને? સારું, ખોલ કવરને... શેઠનો અવાજ વધુ ભારેખમ હતો. વશિષ્ઠે ધ્રુજતા હાથે કવર ખોલ્યું. તેમાં એક નાની ચિઠ્ઠી હતી અને બીજું કવર હતું. તે ચિઠ્ઠી વાંચી શેઠ હજુ ગુસ્સામાં હતા. નાની ચબરખીમાં મરોડદાર અક્ષરે લખેલું હતું...

**"રજા ચિઠ્ઠી"**

*સર, જણાવવાનું કે મારા પપ્પાની રજા તમે મંજૂર કરી નથી. અમારે ખરેખર ફરવા જવું છે. મારા પપ્પા ક્યારેય ખોટું બોલતા નથી. પણ કાલે રાત્રે મને લાગ્યું કે મારા પપ્પા અમારા માટે ખોટું બોલીને તમારી પાસે રજા માંગશે. મારી સ્કૂલની રજા માટે મારા પપ્પા જો રજાચિઠ્ઠી લખતા હોય તો તેમની રજાચિઠ્ઠી હું કેમ ન લખી શકું? વળી પપ્પાને પૈસાની પણ તકલીફ છે. જે મને ક્યારેય નહીં જણાવે કેમકે હું તેમની દીકરી છું, દીકરો નહીં. હું માંદી નથી છતાં પણ તમે મારા પપ્પાને રજા આપશો તેવી હું તેમની દીકરી ભલામણ કરું છું.*

***મારા પપ્પાની વહાલી દીકરી "રિધ્ધિ"***

વાંચતાંની સાથે જ વશિષ્ઠની આંખો ઊભરાઈ ગઈ. ગળામાં ડૂમો બાઝી ગયો. તે નિઃશબ્દ બની ઊભો રહી ગયો. શેઠ ઊભા થઈને તેની નજીક આવ્યા અને કહ્યું, વશિષ્ઠ, આ કવરમાં બીજો કાગળ છે તે તમારી ફેમિલી ટૂરનું યુરોપનું પેકેજ છે. તમારાં પાસપોર્ટ, વિઝા થઈ જશે. ખરીદીના વાઉચરો છે... તમારાં મનગમતાં કપડાં ખરીદી લેજો... અને ગોવા જવાની જરૂર નથી...! શેઠ પણ દુનિયાદારી જોઈ ચૂક્યા હતા.

વશિષ્ઠ શેઠના ચરણોમાં ઝૂકી ગયો. શેઠે તેને ખભો પકડીને ઊભો કર્યો અને કહ્યું, અને હા, તારી ડાહી રીધ્ધિને કહી દેજે કે મેં તેની લખેલી રજાચિઠ્ઠી મંજૂર કરી દીધી છે.

***પ્રેષક : ગુલાબચંદ ડી. સાવલા***
***૧૩/૧૫૦, મારૂતિ એપાર્ટમેન્ટ, સોલા રોડ,***
***અમદાવાદ-૩૮૦ ૦૬૩. • મો. ૯૦૧૬૧ ४२६३६***

## વિદ્યાર્થીને શીખવા પ્રબળ બનાવે તે કેળવણી

કોઈ કોઈને શીખવી શકે નહીં, પોતે શિક્ષણ આપી રહ્યો છે એમ માની બેસવાથી બધું બગાડે છે.

જેમ તમે એક છોડને તમારી મરજી મુજબ મોટો કરી શકો નહીં તેવું જ બાળકનું પણ છે. પ્રતિકૂળ જમીનમાં કોઈ છોડને રાખીને તેનો વિકાસ તમે ન કરી શકો. બાળક પોતેજ પોતાને શીખવે છે. તમે તેને પોતાની રીતે આગળ વધવામાં માત્ર મદદ કરી શકો. તમે તેને સીધી રીતે નહીં પરંતુ આડકતરી રીતે સહાય કરી શકો, તમે અંતરાયો દૂર કરી શકો પણ જ્ઞાન તો સ્વભાવથી આપોઆપ આવે છે. માટીને થોડી પોચી કરો કે જેથી છોડ સહેલાઈતી બહાર આવે. તેની આજુબાજુ વાડ કરો, તેનો નાશ ન થાય તેની કાળજી રાખો. ઉગતા બીજને માટે જરૂરી માટી, પાણી, હવા, પ્રકાશ વગેરે આપી તેના વિકાસમાં મદદ કરી શકો. એટલે તમારૂં કામ પૂરું થાય છે. તેમાંથી તેને જોઈએ તેટલું તે પોતાની મેળે સ્વાભાવિક રીતે જ લઈ લેશે. એને પોતાનામાં સમાવીને પોતાની મેળે સ્વાભાવિક રીતે જ વધશે. તે જ પ્રમાણે બાળ કેળવણી વિશે છે. બાળક પોતે પોતાને કેળવે છે.

બધું જ્ઞાન મનુષ્યની અંદર રહેલું છે. માત્ર તેને જાગૃત કરવાની જરૂર છે. શિક્ષકનું કામ પણ આટલું જ છે. આપણે વિદ્યાર્થીઓ માટે એટલું કરવાનું છે કે તેઓ પોતાના હાથ, પગ, આંખ, કાન વગેરેનો ઉપયોગ કરવામાં પોતાની બુધ્ધિને વાપરતા શીખે. બીજી જે એક વસ્તુની આપણને જરૂર છે તે ચાલુ શિક્ષણ પદ્ધતિને નાબૂદ કરવાની છે કારણકે ગધેડાને મારી મારીને ઘોડો બનાવવાની વાત જેવી છે.

બીજા બાજુ, મા-બાપના ગેરવાજબી દબાણને કારણે આપણા બાળકોને વિકાસનો પૂરો અવકાશ મળતો નથી. દરેક વ્યક્તિમાં અસંખ્ય વૃત્તિઓ પડી હોય છે, જે સંતોષવા માટે યોગ્ય અવકાશની શોધમાં હોય છે.

આવેશભર્યા સુધારાઓ હંમેશાં પ્રગતિનો અવરોધ કરવામાં પરિણમે છે. જો તમે કોઈને સિંહ નહીં થવા દો તો તે શિયાળ બનશે.

***સંકલન : મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***
***મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩***

વાર્તા

# પરીક્ષા

કેશુભાઈ દેસાઈ

જિજ્ઞાસા એસ.એસ.સી.માં એંસી ટકા લાવી ત્યારે એના ઘરમાં ઉત્સવનું વાતાવરણ હતું. હાયર સેકંડરીમાં થોડું વધારે જોર મારે તો સીધી મેડિકલમાં! એનાં માતાપિતા સપનાં જોવા લાગ્યાં હતાં. જૂની એસ.એસ.સી. પાસ કરીને ઘરસંસારમાં પરોવાઈ ગયેલી એની મમ્મીને તો વળી જુદી જાતની ચિંતા શરૂ થઈ ગઈ હતી.

છેલ્લાં બે'ક વરસથી એની કાયા ખીલવા લાગી હતી. હજી માંડ પંદર વરસ થયાં હતાં પણ દેખાવામાં મોટું બૈરું બની ગઈ હતી! એમ કંઈ ખાઉધરીય નહોતી. છતાં વજન વધ્યે જતું હતું. આમ ને આમ શરીર ફૂલતું ગયું તો બિચારી છોકરીનો હાથ કોણ પકડશે? એના પપ્પાએ જોઈ રાખેલો છોકરોય જિજ્ઞાસાને 'જાડી' ગણીને નકારી નહીં કાઢે એની ખાતરી ખરી? અત્યારના જમાનાનાં છોકરાનું ભલું પૂછવું!

એ મનોમન મૂંઝાયા કરતી. વાત પણ કોની આગળ કરે? ગામડે જતી ત્યારે ઓઝપાયા કરતી. ફળિયાની સ્ત્રીઓ પૂછતી : 'જિજ્ઞાને લાવતી હો તો? બાપના ગામનાં મનેખને ઓળખે તો ખરી! કાલે અવસર લેશો ત્યારે એને બધાં અજાણ્યાં લાગશે. ભણવાનું તો સહુનેય હોય છે. તારી દીકરી કંઈ નવી નવાઈનું થોડું ભણતી હશે? અમારી છોડીઓય ભણે છે હોં કે!'

બટકબોલી પાડોશણોને ટાઢી પાડવી હોત તો આટલો જ જવાબ પૂરતો થઈ રહ્યો હોત : મારી જિજ્ઞા ખરેખર 'નવી નવાઈનું' ભણે છે. એને ઘરમાં અમારી સાથે નિરાંતે વાત કરવાનો વખત નથી, ત્યાં અહીં ગામડે આવીને ગપાટા મારવાની નવરાશ થોડી હોય? તમારી છોકરીઓની માફક એ પીટીસી કે બીએડ કરી દઈ માસ્તરાણી નથી બનવાની. એણે તો સાયન્સ લીધું છે. મેડિકલમાં એડમિશન લઈને મોટી ડૉક્ટર બનવાની છે અમારી જિજ્ઞાસા!

સારું થયું કે છેક હોઠની ધાર પર આવી ગયેલાં એ વેણ પોતે ગળી ગઈ હતી. નાહક કુટુંબીઓની અદેખાઈ વહોરવાની નોબત આવી હોત. પોતે પ્રોફેસરની બૈરી હોઈ શહેરમાં રહેતી એની પણ ગામની સ્ત્રીઓને ક્યાં ઓછી બળતરા હતી? એમને તો બધાં પોતાની માફક ઢોર ભેગાં ઢોર થઈને રહે એ જ ખપે.

જિજ્ઞાસાના પપ્પા જાતમહેનતથી આગળ આવ્યા-એમની પણ ઈર્ષા! દીકરીના જન્મ પછી કુટુંબનિયોજનનું ઓપરેશન કરાવ્યું એનાય તાંતા! એ બધાંને માટે તો દીકરો જ મહત્ત્વનો. દીકરી તો કાલે એને ઘેર જતી રહેશે. દીકરા વગર ઘર ઉઘાડું શી રીતે રહે? ફળિયાનાં બૈરાં ક્યારેક તો ન બોલવાનું બોલી નાખતાં : આદમી તો નાથ-મોયડી વગરનો આખલો કહેવાય. અસ્ત્રીએ એને વશમાં રાખતાં શીખવું જોઈએ. આપણને પૂછ્યા વગર ઑપરેશન કરાવી જ કઈ રીતે શકે? જિજ્ઞાસાની મમ્મી એમને શો જવાબ આપે?

જિજ્ઞાસાને પણ ક્યારેક ભાઈની ખોટ સાલતી. બળેવના દિવસે એની આંખોમાં આંસુનાં તોરણ બંધાઈ જતાં. એની બધી બહેનપણીઓને ભાઈ હતા. જિજ્ઞાસાને માઠું ન લાગે એટલા સારું પ્રોફેસર સાહેબ સામે ચાલીને એની પાસે રાખડી બંધાવતા. હું જ તારો ભાઈ, બરાબર? અને પછી મારો 'જિગુ દીકરો!' કહી એનું માથું સૂંઘી લેતા. એ મંગલ દૃશ્ય જોઈ એની મમ્મી ગદ્‌ગદ થઈ જતી.

જિજ્ઞાસાને ડૉક્ટર બનાવી સારે ઠેકાણે 'સેટલ' કરવી એ જ બેઉને માટે એક મુદ્દાનો કાર્યક્રમ બની રહ્યો હતો. સારું ઘર ને સારો વર. બીજું જોઈએ પણ શું? નામાંકિત સંસ્થામાં બે-પાંચ વરસ અનુભવ લઈ લીધા બાદ-શહેરમાં જ ક્યાંક મોખરાની જગા લઈને હોસ્પિટલ શરૂ કરી દેવાની. પ્રોફેસરે મનોમન છોકરો પણ ગોતી રાખ્યો હતો. ચિંતન ગરીબ ઘરનો હતો પણ ભણવામાં હોશિયાર હતો. એના બાપ સાથે જૂની ઓળખાણ હતી. છોકરાને એકાદ વરસ પર એ જાતે જ જામનગરની મેડિકલ કોલેજમાં મૂકી આવ્યા હતા.

જિજ્ઞાસાએ અગિયારમાં ધોરણનો અભ્યાસ કરતાં કરતાં જ બારમાં ધોરણની તૈયારી શરૂ કરી દીધી. પિતા પ્રોફેસર હોવા છતાં વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી જેવા વિષયોનાં ટ્યૂશન પણ બંધાવી દીધાં. ટીવી, સિનેમા, રમતગમત-બધું એકસામટું બંધ થઈ ગયું. વહેલી સવારે ઊઠ્યા પછી મોડી રાતે પથારી ભેગી થતી ત્યાં સુધી જિજ્ઞાસા એની સ્કૂટી પર દોડાદોડી કરતી રહેતી. ખાવાપીવાનાં પણ ઠેકાણાં ન રહેતાં. બસ એક જ ધૂન સવાર થઈ ગઈ હતી : બોર્ડની પરીક્ષામાં બને એટલા વધુ માર્ક્સ ખેંચવા અને મેરિટ બેઝ પર મનગમતી મેડિકલ કૉલેજમાં એડમિશન મેળવી લેવું! ગરીબ ઘરનો ચિંતન ડૉક્ટર થઈ શકતો હોય તો પોતે કેમ નહીં?

પણ પરીક્ષા આવી ત્યાં સુધી જિજ્ઞાસાની ભીતરમાં ઘણી બધી ઊથલ પાથલ સરજાઈ ચૂકી હતી. એને, કોઈને કહેવા જતાં

શરમ આવે એવાં સપનાં આવતાં હતાં.

વાંચવા બેસતી ત્યારે એને ચોપડીમાં પેલા ચિંતનનો ચહેરો દેખાવા લાગતો. પાઠ્ય પુસ્તક પડતું મૂકીને એ નવલકથા વાંચવા લાગતી. મોડી રાત લગી એની રૂમમાં લાઈટ બળતી જોઈ મમ્મીને એની દયા આવી જતી.

ક્યારેક બંધ રૂમના બારણે ટકોરા મારીને એ કહેતી પણ ખરી : 'જિજ્ઞુ બેટા, અઢી વાગવા આવ્યા છે. સૂઈ જા. સવારે સાડા છએ તો તારે ટ્યૂશન જવાનું છે! ખોટી તબિયત બગાડી બેસીશ તો મુસીબત થશે. બરાબર દશેરાને દહાડે ઘોડું અટકશે!' અને એ નવલકથાનું રસપ્રદ પ્રકરણ અધૂરું મૂકીને સૂઈ જતી. બાકીની નવલકથા એનાં સપનામા આલેખાતી.

પરીક્ષાના દિવસે જિજ્ઞાસા ભારે ટેન્શનમાં હતી. તે દિવસે એને ગુરુ મહારાજે ફોન કરી આશીર્વાદ પાઠવ્યા હતા. મમ્મીએ એને દહીંના શુકન કરાવી પરીક્ષા આપવા મોકલી હતી. આગલી સાંજે એણે ચિંતન સાથે અડધો કલાક ફોન પર વાત કરી હતી. એ ખૂબ રડી હતી. પરીક્ષાના દિવસે પપ્પા છેક શાળા સુધી મૂકવા અને લેવા આવ્યા હતા.

પેપર હાથમાં આવતાં જ એને કશું સૂઝ્યું નહીં. આખરે એણે આખા પેપરમાં ગાયત્રીમંત્ર લખી પાડ્યો. ઘરે આવી ત્યારે મમ્મીએ પૂછ્યું : 'પેપર કેવું ગયું બેટા?' એણે હસતો ચહેરો રાખવા પ્રયત્ન કર્યો અને કહ્યું : 'બહુ સરસ!' પછી દોડીને બાથરૂમમાં પેસી ગઈ અને ચોધાર આંસુએ રડી પડી...રાત્રે ચિંતને ફોન કરી આશ્વાસન ન આપ્યું હોત તો કદાચ ન કરવા જેવું કરી બેઠી હોત...

બાકીનાં બધાં પેપરોમાં એણે એ જ મુજબ ગાયત્રીમંત્ર લખ્યે રાખ્યો. એને આવડતા હતા એવા સવાલ પણ એણે જવા દીધા. પરિણામ આવાવનું હતું ત્યારે આખા ઘરમાં ઉત્સવનું વાતાવરણ હતું. એક માત્ર જિજ્ઞાસા જ જાણતી હતી કે એને બધા વિષયોમાં 'ઝીરો' મળવાનો હતો. એણે આગલી સાંજે કશું ખાધું નહોતું. બપોરે પપ્પા માર્કશીટ લઈને આવ્યા ત્યારે એ પોતે પણ હસી રહ્યા હતા : 'બીજું બધું તો ઠીક, પણ જિજ્ઞાસાને કદી 'ઝીરો' આવે ખરો? કોમ્પ્યુટરની આ છે કમાલ! એંસીનો આઠડો રહી ગયો અને મીંડુ છપાઈ ગયું! આપણી જિજ્ઞાસાને જરૂર એંસી ટકા આવ્યા હોવા જોઈએ.' જિજ્ઞાસા પોતે પણ એમની સાથે સહમત થઈ ગઈ.

જરૂર એંસી ટકા તો આવે જ ને વળી! કેટલાં બધાં ટ્યૂશન ભરતી હતી!' એણે ધીમે રહીને સિફતપૂર્વક ઉમેર્યું : 'પણ મારે ફેર ચકાસણી નથી કરાવવી. ઓક્ટોબરમાં ફરી પરીક્ષા આપીશ અને બોર્ડમાં પહેલા દસમાં નંબર લાવીશ!'

એનો ઉત્સાહ જોઈ પ્રોફેસર રાજી થઈ ગયા. 'શાબાશ દીકરી! આનું નામ જ 'ઑપરેશન સકસેસ.' અબ્રાહમ લિંકનની જેમ મંડ્યા રહેવાનું. બોર્ડની પરીક્ષામાં ફેલ થયાં છીએ, જિંદગી થોડી હારી ગયાં છીએ?'

જિજ્ઞાસાએ મહામહેનતે રોકી રાખેલી લાગણી ઊભરાઈ ઊઠી. 'મેં પેપર સાવ જ કોરાં મૂકેલાં, પપ્પાજી!' એણે સાચી હકીકત કબૂલી જ લીધી : 'પણ હવે મેં મક્કમ નિર્ધાર કર્યો છે - રોજ સવારે જોગિંગ કરીશ. દસેક કિલો વજન ઉતારી દઈશ અને ઓક્ટોબરની પરીક્ષામાં સાચેસાચા એંસી ટકા લાવી બતાવીશ!'

મમ્મીએ એને છાતીસરસી ચાંપી દીધી અને કહ્યું : 'તને એમ કે અમને ખબર જ નહીં હોય? અમને ચિંતને મહિના અગાઉ ફોન કરીને કહી દીધેલું. તારો ડ્રોપ લેવાનો વિચાર હતો, એ જાણતાં હોવા છતાં અમે બેઉ તને સતત પ્રોત્સાહન આપતાં રહ્યાં. પરીક્ષા ક્યારેય છેલ્લી નથી હોતી બેટા! અને પરીક્ષા કરતાં જિંદગી ઘણી વધારે કિંમતી છે. અમારે તો તું છે એટલે લાખો લખમી છે!' ■

## અક્ષય તૃતીયા – એક રસમય રહસ્ય

**(અનુસંધાન : પાના નં.-૩૨ ઉપરથી ચાલુ)**

પરમ ભક્તિભાવથી પ્રભુને વિનંતી કરી, "પ્રભુ! આ શુદ્ધ-નિર્દોષ ઈક્ષુરસ સ્વીકારો અને મને પાવન કરો." પ્રભુએ હાથ પ્રસાર્યા. ઈક્ષુરસનો સ્વીકાર કર્યો. ૪૦૦-૪૦૦ નિર્જળ ઉપવાસનું પારણું થયું. શ્રેયાંસકુમારની આંખોમાંથી આનંદના અશ્રુ વહેવા લાગ્યા. સમસ્ત નગરજનોના હૈયા હિલોળે ચડ્યા. દેવતાઓએ રાસડા લીધા. રાજમહેલના આંગણામાં રત્ન-સુવર્ણ-પુષ્પ-સુરભિજળ-શ્રેષ્ઠ વસ્ત્રોની વૃષ્ટિ થઈ. પછી તો નગરજનોના પૂછવાથી શ્રેયાંસકુમારે પૂર્વજન્મ સ્મરણથી માંડીને મુનિદાન સુધીની બધી જ વાતો જણાવી અને મુનિદાન-સુપાત્રદાનની પાવન પરંપરા શરૂ થઈ.

આ દિવસ હતો વૈશાખ સુદ ત્રીજ. શ્રેયાંસકુમારે આ દિવસે જે દાન આપ્યું, તે અક્ષય ફળ દેનારું બન્યું. માટે આ ત્રીજ અક્ષયતૃતીયા તરીકે પ્રસિદ્ધ થઈ. પ્રભુને એક વર્ષ ઉપરાંત જે તપ થયો, તે વર્ષીતપ તરીકે પ્રસિદ્ધ થયો. આજે પણ હજારો પુણ્યાત્માઓ પ્રભુના એ તપની સ્મૃતિમાં વર્ષીતપ કરે છે, જેમાં એકાંતરા ઉપવાસો (એક દિવસ ઉપવાસ, બીજા દિવસે બે વાર ભોજન) કરવાના હોય છે. ૪૦૦ દિવસના આ તપમાં ૨૦૦ થી વધુ ઉપવાસ થાય છે, જેમાં અન્નનો દાણો કે ફળાહાર પણ લેવાતો નથી.

અક્ષય તૃતીયાના દિવસે પ્રભુ આદિનાથના દર્શન, વંદન, પૂજન કરવાથી, સુપાત્રદાન કરવાથી અને પ્રભુના નામની માળા ગણવાથી સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે છે. ઉલ્લેખનીય છે કે ઋગ્વેદ, યજુર્વેદ, અર્થવવેદમાં શ્રી આદિનાથ પ્રભુનું ગૌરવપૂર્ણ વર્ણન પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, મનુસ્મૃતિ, ગોપથ બ્રાહ્મણ, ભાગવત અને પુરાણોમાં પણ શ્રી આદિનાથ પ્રભુના પ્રશસ્ય ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે. પુરાણોમાં તો ત્યાં સુધી કહ્યું છે કે – "અડસઠ તીર્થોની યાત્રાથી જે ફળ મળે, તે જ ફળ શ્રી આદિનાથ પ્રભુના સ્મરણથી પણ મળે છે."

આજે પણ અક્ષયતૃતીયા વગર જોયું શ્રેષ્ઠ મુહૂર્ત ગણાય છે અને પ્રાયઃ સમસ્ત આર્યાવર્તનું એક સાદરપાત્ર પર્વ પણ મનાય છે. ■

લોકકથા

# રોઇ રોઇ કોને સંભળાવું?

નાનાભાઈ જેબલિયા

વાજતે ગાજતે, હરખીને હિલોળે દરિયો વાંદવા રક્તપિત્તણી એક ડોશીને એના જ ગામે રત્નેશ્વર મહાદેવની ભસ્મ પરથી મહુવાના દરિયામાં પકવીને મરણતોલ કરી નાખેલી એ અભાગણી ડોશીને પંચિયાની ફાંટામાં નાખીને પરબની જગ્યામાં લઈ આવેલ સાધુ દેવીદાસ ડોશીના સડેલાં 'ધારાં' લીંબડાના ઉકાળેલા પાણી વડે ધોઈ રહ્યા હતા એવા ટાણે પરબની જગ્યામાં એક ઝાડ નીચે ઝાડવું થઈને ઊભેલી આણાંત યુવતી થરથરતા કાળજે બાપુ દેવીદાસ અને રોગીઅલ ડોશીનો સંવાદ સાંભળતી હતી. સાસુ અને ધણીની મણમણની ગાળો વચ્ચે મખમલી ગૃહસંસારને જેણે પરબની જગ્યામાં ખાડો કરીને, દાટીને હમણા જ ધૂળવાળી હતી એવી રૂપની પૂનમ સમી આહીરપુત્રી અમરબાઈ કાન માંડીને સાંભળતી હતી.

'મા!' ડોશીના સડેલા આંગળાને હળવે હાથે ધોતા ધોતા સાધુ દેવીદાસ ડોશીની પીડાને ભૂલાવવા હુલાવી ફૂલાવી રહ્યા હતા. 'તમે જોજ્યો તો ખરા થોડા જ વખતમાં તમે નરવાં લીંબડા જેવા થઈ જશો. નખમાંય રોગ રહે તો એ દેવલાને ફટ્ય કહેજો. એઈને પછી જગ્યાનો ઘણો વણો કરતા હશો અને મારી મા લેખે મારો થાક ઉતારવા હું તમારા ખોળામાં માથુ મૂકીને લાડ કરીશ હો માડી.

'કરજે બેટા! મારેય કોદર નામે એક દીકરો છે, પણ શું કે મને રોગ થયો અને ગામની સાથે ઈ પણ મને દરિયામાં નાખી ગયો હશે બાપ! સમો સામાનું કામ કરે નીકર મારોય જમાનો હતો તો દેવીદાસ!

ને ત્યારે? મારી જવાનીમાં, મારા કોદરને કાખે રાખીને બેમણ ખડની ગાંસણી સીમમાંથી લઈ આવતી. ડોશી પીડાના પારાવારમાંથી નીકળીને વાતે ચડી પણ રૂપાળો દેહ રોગો ભેલાણો અને મીઠાનાં હાંલ્લા જેવો ખોખારો થઈ ગયો બાપ! રૂપનાં કે જુવાનીનાં કોઈ ભરોસો નૈ માડી! ભરોસો સાચો મારા રામનો...

અમરબાઈની રૂપની વેલડી આંચકો ખાઈ ગઈ 'અરરર! હે પરમ્! મને સદબુદ્ધિ આવી કે અહીં રોકાઈ ગઈ. ભલે ગાળ્યો ખાધી. ભલે માવતર અને સાસરેથી કપાઈ ગઈ. પણ મને રસ્તો તો સતનો લાધ્યો છે. કોણ કોનું છે? આ ડોશીને શું નહોતું? રૂપ, જુવાની, દીકરો, કુટુંબ અને પરિવાર બધું જ હતું પણ કોઈ ખપમાં આવ્યું? સગો દીકરો એને દરિયામાં નાખી ગ્યો! અરરર!'

'માડી!' દેવીદાસ ડોસીને પૂછતા હતા, 'કાંઈ સુવાણ્ય થઈ?'

'હા દીકરા! 'બળતરા' ઓછી થઈ. હવે રાડ્યું નૈ પાડું...'

'તો માડી, હવે શું ઝોળી લઈને ભીખવા જાઉં, આપણાં માંદલાને પણ ભૂખ તો લાગેને મા! અને જુઓ, આપણી જગ્યામાં સાત આઠ બીજાં પણ છે જો. એ કોઈ વેન કરે તો કહેજો કે દેવીદાસ તમારા માટે ખાવાનું લેવા ગયો છે. હમણે આવશે.'

'ઓહો, ધન બાપુ! ધન સાધુ દેવીદાસ!'

એકલી ઊભેલી અમરબાઈ કંપવાઈ ગઈ. 'કેવી સેવા? ગંધારા માટે કેવા હેત?'

દેવીદાસે ઝોળી લઈને પડખેના ગામડાં તરફ હડી કાઢી ત્યારે, ગિરનારની ચોટલી ઉપર ટકી ગયેલા સૂરજ નારાયણે ગિરનારને હળવે રહીને કાનમાં કીધું, 'સાંભળ ગરવા! પારકાને પોતાનાં કરનાર તો સંસારમાં ઘણા મળે પણ પોતાનાએ ફેંકી દીધેલાં ગંધારાંને પોતાનાં કરવાની વાત વીરલ છે હોં. આ સાધુની ઊંચાઈ તારા જેટલી અને પનો મારા તડકા જેવડો પહોળો, છતાં પોતાને દેવલો કહીને રોગીઓની મોટપ વધારે છે રંગ કહેવાય કે નહીં?

જવાબમાં ખડખડ હસ્યો ગિરનાર!

'બાપુ! દેવીદાસજી!' દેવીદાસ જગ્યાના દરવાજે પહોંચ્યા ત્યારે અમરબાઈ બે ડગલાં દોડીને પાસે ગઈ. 'બાપુ! મને મારા આતમરામે અહીં ખોડી દીધી છે. હવે મને જાકારો દેશોમાં. હું આ જગ્યામાં દટાઈ જવા રોકાઈ ગઈ છું બાપુ! મને એકાદ સંત વચનનો બોધ આપો. મારો પંથ કંડારું.'

'મારી માવડી! હું આપું સત વચન? પળભર ઠેરીને સંત બોલ્યા, 'શોભાવડલા ગામના જીવા રબારીનો હું દેવલો, ગામના પણ ઢોર ચારીને વગડામાં જ મોટો થયો. સીમના ઝાડવાં, નદીઓ અને ડુંગરુના ગાળા સિવાય કંઈ નથી જાણતો બેટા! અઢારમાં સૈકાનો દુકાળ પડ્યો, મારા બાપે એના પશુઓ લઈને વાસીંગણ (રહેણાંક) બદલ્યું. ગિરનારની છાયામાં બિલખાની સીમમાં રામનાથ મહાદેવની જગ્યા પાસે ચરિયાણ જોઈને ઝૂંપડી બાંધી. જગ્યાના જયરામસર અતિત કે જેના ગુરુ નુરશાહ ફકીર હતા. સાધુનો સંગ થયો. ઓ હો! હિન્દુવાણી સાધુનો ગુરુ મુસલમાન! આને જ કહેવાય અલખની આરાધના! પછી તો જયરામગર પણ જયરામ શાહ કહેવાયા.

બસ, એ પ્રતાપી સંતના આશીર્વાદે જીવા રબારીને આંગણે

આ દેવલાનો જન્મ થયો. દેવલો સમજણો થઈને સંસારી બન્યો. બે દીકરાનો બાપ બન્યો. પશુઓ ચારતાં ચારતાં પશુના બદલે માણસના બાંબરડા સંભળાયા કરે. કોઈ ગામને સીમાડો, કોઈ નદીના આરામાં, કોઈ ડુંગરાના ગાળામાં ફગાવી નાખેલો. માનવખોળિયા દેખાયા કરે. એને ફગાવી જનારાં એનાં વહાલાં સગાં પાપ કાઢ્યાની નિરાંત લઈને ભાગી જાય. તઈ બચ્ચારા ઈ દુખિયારાનો બેલી કોણ?

આતમરામે સાન કરી તે સંસાર છોડીને નીકળી ગયો અને ગિરનારના પડખામાં જઈને ઠેરી ગયો. સાત વાર પરકમ્મા કીધી. ગુરુદત્તના નામ લીધાં અને અહીં પરબ વાવડીમા ગુરુદત્તનો ધૂણો નાખીને ખોડાઈ ગયો, મા અમર! બાંગો નાખનારાની સેવા કરું છું. અજાન, ધ્યાન, જપ, તપ, માળા કંઠી ક્યારેક વખત મળે તો કરું નહીંતર ગુરુદત્તનું નામ! બોલ, મા! મારી પાસે કેવા જ્ઞાન હોય? આ મારો 'અભ્યાસ' (ઇતિહાસ) છે. કહું તો તને એટલું કે હવે આંહી આવી ગઈ છો તે આવ્યાપણું જાળવજે મા!' અને ઝોળી લઈને ઉપડી ગ્યા.

'લે માડી!' સાંજે ઝોળી ભરીને આવ્યા ત્યારે અમરબાઈને સેવા સોંપી. 'બેટા આમાં રોટલાના ટુકડા, ધાનના લોંદા, ખીચડીના કોળિયા પણ છે. માટે આ બધાંને નોખાં તારવી દે. એટલે અમે પીરસી દઈશું. તારે પીરસવા આવવાનું નથી.'

'કાં બાપુ?'

'ઈ વાત તને નિરાંત કરીશ બેટા!'

અને રોજના ક્રમ પ્રમાણે અમરબાઈ ભીખની ઝોળીમાંથી રાંધેલ ચીજો જુદી પાડે અને હરિહરનો સાદ પડે.

જગ્યાનો બીજો શિષ્ય સાદુળ ભગત અને અમરબાઈ ભાઈ બહેનની જોડી બનીને અવિરત સેવામાં ખડી રહે. નવા નવા પતિયાં, કાંઢિયાં આવ્યા કરે...

એક સાંજે દેવીદાસ એક રોગીના પસ પરું ધોતા હતા. અને રોગીની ચીસો સંભળાતી હતી. અમરબાઈ અને સાદુળ ભગત ત્યાં દોડી ગયાં. દેવીદાસ રોષાઈ ગયા 'મેં તમને તેડાવ્યા હતા? કેમ અહીં આવ્યા?'

'બાપુ! માફ કરજો. અમે તો હવે રોજ આવશું. અમરબાઈ વિવેક જાળવીને હસી, 'અમને સેવાનો કોઈ અધિકાર નહીં? શું કામ હેં બાપુ?'

'ઈ વાત આજ સાંજે તમને સમજાવીશ.'

દેવીદાસ બોલ્યા, 'સાવ એકાંતે વાત કરીશ.'

અને સાંજની નીરવ એકાંત સાધુએ બન્નેને પોતાની સામે બેસાડ્યા. માથા પરની બોકાની છોડી ચહેરા ઉપર ચોપડેલી માટીનાં પડ હળવે હળવે દૂર કર્યા. અમરબાઈ અને સાદુળની આંખો પહોળી થઈ ગઈ. ગોરો દેખાતો સાધુનો ચહેરો કાળા ભંભોર હતો! કાન પાસે, ગાલ પાસે, ગળાના વિસ્તારમાં ધાબા દેખાયાં...ધાબામાં ચકામા, ચકમાની અંદર રક્તના ટશિયા...

'અમર...! સાદુળ...!' દેવીદાસ ગંભીર સાદે બોલ્યા, 'જોઈ લો, બરાબર. મારો તો માલધારીનો વાન પણ તમારા ક્ષત્રિયપણાનાં રઢિયાળા મોઢા આમ રોળાઈ જાય એ હું જોઉં ન શકું બાપ! રક્તપિત્ત મળજગરો...વાંદરાની જેમ વળગી પડનારો રોગ...બધું ખેદાન મેદાન થઈ જાય બેટા!'

'ગયો ઈ ચહેરો અને ઈ ઓળખાણ તો ગયાં બાપુ!' અમરબાઈ બોલી ગઈ. 'મારે તો હવે મારાં રૂપને રગદોળવા છે બાપુ! માટે મને ભાઈ સાદુળને તમારા પંથે પગ દેવાની પરવાનગી આપો સંત.'

અને તે દિવસથી અમર સાદુળ કોઢિયાના વાડામાં પુરાઈ ગયા.

સમયના ચરખાએ એનો પ્રલંબ આંટો પૂરો કર્યો. 'પિયાલો આવ્યાની ખાતરી થતાં સંત દેવીદાસે આદેશ આપ્યાં કે હવે કંકોત્રીઓ લખો. અમરમા! સાદુળ ભગત! ચારે દિશામાં માણસો મોકલીને કંકોત્રીઓ પહોંચાડો. મારે વિદાય લેવાનો દિવસ આવી ગયો છે. કંકોત્રીઓનો અર્થ હતો સંતના દેહ વિલયનો, પણ મૃત્યુનો ય મહોત્સવ. મોત મહાઉત્સવ બને ત્યારે મનખા દેહની સાર્થકતા શોભી ઊઠે.'

'બાપુ! દેવીદાસ બાપુ! અમરબાઈએ હાથ જોડ્યા. 'આપની છાયા વગર પળ પળ જુગ લાગે. બાપની સાથે ચાલનારી દીકરી, કેવી રૂડી લાગે!'

'ભલે બાપ!'

સમાધિ માટેના તિથિ વાર નક્કી થયાં. છ હજાર માણસો જમે એટલી લાપસી અમરબાઈએ પોતે રાંધી.

'પરબના જૂના સંતો જસાવાલેદાનની બે કબરો પાસે અમર દેવીદાસના સમાધિ કૂપ તૈયાર થયા. દેવીદાસ અને અમરબાઈ પરસ્પર સન્મુખ થયા.

'સંત દેવીદાસ!' અમરમાએ પોકાર કર્યો.

'અમર દેવીદાસ!' દેવીદાસે પડઘો પાડ્યો.

બંને દિવ્યાત્માએ 'દસ દરવાજા' બંધ કર્યા. પ્રાણને સંકેલ્યો અને પ્રસન્ન ચહેરે ધરતી ઉપરથી વિદાય લીધી. બંને ખોળિયાં નિષ્પ્રાણ બન્યાં કે એ જ વેળા બુઝુર્ગ બે સંતો હાજર થયા. એક હતા ગિરનારી જોગી જીરશા ફકીર અને બીજા હતા જેરામ શાહ. બંને ગુરુ ચેલાએ અમર દેવીદાસના પાર્થિવ શરીર ઊંચકીને કૂપમાં મૂક્યાં અને ધુળવાળી સમાધિ ઉપર દહેરી ગુંબજ કરવાને બદલે ચોરસ આરામ શય્યા બનાવાઈ અને ચાદર ઢંકાવી શરૂ થઈ.

બહેન અને ગુરુના વિયોગે વિષાદી બનેલ સાદુળ ભગતે ભીની આંખે ભાંગતી રાતે ભજન આરંભ્યું.

*'રોઈ રોઈ કોને સંભળાવું અમરમા!*
*રદિયો રુવે ને માંહયલો ભીતર જલે.'*

પર્વ કથા

# અક્ષય તૃતીયા – એક રસમય રહસ્ય

આ. કલ્યાણબોધિસૂરિ

શ્રી મહાવીર સ્વામી ચોવીસમા તીર્થંકર હતા, તેમ આ ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ-આદિનાથ ભગવાન હતાં. કાળચક્રમાં એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી આ રીતે બે ભાગ આવે છે. આ દરેક ભાગમાં ચોવીસ તીર્થંકરો થાય છે. આદિનાથ ભગવાન પ્રથમ તીર્થંકર હોવાની સાથે આ અવસર્પિણીના પ્રથમ રાજા અને પ્રથમ સાધુ પણ હતાં. આજથી અસંખ્ય વર્ષ પહેલા વિરાટ સામ્રાજ્ય છોડીને પ્રભુએ સાધુતાનો સ્વીકાર કર્યો. એ દિવસ હતો ફાગણ વદ અષ્ટમી.

દીક્ષા સમયે પ્રભુએ છઠ્ઠ (બે ઉપવાસ) નો તપ કરેલ. તપ પૂર્ણ થતાં પ્રભુ આહાર લેવા માટે નગરમાં ગયાં. પણ લોકોને તો એ ખબર જ ન હતી કે સાધુ કોને કહેવાય? સાધુને શું અપાય? લોકો તો ઘરઆંગણે પોતાના સ્વામીને પધારેલા જોઈને હર્ષઘેલા થઈ ગયાં. કોઈ હીરા-મોતીના નજરાણા ધરે છે, કોઈ સોનામહોરોની થેલીઓ લેવા માટે આગ્રહ કરે છે, કોઈ હાથી-ઘોડાને સ્વીકારવા વિનંતી કરે છે, તો કોઈ પોતાની રૂપવતી કન્યાઓનું કન્યાદાન કરવા ઇચ્છે છે. પ્રભુ તો એ વસ્તુઓ પર નજર પણ કર્યા વિના આગળ જતા રહે છે. લોકો નિરાશ થાય છે. લોકો ખૂબ વિચાર કરે છે, કે પ્રભુ શેના માટે આવ્યા હશે? પણ પ્રભુને આહાર આપવો જોઈએ, આવો તેમને વિચાર સુદ્ધા આવતો નથી. આવે પણ શી રીતે? જે તેમના સ્વામી હતા, રાજાધિરાજ હતાં, તે આહાર જેવી વસ્તુ માટે તેમના ઘરે આવે, આ વાત જ તેમની સમજની બહારની વસ્તુ હતી.

દિવસો ને મહિનાઓ વીતતા ગયા ને પ્રભુની તપસ્યા આગળ વધતી ગઈ. પ્રભુ તો પરમ પરાક્રમથી સાધના માર્ગે નીકળ્યા હતા. તેમને લેશ પણ અફસોસ ન હતો. પણ સાધનાનો આનંદ હતો. મહિનાઓના ઉપવાસો કરવા છતાં પ્રભુ રાજી હતાં, પણ 'મને આ વસ્તુ જોઈએ છે.' આટલું એક વાક્ય બોલવાની એમને ઇચ્છા પણ ન હતી. પ્રભુ જાણતા હતાં કે આ પરિસ્થિતિ તો મારા પૂર્વજન્મના પાપનું ફળ છે.

કેટલાક જન્મો પહેલા પ્રભુનો જીવ એક મનુષ્ય હતો. ખેતર પાસેથી પસાર થતાં તેણે જોયું કે ખેતરમાં અનાજ ભેગું કરેલ છે. જતા-આવતાં બળદો એમાં મોઢું નાંખે છે, ને ખેડૂતો એમને રોકવા માટે માર મારે છે. એક મનુષ્યે કહ્યું કે 'તમે બધા મૂર્ખ છો. બળદોના મોઢે શિંકુ બાંધી દો, એટલે આ પ્રશ્ન નહીં રહે.' ખેડૂતોએ કહ્યું કે 'અમને શિંકુ બાંધતા નથી આવડતું.' ત્યારે એ મનુષ્યે પોતે શિંકુ બાંધી આપ્યું. બળદો આહારથી વંચિત થઈ ગયા. પ્રભુના જીવે ત્યારે જે પાપ બાંધ્યું હતું, તેનું અત્યારે ફળ મળી રહ્યું હતું.

સાચું જ કહ્યું છે - કીધા કર્મ વિણ ભોગવ્યા છૂટક-બારી ન હોય. જેવી કરણી તેવી ભરણી. આ નિયમમાં ખુદ ભગવાન પણ અપવાદ નથી.

સામાન્યથી ખાવાનું ન મળે, ત્યારે માણસ ધુંધવાય છે, ક્રોધિત બને છે. ત્યાં સુધી, કે ભૂખ્યો માણસ કયું પાપ ન કરે? એવી લોકવાયકા છે. પણ સાધનામાર્ગ અને સાધકની વાત જ અનેરી છે. ૧૦૦ ઉપવાસ... ૨૦૦ ઉપવાસ... ૩૦૦ ઉપવાસ... એકબાજુ તપોવૃદ્ધિ છે ને બીજી બાજુ ગુણવૃદ્ધિ છે. તપસ્યાની અગ્નિપરીક્ષા પ્રભુને શુદ્ધ સુવર્ણ જેવા જાજરમાન બનાવી રહી છે. શરીર કૃશ થતું જાય છે અને આત્મગુણો પુષ્ટ થતાં જાય છે. 'शरीरेणैव युध्यन्ते दीक्षापरिणती बुधाः' – આ શાસ્ત્રવચન પ્રભુમાં ચરિતાર્થ બન્યું છે.

૪૦૦ ઉપવાસ પૂર્ણ થયા. ૪૦૧મો દિવસ ઉગ્યો. પ્રભુ વિચરતા વિચરતા હસ્તિનાપુર પધાર્યા છે. પ્રભુને જોઈને નગરવાસીઓના આનંદનો પાર નથી રહ્યો...ફરી એ જ વિનંતીઓ...પ્રભુ! આ સોનું લો...પ્રભુ! કૃપા કરીને આ રત્નથાળનો સ્વીકાર કરો...પ્રભુ! આ ગજરાજ આપને જ યોગ્ય છે...પ્રભુ! આ મારી કન્યાનો સ્વીકાર કરીને એને ધન્ય કરો...

પ્રભુ પૂર્ણ સમભાવે આગળ વધતા જાય છે ને પાછળ લોકો પોકાર કરે છે... પ્રભુ! આમ કેમ? આપ કેમ કંઈ લેતા નથી? કોલાહલ રાજમહેલ સુધી પહોંચ્યો. ઝરૂખામાં એક વ્યક્તિ આવી. એ હતો રાજકુમાર શ્રેયાંસ. પ્રભુનો પ્રપૌત્ર. પ્રભુને જોતાની સાથે એ વિચારમાં પડ્યો... "આવલું તો મેં ક્યાંક જોયું છે..." વિચાર કરતાં કરતાં એને પૂર્વજન્મનું સ્મરણ થયું. પૂર્વજન્મમાં કરેલું એક તીર્થંકરનું દર્શન, પૂર્વજન્મમાં સ્વયં જીવેલું સાધુજીવન... આ બધું જ એને યાદ આવ્યું. પ્રભુ ભિક્ષાચર્યા માટે પધાર્યા છે અને પ્રભુને શું આપી શકાય, એ બધું એના ખ્યાલમાં આવી ગયું...ને એ નીચે ઉતર્યો. સામેથી પ્રભુ આવી રહ્યા છે, ને યોગાનુયોગ એ જ સમયે કોઈ શ્રેયાંસકુમારને ભેટ આપવા માટે શેરડીના રસના કુંભો લઈને આવ્યું. શ્રેયાંસકુમારે

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)

શિક્ષણ

# Result (પરિણામ)

એસ. જી. પટેલ

રોહનની માર્કશીટ લઈને ઘરે આવતાં જ તેની મમ્મીએ બેગ પછાડી અને કહ્યું, 'રોહન, This is very bad, only 86%!!!' – No mummy 86.9% and I am on 9th position in my class!! રોહન ગર્વથી પોતાનું Result કહી રહ્યો હતો. પણ તેની મમ્મી તેના પરિણામથી ખુશ નહોતી. You know, before 9 there are 8 students!!! no mamma there are 11 students upto 8th Rank રોહને થોડી સ્પષ્ટતા કરી.

Oh, Rohan તું મને એવું સમજાવે છે કે તેં કોઈ એવોર્ડ મળ્યો હોય એવું કામ કર્યું! નહીં! ઇતના કમ Result નહીં ચલેગા. From today your next standard preparation starts. Your result going very poor from last 3 years. In this vacation, No picnic, No gift, No mobile, No T.V. your memory power improvement tution starts from tomorrow. અબ 6th std. મેં ઐસા Result નહીં ચલેગા!!! રોહનના ૫મા ધોરણના પરિણામે તો જાણે તેની મમ્મીની બધી અપેક્ષાઓ પર પાણી ફરી વળે એવો નિઃસાસો નાખ્યો.

But Mamma...! I went!!! મમ્મીના શબ્દો હવે મમ્મીના ગુસ્સા સામે લાચાર બની ગયા અને તારા Dady ને આ Result ની ખબર પડશે ત્યારે તો....મમ્મી રોહનને જાણે ડરાવી રહી હતી. But Mamma!! Shut your mouth. No single word... Go in the Room and do preparation for Hand writing!! I and your dad to do more work and pay higher fee also. But you are not serious. ઔર ઐસા હી રહા તો કુછ ભી નહીં હોને વાલા!!! મમ્મીના ફાંકડા English માં રોહન બિચારો કઠપૂતળી બની ગયો.

રોહન તેના મિત્ર સાથે રમવા જવા ઇચ્છતો હતો. પણ આજે School માંથી Result લઈ ઘેર આવતાં આખાય રસ્તામાં અને છેલ્લે ઘરે પણ મમ્મીએ તો તેનો ઊધડો જ લઈ લીધો.

મમ્મા...મૈં પહેલે સામનેવાલા ઋત્વિકકા Result દેકર આતા હૂં. ઉસકો બુખાર હૈ, ઇસલિયે મૈં હી ઉસકા માર્કશીટ લેકર આયા હૂં. રોહન, તેની મમ્મીથી દૂર થવા માગતો હતો અને કારણ મળી ગયું. ઓકે મગર જલ્દી આના..ઉસકા Result ક્યા આયા હૈ? મમ્મીએ રોહનને દરવાજે રોકતાં જ કહ્યું. રોહને તેના હાથમાં રહેલી માર્કશીટ નજર કરી અને કહ્યું. ૯૪.૭ ટકા, Second Rank in Class. નેવુંની Series માં ઋત્વિકનું Result સાંભળતાં જ ફરી મમ્મીનો પિત્તો ગયો. દેખ કિતના Brilliant હૈ! પૂરા દિન મન લગાકર પઢાઈ કરતા હૈ, એક તૂ હૈ જો!! રોહનને હવે મમ્મીના શબ્દો નહોતા ગમતા એટલે તે દરવાજાથી જલ્દી બહાર નીકળી ગયો. સામેના ફ્લેટમાં જ રહેતા ઋત્વિકનો Door Bell વગાડતાં જ ઋત્વિકના Mummy એ દરવાજો ખોલ્યો, અરે, આવ, બેટા રોહન! ઋત્વિકની મમ્મી ગુજરાતી જ બોલતી. તેને અંગ્રેજી નહોતું ફાવતું.

'એ ટેબલ પર મૂકી દે. ઋત્વિકને સારું થશે એટલે જોઈ લેશે.' ઋત્વિક મમ્મીના બેડ પર તેના માથા પર હાથ ફેરવી રહી હતી.

Aunty, હું તમારી પાસે બેસું. તમે મારા માથામાં હાથ ફેરવશો? મને તે બહુ ગમે છે. રોહન ખરેખર નિર્દોષ હતો.

અરે, બેટા, આવને તું પણ મારો દીકરો જ છે. ઋત્વિકના મમ્મીએ રોહનને પાસે બેસાડ્યો અને માથા પર હાથ ફેરવવા લાગી.

Aunty, Why you not see result, I mean તમે ઋત્વિકનું Result કેમ જોયું જ નહીં? રોહને નિર્દોષ પ્રશ્ન કર્યો. અરે, બેટા. આ Result તો પછી જોઈશ. મને તો આ ટકાવારીની Race જોવી ગમતી જ નથી. ઋત્વિકના મમ્મીના એક વાક્યના જવાબમાં તો રોહનને પોતાની મમ્મીના Hunter જેવા શબ્દો યાદ આવી ગયા.

પણ, જો સારું Result ન આવે તો આગળ જિંદગીમાં કશું જ કરી ન શકાય ને? રોહને ફરી પોતે સાંભળેલા શબ્દોને પોતાના પ્રશ્નમાં રજૂ કર્યો. ઋત્વિકની મમ્મીએ તેને સમજાવ્યું, 'નહીં બેટા, કોણે કહ્યું કે એક પરીક્ષામાં Result ઓછું આવે એટલે જિંદગીમાં કશું ન કરી શકાય...Result તો કાયમ બદલાયા કરે. ભણવું એટલે વધારે Result લાવવું એમ નથી હોતું. તમારે આ ઉંમરે આમ મોટા માણસ બની જવાની કોઈ જરૂર નથી. બાળપણની મજા કરો...'

હજુ તેમના શબ્દો પૂરા થયા નહોતા ત્યાં ઋત્વિકના Dady આવી ગયા. રોહનને જોઈને તેમણે વહાલથી ગાલે ટપલી મારી,

'કેમ છે રોહન?' ઋત્વિકને સવારે જ અચાનક તાવ ચડી ગયો...તેને સારું થાય એટલે રમજો...!

'Uncle, આજે તમારી Officeમાં રજા છે?' રોહને પૂછ્યું. 'નહીં તો, આ તો ઋત્વિકને સારું નહોતું એટલે થયું કે લાવ આજે તેની પાસે જ રહું. એટલે મેં રજા લીધી છે!' ઋત્વિક તેના Dadyનો અવાજ સાંભળીને બેઠો થયો.'

અરે રોહન...શું Result આવ્યું? ઋત્વિકે તરત જ પૂછ્યું. 'અરે આ વર્ષે તું First નથી આવ્યો. Second નંબર છે.' રોહને તરત જ જવાબ આપ્યો. રોહનનો જવાબ સાંભળી ઋત્વિકના ચેહરા પર થોડી ઉદાસી દેખાઈ તો તરત જ તેના મમ્મી-પપ્પા તેની પાસે આવી ગયા. અરે બેટા કોણ કહે છે કે દર વર્ષે First જ આવવું જોઈએ. Dont worry...તને યાદ છે ને પેલો ભગવદ્‌ગીતાનો શ્લોક 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન!!' You Enjoy Your Vacation. તેના Dady એ તેના હાથમાં નવી લાવેલી Games મૂકીને ઋત્વિકને ખુશ કરી દીધો. Uncle એ શ્લોક કયો છે? મને સમજાવશો? રોહને તેમના સંસ્કૃત શબ્દો ન સમજાતાં પૂછી લીધું.'

રોહનની વાત સાંભળી ઋત્વિકની મમ્મીએ કહ્યું, 'બેટા, ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે જ કહ્યું છે, આપણે માત્ર મહેનત કરવાનો અધિકાર છે, ફળની કોઈ આશા ન રાખવી.'

રોહન કદાચ બધું નહીં સમજ્યો હોય પણ તે ઊભો થયો અને કહ્યું, Thank you, Uncle Aunty-હું જાઉં છું. તે પોતાના ફ્લેટ તરફ ગયો.

પપ્પા ઘેર આવી ગયા હતા. તેમના હાથમાં Marksheet હતી. Mom & Dad ચર્ચા કરી રહ્યા હતા. This time, Rohan down to percent below. He is not serious and also he not concentrate on study...I decide we should change school and personal coaching teacher also.

રોહનને રૂમ તરફ આવતો જોઈ તેના ડેડીએ પણ તેના પરિણામના બે ટકાના ફેરફાર જાણે દેશની પ્રગતિ અટકી જવાની હોય તેટલું ભાષણ આપ્યું. અને બંનેએ એક સાથે છેલ્લે કહ્યું : 'રોહન, તું જ નક્કી કરી લે તારે શું બદલવું છે? સ્કૂલ? ટ્યૂશન ટીચર કે તારા રખડેલ ફ્રેન્ડ્ઝ??'

રોહને ધીરેથી નિસાસો નાંખતાં કહ્યું. I want to change my parents!!! (મારે મારા મમ્મી-પપ્પા બદલવા છે.!!)

અને તે જ ક્ષણે રોહનના ડેડીના હાથમાં રહેલી માર્કશીટ હવામાં લહેરાઈને ફર્શ પર પડી ગઈ અને મમ્મી-ડેડી બંને સોફા પર ફસડાઈ પડ્યાં...!!!

*(માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)*

## સરકારી યોજના

## 'મા' અને 'મા વાત્સલ્ય યોજના'

ભારત સરકારે મા અને મા વાત્સલ્ય યોજનાનો વ્યાપ તા. ૧-૪-૨૦૧૮થી અમલમાં આવે તે રીતે રૂા. અઢી લાખની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને ત્રણ લાખ સુધીની તેમજ છ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબોને સિનિયર સિટીઝનનો સમાવેશ કરવાની મંજૂરી સરકારે આપી છે. તદુપરાંત આ યોજનામાં વધુ લાભોનો સમાવેશ કરાયો છે. જેથી મા અને મા વાત્સલ્ય યોજનાના તમામ લાભાર્થીઓને યોજના હેઠળ નિયત કરેલી ગંભીર બીમારીઓ અને પ્રોસીજરો માટે વાર્ષિક રૂા. ૩ લાખ સુધીની સારવાર કેશલેસ મળવાપાત્ર થશે. આ યોજનામાં નિયત કરેલી પ્રોસીજરો ઉપરાંત ઘુંટણ અને થાપાની રીપ્લેસમેન્ટ સારવારની પ્રોસીજરોનો ઉમેરો કરવા માટેની બાબતને મંજૂરી અપાઈ છે. યોજના અંતર્ગત લાભાર્થીને પ્રતિ ઘુંટણ / થાપા માટે રૂા. ૪૦,૦૦૦/- સારવાર સહાય મળવાપાત્ર રહેશે અને વધારાનો ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહેશે. તેમજ બીજા ઘુંટણ / થાપાના રીપ્લેસમેન્ટ માટે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી / અધિક્ષકની મંજૂરી મેળવ્યા બાદ સારવાર કરાવ્યેથી લાભ મળવાપાત્ર રહેશે. ઉપરાંત કિડની તથા લીવર ટ્રાન્સપ્લાન્ટેશન પ્રોસીજરો માટે ઉમેરો કરવા માટેની બાબતને મંજૂરી અપાઈ છે તેમજ નવી ઉમેરાયેલી ટ્રાન્સપ્લાન્ટેશનની પ્રોસીજરો માટે લાભની મર્યાદા પ્રતિ વર્ષ, પ્રતિ કુટુંબ રૂા. ૫ લાખ સુધીની સારવાર મળવાપાત્ર થશે. આ લાભો કેટલીક શરતોના આધારે મંજૂર કરાયા છે.

*(આધાર : સમાચાર પત્રો)*

**પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ (ભુજ)**
**મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮**

*ઝાડ સુકાજેતાં ક્યારે મેં*
*અંગણમેં ગાડી ધુવાજેતી*

*જરાક તા વિચાર્યો જ...*
*ઝાડ પંઢ નેત્રવાયુજો ઝેર પીએતો*
*ને પાંકે જીવેલા પ્રાણવાયુ દેતો;*

*અંગણજી ઓળખ તુલસી*
*કીં વેંધી રઈ વનમેં*

*ગાલિયું કર્યોતા પર્યાવરણજી*
*ને પર્યાવરણથી જ પર્યા થ્યા...!*

*કદર કોરો મંગા*
*હિન 'બેફામ' જમાને વટા*

*ઈતાં મરેલેકે જ વખાણે તો.*

*વિપુલ જોશી 'કચ્છી બેફામ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬*

શિક્ષણ

# શાળામાં ફેશન અને વ્યસનમુક્તિ અભિયાન દ્વારા બાળકોને સંસ્કૃતિસભર બનાવીએ

ખોડાભાઈ બી. પટેલ

"જે ઉચિત રીતે આચરણમાં મૂકવામાં આવે છે તે સંસ્કૃતિ છે." સંસ્કૃતિમાં એવી બધી બાબતોનો સમાવેશ થાય છે કે જે એક પેઢીને વારસામાં હસ્તાંતરિત કરે છે. "કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ તેનો સામાજિક વારસો છે." "કોઈપણ વિશિષ્ટ સમયમાં, વિશિષ્ટ સ્થળે નિવાસ કરનાર વિશિષ્ટ લોકોની જીવન વ્યતીત કરવાની પૂર્ણ જીવાશૈલીને સંસ્કૃતિ કહેવામાં આવે છે."

ભારતીય સંસ્કૃતિ એક સામાજિક સંસ્કૃતિ છે. તે માટે તેનું સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ થવું જોઈએ, કારણ કે અત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં મૂલ્યોનું વિઘટન થાય છે. દિન-પ્રતિદિન મૂલ્યોનો હ્રાસ થતો જાય છે. લોકો પશ્ચિમી સંસ્કૃતિની ફેશન અને ગ્લેમર તથા વ્યસનની દુનિયામાં ફરતા થયા છે અને આપણી ભારતીય સંસ્કૃતિને તો જાણે નેવે મૂકી દીધી છે. માટે ભારતીય સંસ્કૃતિ પ્રત્યે બાળકો મમત્વ કેળવે એ જરૂરી છે.

શાળા જીવન દરમિયાન બાળકોને શાળામાંથી સાચી સંસ્કૃતિ અંગેનું જ્ઞાન મળે તે જરૂરી છે અને તેના દ્વારા જ બાલ્યકાળથી બાળકોમાં ફેશન અને ગ્લેમર તથા વ્યસન પ્રત્યે જાગૃતિ લાવી શકાય તેમ છે. એકબીજાનું જોઈ બાળકોમાં ફેશન અને વ્યસનનું પ્રમાણ વધારે જોવા મળે છે. 'દીકરીઓમાં ફેશન અને દીકરાઓમાં વ્યસન' આ દૂષણ વર્તમાન સમયની સમસ્યા બની માતા-પિતા, વાલી તથા શિક્ષકો માટે વિચારવા જેવી બાબત થઈ પડી છે.

આમ, જોઈએ તો સારી અને ખરાબ ટેવો ઘરમાંથી અને આજુબાજુના વાતાવરણમાંથી બાળક પર પડતી હોય છે. ઘરમાં જેવું વાતાવરણ હોય તેની અસર બાળકના મન પર પડતી હોય છે. દા.ત. ઘરમાં પપ્પા અથવા કોઈ વડીલ વ્યસન કરતા હોય અથવા ઘરના કોઈ સભ્ય ફેશન કરતા હોય તથા ગમે તેવું બોલતા હોય તો તેની અસર બાળકના મન પર પડે છે. જાગૃત માતા-પિતા બાળકની હાજરીમાં ક્યારેય અસભ્ય વાણી ઉચ્ચારતા નથી.

વિદ્યાર્થી જીવનને ફેશન તથા વ્યસનની કુટેવ બરબાદ કરે છે તે એક નક્કર હકીકત છે. શાળાઓમાં ફેશન અને વ્યસનમુક્તિનું અભિયાન કરવા જેવું છે. આ એક યજ્ઞકાર્ય જ કહેવાય. મારી દૃષ્ટિએ આ એક કેળવણીનું જ અંગ છે. યુવાવર્ગ ફેશન અને વ્યસનોમાં એવો તો ફસાઈ ગયો છે કે તેની લત લાગી ગયા પછી તેમાંથી છૂટી શકતો નથી.

અંગપ્રદર્શન થાય તેવા કપડાની ફેશન તથા પાન, બીડી, સિગારેટ, તમાકુના માવા જેવા ભયંકર વ્યસનોએ આજના યુવાન દીકરી-દીકરાઓને નિર્માલ્ય બનાવી દીધા છે, અરે! દારૂ તથા ડ્રગ્સનું સેવન પણ આજના યુવાનો શોખથી કરી રહ્યા છે. જુગાર તથા સટ્ટો રમવાની લત પણ આજના યુવાનોમાં જોવા મળી રહી છે. આવી કુટેવો ખરેખર શાળા જીવનથી અને મૈત્રી પછીથી પડતી હોય છે.

હું શ્રદ્ધાપૂર્વક માનું છું કે બાળકોના હિતમાં દરેક શાળાઓએ ફેશન તથા વ્યસનમુક્તિ અભિયાન શરૂ કરવું જોઈએ. હું પણ મારી શાળામાં ફેશન અને વ્યસનની મુક્તિ માટે બાળજાગૃતિ અભિયાન ચલાવું છું. આ અભિયાનના સંદર્ભમાં જાગૃતિ લાવવા શાળા કક્ષાએ કરવા જેવી કેટલીક બાબતો, પ્રાર્થના સભામાં શિક્ષક અને આચાર્યશ્રી વિદ્યાર્થીઓને સારી, ખરાબ ટેવો વિશે સમજાવે. કુટેવ કઈ રીતે નુકસાન કરે અને જીવનને બરબાદ કરે, તે લઘુનાટીકા તથા પાત્ર સંવાદના સ્વરૂપે રજૂ કરી સમજાવી શકાય. સારા સેવાભાવી સમાજસેવક અથવા તો ડૉક્ટરોને આમંત્રણ આપી બાળસભામાં કક્ષા અનુસાર માર્ગદર્શન કાર્યક્રમ યોજી શકાય. વાલી સંમેલન યોજી વાલીઓ સાથે પણ આ બાબતે વાર્તાલાપ દ્વારા જાગૃતિ લાવવા પ્રયત્ન કરી શકાય.

ફેશન તથા વ્યસનથી થતા નુકસાન દર્શાવતી ચિત્ર પ્રદર્શની, સુવાક્યોની પ્રદર્શની, નિબંધ સ્પર્ધા વગેરે કાર્યક્રમો પણ કરી શકાય. સામૂહિક શુભ સંકલ્પ પણ લેવડાવી શકાય. ફેશન તથા વ્યસન કરનાર વાલીઓ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓને જાહેરમાં અથવા તો કોઈ શ્રેષ્ઠી, જ્ઞાની, સંત-સાધુની હાજરીમાં પ્રતિજ્ઞા લેવડાવી ભગીરથ કાર્ય કરી શકાય.

આમ, આપણાં વહાલાં બાળકોના હિતમાં આપણી સર્વાંગી શિક્ષણ પદ્ધતિનું આ એક રચનાત્મક મહાયજ્ઞ કાર્ય કર્યું ગણાશે. આપણા બાળકોને ફેશન અને વ્યસન મુક્ત કરાવી સંસ્કૃતિસભર બનાવવાની દરેક શિક્ષકની નૈતિક ફરજ છે અને આવું જ્યારે આપણા દ્વારા સ્વધર્મ માનીને કરવામાં આવશે ત્યારે પરમાત્મા રાજી થઈને આશીર્વાદ આપશે અને આપણામાં રહેલા સદ્‌ગુણોને ખીલવી શિક્ષકના વ્યવસાયને ઉજળો કરી સમાજમાં ઉચ્ચકોટીનું સ્થાન અપાવશે.

*મુ. વિડજ, તા. કડી, જિ. મહેસાણા*
*મો. ૯૮૨૪૫૫૭૨૪૬*

બાળ શિક્ષણ

# બાળકને બાળપણ માણવા દો

ડૉ. ઊર્મિલા શાહ

'અરે સ્મિતા! આ શું લઈને બેઠી છે? બિચારી પ્રિયંકા, આટલા કલાક સ્કૂલમાં ભણીને આવી હોય તે થાકી ન ગઈ હોય! અને પાછી તું એને ભણાવવા બેઠી છે? આટલું છોકરું બિચારું કેટલુંક ખમી શકે? એનું મોં તો જો....એ તો એમ કહે કે બિચારી ડાહી છે તે અત્યારે ભણવા બેઠી છે, બાકી મારી પિન્કી જોઈ છે! એ તો આમ હું કહું એવી ભણવા જ ન બેસે....હવેના છોકરાઓને ભણાવવા એટલે તો મહામુશ્કેલ કામ છે. આપણે તો માંડ માંડ ભણ્યાં હોઈએ અને હવે પાછા આ છોકરાઓને ભણાવવાનાં? પેલી નીલા તો હંમેશાં કહે, 'મને બીજા ગમે તેવા અઘરા સો કામ આપો પણ ભણાવવાનું કામ મને ન આપશો...' અને એટલે મેં તો ટ્યૂશન જ રાખી લીધું છે. પિન્કીના ટ્યૂશનના સરને તો મેં કહી જ દીધું છે કે 'તમે એને કશું નહીં શીખવો તો ચાલશે, પણ એનું હોમવર્ક થઈ જવું જોઈએ, પછી એ ગણિત હોય, ગુજરાતી હોય કે ચિત્ર પણ હોય...સ્કૂલમાંથી ફરિયાદ ન આવવી જોઈએ કે 'પિન્કી હોમવર્ક કર્યા વિના આવી છે.' આપણે કેટલા કામ હોય છે? રોજેરોજ એમના હોમવર્કનું ટેન્શન કેવી રીતે રખાય?'

'તું આમ એકધાર્યું બોલ્યે જાય છે પણ મારી વાત સાંભળીશ?' મારી પ્રિયંકાની સ્કૂલમાં તો ટ્યૂશન રાખવાની જ બંધી છે અને જો કોઈ છોકરાએ ટ્યૂશન રાખ્યું છે તેવી ખબર પડે તો એ છોકરાને સ્કૂલમાંથી કાઢી જ મૂકે છે. એવી આદર્શવાદી સ્કૂલ છે. આપણે કહીએ કે, 'મેડમ! હું તો ઈંગ્લીશ મીડિયમમાં ભણેલી નથી અને મને એને ભણાવતા નથી ફાવતું' તો તેના પ્રિન્સિપાલ અમારા જેવી મમ્મીઓ માટે જુદા ક્લાસ કરે છે ને એ છોકરાઓને કેવી રીતે ભણાવવા તે શીખવે છે. આપણે એ વર્ગ ફરજિયાત ભરવા જ પડે, નહીં તો આપણા બાળકને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ આપી દે. ઉપરથી કહે, 'ભાડૂતી માણસોને સોંપી દેવા હોય તો મારી સ્કૂલમાં હું નહીં રાખું.' હવે તું જ કહે, મારે ભણાવવા બેસવું પડે કે નહીં? અને આપણેય પછી ઘરનું કામકાજ ન હોય! પણ મારી પ્રિયંકાય ડાહી છે, એ આ બધું જ સમજે છે એટલે હું જ્યારે કહું ત્યારે ડાહી થઈને ભણી લે છે ખરી...તું માનશે? હજી સુધી એની ખાસ ફરિયાદ નથી આવતી. સ્કૂલના શિક્ષકો પણ આપણા છોકરા પાછળ એવી જ મહેનત કરે છે. તને ખબર છે? કેવા કેવા પ્રોજેક્ટ કરવા આપે છે? એકધારી ગોખણપટ્ટી કે લખાપટ્ટીનું તો નામ જ નહીં અને એટલે જ મને ક્યારેક અઘરું પડે છે પણ મને આ સ્કૂલ ખૂબ ગમે છે. છોકરાનાં ભણતરમાં આવો ઊંડો રસ લે તે કંઈ નાની સૂની વાત છે? આવી સ્કૂલ મળે એ તો નસીબની વાત કહેવાય, બાકી તેં બીજી સ્કૂલો જોઈ છે?'

'પેલી નિયતીની સ્કૂલમાં રિઝલ્ટ હતું. હવે તો મમ્મીઓની અધીરાઈ પણ કેવી હોય છે? દરેક છોકરાની મમ્મી રિઝલ્ટ લેવા અચૂક આવે જ અને એટલે છોકરાંઓને ક્લાસમાં ટીચર્સ રિઝલ્ટ આપીને પેપર ન આપે. પણ પ્રાર્થના મંદિરના વિશાળ હોલમાં છોકરાઓ અને મા-બાપ બધાને બેસાડે. રિઝલ્ટ આપવાનું શરૂ થાય એટલે છોકરાં કરતાં મા-બાપ અધીરા થઈને રિઝલ્ટ જોવા મંડી જાય અને જો ભૂલેચૂકે છોકરાએ ધાર્યા હોય એનાં કરતાં પાંચ-સાત માર્કસ પણ ઓછા આવ્યા હોય તો જાણે આભ તૂટી પડ્યા જેટલી ધમાલ મમ્મી શરૂ કરે. પ્રયત્નપૂર્વક, તપાસવામાં ક્યાં ભૂલ છે તે શોધવાનું ચાલુ થઈ જાય... 'મારી નિયતિએ તો બ્યાંસી ધાર્યા હતાં ને પંચોતેર કેમ આવ્યાં? સાત માર્કસ કપાયા ક્યાંથી?' જાણે પોતાનું બાળક ક્યારેય ભૂલ જ ન કરે? એ કહે તે જાણે સર્વસ્વ સાચું જ હોય! છોકરું કોઈ દિવસ ભૂલથી ખોટી ગણતરી કરે પણ ખરું, પણ મા એ સ્વીકારી જ ન શકે! વળી ઘરનાં ટ્યૂશનનાં સર પાસેય એનો જવાબ તો માંગવાનો ખરો જ ને! 'સાહેબ તમે એવી કેવી તૈયારી કરાવી? આવો માર ક્યાંથી પડે?' અને એટલે દોડાદોડ કરતાં પેપર લઈને એની ઝેરોક્ષ કરાવવા દોડે કારણ કે જવાબપત્રો તો જોઈને અડધો કલાકમાં પાછા સ્કૂલમાં આપી દેવાના હોય. સ્કૂલ પાસેના ઝેરોક્ષવાળાને ત્યાં તો લાઈન લાગી હોય. આ બધું જોઉં અને સાંભળીને મને થાય કે શું આપણે છોકરાઓને માત્ર પરીક્ષાનાં માર્કસ માટે જ ભણાવીએ છીએ કે પછી જ્ઞાન માટે ભણાવીએ છીએ! શિક્ષણનું ધ્યેય શું? સ્વતંત્ર વિચારશક્તિ ખીલે અને મુક્ત અભિવ્યક્તિ માણસ કરી શકે એટલા માટે એને શિક્ષણ આપીએ છીએ પણ એને બદલે પરીક્ષાનાં માર્ક્સ માટે જ જાણે શિક્ષણ બની ગયું છે, પરીક્ષા એ તો મૂલ્યાંકન માટેનું સાધન છે. એને બદલે એને સાધ્ય બનાવી દીધું છે. કેટલી મોટી કમનસીબી? પાછાં પિન્કીના મમ્મી જેવા તો ગૌરવપૂર્વક કહે કે, 'માર્ક્સ ઓછા આવે તો આપણે તો ટ્યૂશનવાળા સાહેબનો જવાબ માંગવાનો. આટલા પૈસા કંઈ એમને એમ ખર્ચીએ છીએ!' આવું બધું જોઉં છું ત્યારે મનમાં એવું તો દુઃખ થાય છે કે, આમાં કોણ દોષિત!

બાળક કે મા-બાપ? બાળક તો નાનું છે, નાદાન છે, એને શું સમજ પડે! પણ મા-બાપ પણ જો શિક્ષણનો હેતુ જ ન સમજે તો એમને શિક્ષિત કેવી રીતે કહેવાય? એટલે જ હું વારંવાર મારા પુસ્તકોમાં લખું છું કે હવે મા-બાપ માટે સ્કૂલ ખોલવાની જરૂર છે. આખોય અભિગમ જ બદલવો પડશે.

એમાંય હવે શિક્ષણની પરિસ્થિતિ તો એવી થતી જાય છે કે આપણું બાળક જો નાનું હોય અને એને ભણાવવું હોય તો એના ભવિષ્ય માટે ખાસ્સી અનિશ્ચિતતા લાગ્યા વિના રહે નહીં. દરેક માતાને એવી તો મહત્વાકાંક્ષા તો હોય જ કે એનું સંતાન ભણીગણીને હોશિયાર બને અને એનું ભાવિ જીવન સુખમય અને પ્રગતિશીલ બને. એ માટે માત્ર પુસ્તકોમાંથી જ શિક્ષણ નહીં, પણ ઘણા ઘડતરની પણ જરૂર પડે છે અને એ ઘડતરનું કામ તો મા-બાપે જ કરવાનું હોય છે. આજની કહેવાતી શિક્ષિત માતાઓની મહત્વાકાંક્ષાને ક્યાંય મર્યાદા નથી હોતી. પોતાના સંતાનની શક્તિ, ક્ષમતા અને મર્યાદાનો અંદાજ પણ માએ બાંધવો તો જોઈએ ને! દરેકને એમ જ મહત્વાકાંક્ષા હોય કે મારું સંતાન રેન્કર થવું જોઈએ અને સર્વગુણસંપન્ન થવું જોઈએ. પણ પછેડી જેટલી જ સોડ તો તણાય ને! અને એટલે સંતાનને રેસના ઘોડાની જેમ ચાબૂક ઉપર ચાબૂક ઝીંકીને દોડાવવા જઈએ તો એ આગળ જઈને પાછું જ પડે ને! અને એટલે જ એ અતિરેકને કારણે આજના બાળકોને તમે પૂછશો કે, 'તને ભણવું ગમે છે?' તો ભાગ્યે જ રડ્યા ખડ્યા કોઈ બાળક કહેશે કે, 'ભણવું ગમે છે.' ક્યાંથી ગમે?

હજી ઘરનો ખૂણેખૂણો માણવાના દિવસો હોય. માનો પ્રેમ પામવાનાં દિવસો હોય તેવી બે અઢી વર્ષની માંડ ઉંમર થાય, મોંમાં અંગૂઠો ચૂસવાની મજા બાળક માણતું હોય અને માને તો હવે છેડોય ક્યાં રહ્યો છે કે એનો છેડો પકડી એ માની મમતાને માણે. એ પહેલાં તો મા એને માટે પ્લે-ગ્રુપમાં દાખલ કરી દઈને મા ગર્વ લે કે 'મેં તો એને સારામાં સારી સ્કૂલમાં મૂક્યો છે.' પૈસાની કંઈ ફીકર નહીં. બે અઢી વર્ષનાં બાળકની પણ એવા બાલમંદિરમાં પાંચ આંકડામાં ફી ભરાઈ જાય. અને એ બાળકનું બંદીખાનું ચાલુ થઈ જાય. ચારેબાજુ આવા વાતાવરણમાં પણ કોઈ કોઈ એવી વિરલ સ્કૂલ કે બાલમંદિરો છે કે જેમાં સંચાલકો આચાર્યોને બાલમાનસનો ખ્યાલ છે અને એટલે જ એ બાળકને આ ત્રાસમાંથી બચાવવા માટે એમને ત્યાંના બાળક માટે ટ્યૂશનના વિષચક્ર પર પ્રતિબંધ મૂકે છે. ભણાવવાનું કામ તો શિક્ષકનું છે અને મા-બાપનું છે. અરે! નર્સરીમાં હોય ત્યારથી જ ટ્યૂશનમાં એ વિષચક્રમાં સંતાનને સોંપી દેતાં એ માતાને એના પોતાનાં સંતાન માટે જરા જેટલીય કરુણા હૃદયમાં નહીં થતી હોય! બાળકના બાળપણને છીનવી લેવાનો આપણને શું અધિકાર છે? એ મહામૂલું બાળપણ ફરી આવવાનું છે ખરું? એક કવિએ એનાં હૃદયની આ સંવેદના કેવી લાગણીભર્યા શબ્દોમાં વ્યક્ત કરી છે? 'મારી બધી જ મૂડી લઈ લો, સુખ સાહ્યબી લઈ લો, પણ મને મારું બાળપણ પાછું આપો.' બાળપણની એ નિજાનંદની મસ્તી, એ મહામૂલી મસ્તી મને કોઈ પણ રીતે પાછી આપો...અને બાળપણની આ મહામૂલી મહત્તાને સમજનાર કોઈ વિરલ શિક્ષણશાસ્ત્રીઓએ જ બાળકને માટે ટ્યૂશન પર આટલો પ્રતિબંધ સમજી વિચારીને મૂક્યો હશે. હું તો ખરેખર હૃદયથી એવા શિક્ષણશાસ્ત્રીને ધન્યવાદ આપું છું, મા માટે તેનું બાળક એક ચેલેન્જ છે. ઈશ્વરે માતામાં વિશ્વાસ મૂકી બાળક જેવી મહામૂલી ભેટ તેને આપી છે, તો એ માએ એના જીવનની પળેપળ એને સમર્પી જ દેવી પડે...જે પળથી સ્ત્રી માતૃત્વ પ્રાપ્ત કરે છે એ પળથી એ એનું સ્વતંત્ર વ્યક્તિત્વ બાળકને માટે જ સમર્પિત કરે તો જ એ અબુધ બાળકમાંથી મહામાનવ બની શકે અને દુનિયાભરમાં નામ રોશન કરી શકે. અને એટલે જ 'એક મા સો શિક્ષકની ગરજ સારે' એની યથાર્થતા સમજી શકાય. આ એક સાધના છે. સાધના વિના સિદ્ધિ ક્યાંથી મળે!

*૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબ સામે,*
*એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## કચ્છી મેવો - ખારેક શું છે?

કચ્છી મેવા તરીકે ઓળખાતી ખારેકમાં ૨૭૭ કેલેરી (૧૪ ટકા), ૭૪.૯૭ (૫૮ ટકા) કાર્બોહાઈડ્રેટ, ડાયેટરી ફાઈબર ૬.૭ ગ્રામ (૧૮ ટકા) જેવા તત્ત્વો મોજૂદ છે. વિટામિનમાં એન્ટો એમિડ એસિડ ૧૬ ટકા, પેરીડોક્સાઈડ ૧૯ ટકા છે. ઉપરાંત પોટેશિયમ ૧૬ ટકા, મિનરલમાં કોપર ૪૦ ટકા છે. આમ ખારેક પોષણની દૃષ્ટિએ ઉત્તમ છે અને તેને રાજ્ય સરકારના કૂપોષણ નિવારણની ઝુંબેશમાં પણ જોડવી જોઈએ તેવું સૂચન કચ્છ યુનિવર્સિટીમાં થયું છે.

ખારેકનું જેટલું ઉત્પાદન વધે તેટલું લોકોના આરોગ્ય માટે સારું રહેશે એવા મુદ્દા સાથે આ સૂચન મૂકાયું છે.

*(આધાર : સમાચાર પત્રો)*

*પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ (ભુજ)*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

સમાજ ચિંતન

# અલૌકિક વાત્સલ્ય

ઇલા કે. શાહ

મેહુલિયો મન મૂકીને વરસતો હતો. શીતળ પવનની લહેરો હૈયાને ઠંડક આપતી હતી. શ્રદ્ધાબેન વહેલી સવારે ઊઠતાં જ પ્રભુસ્મરણ કરતાં ઘરનાં કામે લાગી જતાં. તેમનાં સઘળાં કામો ભક્તિમય બની જતાં.

આજે નિયમ મુજબ શ્રીકૃષ્ણની વધાઈગાનનું સૂરીલું સંગીત શરૂ થયું. જન્માષ્ટમીના હવે બે જ દિવસ બાકી રહ્યાં હતા.

શ્રદ્ધાબેનના સીડી પ્લેયરમાંથી "આજે ગોકુળિયામાં નવરંગ નોબત વાગે જો" તો તે પછી "આજે વધામણાં રે ગોકુળ ગામમાં..." વગેરે વિધ વિધ પ્રકારના વધાઈ (કૃષ્ણ જન્મની) ના પદો, કીર્તનો, સંભળાતા હતા. શ્રદ્ધાબેન તેના લાલાના-કૃષ્ણ-કનૈયાના જન્મદિનની તૈયારીઓ પૂરજોશમાં કરતાં હતા. તેમ છતાં "આ વખતે આપણે મથુરા જઈશું?" તેમ તેમના પતિ ધીરજભાઈને પૂછતા હતા.

'આપણા ઘરના ઠાકોરજીને મૂકીને કેવી રીતે જઈ શકીશું? તું અહીંયાં જ જન્મોત્સવ મનાવને!' ધીરજભાઈએ કહ્યું.

"પણ બધાં કહે છે કે મથુરામાં તો જન્માષ્ટમીની કાંઈ ઓર મજા છે. ચાલોને, નક્કી કરો, જઈશું." આવો વાર્તાલાપ પરસ્પર થતો હતો.

પરંતુ, આજે કાંઈ જુદું જ અનુભવાયું. "અરે મૈયા, મને અહીં એકલો મૂકીને તારે મથુરા નથી જવાનું, હું નહિ જવા દઉં."

શ્રદ્ધાબેનને જાણે ભાસ થયો. આ કોણ બોલી રહ્યું છે? તેમણે આસપાસ ચોતરફ જોયું. સવારના પહોરમાં કોઈક નાનો બાળક ભૂલો પડ્યો કે શું?

થોડીવાર શાંતિ પથરાઈ ગઈ. એ વધાઈગાન કરવા લાગ્યાં.

એટલામાં જાણે તેમનો પાલવ પકડી બાળક કરગરી રહ્યો હોય તેમ બોલ્યો, "ભરી ભીડમાં તું કોને મળીશ? તું મથુરાના કાન (કનૈયા) સાથે વાત કરી શકીશ? તારા ઘરમાં તારો કાનો (લાલો) તો બિરાજે છે, તેને એકલો - અટૂલો મૂકી મથુરા જવાનું શું પ્રયોજન છે?"

શ્રદ્ધાબેને કાન સરવા કર્યા. આમતેમ ફરતાં સાડી સરખી કરી. અરે, આ મારી સાડીનો છેડો કોઈ ખેંચતું હોય તેવું લાગે છે. પણ અહીં કોઈ છે તો નહિ, આ શું સંભળાય છે? કોણ બોલી રહ્યું છે?" માયાના આવરણને કારણે કનૈયાનાં દર્શન ક્યાંથી થાય? તેની કાલી બોલી સંભળાય છે, પણ તે દેખાતો નથી.

ઘરની અન્ય વ્યક્તિઓ તો હજી ભરનીંદરમાં છે, વહેલી પરોઢના ચાર વાગ્યા છે. નિત્યકર્મ પરવારી તે તેમના ઘરના ઠાકોરજી (કાના) માટે સામગ્રી સિદ્ધ કરતાં હતા. મથુરા જવાનું થાય તો કાનો શું આરોગે? આ તો તેના જન્મદિનની તૈયારીઓ કહેવાય. શ્રદ્ધાબેનનો જીવ તો પ્રભુમય જ છે. તેમના ઘરમંદિરનાં નાનકડા લાલાને જગાડવાની હજી વાર છે, પણ ત્યાં તો...

"મૈયા, ઓ મૈયા...આ દ્વાર ખોલ, હું તો જાગું જ છું. તારો મથુરા જવાનો પ્લાન મને નથી ગમ્યો તેથી રાતે ઊંઘ્યો નથી."

શ્રદ્ધાબેનનું મન માનતું નહોતું. તેમને નવાઈ લાગી કે મને કેમ આવું સંભળાયા કરે છે? એવી લોકવાયકા છે કે વહેલી સવારે ચારથી પાંચના સમયગાળામાં જે જાગે અને પ્રભુસ્મરણ કરે તેની સાથે ભગવાન વાતચીત કરે છે. કદાચ એવું તો ન હોય ને!

કાનાને હું ચાલી જાઉં તો ગમે જ નહીં ને! તેને લાડ કોણ લડાવે? નાનકડાં ખિલૌનાંથી કોણ ખેલાવે? માખણ-મિસરીનો ભોગ કોણ ધરાવે? તેઓ વિચારતંદ્રામાં ડૂબી ગયાં.

આ ઘટનાથી તે આકુળ-વ્યાકુળ થઈ ગયાં. અવઢવમાં ઓતપ્રોત થઈ ગયાં. શું કરું? કાનાને જગાડું? દ્વાર ખોલું? હજી પૂરી તૈયારી તો છે જ નહીં, થોડી રાહ જોઉં પછી એને જ પૂછીશ.

ત્યારબાદ, થોડા સમય પૂરતી નીરવ શાંતિ પ્રસરી ગઈ.

આમ વિચારીએ તો દ્વારકા, મથુરા, શ્રીનાથજી ક્યાંય પણ જઈએ તો તે દેવ સાર્વજનિક દેવ કહેવાય. કેટલાં બધાં ભક્તો સાથે વાતચીત કરવાની હોય. ભીડ કેટલી બધી હોય? બે હાથ જોડી શાંતિથી નમન કરીને દર્શન પણ ન થાય અને મન મૂકી હેતથી વાત પણ ન કરી શકાય. તેમ છતાં, ઘરના ઠાકોરજીને, એવા લાલન સ્વરૂપને છોડી અન્યત્ર મળવા શા માટે જવું પડે? શ્રદ્ધાબેનનું મન કીર્તનો ગાતાં થંભી ગયું. તે વિચારોની હારમાળામાં સ્થગિત થઈ ગયાં.

એટલામાં જ....

"ના, તારે નથી જ જવાનું, અહીં મજા નથી આવતી? સરસ મજાનું પારણું સજાવજે. નાના મારા બાલ-સખાઓને, તારી

સખીઓને, સગાં-વહાલા વૈષ્ણવોને પારણે ઝુલાવવા બોલાવજેને, માખણ-મિશ્રી, દહીં, દૂધને જાતજાતની વાનગીઓ મારા દ્વારા સૌને મારા નામની ધૂનથી આરોગવા સૌને આનંદ આનંદ થશે. ઘર શણગારજે, મંદિર સજાવજે. મારા માટે નવા વાઘા (વસ્ત્રો), આભૂષણો, લાવજે. મારા ગુણગાન જ્યાં ગવાય અને જ્યાં મારું સુખ જોવાય ત્યાં હું સદાય વસું છું. મને તો ખૂબ ખુશી થાય. હવે મને એકલો મૂકી ના જઈશ હોં...''

શ્રદ્ધાબેન આશ્ચર્યચકિત થઈ ચોતરફ નીરખવા લાગ્યાં, ધ્યાન દઈ સાંભળવા પ્રયત્ન કરવા લાગ્યાં. નાનકડો બાળક એક માતાને કરગરી રહ્યો હોય તેવું અનુભવાયું. પછી તેમને કાંઈ જ દશ્યમાન ન થયું.

હવે તો તેમનાથી ન રહેવાયું. મંદિરનાં દ્વાર ખોલવા તત્પર બન્યાં. ધીમે રહી દ્વાર ખોલ્યાં, તો જાણે કાનો કૂદીને તેમના ખોળામાં બેસી ગયો. તે દિગ્મૂઢ થઈ ગયાં. પ્રભુએ દિવ્યદષ્ટિથી જાણે દર્શન આપ્યાં હોય તેમ (કાનો) નાનકડો બાલસ્વરૂપ કનૈયો નિહાળ્યો. બાલકૃષ્ણનું સુંદર આબેહૂબ સ્વરૂપ. તે ખોવાઈ ગયાં. પહેલાં સંભળાયેલી વાતો તે જ કરતો હતો. તેમણે કાનાને છાતીસરખો ચાંપી દીધો. અલૌકિક વાત્સલ્ય પ્રેમનો ધોધ છૂટ્યો. તેમની આંખોમાં અશ્રુધારા વહેવા લાગી. ''ના, કાના ના, તને મૂકીને હું કદી નહિ જાઉં. તારો જન્મદિન આખી દુનિયા ઊજવે. પણ આ તારી મૈયા અહીં અનોખી રીતે ઊજવશે.''

થોડીવારમાં પ્રભુએ જાણે માયા સંકેલી લીધી. અને શ્રદ્ધાબેન મંદિર દ્વાર ખોલી, પ્રભુની સામે બેસી કહી રહ્યાં હતાં કે કાના, તું જીદ કરતો હતો ને! હવે હું મથુરા નહિ જાઉ હોં...

ઘરમાં કાશી, ઘરમાં મથુરા, ઘરમાં ગોકુળિયું ગામ રે,
મારે નથી જાઉં તીરથ ધામ રે...

શ્રદ્ધાબેનનો મથુરા ગમનનો અવસર ચુકાઈ ગયો. પરંતુ તેમના ઘરમંદિરનાં પ્રભુ સાથેનો અલૌકિક સંબંધ સુદઢ બન્યો.

*''મારી માન્યતા મુજબ સૌપ્રથમ આપણા વર્ગખંડોને મોકળા, મૈત્રીભર્યા અને લોકશાહી સભર બનાવવા જોઈએ. વર્ગખંડમાં શિક્ષણની આપ-લે પ્રક્રિયામાં વિદ્યાર્થીને ગતિશીલ અને બરોબરિયો ગણવો જોઈએ. તેનામાં સ્પષ્ટ રજૂઆતની કળા, જિજ્ઞાસાવૃત્તિ, ચિંતનશીલતા, અનુભવજ્ઞાન, પડકાર ઝીલવાની શક્તિ અને પુનઃ રચનાના ગુણો કેળવાય એ જ સાચું શિક્ષણ.''*

*– અઝીમ પ્રેમજી*

---

*''જે વર્ગમાં વિદ્યાર્થીઓ શિક્ષકને નિર્ભયપણે પ્રશ્ન પૂછી ન શકે તે વર્ગમાં માહિતીનું ગોદામ હોઈ શકે, વિચારોનું વૃંદાવન નહીં.''*

*– ગુણવંત શાહ*

# તંદુરસ્ત રહેવા માટેના ઉપાયો

***નીચે દર્શાવેલ ઉપાયોમાંથી શક્ય તેટલા વધુ નિયમો પાળવામાં આવે તો વ્યક્તિને કબજિયાત, ગેસ, એસિડીટી, અપચો, શરદી, સળેખમ જેવા રોગો તો ન જ થાય. ઉપરાંત કબજિયા, અપચો વગેરે રોગોના કારણે જ બીજા બધા હઠીલા અને ગંભીર રોગો થાય છે, તેમાંથી પણ માણસ બચે.***

★ સવારે વહેલા ઊઠવું અને રાત્રે વહેલા સૂવું.
★ ઊઠીને તરત દાંત સાફ કરી લીંબુ રસપાન કરવું.
★ રાત્રે તાંબાના લોટામાં ભરી રાખેલું પાણી પીવું.
★ જાપાનીઝ પદ્ધતિ પ્રમાણે પાણી પીવાનો પ્રયોગ કરવો.
★ સવાર-સાંજ નિયમિત ચાલવા જવું. તે દરમિયાન લાંબા શ્વાસ લેવા.
★ યોગાસન, વ્યાયામ, પ્રાણાયામ અથવા તરવાની કસરત કરવી.
★ ધ્યાન - પ્રાર્થના કરવા.
★ ચા-કોફીને બદલે તુલસી, આદુ, ફુદીનો, લીલી ચા અને લાલ ગોળનો ઉકાળો પીવો.
★ દૂધ માત્ર ગાયનું જ – તુલસી, આદુ, ફુદીનો નાખીને પીવું.
★ બાર કલાક પલાળેલી કાળી દ્રાક્ષ અને વરિયાળીનું શરબત પીવું.
★ ભૂખ લાગે ત્યારે ભૂખ જેટલું જ ખૂબ ચાવીને ખાવું.
★ નાસ્તો કરવો હોય તો સવારે ખટમીઠાં તેમજ સાંજે મીઠાં ફળનો કરવો.
★ જમતી વખતે અને જમ્યા પછી તરત પાણી ન પીઓ. એક કલાક પહેલાં અને એક કલાક પછી પીઓ.
★ આહારની દરેક વસ્તુ તેના કુદરતી સ્વરૂપમાં લો.
★ બપોર અને રાત્રિના ભોજનમાં ગાજર, બીટ, કાકડી, કોબીજ, મૂળા, ડુંગળી, મરચું - મીઠું નાખ્યા વગર લો.
★ ભોજનમાં થુલાવાળી રોટલી, શાક, હાથછડના ચોખાના ભાત, મગ અથવા મગની દાળ અને મોળું દહીં લેવાનું રાખો.
★ ખાંડ તેમજ મીઠું બને તેટલું ઓછું લો.
★ બ્રેડ, બિસ્કીટ, આમલી, ખાટું દહીં, વાસી તેમજ ફ્રીજનો આહાર, પાપડ, અથાણાં વગેરે છોડો.
★ અઠવાડિયે એકવાર અથવા ચોક્કસ દિવસોના અંતરે ઉપવાસ કરો. જરૂર લાગે તો ફળાહાર કરો.
★ દૂધ અને કેળાંનો વિરુધ્ધ આહાર ન કરો.
★ ફેન્સી આહાર જેવો કે પાંઉભાજી, રગડા પેટીસ, કટલેસ, સમોસા, બટાટાવડાં, વડાપાઉં, ભેળ, પાણીપુરી, સેવ ઉસળ, બટાટા પૌંઆ, ખમણ, અમીરી ખમણ, મસાલા ઢોંસા, ઈડલી સંભાર, મઠિયા, ચકરી, પાતરાં, ફરસી પુરી, ચવાણું, મીઠાઈ, બ્રેડ, બિસ્કીટ ન લેવાય તો સારું. ખાધા સિવાય ન જ રહેવાય તો શક્ય તેટલાં ઓછા લો.
★ સતત પ્રવૃત્તિશીલ રહેવું.

*– જયંતીભાઈ શાહ*

સમાજ ચિંતન

# શટર બંધ કરવા

ડૉ. સુધીર ચી. મોદી

ઈ.સ. ૧૯૮૫ના સાલની વાત છે. અમદાવાદમાં અનામત આંદોલનમાં તોફાન, લૂંટ, આગ અને કરફ્યુ ચાલી રહ્યા હતા. પોલીસવાનોની સાઈરનના અવાજમાં જાણે અમદાવાદની શાંતિ હણાઈ ગઈ હતી. શહેરમાં દુકાનો - ઓફિસો બંધ, રોજિંદો વ્યવહાર બંધ અને તણાવભર્યું વાતાવરણ. તોફાન અને લૂંટના બનાવો વધી રહ્યા હતા. નવા વિસ્તારોમાં કરફ્યુ લાગી રહ્યાના સમાચાર આવી રહ્યા હતા. મનમાં થાય કે આવા ઔદ્યોગિક અને ધમધમતા શહેરને આ શું થયું? રોજિંદી શાંતિભરી જિંદગી ક્યાં ગઈ? આ રઘવાટ અને ઉન્માદભર્યું વાતાવરણ ક્યાંથી આવી ગયું? માણસ માણસાઈ ભૂલી રહ્યો છે કે ટોળાશાહીના ખુન્નસે બુધ્ધિ, સમજણ અને શાણપણ ગુમાવી દીધા છે.

શહેરમાં આવું તણાવભર્યું વાતાવરણ હતું. પરંતુ સાબરમતી નદીના પશ્ચિમ વિસ્તારમાં ધમાલ ન હતી. શાંતિ ખરી પણ બેચેનીભરી. રોજિંદો સામાન્ય વ્યવહાર ચાલતો લાગે પરંતુ જીવંતતા વગરનો. પશ્ચિમ વિસ્તારની ઑફિસો અને દુકાનો ચાલુ હતા પરંતુ શહેરમાં રહેતો સ્ટાફ નોકરી પર આવી ના શકે. છતાંય થોડું થોડું કામ તો ચાલ્યા કરે.

મારા દવાખાનાનો સ્ટાફ પણ શહેરમાંથી આવતો હતો. સ્વાભાવિક છે કે તેઓ પણ દવાખાને કામ પર આવી ના શકે. હું મારા દવાખાનાની નજીકમાં રહું, તેથી દવાખાને પહોંચી જતો. સ્ટાફ વગર એકલા હાથે દવાખાનું ચલાવું. પેશન્ટને તપાસવાના, દવા આપવાની, ડ્રેસીંગ કરવાનું, ઈન્જેક્શન આપવાના વગેરે વગેરે... અલબત્ત, આવા વાતાવરણના કારણે દૂરના પેશન્ટો ના આવે એટલે પેશન્ટોની સંખ્યા પણ ઓછી થઈ જાય. આવી રીતે બપોરના ૧ વાગ્યા સુધી ચાલ્યા કરે.

આ પ્રમાણે મારું દવાખાનામાં કામ ચાલતું હતું ત્યારે લગભગ ૧૧.૩૦ વાગે ૧૮ વર્ષનો રાકેશ નામનો યુવાન તેની સારવાર માટે આવ્યો. તેનું કુટુંબ મારા દવાખાનાની નજીકની સોસાયટીમાં રહે. આ કુટુંબના બધા સભ્યો વર્ષોથી નિયમિત કોઈપણ બીમારી આવે ત્યારે સારવાર માટે આવે. તે પ્રમાણે રાકેશને નાનો હતો ત્યારનો જાણું. કૉલેજમાં ભણતો અને થોડો હસમુખો. બધા ભલા માણસો. મને થાય કે આ વિસ્તારના ભલા અને સમજુ માણસો મારા દર્દી તરીકે આવે છે તેના કારણે કોઈ ઉદ્વેગ કે ટેન્શન નથી. બધા વ્યવસ્થિત રીતે વારો આવે ત્યારે વારાફરતી કેબિનમાં આવે. ખોટી હો હા કે ઘોંઘાટ નહીં. આવા પેશન્ટો હોય તો સારા વાતાવરણમાં ડૉક્ટરને પણ શાંતિથી કામ કરવાની મજા રહે. બાકી ઘણી વખત સાંભળ્યું છે કે અમુક વિસ્તારમાં પેશન્ટ દાદાગીરી કરતા હોય છે કે ગેરવ્યાજબી વર્તણૂક કે વાત કરતા હોય છે.

રાકેશને સારવાર આપ્યા બાદ હું બીજા પેશન્ટોમાં વ્યસ્ત હતો. બપોરનો ૧ વાગ્યો એટલે ઊભો થયો. દવાખાનું ખાલી હતું પરંતુ દવાખાનાની બહાર ઓટલા પર રાકેશ બેઠેલો હતો.

મેં પૂછ્યું, 'શું થયું રાકેશ? કાંઈ વધારે તકલીફ છે?'

'ના સાહેબ.'

'તો કેમ હજુ સુધી બેઠો છું?'

'આ તો સાહેબ, તમને તકલીફ ના પડે તેના માટે બેઠો છું.'

'મને શેની તકલીફ?'

'તમારે દવાખાનાનું શટર ખેંચીને વાસવું પડે તે સારું ના કહેવાય. હું જ શટર બંધ કરી આપીશ.' આમ કહી તે ઊભો થયો અને શટર ખેંચીને બંધ કર્યું. તેમજ તાળું મારી, ચાવી મારા હાથમાં આપી.

હું તો અવાક્ થઈ સ્થિતપ્રજ્ઞ બનીને ઊભો રહ્યો. શું બોલવું તે સમજ ના પડી. અરે! મને જરાપણ તકલીફ ના પડે તે માટે રાકેશ દોઢ કલાક બહાર ઓટલા પર બેસી રહ્યો. કલ્પનામાં પણ આવું વિચારી ના શકાય. અસંભવ! અસંભવ! પણ હા, મારા માટે રાકેશ દોઢ કલાક બહાર બેસી રહ્યો અને મદદ કરી.

ડૉક્ટર માનવીના દર્દ અને દુઃખમાં સારવાર આપે તેની ફરજ અને કર્તવ્યપરાયણતા નિભાવે. પરંતુ દર્દી ડૉક્ટરની તકલીફ વિચારી મદદ કરવા બેસી રહે તે તો પ્રથમ વખત જોયું અને અનુભવ્યું.

ઉપરની રાકેશની વાત લખ્યા બાદ બીજા આવા જ અનુભવ લખવાનું મન થાય છે.

એક વખત મારી કાર ગેરેજમાં સર્વિસ કરવા આપી હતી. બપોરે ૧ વાગે દવાખાનાનું કામ પૂરું થયું. શિયાળાનો દિવસ હતો. સવારે મોર્નિંગ વૉકમાં જવાનું ન હતું, તાપ કાંઈ આકરો ન હતો. દવાખાનેથી મારા ઘરે ચાલતા પહોંચતા લગભગ ૧૦ મિનિટ થાય. એટલે મનમાં થયું કે આજે તો ચાલતો જ ઘરે જાઉં. તે બહાને થોડું ચલાશે. આમ નક્કી કરી દવાખાનેથી ચાલતો નીકળ્યો. હજી બે મિનિટ ચાલ્યો હોઈશ ત્યાં કેતનભાઈ

બાઈક પર જતા હતા. મારાથી સહેજ આગળ નીકળી ગયેલા તે પાછા વળ્યા. અરે, ડૉક્ટર સાહેબ! આમ ચાલતા તે જવાતું હશે? બેસી જાઓ, તમને ઘરે પહોંચાડી દઉં.

મેં તેમને સમજાવ્યા કે આજે મારે ચાલવું છે તેના કારણે આ પ્રમાણે ચાલતો જાઉં છું. તમારો ખૂબ આભાર!

આજે તો હું ચાલતો જ જવાનો છું. તેઓ થોડા કચવાતા મને ગયા. અને બે મિનિટ બાદ મહેન્દ્રભાઈ સ્કુટર પર પસાર થતા હતા. એકદમ સ્કુટર ઊભું રાખ્યું. સાહેબ, બેસી જાઓ, તમને ઘરે પહોંચાડી દઉં. આમ ચાલતા ના જવાય. મેં તેમને પણ ઉપર પ્રમાણેનું સમજાવ્યું. તેઓ પણ તેમના સ્કુટર પર ના બેઠો, તેથી મનમાં જરાક દુઃખની લાગણી બતાવતા ગયા. હવે તો પાંચ મિનિટનો જ રસ્તો બાકી હતો. કમલેશભાઈ કાર લઈને પસાર થતા હતા. બ્રેક મારીને કાર ઊભી રાખી. વિઝીટ બેગ મારા હાથમાંથી લઈ જ લીધી. સાહેબ, બેસી જાઓ. તમે ચાલતા જાઓ તે અમને સારું ના લાગે. નાછૂટકે મારે તેમની કારમાં બેસીને ઘરે આવવું પડ્યું. હું પણ દ્રવીભૂત થઈ ગયો કે અરે! મારા પેશન્ટોને મારા માટે કેટલી લાગણી અને પ્રેમ છે.

આ જગતમાં સારી ભાવનાથી અને દિલથી કામ કરીએ ત્યારે બીજા પણ આપણી નાની શી બાબતનું ધ્યાન રાખી મદદ કરતા હોય છે.

*ગનીભાઈએ લાગણી માટે લખ્યું છે :*

*"જીવન ભર્યું ભર્યું અને ભયથી ભરેલ હું*
*લાખેણી લાગણીની લગોલગ ઊભેલ હું."*

**૩, સમૃધ્ધ કેપીટલ, આર્યવૃન્દ ફ્લેટ પાસે,**
**પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સીટી રોડ,**
**સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. ● મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫**

## ગુલમહોર

★ *પરમાત્માના ચરણે ફૂલો મૂકવા મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા પોતાના ઘરને પ્રેમની સુગંધથી ભરી દો.*

★ *પરમાત્માની સમક્ષ દીપ-ધૂપ કરવા મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા પોતાના હૃદયમાંથી અપરાધનો અંધકાર દૂર કરો.*

★ *પ્રાર્થનામય ભાવે પરમાત્મા સમક્ષ તમારું શીશ ઝુકાવવા માટે મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા બાંધવો સમક્ષ નમ્રતાથી શીશ ઝુકાવતાં શીખો.*

★ *ઘુંટણિયે પડીને પ્રાર્થના કરવા માટે મંદિરે ન જાઓ,*
*પહેલાં વંચિત અને તરછોડાયેલા છે*
*તેમને ઉપર ઉઠાવવા માટે થોડા નીચા નમો.*

★ *તમારા અપરાધો બદલ ક્ષમા માગવા મંદિરે ન જાઓ,*
*પહેલાં જેમણે તમારો અપરાધ કર્યો છે તેઓને ખુલ્લા દિલે માફ કરો.*

**– રવીન્દ્રનાથ ટાગોર**

## ઇશ્વરનો આભાર!

સ્વર્ગમાં બે ફરિશ્તાઓ હતા. એમાંનો એક હંમેશાં કામમાં જ લાગેલો હોય. રાત-દિવસ એ પૃથ્વીથી સ્વર્ગ વચ્ચે દોડાદોડી કરતો હોય. એક ક્ષણનો વિરામ પણ એને ભાગ્યે જ મળતો. સતત કામ, કામ અને કામમાં જ એ વ્યસ્ત રહેતો.

જ્યારે બીજો ફરિશ્તો હંમેશાં આરામ જ કરતો! પેલો ફરિશ્તો જ્યારે આ બીજા ફરિશ્તાને જુએ ત્યારે એ સૂતો જ હોય. પેલો ફરિશ્તો રાત-દિવસ દોડતો હોય જ્યારે આ તો ભાગ્યે જ ક્યારેક પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે આંટો મારતો દેખાય.

એક દિવસ પેલા અતિ વ્યસ્ત ફરિશ્તાને થોડોક આરામનો સમય મળી ગયો. પોતાનો થાક ઉતારવા એ પેલા નવરાધૂપ ફરિશ્તા સાથે વાતોએ વળગ્યો. એને કાયમ દોડાદોડી કરતો જોઈને પેલા નવરા ફરિશ્તાને હંમેશાં નવાઇ તો લાગતી જ હતી. એટલે એ દિવસે નવરા ફરિશ્તાએ પૂછી જ લીધું, 'અલ્યા! તું આટલી બધી દોડાદોડી કેમ કરતો હોય છે? હું જ્યારે જોઉં ત્યારે તું સ્વર્ગથી ધરતી વચ્ચે આવ-જા જ કરતો હોય છે. તને ભગવાને એવું તે શું કામ સોંપ્યું છે કે તારે આટલી બધી ભાગમભાગ કરવી પડે છે?'

'અરે ભાઈ! વાત પૂછ માં!' વ્યસ્ત ફરિશ્તાએ જવાબ આપ્યો. 'મારે પૃથ્વી પરનાં લોકોની પ્રાર્થનાઓ અને વિનંતીઓ સ્વર્ગમાં પહોંચાડવાની હોય છે. 'ભગવાન મારું દુઃખ દૂર કરો', 'મને આ આપો', 'મને પેલું આપો' વગેરે વગેરે અનંત માંગણીઓ, પ્રાર્થનાઓ અને સંદેશાઓ મારે ભગવાન સુધી પહોંચાડવાના હોય છે. તું તો જાણે જ છે કે લોકોની માંગણીઓ ક્યારેય પૂરી થતી જ નથી. એમની માંગણીઓ અને કાકલૂદીઓ નિરંતર ચાલતી જ હોય છે. એટલે મને તો ક્યારેય જરા જેટલો સમય પણ નથી મળતો. પણ અલ્યા, તું શું કામ કરે છે? ભગવાને તને એવું તો કયું કામ સોંપ્યું છે કે તારે કાયમ આરામ જ હોય છે?'

નવરા ફરિશ્તાએ એક મોટું બગાસું ખાધું! પછી હસીને જવાબ આપ્યો, 'અરે! મારે તો તારાથી બિલકુલ ઊંધું છે. મારે પણ સંદેશાઓ જ સ્વર્ગમાં પહોંચાડવાના હોય છે. પરંતુ 'હે ભગવાન! તારો આભાર!', 'હે પ્રભુ! તેં અમારી ઇચ્છા પૂરી કરી એ બદલ અમે તારા આભારી છીએ!' આવા અને ભગવાનનો આભાર માનતા અન્ય સંદેશાઓ મારે સ્વર્ગમાં પહોંચતા કરવાના હોય છે. પણ નવાઇ તો જો! લોકોની ઇચ્છા પૂરી થતાં જ એ બધાં આભાર માનવાની વાત તો દૂર રહી, ભગવાનને જ ભૂલી જાય છે! ભાગ્યે જ કોઈક આવા શબ્દો ઉચ્ચારે છે. એટલે જ તું જો ને! હું કાયમ નવરોધૂપ જેવો જ હોઉં છું!'

'હમ...મ...મ...!' પેલો વ્યસ્ત ફરિશ્તો બોલ્યો. એને પેલાના નવરા હોવાનું કારણ બરાબર સમજાઇ ગયું!

આપણે પણ આ સવાલ આપણી જાતને પૂછવો ન જોઈએ? આપણે કેટલીવાર ભગવાનનો આભાર માનીએ છીએ?

**– ડૉ. આઈ.કે. વીજળીવાલા**

ચિંતન

# વૈકુંઠ તારા હૃદયમાં છે

મૂ.લે. : લીઓ ટોલ્સ્ટોય
અનુવાદ : ચિત્તરંજન વોરા

તમારી જાતને જુઠાણાંથી મુક્ત કરીને અને સત્ય સ્વીકારીને જ તમે તમારા જીવનનું ભલું અને કલ્યાણ કરી શકશો. તમે અસત્યનો માર્ગ છોડશો એટલે તમારા જીવનમાં પરિવર્તન આવ્યા વિના રહેશે નહીં. જીવનમાં માણસને એક જ વિષયમાં સ્વતંત્રતા મળી છે, જેના પર એનો સંપૂર્ણ અધિકાર છે, અને એ સિવાય બીજું બધું તેના કાબૂ બહાર છે. તે છે સત્યને જાણીને આત્મસાત્ કરવું અને તેનું પાલન કરવું.

અને છતાં, તમારા જેવાં જ તુચ્છ પામર ગુમરાહ પ્રાણી તમને વળી ભરોસો આપે કે તમે તો છો સૈનિક, શહેનશાહ, જમીનમાલિક, ધનિક માણસ, પાદરી, સેનાપતિ, એટલે તમે તમારાં હૃદય અને અંતરાત્માના અવાજથી દેખીતી રીતે છેક જ વિરુદ્ધનું હીન કક્ષાનું આચરણ કરો છો, તમે બીજાને ત્રાસ-પીડા આપો છો, લૂંટ ચલાવો છો અને માણસોને મારી નાખો છો. આવી યાતનાઓના આધારે તમે તમારું અસ્તિત્વ ટકાવો છો.

સત્ય તમને જેટલું સમજાયું હોય તેમાં અડગ રહેવાની અને તેનો જ આગ્રહ રાખવાની તમારા જીવનની એક જ ફરજ છે. તમે તો તેનું પાલન કરવાને બદલે એ બધાંથી ઉપરવટ જઈને એવી ચતુરાઈ બતાવો છો કે જાણે સત્યને તમે ઓળખતા જ નથી. સત્યને તમારી જાતથી અને બીજાથી છુપાવો છો. તમને અહીં મોકલનારના આશયથી સાવ ઊંધું વર્તન તમે કરો છો. તેમાં તમે જેમનું બગાડ્યું છે, સૌથી વધુ તો તમારી પોતાની જાતનું, તેમાં સુધારવાની કોશિશ પૂરતી તક પણ તમે હંમેશ માટે ગુમાવી બેસો છો. તમે જે અવશ્ય કરી શકો તેમ હતા તે કામ પૂરું કર્યા વિના જ તમને મળેલ મહામૂલી જિંદગીને તમે ખંડિયેર જેવી બનાવી દીધી છે.

જીવનમાં દુઃખ અને મૃત્યુ અટલ છે, તેમાંથી છૂટવાનો કોઈ દુન્યવી ઉપાય કામ આવતો નથી. ગમે તે ક્ષણે તે દરેકને આવે જ છે. આ સીધું ને સાદું સત્ય છે. તેવું જ સત્ય એ છે કે આપણને જીવન આપનાર સર્વોપરી સત્તાની ઇચ્છાને અધીન આપણી ક્ષણે ક્ષણ સમર્પિત બની જાય તે સિવાય આ જગતમાં જીવનનો આપણો કોઈ હેતુ નથી. અને તે માટે સતત જાગૃત માર્ગદર્શક છે આપણો અંતરાત્માનો અવાજ. રાજ્ય કે સમાજને લગતી આજની ઐહિક જીવનસંબંધી વ્યવસ્થાઓ ક્ષણભંગુર અને અર્થહીન છે. તેની સંપૂર્ણ માનવીય રચના અસંભવ છે. આપણા જીવનનું સમર્પણ એવી ઐહિક વ્યવસ્થાઓને કરી દઈએ એમ સર્વશક્તિમાન ન ઇચ્છે. એ તો ઈશ્વરના રાજ્યની સેવા માટે આપણું ક્ષણેક્ષણનું સમર્પણ ઇચ્છે; જે એકમાત્ર બુદ્ધિગમ્ય તેમ જ સર્વથા સંભવ છે અને જેનો આવિષ્કાર સંપૂર્ણપણે નક્કી છે. ઈશ્વરના રાજ્યની સેવાનો અર્થ છે પૃથ્વી પરનાં સમસ્ત માનવજીવન માટે ઐક્યની મહત્તમ સ્થાપનાના દિવ્યતા વડે થઈ રહેલા કાર્યમાં આપણો સંપૂર્ણ સહયોગ. માનવ ઐક્યની આ શક્યતા એકમાત્ર સત્ય સિવાય બીજી કશી નથી. જે સત્ય આપણને પ્રકાશિત થયું હોય તેને સ્વીકારીને આત્મસાત્ કરવું અને તે મુજબ તેનું પાલન-આચરણ કરવું તે જ એકમાત્ર આપણા હાથની વાત છે. દુનિયાની સેવા મારફત ઈશ્વરના રાજ્યની સ્થાપના વિકાસ પામે તેમાં જ માનવજીવન માટે એકમાત્ર સાર્થકતા રહેલી છે. એવી સેવા સંપન્ન ત્યારે જ થાય જ્યારે દરેકે દરેક વ્યક્તિને સત્યની ઓળખ હોય અને તે માટે જ તે પ્રતિબદ્ધ હોય. વૈકુંઠ-ઈશ્વરનું રાજ્ય બાહ્ય ભભકાઓથી આવનાર નથી. કે નથી એ તેઓ જ્યાં બતાવે ત્યાં, 'અરે, અહીં! અરે, ત્યાં!' કેમ કે જો, જરા ધ્યાનથી જો! ઈશ્વરનું રાજ્ય વૈકુંઠ તારા હૃદયમાં છે! ■

## પ્રાર્થનાનું પરિણામ

એક નાનો બાળક જૂતાનાં શોરૂમની બહાર ઊભો-ઊભો ડિસ્પ્લેમાં મૂકેલાં જૂતાને ધ્યાનથી જોઈ રહ્યો હતો. ત્યાં અનેક ડિઝાઈનર અને સફેદથી લઈને અલગ-અલગ રંગોના વિવિધ પ્રકારનાં જૂતાં મૂકવામાં આવ્યા હતા. તે એક પછી એક જૂતાને રસપૂર્વક જોઈ રહ્યો હતો અને મનમાં કંઈક વિચારતો અને પછી બબડતો હતો.

અચાનક એક મહિલા તેની પાસે આવીને ઊભી રહી. એની ઉંમર ૪૦-૪૫ વર્ષની આસપાસ હશે. દેખાવ અને પહેરવેશ પરથી તો તે મહિલા ધનાઢ્ય પરિવારની લાગતી હતી. બાળકને તો ખબર જ નહોતી કે કોઈ તેની પાસે ઊભું છે. જ્યારે એ મહિલાએ બાળકના માથે હાથ ફેરવ્યો ત્યારે બાળકે આશ્ચર્યથી તેમની સામે જોયું. મહિલાએ પૂછ્યું, 'તું આટલું ધ્યાનથી શું જોઈ રહ્યો છે?' બાળકના મનમાં જે ચાલી રહ્યું હતું તે ભોળાભાવે જણાવતા કહ્યું, 'હું ભગવાનને મનાવી રહ્યો હતો કે, એ મને આમાંથી એક જોડી જૂતાં આપી દે.'

એની વાત સાંભળી મહિલા હસવા લાગી અને તેને હાથ પકડીને શોરૂમની અંદર લઈ ગઈ. પછી બાળકને પૂછ્યું કે, 'તું કયા જૂતાં ભગવાન પાસે માંગી રહ્યો હતો?' બાળકે જે જૂતાં તરફ ઈશારો કર્યો એ જૂતાંને કઢાવીને તેને પહેરાવડાવ્યાં અને બાળકના ચહેરાને તાકી રહી.

બાળકે નિર્દોષભાવે પૂછ્યું, 'શું તમે ભગવાનના પત્ની છો?' બાળક માટે આવો સવાલ કરવાનું સ્વાભાવિક હતું કેમકે ભગવાન છે કે નહીં અને છે તો કયા સ્વરૂપમાં છે તેની તેને ખબર નહોતી.

*સંકલન અને સંપાદન : અલ્કેશ પટેલ*

ચિંતન

# સમાજનાં બે પાસાં

રસિક મહેતા (પારેખ)

માનવમનની ગહનતાનો કોઈ પાર પામી શકતું નથી. કોણ ક્યારે કેવી રીતે વિચારશે, કેવી રીતે વર્તશે અને કેવું આચરણ કરશે એ કહી શકાતું કે કળી શકાતું નથી.

મારા જીવન દરમિયાન બનેલ અનેક પ્રસંગો માંહેનાં આ બે પ્રસંગો એવા છે કે જેમાં સમાન સંજોગોમાં, સમાન સંબંધમાં અને સમાન વ્યવહારમાં મુકાયેલી બે વ્યક્તિઓને બે અંતિમ આયામ પર ઊભી રહીને અલગ-અલગ પ્રકારના વ્યવહાર કરતી જોઈએ છીએ ત્યારે અવાક રહી જવાય છે અને ત્યારે 'મનુસ્મૃતિ' નો બોધ ચોક્કસ યાદ આવે છે : મનુષ્યનું મન જ એના બંધ અને મોક્ષનું કારણ છે. મન જ જો વ્યક્તિના કાબૂમાં ન હોય, મન ઉપર તેમનો અંકુશ ન હોય, તો તે જ મન જે - તે વ્યક્તિ ઉપર હાવી થઈ જાય છે અને તેમના થકી વ્યક્તિની પોતે જ ધારેલો કે ન ઇચ્છેલો વ્યવહાર થઈ જાય છે.

સને ૧૯૮૦ આસપાસનો સમય હશે. જમીન-મકાન ખરીદવાં, જૂનાં મકાન પાડીને તે જમીન ઉપર નવાં મકાન કે ફ્લેટ બનાવીને વેચવા એ મારો વ્યવસાય. આ સમયગાળામાં પોલીસખાતામાં હવાલદાર તરીકે કામ કરતા, ઉનડકટ અટક ધરાવતા એક ભાઈ મારી પાસે જૂના જાગનાથ તરીકે ઓળખાતા વિસ્તારના એક મકાનની ઓફર લઈને આવ્યા. મકાન માલિકના નામના માલિકી દર્શાવતા અસલ કાગળો પણ સાથે હતા, જે તેણે મને બતાવ્યા અને કહ્યું : 'મકાનમાલિકણ માજી હયાત નથી. તેનો વારસદાર ફક્ત એમનો એકનો એક દીકરો જ છે. એ બોમ્બે રહે છે અને વસિયતની રૂઈએ વારસા સર્ટિફિકેટ માંગેલ છે.' ત્યારબાદ ભાવતાલની ઓફર મેં આપી અને મકાનના અસલ કાગળો વકીલને બતાવવા રાખી જવા કહી, બે દિવસ બાદ આવવા કહ્યું. અને તેણે એમ કર્યું. મારી એવી ધારણા હતી કે આ ભાઈ વહીવટકર્તા તરીકે વચ્ચેના માણસ હશે અને થોડા વળતરની અપેક્ષાએ કામ કરતા હશે.

કાગળો બરાબર હતા અને બે-ત્રણ દિવસ બાદ જ્યારે તેઓ આવ્યા ત્યારે મેં એમને મારા ભાવની જે ઓફર આપેલ તે ભાવ પ્રમાણે મકાન લેવાની સહમતી બતાવી ત્યારે મારા આશ્ચર્ય વચ્ચે મને એ ભાઈએ પૂછ્યું : 'આ સોદામાં મારું શું?' મેં કહ્યું : 'જેમ અમે બીજા દલાલોને આપીએ છીએ તેમ તમારી પણ અડધો ટકો દલાલી પાકી.' (તે સમયે દલાલીનો દર અડધો ટકો ચાલતો હતો) ત્યારે તે ભાઈએ મને કહ્યું : સાહેબ, હું દલાલ નથી અને મને દલાલીની રકમ જેટલી રકમમાં રસ પણ નથી. પણ વાત એમ છે કે આ મકાન મારા બનેવીને વારસામાં મળેલ છે. વર્ષોથી તેઓ બોમ્બે રહે છે. અહીં લાંબા વખતથી આવ્યા પણ નથી. તેઓ પાસે ખૂબ નાણાં છે. આ મકાનના વેચાણની ગમે તે રકમ આવે, એનાથી તેઓને કાંઈ ફરક પડતો નથી, પણ મારે પૈસાની જરૂર છે એટલે તમારો ભાવ મંજૂર છે. પણ તેમાં મારા નેવું હજાર રૂપિયા રાખીને તમારી ઓફર આપજો. મારા બનેવીને મારા ઉપર પૂરો ભરોસો છે અને બધો વહીવટ મારે જ કરવાનો છે.'

આખરે તેમના નેવું હજારનો વચલો ગાળો રાખીને ભાવની ઑફર આપવામાં આવી. 'આ વાત આપણા બે વચ્ચે જ રહેવી જોઈએ' એમ કહી, કોઈને ન કહેવાનું તેમણે મારી પાસે વચન પણ લીધું. સોદો પાકો થયો, બાનાની રકમ આપી અને લખાણ વગેરે થઈ ગયું.

આ વાત આજથી આશરે ૩૫ વર્ષ પહેલાંની છે જ્યારે રૂપિયાની કિંમત પૈડા જેવડી હતી એમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ ન ગણાય અને તેમ છતાં માણસોનાં વચનની કિંમત રૂપિયાની કિંમત કરતાં વધારે હતી. વિશ્વાસઘાત ક્યારેય કરવો નહીં એવી સમજણ ગળથૂથીમાં જ આપવામાં આવતી. સોદો થઈ ગયો, વારસા સર્ટિફિકેટ આવી જતાં નાની લેતી-દેતી કરી, દસ્તાવેજ પણ થઈ ગયો. બહેન-બનેવી પોતાની રકમ લઈ મુંબઈ ચાલ્યાં ગયા અને તે ભાઈને તેમની નક્કી કરેલી રકમ પણ મળી ગઈ.

આ આખા પ્રસંગે મારા મનને વિચાર કરતું કરી દીધું : શું આ એ જ સંસ્કૃતિ છે કે જે બહેન, ભાણેજ, નિયાણાં બ્રાહ્મણ કે ગરીબ વગેરેના હક્કનું રક્ષણ કરવાની વાત છે? આપણે ભલે તેને આપી શકીએ નહીં કે ન આપીએ, પણ આમ વિશ્વાસઘાત કરીને લેવાય? આ તે કેવું? તેમ છતાં સમાજમાં આવું પણ બનતું હોય છે.

*'દિલ તૂટી જાએ એવી તું કોઈ વાત કર મા,*
*કોઈના નમ્ર દિલ પર તું વજ્રઘાત કર મા;*
*દિન-રાત જેઓ તારા વિશ્વાસમાં રહે છે,*
*તેઓની સાથે હરગીજ વિશ્વાસઘાત કર મા.'*

પણ બીજા અંતિમ આયામ ઉપર આવા જ સંજોગોમાં બનેલ આવો જ કિસ્સો પ્રોત્સાહક, પ્રેરક અને આશાવાદી થવા પ્રેરે એવો અને 'માનવતા મરી નથી પરવારી' એવો વિશ્વાસ અને દિલાસો આપે છે. આ કિસ્સો પણ લગભગ આ જ સમયગાળામાં બનેલ.

મારા એક અંગત વેપારી-મિત્રના મિત્ર, જેમનું નામ કુમુદભાઈ, તે ભાઈ પોતે અને પોતાની સગી બહેન ભાઈ-બહેન બે ભાંડરડાં ઉપરાંત તેમનાં ઓરમાન માતાથી થયેલ બીજા ત્રણ ભાંડરડાં - એમ પાંચે ભાંડરડાં અને માતા-પિતા બધાં સાથે સંપીને રહે. પોતાની સગી બહેનનાં લગ્ન વિદેશમાં કરેલ. લગ્ન બાદ તેની બહેનને ત્યાં પુત્ર અવતરેલ. છોકરો બે વર્ષનો માંડ થયો હશે ત્યારે તેની બહેનનું મૃત્યું થયું. છોકરો સાવ નાનો હતો અને બનેવી પણ સાવ નાની વયના, એટલે તેમના બનેવીએ બીજાં લગ્ન કરેલ.

બંને કુટુંબ સંસ્કારી. એટલે બહેનના અવસાન બાદ પણ બંને સાળા-બનેવીના સંબંધો એવા ને એવા જળવાઈ રહેલ. કુમુદભાઈ પણ તેમનાં બહેનની જગ્યાએ આવેલ અન્ય વ્યક્તિ સાથે પોતાની સગી બહેન જેવો જ વ્યવહાર વારે-તહેવારે કરે.

કુમુદભાઈની સ્થિતિ સામાન્ય, ઘરખર્ચ જેટલું માંડ કમાય અને કુટુંબના બે છેડા ભેગા કરે; જ્યારે વિદેશમાં તેમના બનેવીની સ્થિતિ ઘણી સારી. એક વખત દેશમાં જમીન-મકાનમાં રોકાણ કરવાની ઇચ્છાથી તેમણે તેમના સાળા મારફત તેમની સલાહ પ્રમાણે રોકાણ કર્યું. આ વાત વિસારે પડી. સ્થાનિક રહેતા હોવાથી આ જગ્યાની સંભાળ, દેખરેખ રાખવા બાબતનું બધું કામ આ કુમુદભાઈ કરે.

સમય પસાર થતો ગયો. જમીન-મકાનના ભાવ આસમાને જવા લાગ્યા. તે દરમિયાન એક વખત વિદેશ વસતાં બહેન - બનેવી તેમના છોકરાને, જે હવે થોડો મોટો થઈ ગયેલ, તેને લઈને દેશમાં આવ્યાં, જમીન વેચવાનો નિર્ણય કર્યો અને સારો ભાવ નક્કી કરીને જમીન વેચી.

જમીન વેચાણની સારી એવી રકમ ઊપજી, જે રોકાણના પ્રમાણમાં અનેકગણી હતી. સ્વાભાવિક રીતે બનેવીએ આ બધાનો જશ પોતાના રાજકોટ વસતા સ્થાનિક સાળાને આપ્યો. હવે આટલાં વર્ષો પછી પણ કૌટુંબિક જવાબદારીઓ અને કાંઈક અંશે નસીબ અને કાંઈક અંશે સંજોગોવશાત સ્થાનિક સાળાની આર્થિક હાલત સામાન્ય જ રહેવા પામેલ, જ્યારે વિદેશમાં વસતા બનેવીની વિદેશમાં આવક અને સ્થિતિ ઘણી સારી હતી.

આ ઉપરાંત અહીં દેશમાં જમીનમાં પણ વળતર સારું એવું મળ્યું એટલે રાજી થઈને તેમણે એક લાખ રૂપિયા જેવી માતબર રકમ પોતાના સાળાને સારી જમીન લઈ આપેલ તે બહાને મદદ કરવાની ગણતરીએ, દલાલી આપવાની ગણતરીએ કે આર્થિક સહાય કરવાની ગણતરીએ, જે ગણીએ તે, પોતાની ઇચ્છા દર્શાવીને તે રકમ કુમુદભાઈને આપી.

કુમુદભાઈએ પોતાના સ્વાભિમાનને ઠેસ ન પહોંચે અને બનેવીને ખોટું ન લાગે તેમ સહજ રીતે, બીજી જ ઘડીએ તેમની રકમમાં પાંચ હજાર પોતાના ભાણેજના હાથમાં આપીને, 'મારી પણ સ્વર્ગસ્થ બહેનના સંતાન તરફથી કાંઈક તો ફરજ હોય ને?' એમ કહીને એક લાખ પાંચ હજાર રૂપિયા ભાણેજને પરત આપ્યા અને બનેવીના અતિ આગ્રહ છતાં તે રકમ ન સ્વીકારી તે ન જ સ્વીકારી.

આગળ જોયું તેમ, એક તરફ અધઃપતન છે, તો બીજી તરફ સમાજની ઊજળી બાજુ પણ છે, જ્યાં વ્યક્તિ એવી ભાવના રાખે છે કે પોતાની સ્થિતિ ગમે તેવી હોય, છતાં બહેન, ભાણેજ કે ગરીબ જરૂરિયાતવાળાને ભલે કોઈ મદદ ન કરી શકીએ તો કાંઈ નહીં, પણ તેઓની પાસેથી તેમના હક્કનું લેવાય તો નહીં જ. આપણી સંસ્કૃતિ, શાસ્ત્રોક્ત ઉપદેશ કે આપણા ગળથૂથીના સંસ્કાર, જે ગણીએ તે, પણ હજુ એ વારસો સમાજમાં જીવંત છે. આ પ્રસંગ તેની સાક્ષી પૂરે છે.

'માનવીનાં બે રૂપ છે : એક જે ગાઢ અંધકારમાં પણ જાગતો હોય તે અને બીજો જે પ્રકાશમા પણ સૂતો હોય.'

## લઘુ કથા : યાદ

*– ગિરિમા ઘારેખાન*

કોઈ દૂરના સગાંનાં લગ્નપ્રસંગમાં મારા સ્વભાવ પ્રમાણે, કલબલતા ટોળાથી દૂર, હું એક ખૂણામાં ગોઠવાયો હતો; ત્યાં જ થીજેલા શેરડીના રસ જેવો એ અવાજ કાને પડ્યો, 'આટલામાં જ રમજે હોં બેટા, મમ્મી અહીં જ બેઠી છે.'

આ તો પંક્તિનો અવાજ! આમેય એક વાર સાંભળેલો અવાજ હું ભૂલતો નહીં, અને આટલો મીઠો અવાજ તો કોઈ પણ વ્યક્તિ ન ભૂલી શકે. પંક્તિ હતીય એવી જ. આખું વ્યક્તિત્વ જ મીઠું. મને ગમી તો બહુ જ હતી, પણ અમારી વચ્ચે આવી ગયાં હતાં એની સુંદર આંખોને ઢાંકી દેતાં ચશ્મા. મને ચશ્માંવાળી છોકરીઓ ન ગમતી. એક સગાને ત્યાં થયેલી એ ઔપચારિક મુલાકાત દરમિયાન અમે બંને થોડી વાતો કરવા એકલાં બેઠાં હતાં ત્યારે મેં પૂછી જ લીધું હતું. આજકાલ તો એક નાનકડી સર્જરીથી આંખના નંબર કાયમ માટે ઊતરી જાય છે, તમે એ કેમ નથી કરાવતા? નહીં તો લેન્સ પહેરવા માંડો. 'એણે થોડા ઝંખવાઈ જઈને જવાબ આપ્યો હતો. 'ના પ્રજેશ, લેન્સ મને ફાવતા નથી અને મારા રેટિના થોડા વીક છે, એટલે લેસર સર્જરી થઈ શકે તેમ નથી. કેમ તમને ચશ્માં...?' પછી એની આંખોમાં ચમકી ગયેલાં આંસુ હું જોઈ શક્યો હતો.

પણ મારા જેવા સર્વાંગસંપૂર્ણ યુવાને શું કામ કંઈ સમાધાન કરવું પડે? છોકરીઓનો ક્યાં તોટો હતો? મેં ત્યારે જ એને ના પાડી દીધી હતી. મને સમજાતું તો હતું કે એ ખૂબ નિરાશ થઈ હતી, પણ શું થાય? જોકે હવે લાગે છે કે જે થયું એ સારું જ થયું. કારણ કે એને મળ્યાના અઠવાડિયા બાદ થયેલા એક અકસ્માત પછી મારે કાયમ માટે આંખે કાળાં ચશ્માં અને હાથમાં સફેદ લાકડી સાથે ફરવાનો સમય આવી ગયો હતો.

ચાર-પાંચ વર્ષ તો થઈ ગયાં. એક જ વારની એ મુલાકાત, પણ હું એને ભૂલી શક્યો ન હતો. તેને હું યાદ હોઈશ? ના, ના, એ તો એના સંસારમાં ડૂબી ગઈ હશે.

ત્યાં તો ફરીથી એ જ મીઠો અવાજ કાને અથડાયો, 'એટલે દૂર ના જા પ્રજેશ, નજીકમાં જ રમ.'

'હાશ.'

*અમદાવાદ ● મો. ૯૯૯૦૨ ૦૫૯૦૯*

મંથન

# મૃત્યુનું રહસ્ય ખોલીએ

ફાધર વર્ગીસ પોલ

એક દિવસ આપણા દરેકનું મૃત્યુ થશે એની આપણને ખાતરી છે. મૃત્યુ વહેલું આવી શકે કે, મોડું આવી શકે પણ મૃત્યુ ક્યારે આવશે? કેવી રીતે આવશે? મારું મૃત્યુ ક્યાં થશે? મૃત્યુ અંગે આવા અનેક પ્રશ્નો આપણી પાસે છે. પણ આવા પ્રશ્નોનો કોઈ સંતોષકારક ઉત્તર આપણી પાસે નથી! એટલે આપણે કહીએ કે, મૃત્યુ એક 'ગૂઢ' રહસ્ય છે.

છતાં કોઈનું અકાળે મૃત્યુ થાય, અકસ્માતમાં કોઈ મરી જાય કે, કોઈની હત્યા કરવામાં આવે ત્યારે આપણે કોઈ ને કોઈના પર આરોપ મૂકતા હોઈએ છીએ. એમાં મરનાર વ્યક્તિ સ્વજન હોય, વહાલસોયો મિત્ર હોય કે, બધાનું ભલું કરનાર અને કરી શકનાર કોઈ પ્રતિભાસંપન્ન માણસ હોય તો આપણે ઈશ્વર ઉપર પણ મૃત્યુ માટે આરોપ મૂકવામાં અચકાતા નથી. ઈશ્વરે આમ કેમ કર્યું? ઈશ્વરે કેમ આમનું મૃત્યુ થવા દીધું? એણે શો ગુનો કર્યો છે કે, ઈશ્વરે એને મારી નાખ્યો? ડિસેમ્બર ૨૦૧૭ની શરૂઆતમાં થયેલા 'ઓખી' નામે ઓળખાતા પ્રચંડ વાવાઝોડાથી ઓછામાં ઓછા ૩૦૦ માણસો અકાળે મૃત્યુ પામ્યા. દક્ષિણ ભારતના તીરુવનતંપુરમ્ અને કન્યાકુમારીના ગરીબ માછીમારો જ એ નૈસર્ગિક આપત્તિનો ભોગ બન્યા છે. આધુનિક સંશોધનો અને સગવડોની સુવિધા આપ્યા વિના રાષ્ટ્રે હાંસિયામાં ધકેલેલા અને આજીવન રોજેરોજ ઝઝુમતા માછીમારોનું મૃત્યુ અને કિનારે બચેલા પણ 'અનાથ' થયેલા લોકોની હેરાનગતિ અને હાડમારીમાં ઈશ્વરનો કયો ન્યાય છે? વિકાસથી વંચિત રહેલા માછીમારની ગરીબાઈના ઘા પર 'ઓખી' નો વધુ એક ઘા કરવામાં શું ઈશ્વરને મજા પડે છે?

મૃત્યુના સંદર્ભમાં આવા બધા પ્રશ્નોનો વિચાર કરું છું ત્યારે મને અકાળે મૃત્યુ પામેલા મારા એક મિત્રની વાત યાદ આવે છે. મારા મિત્ર આરોગ્યદાસ પીતર અને મેં ૧૯૮૩માં તમિલનાડુના શેમ્પગન્નૂર ખાતે અધ્યાત્મસાધના કરવામાં આઠેક મહિના સાથે ગાળ્યા હતા. તેઓ પ્રથમ ચેન્નઈમાં અને પછી પૂણે ખાતે ઈશ્વરવિધાના પ્રાધ્યાપક હતા. તે જીવલેણ કેન્સર રોગથી ૬૧ વર્ષની ઉંમરે ૨૦૦૮ માં મૃત્યુ પામ્યા. એમના મૃત્યુના આગલા દિવસે, ગુડ ફ્રાઈડેના થોડા દિવસ પહેલાં, એક સંબંધીએ એમ પૂછ્યું, "ભાઈ, તમે ઈશ્વરની સેવામાં સમર્પિત એક ધર્મગુરુ (ફાધર) છો. તમે ઈશ્વરના અને માનવસમાજની નિઃસ્વાર્થ સેવામાં પરોવાયેલા છો. છતાં ઈશ્વરે તમને કેમ કેન્સરની આ ક્રૂર માંદગી આપી છે?"

ખાંસી ખાઈને ગળફો કાઢીને ફાધર આરોગ્યદાસે પોતાના સંબંધીને સ્પષ્ટ જવાબ આપતાં કહ્યું, "નહિ, ભાઈ. ઈશ્વરે મને આ કેન્સર રોગ મોકલ્યો નથી. આપણે બધા માણસોના શરીરમાં કેન્સરનો કોશ છે. પણ એ કેન્સર કોશ માણસના શરીરમાં સીમિત રહે છે. પરંતુ ઘણાંખરાં મારી જીવનશૈલી, મારો ખોરાક, ઊંઘ ઓછી લેવાની મારી ટેવ, જેવી બાબતોથી કેન્સરના કોશ મારા શરીરમાંના સારા કોશ કરતાં વધ્યા હશે. એટલે ઈશ્વર મારા કેન્સરનું કારણ નથી; પણ આપણે જાતે જ એનું નિમિત્ત બનીએ છીએ."

વાહ! વાહ, આરોગ્યદાસ! મૃત્યુને ચરણે જતાં તમે અમને જ્ઞાનનો કટોરો ભરી આપ્યો છે! જીવનભર ચિંતન મનન કરવાનું બ્રહ્મજ્ઞાન આપી ગયા.

ગુડ ફ્રાઈડેના દિવસે આપણે પ્રભુ ઈસુના મૃત્યુનો વિચાર કરીએ ત્યારે મૃત્યુ અંગેનું આ બ્રહ્મજ્ઞાન આપણને ઘણું બધું કહી જાય છે. સૌ પ્રથમ આ બ્રહ્મજ્ઞાન આપણને આપણાં જીવન અને મૃત્યુ અંગે સભાન રહેવા કહી જાય છે. રવીન્દ્રનાથ ટાગોર માનવજીવનમાં જન્મ અને મૃત્યુને સાગરની ભરતી-ઓટ સાથે સરખાવે છે.

"It is the same life
That is rocked in the ocean cradle
of birth and that of death
in ebb and in flow."

શૈલેષ પારેખે રવીન્દ્રનાથ ટાગોરની આ પંક્તિનો અનુવાદ કર્યો છે :

*"એ જ ચેતના*
*સાગરની ભરતી-ઓટમાં*
*અને જીવન-મરણનાં પારણાંમાં ઝૂલે છે."*

અહીં મને મારા એક પ્રિય લેખક અને ટેલિવિઝનની શરૂઆતમાં એટલે ૧૯૫૦ નાં દાયકામાં પોતાનાં ટેલિ-પ્રવચનોથી સમગ્ર અમેરિકાને ચેતનામય બનાવનાર આર્ચબિશપ ફુલટન શીનની એક વાત યાદ આવે છે. એક ગુડ ફ્રાઈડેના દિવસે બોલતાં આર્ચબિશપ ફુલટન શીને કહ્યું કે, "બધા માણસો આ દુનિયામાં જીવવા માટે જન્મ લે છે. પણ આ માણસ, ઈસુ,

આ દુનિયામાં મૃત્યુને ભેટવા માટે આવ્યા છે!" (All men come into world to live. But this man, Jesus, came to die.

- Archbishop fulton sheen)

*જીવનમાં અંતિમ ધ્યેય સમા મૃત્યુ,*

*ઓ મારા મૃત્યુ,*

*આવ અને મારી સાથે ધીમા અવાજે વાતો કર."*

આપણે ઈસુ ખ્રિસ્ત અને આર્ચબિશપ ફુલટન શીનની વાત પર પાછા આવીએ. ઈસુ ખ્રિસ્ત વિશે સંત પાઉલ કહે છે કે, "માનવરૂપે પ્રગટ થઈને તેમણે પોતાની જાતને નમાવી દીધી અને પોતે એવા તો આજ્ઞાધીન બની ગયા કે, મૃત્યુને -વધસ્તંભ ઉપરના મૃત્યુને-સુધ્ધાં તેમણે વધાવી લીધું" (ફિલિપ્પી ૨:૮). સંત પાઉલ વધુમાં કહે છે કે, ઈસુ ખ્રિસ્તે ક્રૂસ પરના મૃત્યુ દ્વારા સમગ્ર માનવજાત માટે જીવન અને અમરતાનો પ્રકાશ ફેલાવ્યો છે" (જુઓ ૨ તિમોથી ૧:૧૦)

ઈસુ ખ્રિસ્ત મૃત્યુને વરવા માટે આ પૃથ્વી પર આવ્યા, એવી આર્ચબિશપ શીનની વાતમાં તથ્ય છે. ખુદ ઈસુએ ત્રણ ત્રણ વાર પોતાના મૃત્યુની આગાહી કરી હતી. ત્રણેય શુભ સંદેશકારોએ મૃત્યુ અંગેની ઈસુની આગાહીની વાત કરી છે. ત્રણેય વખતની મૃત્યુની આગાહી સાથે પ્રભુ ઈસુએ મત્યુના ત્રીજે દિવસે ફરી સજીવન થવાની વાત પણ જોડે કરી હતી. દાખલા તરીકે, પ્રથમ વાર આગાહી કરતાં ઈસુ પોતાના શિષ્યો આગળ એ સ્પષ્ટ કરવા લાગ્યા કે, 'મારે યરુશાલેમ જવું જોઈએ; ત્યાં મારે પ્રજાના આગેવાનો, મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓને હાથે ઘણું વેઠવાનું છે, વધેરાઈ જવાનું છે, અને ત્રીજે દિવસે ફરી સજીવન થવાનું છે." (માથ્થી ૧૬:૨૧-૨૩)

પ્રભુ ઈસુના સમગ્ર જાહેર જીવનમાં આપણે જોઈ શકીએ છીએ કે, એક બાજુ એમનાં પ્રેમ, માફી, સેવા અને કરુણા જેવા સંદેશને આવકારતા એમના શિષ્યો અને અનુયાયીઓની સંખ્યા સતત વધતી હતી. તો બીજી બાજુ એમના વિરોધ કરતા ધાર્મિક, સામાજિક અને રાજકીય વિરોધીઓની સંખ્યા અને શક્તિ પણ જોર પકડતી રહી હતી. એનું પરિણામ ઈસુએ ભાખ્યા મુજબ ક્રૂસ પરનું એમનું મૃત્યુ છે.

સર્જનકારે માણસને સર્જ્યો ત્યારે "ઈશ્વરને પોતે બનાવેલું બધું ખૂબ જ સારું લાગ્યું." (ઉત્પત્તિ ૧ : ૩૧) ત્યાં મૃત્યુનું નામનિશાન નહોતું. પણ માણસે પાપ કર્યું અને મૃત્યુ આવ્યું. માણસ ઘણીબધી રીતે મૃત્યુનું નિમિત્ત બને છે. માણસ પાપ કરે છે. માણસ પોતાનાં સ્વાર્થ, લોભ, ગર્વ, અહંકાર, લાલચ અને દુરાચાર જેવાં અનેક પાપોથી મૃત્યુને નોતરે છે; મૃત્યુને પાત્ર બને છે. મૃત્યુપાત્ર માણસને મૃત્યુમાંથી તારવા માટે ઈસુએ ક્રૂસ પરનું મૃત્યુ પસંદ કર્યું.

માણસમાત્રને પાપની ગર્તમાંથી બચાવી એને શાશ્વત જીવન આપવા માટે ઈસુ આ ફાની દુનિયામાં આવ્યા. ઈસુએ પોતાના સંદેશમાં ઘણી વાર કહ્યું કે, "હું તો પુણ્યશાળીઓને નહિ, પણ પાપીઓને બોલાવવા આવ્યો છું" (માથ્થી ૯:૧૩). આ જ વાત વધુ હકારાત્મક રીતે ઈસુએ કહી છે કે, "હું એટલા માટે આવ્યો છું કે, એમને જીવન મળે અને ભરપટ્ટે મળે" (યોહાન ૧૦:૧૦)

બાઈબલના જૂના કરારમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે અને એ વાત ઈસુએ પોતાના શ્રોતાજનોને યાદ કરાવી છે કે, "ઈશ્વર કંઈ મરેલાંનો ન હોય, જીવતાંનો હોય છે" (માથ્થી ૨૨:૩૨). ચાર દિવસ મૃત્યુમાં પોઢી ગયેલા લઝરસને પુનર્જીવિત કરતાં પહેલાં ઈસુએ લોકોને સ્પષ્ટ કહ્યું હતું, "હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું" (યોહાન ૧૧:૨૫). મૃત્યુના ત્રીજા દિવસે સજીવન થઈને ઈસુએ પુરવાર કર્યુ છે કે, પોતે પુનરુત્થાન છે.

ફાધર આરોગ્યદાસ પીતરે આપણને બતાવ્યું છે તેમ, આપણે મૃત્યુને લાયક જીવનશૈલીથી, આપણા પાપમય જીવનથી, આપણે મૃત્યુના પાત્ર બન્યા છીએ. પરંતુ આપણે મૃત્યુથી ડરવાની કે હતાશ થવાની જરૂર નથી. મૃત્યુંજય ઈસુ ખ્રિસ્ત આપણી સાથે છે. ગુડ ફ્રાઈડે કે શુભ શુક્રવારનો એ સંદેશ છે કે, ક્રૂસ પરના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા ઈસુ ખ્રિસ્તે બધા માણસો માટે શાશ્વત જીવન બક્ષ્યું છે.

ઈસુએ આપણને માટે મેળવેલા શાશ્વત જીવનમાં આપણે ભાગીદાર બનીએ. ઈસુ પોતાને માટે નહિ પણ બીજાને માટે એટલે આપણા માટે જીવ્યા છે અને પાપથી દૂર જીવનનો માર્ગ ચીંધ્યો છે. એ જ રીતે આપણે પણ બીજાને માટે જીવીને ઈસુનાં જેવાં પ્રેમ, માફી, કરુણા અને સેવાને માર્ગે ચાલીએ. તો આપણે સંત પાઉલ સાથે બોલી શકીશું, "મૃત્યુ વિજયમાં વિલીન થયું. હે મૃત્યુ, તારો વિજય ક્યાં? ઓ મૃત્યુ, તારો ડંખ ક્યાં?" (૧ કરિંથ ૧૫:૫૫) ■

***એ વિચારીને નારાજ ના થતાં કે કામ મારું અને નામ બીજાનું, કારણકે સદીઓથી ઘી અને વાટ બળે છે, પણ લોકો એવું જ કહે છે કે દીવો બળે છે.***

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

મંથન

# ત્રણ પ્રકારના શાળા સંચાલકો

તુલસીભાઈ પટેલ

કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ માટે સંચાલન જરૂરી છે. જેમકે, વેરવિખેર લાકડાંની ભારી બાંધવી હોય તો તેમને ભેગાં કરવાં પડે છે, ને વ્યવસ્થિત રીતે બાંધવા પડે છે. વ્યક્તિગત પ્રવૃત્તિની વાત અલગ છે, પરંતુ સામુદાયિક પ્રવૃત્તિ માટે સંચાલન અનિવાર્ય છે. આજે તો સંચાલનનું ખાસ શાસ્ત્ર તૈયાર થયું છે. જેને મેનેજમેન્ટ કહેવામાં આવે છે, જેમાં વરસો સુધી અભ્યાસ કર્યા પછી બી.બી.એ. તથા એમ.બી.એ. ની ડિગ્રી મળે છે. નિશ્ચિત ધ્યેય સિદ્ધ કરવા માટે સુ-સંચાલન જરૂરી છે.

સમાજ અને રાષ્ટ્ર અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. એ પૈકી શિક્ષણની પ્રવૃત્તિ અગ્રીમ મહત્ત્વ ધરાવે છે, એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. વિજ્ઞાનની દૃષ્ટિએ આપણે 'પ્રાણી' છીએ. પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરીને આપણે પ્રાણીમાંથી 'માનવ' બનીએ છીએ. આપણા પૂર્વ સૂરિઓએ યોગ્ય જ કહ્યું છે 'विद्याविहनः नर पशु।' આપણે ત્યાં પ્રાચીનકાળથી વિદ્યાકીય સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. નાલંદા, તક્ષશિલા, વલ્લભીપીઠ જેવા પ્રાચીન વિદ્યાધામો માટે આપણે ગૌરવ અનુભવીએ છીએ.

પરંતુ વિદ્યાસંસ્થાઓના સંચાલનમાં આજે આપણે ક્યાં છીએ, એ વિશે વિચારવાનો અહીં ઉપક્રમ છે. બહુ દૂર નહીં જઈએ, નજીકના પાછલાં ૭૫ વર્ષથી આજ પર્યંત સ્થિતિ પર દૃષ્ટિપાત કરીશું. વિદ્યાસંસ્થાઓની સ્થાપના પાછળના ઉદ્દેશો અને સંચાલનને ધ્યાનમાં લેતાં આ ૭૫ વર્ષના સમયગાળાને ૨૫-૨૫ વર્ષના ત્રણ તબક્કામાં વિભાજીત કરી શકાય : (૧) ૧૯૪૦ થી ૧૯૬૫ (સુવર્ણ યુગ) : વિદ્યા માટે ત્યાગભાવના, ઉત્તમ સંચાલન (૨) ૧૯૬૫ થી ૧૯૯૦ (રૂપેરીયુગ) : સામાજિક ફરજની ભાવના, લોકશાહી ઢબે સંચાલન (૩) ૧૯૯૦ થી ૨૦૧૫ (પીત્તળ યુગ) : રૂપિયા રળવાની ઈચ્છા, વેપારી પેઢી ઢબે સંચાલન.

### (૧) સુવર્ણ યુગ (૧૯૪૦થી ૧૯૬૫) :

આ યુગની ધ્યાનાકર્ષક બાબત એ છે કે ઉદ્યોગપતિઓ, વિશેષ કરીને અમદાવાદ જેવા મહાનગરના મિલમાલિકોએ વિદ્યાસંસ્થાઓની સ્થાપનામાં સાચુકલો રસ દાખવ્યો. પોતાની અધિશેષ મૂડીનો ઉપયોગ એમણે અંગત ભોગવિલાસ માટે ન કર્યો. અમદાવાદની એજ્યુકેશન સોસાયટી, ગુજરાત વિદ્યાસભા, લાલદરવાજા વિદ્યાભવન, એલ.ડી.એન્જિનિયરીંગ, એમ.જી. સાયન્સ, એલ.ડી. આર્ટ્સ જેવી અનેક કૉલેજો, ગુજરાત યુનિવર્સિટી જેવી મોટી યુનિવર્સિટી અને એના પરિસરમાં આવેલી અનેક શિક્ષણ સંસ્થાઓની સ્થાપના એમણે કરી. શેઠશ્રી કસ્તુરભાઈ, સર ચીનુભાઈ, શેઠશ્રી અંબાલાલ સારાભાઈ, શેઠશ્રી મંગળદાસ, શેઠશ્રી અમૃતલાલ, શ્રી મફતલાલ ગગલભાઈ અને એવા બીજા અનેક મહાજનોએ આ સંસ્થાઓની સ્થાપના માટે લાખો-કરોડો રૂપિયાનું દાન કર્યું, ને સુચારુ ઢબે એનો વહીવટ પણ કર્યો.

આપણે સ્વરાજ મેળવ્યું, એની આસપાસના સમયગાળામાં શુદ્ધ વિદ્યાપ્રીતિથી અને ગાંધીવિચાર ભાવનાથી પ્રેરાઈને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક શિક્ષણ સંસ્થાઓ સ્થાપવામાં આવી. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના તો સન ૧૯૨૦ માં કરી, પરંતુ એમાં સેવાનું શિક્ષણ પામેલા સંનિષ્ઠ સેવકોએ તેમજ અન્ય મહાનુભાવોએ શિક્ષણના પ્રચાર-પ્રસાર પાછળ જીવન સમર્પિત કર્યું. વેડછીમાં સ્વરાજ આશ્રમ, ભાવનગરમાં ગ્રામદક્ષિણામૂર્તિ, સણોસરામાં લોકભારતી, રતનપુરમાં લોકનિકેતન, અમરાપુરમાં ગ્રામભારતી, અલીઆબાડામાં ગંગાજળા વિદ્યાપીઠ, અનેરામાં વિશ્વમંગલમ્, સુરેન્દ્રનગરમાં બાલાશ્રમ જેવી અનેક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. ગાંધીરંગે રંગાયેલા સર્વ શ્રી જુગતરામ દવે, નાનાભાઈ ભટ્ટ, ગીજુભાઈ, હરિસિંહ ચાવડા, મોતીભાઈ ચૌધરી, બાબુભાઈ શાહ, માલજીભાઈ દેસાઈ, નાગજીભાઈ દેસાઈ, ગોવિંદભાઈ રાવલ જેવી શિક્ષણ સમર્પિત વ્યક્તિઓએ આ સંસ્થાઓ પાછળ તન-મન-ધનનો ભોગ આપ્યો. અલબત્ત આજે ગાંધીવિચારમાં આપણી આસ્થામાં ઓટ આવી છે. આ સંસ્થાઓ આજે વેન્ટીલેટર પર ચાલે છે! નવી સંસ્થાઓ સ્થાપવાની તો વાત જ કેવી, આ સમયને આપણે ગુજરાતના વિદ્યાજગતનો સુવર્ણયુગ કહી શકીએ. આ સંસ્થાઓનું સંચાલન પણ વિવાદ વિના આત્મીય ભાવનાથી ચાલતું રહ્યું.

### (૨) રૂપેરી યુગ (૧૯૬૫ થી ૧૯૯૦) :

આ સમય દરમ્યાન શિક્ષણ ભૂખ વધી અને ગુજરાતનાં ગામેગામ ઓછું ભણેલા પરંતુ વધુ ગણેલા વડીલોએ કેળવણી મંડળોની સ્થાપના કરી. ગ્રામજનો પાસેથી દાન ઉઘરાવીને એવી સ્કૂલો તથા માધ્યમિક શાળાઓની સ્થાપના કરી. ઉત્તર ગુજરાતમાં કડી, પિલવાઈ, વિસનગર, બલોલ, જોટાણા વગેરે ગામોમાં છાત્રાલય સાથેની શાળાઓ અસ્તિત્વમાં આવી. પૂ. છગનભા, છ.કા. પટેલ જેવા અદ્‌ભુત હૈયાસૂઝ ધરાવનાર અનેક ભેખધારી

વડીલોએ શૂન્યમાંથી સર્જન કર્યું. શિક્ષકોને પૂરા પગાર આપવામાં આવતા હતા. 'ડોનેશન' જેવો શબ્દ જ ન હતો! અરે! વિજ્ઞાન, અંગ્રેજી જેવા વિષયોમાં શિક્ષક ન મળતા તો કેળવણી મંડળ તરફથી ઈન્ક્રીમેન્ટ આપી એમની સેવાઓ લેવામાં આવતી. ચાલુ નોકરીએ શિક્ષકોને બી.ટી. (આજનું બી.એડ્) ની તાલીમ માટે મોકલવામાં આવતા.

આ ગાળા દરમિયાન તાલુકા મથકોમાં તેમજ નાના શહેરોમાં કૉલેજો સ્થાપવાનો જાણે રાફડો ફાટ્યો! સરકારી અનુદાનથી 'નહીં નફો, નહીં નુકસાન' ના ધોરણે આ સંસ્થાઓ ચાલતી. એમનું સંચાલન લોકશાહી ઢબે કરવામાં આવતું. પ્રથમ યુગના સંદર્ભમાં આ સમયે વિશ્વગંગા થોડી નીચે ઉતરી, તેથી તેને રૂપેરી યુગ કહી શકાય.

**(૩) પીત્તળ યુગ (૧૯૯૦ થી ૨૦૧૫) :**

આ સમયગાળો વિદ્યાજગત માટે પતનનો યુગ ગણાય. આ સમયે અર્થતંત્ર ક્ષેત્રે ઉદારીકરણ યુગનો આરંભ થયો. શિક્ષણ જેવી પવિત્ર બાબત એમાંથી બાકાત રહેવી ઘટે. ના, પણ અંતે માણસ 'આર્થિક પ્રાણી' છે. એટલે અર્થવ્યવસ્થાનો ચેપ એને પણ લાગ્યો. ઉદાર અર્થવ્યવસ્થાની વિભાવના, એને તો ભાવતું હતું ને વૈધે કહ્યું જેવી લાગી!

'વિદ્યા વેચાય નહીં' એ આપણો પ્રાચીન આદર્શ ક્યાં? અને પૈસા ખાતર સરસ્વતીનું બજાર વચ્ચે લીલામ કરનાર આપણા વિદ્યાવેપારીઓ ક્યાં? આપણી ભારતીય પરંપરાનું શીર્ષાસન થયું જાણે! વિરોધાભાસ તો જુઓ, ૧૯૪૦ થી ૧૯૬૫ ના સુવર્ણ યુગમાં આપણા મૂલ્યનિષ્ઠ સુખી મહાજનો પોતાનું સરપ્લસ ધન વિદ્યાપ્રચાર માટે વાપરતા હતા. હવે ધન મેળવવા માટે થઈને વિદ્યાનો વેપાર શરૂ થયો. શિક્ષણજગતમાં મૂડીવાદ અસ્તિત્વમાં આવ્યો. મૂડીવાદી શિક્ષણકારો પોતાના બચાવમાં (કુ)તર્ક પ્રસ્તુત કરે છે કે, બજારમાં કશુંય મફત મળે છે ખરું? શિક્ષણ તો સૌથી મૂલ્યવાન ચીજ છે. એ શી રીતે મફત મળે? ઠીક છે, દુકાનમાં કશું મફત મળતું નથી. જેટલા રૂપિયા ચૂકવીએ તેટલો માલ મળે છે. પણ તમારી દુકાનમાં તો રૂપિયાની સામે ચાર આનાનો પણ માલ મળતો નથી, એનું શું? આજે કેટલીયે સંસ્થાઓમાં કેટલોક સ્ટાફ કેવળ કાગળ ઉપર ચાલે છે. અરે! કેટલીક આખેઆખી કૉલેજ કાગળ ઉપર ચાલે છે! મૂડીવાદે નીતિશાસ્ત્ર સાથે છૂટાછેડા લીધા છે.

'ડોનેશન' જેવા પવિત્ર શબ્દનું કેવું પતન થયું છે! ટ્યુશનની બદી તો જાણે ફરજિયાત થઈ ગઈ છે. જાતભાતની ફીને નામે વાલીઓને ખંખેરવામાં આવે છે. વાલીઓ પણ ભ્રમમાં હોય છે કે, જેમ ફી ઊંચી એમ શિક્ષણ ઉત્તમ!

આવું કેમ બન્યું? સરકારે શિક્ષણ વિશે પોતાની ફરજ બાબતે હાથ ઊંચા કર્યા, એનો લાભ શિક્ષણક્ષેત્રના મૂડીવાદી લોકો ઊઠાવી રહ્યા છે. હવે 'કેળવણી મંડળ' નહીં પરંતુ કાયદેસર ખાનગી ટ્રસ્ટો અસ્તિત્વમાં આવ્યા છે. ટ્રસ્ટના સભ્યો લગભગ પરિવારજનો અથવા સગાવહાલાં જ હોય છે. મોટેભાગે સોફા કમ બેડની જેમ આચાર્ય અને સંચાલક એક જ હોય છે. શિક્ષણની માઠી દશા બેઠી છે. આ સંદર્ભમાં શ્રી નટવર પટેલનું કાવ્યપુસ્તક 'મા સરસ્વતીની વેદના' સહુએ વાંચવું ઘટે. એમાં સરસ્વતીની અવદશા અને પીડાનું હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે.

'સ્વનિર્ભર' શબ્દ કેટલો છેતરામણો છે! વાસ્તવમાં 'વાલીનિર્ભર' શબ્દ જોઈએ. ગરીબ વાલી તો ભારેખમ ફી ભરી શકે નહીં. હા, સરકારે નિયમ બનાવીને ૨૫% સીટ એમને માટે ફાળવી છે. પરંતુ એનો કેટલો અમલ થતો હશે તે તો વહીવટકર્તા યા સંચાલકશ્રીઓ જ જાણે!

શિક્ષણની અવદશા માટે સરકાર, શિક્ષક, આચાર્ય, સમાજ, વાલી, વિદ્યાર્થી, સંચાલક એમ સહુ જવાબદાર ગણાય. પરંતુ સંચાલકની જવાબદારી સવિશેષ ગણાય. એટલા માટે કે સંચાલક એ શાળારૂપી આગગાડીનું એન્જિન છે, પાવરશક્તિ છે. આ રીતે સંચાલકનું બહુ મોટું ગૌરવભર્યું સ્થાન છે. સંચાલકોએ પોતાનું સ્થાન દીપાવવું જોઈએ. એ માટે એમણે શિક્ષણના આદર્શો અને નીતિ-નિયમોનું પાલન કરવું ઘટે. વિદ્યાના પ્રચાર-પ્રસારનું એમણે જે કામ હાથ ધર્યું છે, એ કેટલું મહિમાવંત છે, એમની પ્રતીતિ એમને પોતાને હોવી ઘટે. પોતાની ફરજો બજાવ્યા પછી બીજાં પરિબળો તરફથી સહકાર ન મળે તો એ માટે એમણે અવશ્ય પ્રતિકાર કરવો જોઈએ, લડત આપવી જોઈએ. પરંતુ કેવળ આર્થિક લાભના પાસા વિશે આયોજન કરતા રહેવું અને વિદ્યાકીય ફરજો પ્રત્યે ઉપેક્ષા કરવી એ પોતાના પવિત્ર કર્તવ્યથી ચલિત થવા જેવું છે.

કાળા વાદળની રૂપેરી કોર જેવી સુંદર શિક્ષણ સંસ્થાઓ પણ અસ્તિત્વમાં આવી છે. સુંદર સુવિધાજનક મકાન, આધુનિક ફર્નિચર, સમૃદ્ધ ગ્રંથાલય, સુસજ્જ પ્રયોગશાળા, નયનરમ્ય ઉદ્યાન, રમતગમતનું વિશાળ મેદાન, આરામદાયક અધ્યાપન ખંડ, વિદ્યાર્થીઓ માટે સ્વતંત્ર ખંડ, સેનેટરીની સ્વચ્છ સુંદર વ્યવસ્થા જોઈને દિલ-દિમાગ શાતા અનુભવે છે. રણમાં મીઠી વીરડી સમાન આવી સંસ્થાઓના સંચાલકોને ધન્યવાદ ઘટે છે. અલબત્ત ઉમાશંકર જોશીએ કહ્યું છે તે પ્રમાણે શાળાની ઈમારત પડી જાય પછી જે બચે છે તે સાચી શાળા છે. મતલબ કે શિક્ષક અને વિદ્યાર્થીઓ વડે સાચી શાળા બને છે. એમાં આજે સંચાલકનું નવું મહત્ત્વપૂર્ણ પરિબળ ઉમેરાયું છે. તેઓ તમામ શૈક્ષણિક સુવિધાઓ ઊભી કરે. સંનિષ્ઠ અને વિદ્યાપ્રેમી અધ્યાપકો અને આચાર્યની નિમણૂંક કરે. એમને સરકારમાન્ય નિયમિત વેતન આપે, વાલીઓઅને સમાજ સાથે સંવાદી સંબંધ કેળવે. એમણે મોટું મૂડીરોકાણ કર્યું છે, એટલે સામે વળતરની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. પરંતુ આપણે એમની પાસે એટલી અપેક્ષા અવશ્ય રાખીએ કે, પ્રથમ તો તેઓ સ્વયં વિદ્યાનુરાગી હોય, શિક્ષણનું શાસ્ત્ર અને દર્શનમાં તેઓ નિષ્ણાત ભલે ન હોય, પરંતુ તે દિશામાં અભિમુખ હોય. શિક્ષક,

સમાજ અને વિદ્યાર્થીનું હિત એમના હૈયે વસેલું હોય, શાળામાં વિભૂતિઓ નિમંત્રિત કરી એમનાં પ્રવચનોનું આયોજન થતું હોય. કેવળ પરીક્ષાલક્ષી નહીં પરંતુ જીવનલક્ષી શિક્ષણ પર ભાર મૂકવામાં આવે. મૂડી રોકાણના પ્રમાણમાં ન્યાયોચિત વળતરથી વિશેષની અપેક્ષા ન રાખવામાં આવે. વિદ્યાને નીતિવિહીન વ્યાપારનું સાધન તો હરગીજ માનવામાં ન આવે. આવા બધા અશક્ય નહીં, પરંતુ વ્યવહારિક નીતિ-નિયમોનું હસતે વદને પાલન કરશો, તો આપ સ્વયં સાર્થક જીવન પામશો, ને સમાજને સુખી-સમૃદ્ધ બનવામાં મૂલ્યવાન ફાળો આપી શકશો. સ્વાર્થ અને પરમાર્થ બંનેનો યોગ સધાશે. અસ્તુ!

*૧, ઉદયનગર સોસાયટી*
*હોટલ આશ્રયની બાજુમાં, મહેસાણા-૩૮૪ ૦૦૨.*

## બોધકથા : હાથી અને ડુક્કર

એક હાથી નદીમાં સ્નાન કરીને પોતાના સ્થાન પર જવા રસ્તામાં ચાલતો હતો. ચાલતા ચાલતા તે એક પુલ પાસે આવ્યો, જ્યાં પુલના બીજા છેડેથી એક ડુક્કર આવતો હતો. ડુક્કર પૂરા શરીરે કાદવથી ખરડાયેલ હતો. હાથીએ ડુક્કરને જોયો અને રસ્તા પરથી ખસીને એક બાજુએ ઉભો રહી ગયો અને ડુક્કરને રસ્તા પરથી જવા દીધો. જેવો ડુક્કર ત્યાંથી પસાર થઈ ગયો, તેવો જ હાથીએ પોતાની યાત્રા ફરીથી શરૂ કરી દીધી.

ગંદા ડુક્કરે પોતાના મિત્રો પાસે આ ઘટના વિશે બોલતા બડાઈથી કહ્યું "જુઓ, હું કેટલો મહાન છું, હાથી પણ મારાથી ડરે છે અને હું જ્યા ચાલતો હોઉ તે રસ્તા પરથી ખસી, એક બાજુ ઉભો રહીને મને પસાર થવા દે છે." આ વાત સાંભળીને હાથીના કેટલાક મિત્રોએ હાથીને આનું કારણ પૂછ્યું "શું તે ભયના લીધે રસ્તા પરથી ખસીને ડુક્કરને પસાર થવા દીધો?"

હાથીએ સ્મિતથી જવાબ આપ્યો, હું નાહીધોઈને સ્વચ્છ હતો અને ડુક્કર ગંદો હતો. હું ડુક્કરને બહુ સહેલાઈથી મારા પગ નીચે ચગદી શક્યો હોત પરંતુ તેથી મારા પગ ગંદા થઈ જાત, જે હું ઇચ્છતો ન હતો. તેથી મેં ખસીને તેને જવા દીધો.

બોધ : મુમુક્ષુ આત્મા નકારાત્મક વિચારો ધરાવતી વ્યક્તિઓ સાથે વાદવિવામાં પડી પોતાની શક્તિ અને સમય બગાડતા નથી. તેઓ પોતાના સામર્થ્યનું પ્રદર્શન ન કરતાં, આવી માનસિકતા ધરાવતી વ્યક્તિઓના છાંટા પોતાના પર ન ઊડે તેવી સાવચેતી રાખી પોતાના આત્માના ઉત્કર્ષના માર્ગે ચાલતા રહે છે.

*– શાંતિલાલ ગડા*

## રાસાયણિક ખાતર અને જંતુનાશક ખેતી બંધ કરો

આજે વિદેશી કંપનીઓ ભારતમાંથી ૨૫૦૦૦ કરોડ રૂપિયાની રોયલ્ટી (જીનેટીકલી મોડીફાઈડ) ફક્ટ બીટી કોટન બિયારણ દ્વારા લઈ જાય છે. આજે ભારતમાં રૂપિયા ૭,૮૦,૦૦૦ કરોડનું રાસાયણિક ખાતર આયાત થાય છે. જો ગાય આધારિત સજીવ ખેતી અપનાવવામાં આવશે તો વિદેશી હુંડિયામણ બચી જશે અને ખેડૂત ભાઈઓ અને દેશ સમૃદ્ધ બનશે. ભારતમાં રોજની હજારો ગાયોની હત્યા થાય છે તે બચી જશે.


આજે બજારમાં મળતી જંતુનાશક દવાઓની મૂળ કિંમત રૂ. ૫ હોય છે તે રૂ. ૧૦૦ માં વેચાય છે. આજે દુનિયામાં ૩૦,૦૦૦ જાતની જંતુનાશક દવાઓ ફરે છે. તેમાં પાકને લગતા કોઈ રોગ નાબુદ થઈ જવાની ખાતરી નથી.

એન્ડો સલ્ફાન, ક્લોરોપાયરી ફોર્સ, મોનોકોટોસ જેવી જંતુનાશક દવાઓથી મનુષ્યને કેન્સર, ડાયાબિટીસ, હાર્ટએટેક જેવા રોગો થાય છે. જે આપણા દેશમાં નહી પરંતુ વિદેશના વૈજ્ઞાનિકો દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આજે મનુષ્યના શરીરમાં ડીડીટી જેવા રસાયણો ઘૂસી ગયાં છે. અમેરિકામાં રાસાયણિક ખાતરથી ૨૦% યુવાનો નપુંસક થઈ ગયા છે. કેનેડા અને ઇન્ડોનેશિયાએ તાત્કાલિક અસરથી રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાઓ પર પ્રતિબંધ લાદેલ છે. અમારી ટીમ ડૉ. વલ્લભભાઈ કથીરીયા, મનસુખભાઈ સુવાગીયા, કાંતિભાઈ પટેલ, ગુજરાતભરમાં ફરીને ખેડૂતોને ગાય આધારીત સજીવ ખેતી તરફ વાળી રહ્યા છે. અમો ટીવી. રેડિયો, પત્રિકાઓ, કૃષિ મેળામાં સ્ટોલ તથા જાહેર ખબર દ્વારા પ્રચાર કરી રહ્યા છીએ.

માજી સૈનિક, ખેડૂત પુત્ર ભાઈ સુરેશભાઈ વીરડીયા આજે ગાય માતા ધરતી માતાની સેવા કરે છે અને ગામે ગામ ફરી સજીવ ખેતી જીવામૃત તરફ વાળવાની પ્રેરણા આપે છે. તેમના ખેતરમાં એક પણ રૂપિયાનો રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓનો ખર્ચ થયેલ નથી. આ મિશન ભારતભરના ગામડાઓમાં ચલાવી રહ્યા છે. જીવામૃત ખાતરથી ગુજરાતભરના ગામડાઓમાંથી સંદેશ આવેલ છે કે આંબાના બાગમાં હાફુસ તથા કેસરમાં એક મહિનો વહેલો મોર આવેલ છે. ઉપરોક્ત આંકડાકીય માહિતી સરકારી દસ્તાવેજો દ્વારા દર્શાવેલ છે.

જીવામૃત ખાતર (ગાય આધારિત સજીવ ખેતી) અંગેની વધુ વિગત માટે ભરતભાઈ પરસાણાનો (ફોન : (૦૨૮૧) ૨૩૬૮૫૫૫) સંપર્ક કરવો. ■

"ROLEX" Brand



Rushabh
STEEL CENTRE

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072

MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

સમાજ

# ઘર ઘર ફરીને પેટિયું રળતા મૂકસેવકો

કાન્તિ ભટ્ટ

ભારતમાં ખેડૂતનાં સંગઠનો છે, ડૉક્ટરોનાં એસોસિએશન છે, પત્રકારોનાં સંગઠન છે. મોડે મોડે જ્ઞાતિઓએ પોતાના જૂથ બનાવ્યાં છે. માત્ર આખા ભારત અને દુનિયાના શાંત અને મૂંગા અર્થતંત્રના છૂપા વર્કરો છે તે ડોમેસ્ટિક વર્કરના વ્યવસ્થિત મજબુત સંગઠન નથી. અમુક શહેરોમાં ઘરકામ કરનારાના સંગઠનો હશે પણ તે બહુ અસરકારક નથી. ઘરકામ કરનારી બાઈઓ ઝૂંપડામાં રહે છે. તેના ઘરને નિભાવવા અને દીકરીઓને ભણાવવા ત્રણ-ત્રણ ઘરનાં કામ કરે છે. સવારે સુંદર સાડી પહેરીને નીકળે છે. સાંજે ત્રણ ઘરના કામ કરીને જાય, ત્યારે તેનાં કપડામાંથી એંઠવાડની વાસ આવે છે. કારણ કે ત્રણ ઘરનાં વાસણ માંજીને તેણે ગંદા થવું પડે છે.

ઘરકામની આ મૂંગા સેવકોની સમસ્યા તરફ નરેન્દ્ર મોદી કે સંયુક્ત રાષ્ટ્ર સંઘનું ધ્યાન ગયું નથી. ઘરકામના નોકરો મુંબઈમાં તો તેના અર્થતંત્રનાં મૂંગા પાયા છે. ફિલ્મસ્ટાર શમ્મી કપુર પરણ્યા ત્યારે ઘરકામ કરનારી છ બાઈઓ રાખેલી. અમેરિકામાં ગુલામીની પ્રથા હતી ત્યારે પ્રમુખ થોમસ જેફરસન ગુલામ બાઈઓને કામવાળી તરીકે રાખતા. ઑક્સફર્ડ જુનિયર એન્સાઈક્લોપીડિયામાં તો ડોમેસ્ટિક સર્વન્ટ (ઘરકામ કરનારા નોકરો) નો આખો ઇતિહાસ લખ્યો છે.

રોબર્ટ સિકલર નામના લેખકે કહ્યું છે કે ઇંગ્લેન્ડનો મધ્યમ વર્ગ પણ એટલો મોભો રાખતો કે ઘરમાં ત્રણ-ત્રણ કામવાળી ન પોસાય તોય રાખતા. તેમાં એક ખાસ બટલર (રસોઈ કરનાર) હોય. આ બટલરને ઘરમાં જે દારૂની બાટલીનો કબાટ હોય તે જ સંભાળવાનું હોય. બટલરો ઇંગ્લેન્ડના મહેલોવાળા કે મધ્યમવર્ગના વિશ્વાસુ હતા. એટલા બધા વિશ્વાસુ કે ઘરની ચાવી તેને આપતા. રાજાનો હુકમ હતો કે ભોજન લેતા તે મિત્રો સાથે કે પત્ની સાથે જે વાતો કરે તે એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખવી. એટલા માટે જ ઘણા બટલરો મહેલોનાં લફરાનાં પુસ્તકો લખીને કમાતા.

આજે જો ભારત કે બાંગ્લાદેશ કે પાકિસ્તાની ઘરકામ કરનારાને છૂટથી વિઝા અપાય તો એક સાથે ૧ કરોડથી સવા કરોડ કામવાળાઓને તુરંત યુરોપ - અમેરિકામાં કામ મળી રહે. ભારતની સ્ત્રી-પુરુષની બેકારીનો ઉકેલ આવી જાય, પણ અમેરિકામાં આજે ૨૦૧૮માં ઘણા ઘરોમાં વાસણ માંજવાથી માંડીને કપડાં ધોવાનું કે રસોડાનું કામ પત્ની કરે છે, તેમાં પતિ પણ તેને મદદ કરે છે. ભારતના ભાયડાઓએ પત્નીને રસોડામાં મદદ કરતાં શીખવું જોઈએ.

હું પિનાંગ રહેતો ત્યારે સ્વ. પાડુંરંગ શાસ્ત્રી મારા કાકાના ઘરે મહેમાન થયા હતા. ત્યારે પાંડુરંગે કહ્યું કે, 'હું બ્રાહ્મણના હાથનું રાંધેલું જ જમીશ.' ત્યારે પાંડુરંગ શાસ્ત્રી માટે મેં પેન્ટ-શર્ટ પહેરીને રસોઈ બનાવી હતી. ત્યારે તેમણે કહ્યું હતું કે, 'તમે રસોઈયો અપટુડેટ રાખ્યો છે.' ત્યારે મારા કાકાએ કહ્યું કે એ રસોઈયો નથી, મારો સગો ભત્રીજો છે.

ઇંગ્લેન્ડમાં તો ઘરકામ કરનારા નોકરો પૂરા પાડતી એજન્સીઓ હોય છે. આજે ઘરકામ કરનારી બાઈઓની તકલીફ એવી ને એવી છે. બે પાડોશણો ભેગી થાય તે પોલિટિક્સની ચર્ચા કે કોમ્પ્યુટરની ચર્ચા નથી કરતી પણ ઘરકામ કરનારી નોકરોની ફરિયાદ કરશે.

પંચોતેર વર્ષ પહેલાં મારી માતા પણ ઘરકામ કરનારીની ફરિયાદ કરતી. એ હજી ઘણાં ઘરોમાં ચાલે છે. આવી ચર્ચા કરીને મારી બા થાકીને કહેતા કે 'હૈયું બાળવું તેના કરતા હાથ બાળવા સારા.' એમ કહીને કામવાળાને કાઢી મૂકી હાથે કામ કરતાં. કેટલીક કામવાળીઓ આજે એટલી સમૃદ્ધ થઈ છે કે મુંબઈ અને અમદાવાદ કે વડોદરામાં અમુક ઘરની કામવાળીઓ પોતાના ઘરનું કામ કરવા પોતે જ બીજી કામવાળી રાખે છે.

મારા એક મિત્ર ઍડવોકેટે મને ચેતવેલો કે તમે એકલા હો ત્યારે ઘરકામ કરનારીને દીકરીની જેમ સાચવવી. જો તેને સતત ટોક્યા કરશો તો વેર વાળશે. સિડનહામ કૉલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલનું ખૂન તેના ઘર નોકરે કરેલું.

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન લોઈડ જ્યોર્જે સંતાનો માટે એક ટ્યુટર બાઈ રાખી હતી. પણ પછી આત્મિયતા થતાં એ બાઈ ઘરકામ પણ કરવા લાગી અને અંતે લોઈડ જ્યોર્જ તેના પ્રેમમાં પડ્યા. અમેરિકાના પ્રમુખ થોમસ જેફરસનને તેની નોકર કુમારી સેલી હેમિઝ થકી સંતાન પણ થયેલાં. ૨૫ વર્ષ સુધી આ ઘરકામ કરનારી પ્રમુખની ગૃહિણી તરીકે રહેલી.

મુંબઈ શહેરમાં આજે ઘરકામ કરનારાની સંખ્યા ૭૦ વર્ષ પહેલાંના મુંબઈની કુલ વસતિ જેટલી થઈ ચૂકી છે. મુંબઈમાં પંદર વર્ષ પહેલાં વીસ લાખ જેટલા ઘરકામ કરનારા નોકરો હતા, આજે બમણા થઈ ગયા છે. આખે આખી નોકરોની ઝૂંપડપટ્ટીઓ છે. ઝૂંપડાવાળા નોકરો છે પણ ઘણાને ઘરે મોટર પણ હોય છે. મુંબઈની એક કોર્ટમાં કેસ આવ્યો તે છૂટાછેડાનો હતો. એક બેન્ક ઓફિસરને નોકર બાઈ સાથે પ્રેમ થયો. તેની પત્નીએ આ વાત કોર્ટમાં રજૂ કરીને છૂટાછેડા લીધા હતા.

અનેક લોકો તેમના નોકરો સાથે માનથી વર્તતા હોય છે, પણ ઘણા લોકો નોકરોને હલકી નજરે જોતા. એક બિલ્ડિંગમાં નોકરો માટે લિફ્ટ પણ જુદી હતી સાથે મુંબઈમાં જ્યારે રેશનિંગ હતું ત્યારે અમુક ઘરોમાં તો ઘરનોકરો માટે સડેલા ઘઉં અને ચોખા પણ વપરાતા હતા! ■

આરોગ્ય

# અલઝાઈમર અને અશ્વગંધા

દક્ષા રાઠોડ

વૃદ્ધાવસ્થા સામાન્ય છે, પરંતુ અલઝાઈમર રોગ સામાન્ય નથી. અલઝાઈમર રોગ સાધારણ રીતે વૃદ્ધાવસ્થામાં વધારે જોવા મળે છે. સૌ પ્રથમ આનું વર્ણન અને નામકરણ જર્મન માનસ રોગના વિશેષજ્ઞ (Psychiatrist) એલોઇસ અલઝાઈમરે કરી હતી. અલઝાઈમર એક Neurological disroder (મગજ ને લગતો રોગ) છે. આ રોગ ધીરે ધીરે પોતાના લક્ષણો વ્યક્ત કરે છે. આયુર્વેદમાં માનસિક સ્વાસ્થને શારીરિક સ્વાસ્થ જેટલું જ મહત્ત્વ આપેલ છે. માનસિક તમામ રોગો માટે અનેક ઔષધ તથા પંચકર્મનું આયુર્વેદિક શાસ્ત્રમાં વર્ણન કરેલ છે. અશ્વગંધા એક ઉત્તમ ઔષધિ છે. આયુર્વેદમાં અશ્વગંધાના ઉપયોગથી રોગમુક્તિ, રસાયણકાર્ય તથા નિત્ય સ્વાસ્થ્યપ્રદાનતા માટેના અનેક ઉપાયનું વર્ણન કરેલ છે.

અલઝાઈમર રોગ થવા માટેના અનેક કારણ તથા પરિબળો જવાબદાર હોઇ શકે છે, જેમાં Head injury માથાની ઈજા, depression (માનસિક અવસાદ), hypertension (ઉચ્ચ રક્તચાપ) વગેરે કારણો હોઇ શકે છે. એક આંકડા મુજબ આખા વિશ્વમાં અંદાજિત ૨૯.૮ મિલિયન લોકો આ રોગથી પીડાય છે. રિસર્ચ મુજબ અલઝાઈમર રોગની શરૂઆત ૬૦-૭૦% લોકોમાં ડેમેન્શિયા (યાદશક્તિ ન રહેવી) થી થાય છે. ધીરે ધીરે પછી આ રોગના લક્ષણોમા સમય સાથે વધારો થાય છે જે નીચે મુજબ છે.

★ Dementia (યાદ શક્તિ ન રહેવી)
★ Language Problem (ભાષા બોલવામાં તકલીફ થવી)
★ Disroientation (એકદમ કોઈ વાત ભૂલાઇ જવી)
★ Mood swings (સ્વભાવમાં બદલાવ થવો)
★ Loss of motivation (પ્રેરણાશક્તિ ઓછી થવી)
★ Not able to manage self-care (પોતાનું ધ્યાન ન રાખી શકવું)
★ Behavioral changes (વર્તાવમાં બદલાવ આવવો)
★ Lack of decision power (નિર્ણય લેવાની શક્તિમાં ઘટાડો થવો)
★ Insomnia (ઊંઘ ઓછી આવવી)
★ Depression (માનસિક અવસાદ)
★ Attentiveness (પોતાની તરફ બીજાનું ધ્યાન રહે તેવી ઈચ્છા રાખવી)
★ Irritability (ચીડચીડાપણું થવું)
★ Reduce awareness (ધ્યાન ન રહેવું)
★ Apraxia (કહેલું કાર્ય કરવામાં અક્ષમતા)
★ Shrot term memory loss (ટૂંક સમય પહેલાંની ઘટનાઓ ભૂલી જવી)
★ Long term memory loss (લાંબા સમય પહેલાંની ઘટનાઓ ભૂલી જવી)

વગેરે અલઝાઈમર રોગના મુખ્ય લક્ષણો છે.

***અલઝાઈમર રોગ મુખ્ય બે રીતે થાય છે.***

(૧) Cognitive Symptoms (યાદશક્તિ સંબંધિત લક્ષણ)
(૨) Functional Impairment (કાર્ય કરવાની અક્ષમતાને લગતા લક્ષણ)

આ ઉપરોક્ત વર્ણવેલ લક્ષણ ૪ તબક્કામાં જોવા મળતા હોય છે.

1. Predementic stage
2. Early stage
3. Moderate stage
4. Advanced stage

### (1) Predementic stage :

આ અલઝાઈમર રોગનો પ્રથમ Stage છે. શરૂઆતમાં Predementia નાં લક્ષણોને આપણે માનસિક તણાવ અથવા વધતી ઉંમરથી થતું હશે, એવું વિચારીને તેના લક્ષણો પર ધ્યાન નથી આપતાં. આ રોગનાં લક્ષણોની પૂરતી માહિતી ન હોવાથી, આમ થવું તે કોઈ રોગ થવાની શક્યતા છે તે સમજતા નથી. શરૂઆતમાં જ દર્દીમાં થતાં આ બધા બદલાવ પર ધ્યાન આપવામાં આવે તો તેની સારવાર જલદીથી થઈ શકે છે. વ્યક્તિની રોજબરોજની પ્રવૃત્તિ, વર્તણૂક, સ્વભાવ વગેરેમાં થતા બદલાવને ધ્યાન આપવાથી આ રોગની પહેલાં જાણ થઈ શકે છે. તેમાં પણ Shrot term memory loss ટૂંક સમય પહેલાંની ઘટનાને ભૂલી જવી જે વ્યક્તિમાં જોવા મળે છે, નવી કોઈ પણ

માહિતી યાદ રાખવામાં મૂંઝવણ થાય, માનસિક અવસાદ રહેવો, બીજા તે વ્યક્તિ તરફ ધ્યાન આપે તેવી સતત ઈચ્છા રાખવી, નાની વાતમાં ચીડચિડાપણું કરવું, કોઈ પણ પ્રકારનું ધ્યાન ન રહેવું... વગેરે મુખ્ય રીતે જોવાં મળે છે.

**(2) Early Stage :**

કોઈ પણ નવી વસ્તુ શીખવાની ક્ષમતા ન રહેવી, યાદશક્તિમાં ઘટાડો થવો, પોતાની જાતનું ધ્યાન રાખવામાં તકલીફ થવી. જેમકે કપડાં પહેરવા પોતાના માટે નિર્ણય ન લઈ શકવો, પોતાની ભાષા બોલવામાં તકલીફ થવી, અમુક શબ્દો યાદ ન આવવા, શબ્દો લખવામાં તકલીફ થવી...વગેરે લક્ષણ જોવા મળે છે. આ સ્ટેજમાં Language Problem વધારે જોવા મળે છે. આ તબક્કે જૂની યાદશક્તિ પર અસર થતી નથી.

**(3) Moderate Stage :**

આ સ્ટેજમાં વ્યક્તિ બીજા પર વધુ નિર્ભર થવા લાગે છે. પોતાની રોજિંદી પ્રવૃત્તિ જાતે નથી કરી શકતો. ભાષા ભોલવામાં, લખવામાં તકલીફ પહેલાં કરતાં વધે છે. શબ્દો યાદ કરવામાં તકલીફ થાય છે, શબ્દો વાંચવામાં તકલીફ થાય છે, લાંબા સમયની બનેલી ઘટના યાદ નથી રહેતી...વગેરે જેવાં લક્ષણો જોવા મળે છે. આ સ્ટેજમાં વ્યક્તિ કેટલીકવાર પોતાના નજીકના સગાને પણ ઓળખી શકતો નથી. અહીંયાં Episodic memory (પોતાની જૂની પૂર્વ સમયની યાદો), Sematic memory (સમજેલી અથવા યાદ કરેલી જરૂરી બાબતો), Implicit memory શરીરની કાળજીને લગતી યાદો જેમકે જવું, પાણી પીવું...વગેરે) આ બધા પર પ્રભાવ પડે છે. કેટલીક વ્યક્તિમાં Falling (પડી જવું) લક્ષણ પણ જોવા મડે છે.

**(4) Advanced Stage :**

આ સ્ટેજમાં વ્યક્તિ સંપૂર્ણપણે બીજા ઉપર નિર્ભર થઈ જાય છે. શબ્દો કે વાક્યોમાં પોતાની વાત રજૂ કરે છે. વ્યક્તિની બોલવાની ક્ષમતામાં પણ બદલાવ આવે છે. વાતોની જગ્યાએ વ્યક્તિ ઈશારાની ભાષામાં વધારે સમજે છે. તે વ્યક્તિમાં ઉપરોક્ત દર્શાવેલા દરેક સ્ટેજમાં બતાવેલાં બધાં જ લક્ષણ વધારે જોવા મળે છે અને તે બધા લક્ષણ વધારે સમય સુધી રહે છે. વિશેષ કરીને વ્યક્તિમાં એકદમ ગુસ્સે થવું અથવા એકદમ શાંત થઈ જવું તેવું સામાન્ય રીતે જોવામાં આવ્યું છે. કેટલાક લોકોમાં ચાલવા ફરવાની ઈચ્છામાં ઘટાડો થતો જોવામાં આવ્યો છે. વ્યક્તિ અંતે પથારીવશ થઈ જાય છે.

અલઝાઈમર રોગથી મૃત્યુ થવાની કોઈ જ માહિતી આપેલ નથી. તેમાં તે રોગીમાં અન્ય કષ્ટસાધ્ય રોગ જેમકે HTN, PNEUMONIA, PRESSURE, ULCER... વગેરેથી રોગી વ્યક્તિનું મૃત્યુ દર્શાવેલ છે.

અશ્વગંધા ઔષધ અલઝાઈમર રોગ માટે અચૂક રામબાણ ઈલાજ છે. 'અશ્વગંધા' શબ્દનો અર્થ 'ઘોડા જેવી સુગંધ ધરાવવી' થાય છે. અશ્વગંધાના મૂળમાંથી ઘોડા જેવી સુગંધ આવે છે, એટલા માટે તેનું નામ અશ્વગંધા આપેલ છે. અશ્વગંધાનું નામકરણ તેની કાર્ય કરવાની ક્ષમતા પ્રમાણે જ રાખવામાં આવ્યું છે. અશ્વગંધાના પ્રયોગથી વ્યક્તિમાં ઘોડાની સમાન સ્ફૂર્તિ તથા બળ પ્રદાન થાય છે.

- **અશ્વગંધાના ગુણધર્મ :**

★ રસ - તિક્ત, કટુ, મધુર

★ પર્યાય - વરાહકર્ણિ

★ ગુણ-લઘુ, સ્નિગ્ધ

★ વીર્ય - ઉષ્ણ

★ વિપાક - મધુર

★ કુળ - કંટકારી કુળ

★ પ્રયોજાંક - મૂડ, પત્ર

★ પ્રભાવ - બલ્ય, શુક્રલ, રસાયણ, સ્વિત્ર, શોથહર, નિદ્રાજનન

★ રૂપ - ક્ષુપ પફૂટ

★ લેટિન નામ - Withania Somnifera

★ રસાયણિક સંઘટન - Cuseohygrine, Withanaloids

- **અશ્વગંધાના ઉપયોગથી શરીરમાં અન્યતંત્રને થતા ફાયદા :**

બાહ્ય - શોથહરચસોજા ઉતારવા માટે, વેદનાસ્થાપક દુઃખાવા દૂર કરવા માટે

નાડી તંત્ર - મસ્તિષ્કય શામક (માનસિક રોગોમાં લાભદાયી) ભ્રમ, અનિદ્રા

પાચનતંત્ર - દીપન (અગ્નિ વર્ધક), અનુલોમન (વાયુને શાંત કરનાર), શૂલ પ્રશમન (દુખાવામાં ઉપયોગી) તથા કૃમિઘ્ન (અસહજ કૃમિનો નાશ કરનાર)

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

રક્તવહ તંત્ર - રક્ત શોધક લોહી ચોખ્ખું કરનાર, શોથહર (સોજા ઓછા કરનાર)

શ્વસનતંત્ર - શ્વાસહર (શ્વાસ રોગના લક્ષણને ઓછા કરનાર)

પ્રજનન તંત્ર - વાજીકરણ (વૃષ્ય), પ્રદર (સફેદ પાણીની તકલીફ), ગર્ભાશય શોધકચગર્ભાશયની શુદ્ધિ કરનાર)

મૂત્રવહ તંત્ર - મૂત્રલ (મૂત્રની પ્રવૃત્તિ અધિક કરનાર)

સાત્મિકરણ - બલ્ય, વૃહણ, રસાયણ

ઉપરોક્ત ગુણધર્મથી અશ્વગંધાની કાર્યક્ષમતા સમજી શકાય છે. તેના લેટિન નામ Withania somnifera નો અર્થ Sleep inducing એટલે કે નિદ્રાજનન એવો થાય છે. તેના નામમાં જ તેનો નિદ્રા (ઊંઘ) પર પ્રભાવ બતાવેલો છે. NBRC (NATIONAL BRAIN RESEARCH CENTRE) મુજબ અશ્વગંધાનો મેમરી લોસ (યાદ શક્તિ જતી રહેવી તથા અન્ય અલઝાઈમર રોગના લક્ષણો) પર પ્રભાવ થાય છે તથા તેના નિયમિત ઉપયોગથી આ લક્ષણોમાં ફાયદો થાય છે અને વ્યક્તિ રોગમુક્ત થાય છે. તેમાં અલઝાઈમર રોગના ઊંદરોને અશ્વગંધા સતત ૨૦ દિવસ આપવામાં આવી હતી. ૨૦ દિવસ પછી જ ઊંદરોમાં અલઝાઈમર રોગના લક્ષણોમાં ઘટાડો જોવા મળ્યો હતો. આમ અશ્વગંધા આ રોગમાં અતિ લાભદાયી છે.

આયુર્વેદમાં માત્ર રોગીના રોગને જ નહી પરંતુ સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. સ્વસ્થ વ્યક્તિમાં સ્વાસ્થ સાચવવા અશ્વગંધાનો પ્રયોગ રસાયણ તરીકે પણ કરવામાં આવે છે. રસાયણના નિત્ય પ્રયોગના અનેક લાભ છે. તેનાથી થતાં ફાયદામાં મુખ્ય વૃદ્ધાવસ્થાને અટકાવે છે, બુદ્ધિવર્ધક છે, ઊંઘ પ્રમાણસર લાવે છે. તેથી માત્ર રોગી જ નહી પરંતુ સ્વસ્થ વ્યક્તિમાં પણ નિત્ય રસાયણ તરીકે અશ્વગંધાનો પ્રયોગ કરી શકાય છે.

### તેનો કેવી રીતે પ્રયોગ કરવો???

અશ્વગંધાચૂર્ણ, અશ્વગંધાવટી, અશ્વગંધાઆસવ, અશ્વગંધાઅરિષ્ટ, અશ્વગંધાસીરપ, અશ્વગંધાઅવલેહ... વગેરે અનેક રીતે તેનો ઉપયોગ આયુર્વેદમાં વર્ણન કરેલ છે. આજના સમયમાં તો તમને વિવિધ કંપનીના અનેક પ્રોડક્ટ જોવા મળે છે. આ ઔષધનો પ્રયોગ વૈધ પરામર્શથી જ કરવો જોઈએ.

અશ્વગંધા ચૂર્ણનો પ્રયોગ નિત્ય પ્રૌઢવ્યક્તિ (૪૫-૫૦) એ ૧/૨ ચમચી જેટલું ચૂર્ણ હૂંફાળા ગરમ દૂધ સાથે ઉપયોગ કરવો જોઈએ. વયસ્ક વ્યક્તિ (૨૦-૪૫) ને ચૂર્ણનું પ્રમાણ ૧ ચમચી જેટલું રાખી શકે છે. અશ્વગંધા આસવ અથવા અરિષ્ટનો પ્રયોગ પ્રૌઢ વ્યક્તિએ ૨ ચમચી સમભાગ હૂંફાળા પાણી સાથે જમ્યા પછી પ્રયોગ કરી શકે છે. વયસ્ક વ્યક્તિ ૪ ચમચી સમભાગ હુંફાળા પાણી સાથે કરી શકે છે. અશ્વગંધા અવલેહનો પ્રૌઢવ્યક્તિ ૧/૨ ચમચી દૂધ સાથે ઉપયોગ કરી શકે છે, જ્યારે વયસ્ક વ્યક્તિ તેને ૧ ચમચી નિત્ય દૂધ સાથે પ્રયોગ કરી શકે છે. વૈધ પરામર્શ થી જ ઉપરોક્ત ઔષધિનો ઉપયોગ કરવો વધારે હિતાવહ થશે. અલઝાઈમર રોગમાં અશ્વગંધા એક અચૂક ઉત્તમ ઔષધ છે. અલઝાઈમર રોગના પ્રથમ સ્ટેજથી જ લક્ષણોની અવગણના ન કરી સમયથી તેનો ઉપાય કરવો જોઈએ. ઉપચાર સાથે વ્યક્તિને માનસિક મનોબળ મજબૂત કરવા માટે સહાનુભૂતિની પણ જરૂર હોય છે. તેના ઘરના સદસ્યોએ રોગીને આ રોગથી લડવા માટે સહાય કરવી જોઈએ. પ્રેમ અને સહાનુભૂતિથી રોગી વ્યક્તિ રોગના લક્ષણોમાંથી જલ્દી બહાર આવે છે. અલઝાઈમર રોગમાં રોગી વ્યક્તિને ઔષધ સાથે સમતોલ આહાર તથા જરૂરી કસરત પણ લાભદાયી હોય છે.

અલઝાઈમર રોગમાં વૈધ પરામર્શ સાથે અશ્વગંધાનો ઉપયોગ અતિ લાભદાયક છે. આયુર્વેદની દેન આ અમૃત સમાન ઔષધિનો અલઝાઈમર રોગમાં અચૂક પ્રયોગ કરવો જોઈએ.

*સંદર્ભ ગ્રંથો : દ્રવ્ય ગુણ, હચિંસન,*
*એસ દાસ, ધ હૅન્ડબૂક ઓફ અલઝાઈમર*

***પંચકર્મ વિભાગ, જિ.જે. પટેલ આયુર્વેદિક કોલેજ,***
***ન્યુ વલ્લભ વિદ્યાનગર***

## ઋણમુક્તિ

**(અનુસંધાન : પાના નં.-૫૫ ઉપરથી ચાલુ)**

રહેશે. અને હા, દસ રૂપિયા વપરાઈ જાય તો કહેજો. અહીંથી લઈ જવાના.' પૂરા વીસ દિવસ સુધી એ વૃદ્ધ સિંધી સજ્જને મને દિલ્હીમાં સાચવી લીધો. એ કહેતા : 'બેટા, વર્ષોથી કરાંચી-સિંધમાં અમે રહેલા. ભારતના ભાગલા પડ્યા પછી બધી સંપત્તિ મૂકીને જ્યારે પહેરેલે કપડે કરાંચીથી ભાગવું પડ્યું ત્યારે અમારે માથે શું વીત્યું હતું એની યાદ આજે આવી જાય છે ત્યારે કમકમાં છૂટે છે. નવ જણાનું કુટુંબ લઈ આ દિલ્હીમાં આવ્યો, ત્યારે અહીંના લોકોએ જે રીતે અમને સાચવી લીધા છે એ ઉપકાર તો હું ક્યારેય નહિ ભૂલું. સમાજનું ઋણ આજે મને ચૂકવવાનો જે મોકો મળ્યો છે એ માટે ભગવાનનો જ ઉપકાર માનું છું. સમાજનું ઋણ સમાજને ચૂકવીને જ ઉપર જવાનું હોય.' ■

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

પર્યાવરણ

# પર્યાવરણ અને આપણે

હેમા મહેતા

સૃષ્ટિની ઉત્પત્તિની સાથોસાથ જ ઈશ્વરે સુંદર મજાની પ્રકૃતિનું નિર્માણ કર્યું. આહ્લાદક લીલાંછમ વૃક્ષોની હરિયાળી, રંગબેરંગી ફૂલો, બરફાચ્છાદિત પહાડો ને કંઈ કેટલુંય...! પણ ત્યારબાદ એને પણ થયું હશે કે આટલી સુંદર પ્રકૃતિને નિહાળવા અને એનો ઉપયોગ કરવા માટે જરૂરત છે માનવ સર્જનની અને કદાચ એટલે જ મનુષ્ય તરીકે આપણું સર્જન શક્ય બન્યું હશે!

એક અર્થમાં ઈશ્વરનાં આ વરદાનને સ્વીકારી, કૃતજ્ઞ બની આપણે એના આભારી થવું જોઈએ, આંખને ઠંકડ પ્રદાન કરતી હરિયાળી આપણાં દિલો દિમાગને એક તાજગીસભર આહ્લાદકતા બક્ષે છે. નવીન પ્રાણવાયુને આપણે ભીતર ભરી દે છે. લીલી વનરાજીને જોતાવેંત આપણે પ્રસન્નતાનો અનુભવ કરીએ છીએ. સૂર્ય, ચંદ્ર, દરિયો, પહાડ, જંગલો ને કંઈક કેટલુંય ઈશ્વરે આપણને આપ્યું છે. એનો યથાયોગ્ય ઉપયોગ કરવાની સાથે સાથે જાળવણીની જવાબદારી પણ આપણી જ કહેવાય ને!

સૂર્યના પ્રકાશથી દરિયાનું પાણી વરાળમાં પરિવર્તિત થઈ આકાશમાં વાદળો બાંધે છે ને આ વાદળો જ વરસાદ લાવે છે. આજ વરસાદથી ધરા ઉપર લીલીછમ ચૂંદડી લહેરાય છે અને મનુષ્ય એની સુંદરતામાં ભાન ભૂલી જતો હોય છે. આટલું જાણવા છતાંય આપણે એ શા માટે ભૂલી જઈએ છીએ કે પ્રકૃતિની જાળવણી પણ આપણું જ એક કર્તવ્ય છે! વૃક્ષોનો આડેધડ છેદ કરવો ને બસ આપણાં બહુમાળી આવાસો બનાવ્યે જવાના શું એ જ લક્ષ્ય આપણને સાંપડ્યું છે?

ઈશ્વરની અમૂલ્ય સૌગાતમાં આખે-આખી વધારો કરવાની ને જાળવવાની આપણી કાંઈ ફરજ ખરી કે નહીં? આ જંગલો છે તો આખેઆખી નયનરમ્ય વન્ય સૃષ્ટિ છે. આપણે આપણાં બાળકોને આ અલભ્ય પશુ-પંખીનો નઝારો બતાવી શકીએ છીએ. કેટકેટલી દુર્લભ જાતિનાં પશુ-પંખીની કુદરતે આપણને ભેટ આપી ને આપણે એનું સંવર્ધન કરવાને બદલે આડેધડ જંગલોનો નાશ કરવા માંડ્યા છીએ. જે જંગલો બળતણ માટે લાકડું, ગુંદર, ઔષધિ ને કંઈ કેટલીય અલભ્ય વસ્તુઓ પ્રદાન કરે છે, એને જ આપણે જડમૂળથી કાપવા બેઠાં છીએ. આપણને આ થયું છે શું? આજ વૃક્ષો ઉપર પંખીઓની આખી સૃષ્ટિ વસેલી છે. આપણાં આવાં અનન્ય અપરાધથી પંખીઓ પણ નાશ પામવા લાગ્યા છે. શહેરોથી તો પંખીઓ લગભગ લુપ્ત થવાને આરે છે. નાના ગામોમાં લીમડા કે પીપળાની છાંયે ખાટલો ઢાળી સુખેથી નીંદર માણતાં પ્રત્યેક માણસ હવે શહેરોનાં બહુમાળી મકાનોથી અંજાવા લાગ્યો છે.

વૃક્ષની છાલના માવામાંથી બનતી કાગળની નોટોનાં પ્રલોભનમાં ફસાઈ માણસ એ પણ ભૂલી ગયો છે કે જે વૃક્ષની ડાળ એ કાપી રહ્યો છે એની ઉપર જ તો એ પોતે બેઠો છે. સંખ્યાબંધ વૃક્ષોનાં છેદની સાથે જ આપણે આપણી સમૃદ્ધિનો પણ છેદ ઉડાવી રહ્યાં છીએ.

આમ કરીને પ્રકૃતિએ જે ઋતુઓનું નિર્માણ કર્યું છે એની સ્થિરતાને આપણે હલબલાવી દીધી છે. એક અર્થમાં આપણે કુદરતને હંફાવવા બેઠાં છીએ, એ ભૂલીને કે વૃક્ષોની જેમ જ આપણે પણ એનું એક સર્જન માત્ર છીએ.

પૈસાનો વારસો સતત જાળવવા મથતો મનુષ્ય પ્રકૃતિનો આટલો અલભ્ય વારસો સાચવવાને બદલે એનું નિકંદન કાઢવા બેઠો છે. શિયાળામાં ગરમી અને ઉનાળામાં ઠંડીનાં પરિવર્તનો આપણે કરવાં છે. આખેઆખી પૃથ્વીને દરિયામાં ડૂબાડવાના આપણાં પેંતરા છે.

હજુપણ સમય છે. આપણે બધાંએ સમજવું જરૂરી છે કે વૃક્ષો - જંગલો આપણી કુદરતી સંપતિ છે. એનાં ભોગે નિવાસસ્થાનો કે મૉલ-ટાવર ન જ જોઈએ. કુદરતની છેડછાડ કરવાને બદલે આપણે વધુ વૃક્ષો વાવી, એનું જતન કરીએ, જંગલોને લીલાંછમ રાખીએ તો કદાચ આપણે અત્યાર કરતાં પણ વધુ સમૃદ્ધ, વધુ સુખી બની શકીશું. શું આમ કરવું એ આપણે માટે અશક્ય છે? મારી ગઝલનાં બે શે'ર સાથે વિરમું છું.

*"પડે વરસાદ શિયાળે અને ઠંડીય ઉનાળે*
*પ્રદૂષણથી પ્રકૃતિને હવે લોકો સતાવે છે."*

*"હવે પંખી વિચારે છે નવો માળો બનાવું ક્યાં?*
*હતાં વૃક્ષો, ગગનચુંબી મકાનો ત્યાં ડરાવે છે."*

***જો પાંચ સેકન્ડના સ્માઈલ (SMILE)થી સેલ્ફી સરસ થઈ શકે તો દીર્ઘકાળના હસમુખાપણાથી જિંદગી શું સુંદર ન બની શકે?***

પ્રેરણા

# ઋણ મુક્તિ

ગિરીશ ગણાત્રા

તે વખતે હું દિલ્હીમાં હતો.

યુનેસ્કો દ્વારા રિસર્ચ સ્કૉલરશિપ મળેલી એટલે લાંબો વખત દિલ્હીમાં રહેવાનું હતું. વીસ વર્ષની ઉંમરે પહેલી જ વખત બિલકુલ અજાણ્યા પ્રદેશમાં રહેવાનું થયું એટલે બેગ-બિસ્તરમાં જીવનની બધી જરૂરિયાતોને ધરબી, ગજવામાં સવાસો રૂપિયા અને આબિદઅલી સાહેબ પર ઘનશ્યામભાઈ ઓઝાની ચિઠ્ઠી લઈ ઊપડ્યા દિલ્હી. કેન્દ્ર સરકારમાં તે વખતે કામદાર મંત્રી તરીકે (સ્વ) આબિદઅલી હતા. એમના બંગલાના આઉટ-હાઉસમાં રહેવાની ગોઠવણ થઈ ગઈ.

રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં મહિનાની આખરે સ્કોલરશિપની રકમ હાથમાં આવે એટલે પેલા સવાસો રૂપિયા પર મહિનો કાઢવાનો હતો. એ વખતે દિલ્હી એટલું બધું મોંઘું નહિ. બસનું ભાડું પણ સસ્તું. કોઈ મદ્રાસી હોટલમાં છ આનામાં મસાલો ઢોંસો અને સંભારના ચાર વાટકા-પેટ ભરાઈ જાય એટલું મળતું!

દિલ્હીનું જીવન શરૂ થયું. અજાણ્યો મુલક, અજાણ્યા માણસો અને અજાણ્યું વાતાવરણ. અઠવાડિયું પસાર થઈ ગયું. એક વખત સાંજના જનપથ રોડની માર્કેટમાં ફરતો હતો. થોડું શોપિંગ કરી, ખૂણા પર આવેલી, મહિલાઓ દ્વારા ચલાવતી અન્નપૂર્ણા હોટલમાં સવા રૂપિયાની થાળી જમી ઘેર જઈ પાછા વાંચવા બેસી જવાનો કાર્યક્રમ મનમાં ગોઠવ્યો હતો. જનપથની સિંધી માર્કેટની રોનક જોતાં જતાં ને ખરીદી કરતાં સારો એવો સમય નીકળી ગયો. રાતના સવા નવનો સમય હતો. મોટા ભાગની દુકાનો બંધ થવા માંડેલી. શટરો પણ પડવા માંડ્યાં. 'અન્નપૂર્ણા' માં ઘસારો ઓછો હશે માની ત્યાં ગયો અને થાળીની કૂપન લેવા ગજવામાં હાથ નાખ્યો. ત્યાં...ખબર પડી કે કોઈ મોરલો કળા કરી ગયો હતો.

જેના પર બાકીના વીસેક દિવસ ગુજારવાના હતા, તે તમામ પૈસા ભરેલું પાકીટ કોઈ ગઠિયો ગજવામાંથી ખેંચી ગયો, ઉપર આભ-નીચે ધરતી જેવો ઘાટ થઈ ગયો. સખત ભૂખ લાગી હતી. એ તો જાણે પાણીના ગ્લાસ ગટગટાવી મારી શકાય પણ બાકીના દિવસો દિલ્હીમાં કેમ ગુજરશે એ વિચારથી જ ધ્રુજારી છૂટી ગઈ.

'અન્નપૂર્ણા' ના ખૂણા પર ગુમસૂમ ઊભો હતો. દિલ્હીમાં કોની મદદ મળે એવો વિચાર કરતો હતો ત્યાં ખૂણા પરની ફર્નિચરની દુકાનનું શટર બંધ કરતાં એનો વૃદ્ધ માલિક ઢળી પડ્યો. એકદમ દોડીને એમની પાસે પહોંચી ગયો. જોયું તો આખા શરીરે પરસેવો વળી ગયેલો. છાતીમાં સખત દુખાવો ઉપડ્યો હતો. થોડી વાર એમની છાતી પર મસાજ કર્યું ને પછી અન્નપૂર્ણામાંથી પાણીનો ગ્લાસ લાવી એમને પીવડાવ્યું. થોડી કળ વળી એટલે વૃદ્ધે મને વિનંતી કરી કે કમલાનગરમાં એમના ઘેર મૂકી જાઓ. કંઈ પણ વિચાર કર્યા વિના રિક્ષા રોકી, વૃદ્ધને એમાં બેસાડ્યા. ચાલુ રિક્ષાએ પણ એમને છાતીમાં દર્દ ઊપડેલું એટલે સતત એમને મસાજ કરતો રહ્યો. કમલાનગરમાં એમનું ઘર બીજે માળે. એમના ઘેર કુટુંબીજનોની મદદથી એમને પલંગ પર સુવરાવી નીચે ઊતર્યો ત્યારે ખરી કસોટી થઈ. રિક્ષાવાળો પૈસા માગતો હતો. એને મેં મારી આપવીતી કહી વિનંતી કરી, પણ એ માન્યો નહિ. 'હમ કુછ નહીં જાનતા. હમારા ભાડાકા પૈસા દે દો.'

ત્યાં ઉપરની બાલ્કનીમાંથી આ વૃદ્ધ સજ્જનના પુત્રે અમને જોયા હશે એટલે એ નીચે આવ્યા. રિક્ષાવાળા પાસેથી વાત જાણી, પૈસા ચૂકવી મને ઉપર લઈ ગયા. મોતીલાલ એમનું નામ. મારી હાલત જાણ્યા પછી એ વૃદ્ધે એના પુત્રને ધીરેથી સિંધી ભાષામાં કશુંક કહ્યું. વૃદ્ધ હવે સ્વસ્થ થઈ ગયા હતા. બાજુમાં રહેતા કોઈ ડોક્ટરે આવીને એમને ઈંજેક્શન આપેલું. વૃદ્ધનો આ પહેલો માઈલ્ડ ઍટેક હતો. થોડી વારે મોતીલાલ કપડાં બદલી આવી મને કહ્યું 'ચાલો.' મોતીલાલ પોતાના સ્કૂટર પર બેસાડી મને મારા નિવાસસ્થાને પહોંચાડવા આવતા હતા. રસ્તામાં એક હોટલ આગળ એમણે સ્કૂટર ઊભું રાખી, અંદર જઈ મને મારી રીતે નાસ્તો કરાવ્યો. આ કથની અહીં સમાપ્ત નથી થતી. એ સિંધી કુટુંબની માનવતાનાં દર્શન મને પછીના દિવસોમાં થયાં.

બીજે દિવસે બપોરે બારેક વાગ્યે મારી ઇન્સ્ટિટ્યૂટ પર એક છોકરો આવ્યો. એણે હાથમાં થેલી મૂકી. થેલીમાં સ્ટેઈનલેસ સ્ટીલનું ચકચકિત ટિફિન. સાથે એક કવર. થેલી પકડાવીને એ તો જતો રહ્યો. કવર ઉઘાડીને જોયું તો અંદર એક ચિઠ્ઠી હતી. લખેલું, 'બેટા, ભૂખ્યો ન રહેતો. ટિફિનમાંથી જમી લેજે. સાંજે દુકાન પર ટિફિન પહોંચાડી દેજે.' ચિઠ્ઠી સાથે દસ રૂપિયાની એક નોટ. મારી આંખમાં આંસુ આવી ગયાં. સાંજે દુકાન પર ટિફિન પહોંચાડવા ગયો ત્યારે બીજા છોકરો બેઠેલો. એણે કહ્યું :

'જરા બેસજો. તમારું સાંજનું ટિફિન પણ આવી જશે. બાપુએ કહ્યું છે કે જ્યાં સુધી તમારી સ્કોલરશિપની રકમ હાથમાં ન આવે ત્યાં સુધી સવાર સાંજ જમવાની વ્યવસ્થા અમારી સાથે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)**

વિભૂતિ વંદના

વૈશાખી પૂર્ણિમા - બુદ્ધજયંતી પર્વ

# મધ્યમ માર્ગના પ્રવર્તક : ભગવાન ગૌતમ બુદ્ધ

ભરત'કુમાર' પ્રા. ઠાકર

બૌદ્ધ સાહિત્ય અને સંસ્કૃતિમાં 'વૈશાખી પૂર્ણમા' નું અનેરું અને ત્રેવડું મહત્ત્વ છે. કેમ કે ભગવાન બુદ્ધની ત્રિવિધ જયંતીનો આ પવિત્ર દિવસ છે : જન્મ, બોધિત્વ અને પરિનિર્વાણ. બુદ્ધના જીવનમાં આ ત્રણ ઘટનાઓ વૈશાખી પૂનમના દિવસે ઘટી હતી. તેથી આ તિથિ 'બુદ્ધ પૂર્ણિમા' તરીકે પણ ઓળખાય છે. આજે પણ દુનિયાભરમાં આ દિવસે બૌદ્ધ મઠો શણગારવામાં આવે છે અને ભિક્ષુઓને દાન આપવામાં આવે છે. તે પ્રસંગે અત્રે આ મંગલકારી દિવ્ય વિભૂતિનું આછેરું જીવનદર્શન પ્રાસાદિક અને પ્રેરક બની રહેશે.

બૌદ્ધ ધર્મના સ્થાપક અને 'મધ્યમ માર્ગ'ના પ્રવર્તક ભગવાન ગૌતમ બુદ્ધ (ઇ.પૂ. ૫૬૩-૪૮૩), જૈન ધર્મના સ્થાપક અને 'સમ્યક્ માર્ગ' ના રાહબર ભગવાન મહાવીર સ્વામી (ઇ.પૂ. ૫૯૮-૫૨૬) તથા આધુનિક યુગમાં સત્યના ઉપાસક અને અહિંસાના પૂજારી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮) એ ફક્ત ભારતને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના માનવસમાજને સત્ય-અહિંસા-કરુણાનો મહાન સંદેશ આપ્યો છે. આપણી અને બુદ્ધ - મહાવીર વચ્ચે અઢી હજાર વર્ષ ઉપરાંત કાળનો મોટો પ્રવાહ વહી ગયો હોવા છતાં તેઓની વાણી આજે પણ આપણને ખીલેલા ગુલાબની સુવાસ જેવી તાજગીસભર લાગે છે.

## ● 'મહાભિનિષ્ક્રમણ' ના પંથે :

ગંગાના ઉત્તરી પ્રદેશમાં હિમાલયની દક્ષિણ તળેટીમાં અને ભૂતકાલીન અખંડ ભારતવર્ષના ભાગ એવા નેપાળમાં કપિલવસ્તુ નગરીના રાજા શુદ્ધોધનને લાંબા સમય સુધી સંતાન થયું ન હતું. મધ્યાવસ્થાએ મહારાણી માયાદેવીને ગર્ભ રહેતાં તે પોતાના પિયર દેવદહનગર જવા રાજરસાલા સાથે રવાના થયાં. રસ્તામાં નેપાળની તળેટી આગળ આવેલા લુમ્બિનીવનમાં સાલવૃક્ષોની ગીચ ઘટામાં પ્રસૂતિ થઈ અને માયાદેવીએ આજથી, ૨,૫૮૧ વર્ષો ઉપર ઇ.સ. પૂર્વે ૫૬૩ માં ભગવાન બુદ્ધ (રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમ) ને જન્મ આપ્યો હતો.

જો કે બુદ્ધના પૈતૃક રાજ્ય અને જન્મસ્થળ અંગે વિવાદ રહ્યો છે. અમુક સંશોધકો કપિલવસ્તુના ઐતિહાસિક સ્થળ તરીકે આઝના પિપ્રહવા (ઉત્તરપ્રદેશ) ને ગણે છે. તેવી રીતે એમનો જન્મ ઓરિસ્સામાં કપિલેશ્વર પાસેના લુમ્બિની નામક ગામમાં થયાનું ઘણા માને છે.

અનેક લાડકોડમાં ઉછરવા છતાં સિદ્ધાર્થનું ચિત્ત વૈરાગ્ય તરફ જ ઢળેલું હતું. દુન્યવી વાતાવરણમાં એમણે અશક્ત અને બીમારીથી કણસતા વૃદ્ધને તથા મૃતક માણસને જોતાં તેમને જીવનમાં દુ:ખ, પાપ અને શોક વ્યાપેલાં દેખાયાં. તેમને સંસારમાં રહીને સંસારનાં દુ:ખોનું નિવારણ અશક્ય જણાયું.

આમાંથી મુક્તિ મેળવવા માત્ર ત્રીસ વર્ષની ઉંમરે પિતા શુદ્ધોદન, પત્ની યશોધરા અને નવજાત બાળક રાહુલનો ત્યાગ કરી ઉગ્ર તપશ્ચર્યાના માર્ગે ચાલી નીકળ્યા. બૌદ્ધ સાહિત્યમાં આ પ્રસંગ 'મહાભિનિષ્ક્રિમણ' (ઇ.પૂ. ૫૩૪) તરીકે ઓળખાય છે.

## ● 'બોધિત્વ' (જ્ઞાન) ની પ્રાપ્તિ :

ગૃહત્યાગ પછી ફરતાં ફરતાં તેઓ બિહારમાં રાજગૃહ નજીક નિરંજના નદીકિનારે 'ઉરુવેલા' નામક અત્યંત રમણીય અને પ્રાકૃતિક સ્થળે આવ્યા. અહીં સાત વર્ષ સુધી તપ અને દેહદમન કર્યું. એક દિવસ પાસેના નગરમાં ઉત્સવમાં ભાગ લેવા જતી ગણિકાઓની ટોળી આ વનમાંથી પસાર થઈ. તેઓ સંગીતની ચર્ચા કરતી હતી, જેનો સાર આવો હતો :

"...તારી વીણાના તાર તું એટલા તાણીશ નહિ કે તે તૂટી જાય અને એટલા બધા ઢીલા પણ ન રાખીશ કે તેમાંથી બેસૂરા સ્વર નીકળે..." ગૌતમને આમાંથી પોતાનો જીવનમંત્ર જડી ગયો. કઠોર દેહદમન છોડી એમણે 'મધ્યમ માર્ગ' સ્વીકાર્યો.

'રામાયણ' માં રામે શબરીનાં બોર અને 'મહાભારત' માં કૃષ્ણે વિદુરજીની ભાજી આરોગેલી તેમ બૌદ્ધ સાહિત્યમાં પણ આના જેવો પ્રસંગ વર્ણવાયો છે. પ્રચલિત બૌદ્ધકથા મુજબ બોધિ (જ્ઞાન) પ્રાપ્તિના દિવસે ગૌતમે સુજાતાની ખીરની ભિક્ષા સ્વીકારી હતી. તે રાત્રે પીપળાના વૃક્ષ તળે એમણે સમાધિ લગાવી અને ધ્યાનની અનેક પાયરીઓ વટાવી 'બોધિત્વ' (ઈ.પૂ. ૫૨૮) પ્રાપ્ત કર્યું.

ધ્યાન દરમ્યાન જે ચાર મહાન સત્યો સમજાયાં તે આ મુજબ : દુ:ખ, દુ:ખનું મૂળ, દુ:ખનો અંત અને તે માટેનો માર્ગ. આ જ્ઞાન એમને જે ઝાડ નીચે મળ્યું તે 'બોધિવૃક્ષ' અને તે સ્થળ 'બોધિગયા' તરીકે વિખ્યાત થયાં. તેઓ જ્ઞાની કે જાગૃત બન્યા તેથી તેઓ ગૌતમ મટીને 'બુદ્ધ' (એન્લાઈટન્ડ) તરીકે ઓળખાયા. ગણધર ગૌતમ પોતે જાગ્યા અને જગતને જગાડ્યું.

## ● દેશાટન અને ધર્મપ્રવર્તન :

સાત વર્ષની ઉગ્ર તપશ્ચર્યા બાદ 'પ્રબુદ્ધ' બનીને તેઓ વસતિમાં પાછા ફર્યા. લગભગ ૪૫ વર્ષ સુધી ભારતભરમાં તીર્થાટન કરી કરુણ, ઉદાર અને પ્રસન્ન ચિત્તથી લોકોને શુદ્ધ ધર્મ સમજાવતા રહ્યા. પાલી ભાષી 'ત્રિપિટક' બૌદ્ધોનો ધર્મગ્રંથ છે. તેના ત્રણ વિભાગો છે : સુત્તપિટક, વિનયપિટક અને અભિધમ્મપિટક.

ભગવાન બુદ્ધે સંસારનાં દુઃખોના નિવારણ માટે જે માર્ગ પ્રશસ્ત કર્યો તેમાં અતિ દેહદમન કે અતિ સુખાચારને સ્થાન નથી. અત્યંત ભોગવિલાસ અને તીવ્ર તપસ્યા એવા બે અંતિમો પર રહેલા સમાજને એમણે જીવનનો 'મધ્યમ માર્ગ' બતાવ્યો.

'બુદ્ધમ્-સંઘમ્-ધમ્મમ્ શરણમ્ ગચ્છામિ' (હું બુદ્ધ, સંઘ અને ધર્મના શરણે જાઉં છું) એ તેમનો જીવનમંત્ર હતો. એમણે લોકોને સમ્યક્ 'અષ્ટાંગ માર્ગ' પ્રબોધ્યો. જેમાં ઉચિત વાણી, વર્તન, વિચાર, દૃષ્ટિ, સંકલ્પ, નિર્વાહ, પુરુષાર્થ અને સમાધિ પર ભાર મૂક્યો.

બૌદ્ધ ધર્મના 'પંચશીલના સિદ્ધાંતો' માં અહિંસા, અચૌર્ય, સત્ય, મદ્યનિષેધ અને બ્રહ્મચર્યનો સમાવેશ થાય છે. તથાગત બુદ્ધે ભારતમાં વિલુપ્ત થઈ ગયેલી પ્રાચીન 'વિપશ્યના' સાધના પદ્ધતિ પણ પુનઃ શોધી કાઢી જનજીવનમાં સંચારિત કરી.

## ● સમાનતા અને સરળતા :

બૌદ્ધ ધર્મમાં ઊંચનીચના ભેદ નહોતા. સ્ત્રીઓને પણ સંઘમાં ભળી ભિક્ષુણી થવાની છૂટ હતી. તેમના સંઘમાં કોઈ જાતિભેદ પણ ન હતો. બ્રાહ્મણ, ચાંડાળ, શુદ્ર, હજામ, ભંગી કે ગણિકા એમ સર્વેને એકસરખું સ્થાન હતું. તેમાં કોઈ પણ જાતની અટપટી વિધિઓ કે ક્રિયાકાંડો નહોતાં. સામાન્ય લોકો પણ તેના નિયમો પાળી શકતા.

પોતાને જે જ્ઞાનપ્રાપ્તિ થઈ તેનો બુદ્ધ અને તેમના શિષ્યો લોકોની ભાષામાં ઉપદેશ આપતા અને દાખલા-દૃષ્ટાંતો આપીને પોતાની વાત સમજાવતા. આ બધા કારણોને લીધે બૌદ્ધ ધર્મનો ઝડપથી ફેલાવો થયો. બુદ્ધના જીવન દરમિયાન લાખો લોકોએ બૌદ્ધ ધર્મ અપનાવ્યો. લગભગ છ સદી લગી તે ભારતનો મુખ્ય ધર્મ બની રહ્યો હતો. ઉપરાંત દેશાવરમાં પણ તેનો ખૂબ પ્રસાર થયો.

ભગવાન બુદ્ધ ૨,૫૦૧ વર્ષો પહેલાં ઇ.પૂ. ૪૮૩ માં ૮૦ વર્ષની ઉંમરે કુશીનારામાં પરિનિર્વાહ પામ્યા. તેઓ ભગવાન વિષ્ણુના નવમા અવતાર પણ મનાય છે. એવી પણ માન્યતા પ્રવર્તે છે કે બુદ્ધની જીવનલીલાનાં પાંચ હજાર વર્ષ વીત્યા પછી 'મૈત્રેય' સ્વરૂપે એમનો નવો અવતાર થશે.

આપણી તેમજ વિદેશની અનેક વિચારવંત વ્યક્તિઓ પર ગૌતમ બુદ્ધનો જાદુઈ પ્રભાવ પડ્યો છે. આર્નોલ્ડ ટોયમ્બી (૧૮૮૯-૧૯૭૫) કહે છે તેમ તથાગત બુદ્ધ કેવળ ભારતનું જ નહિ, પણ 'એશિયાનું નૂર' (લાઈટ ઑફ એશિયા) છે. પંચતંત્રની કથાઓ, ઈસપની નીતિકથાઓની જેમ ભગવાન બુદ્ધનો ઉપદેશ પણ સુંદર દૃષ્ટાંતોમાં 'જાતકકથાઓ' સ્વરૂપે પ્રબોધાયેલો છે.

## ● ભારત અને બૌદ્ધ ધર્મ :

બુદ્ધ-મહાવીર સમકાલીન વિભૂતિઓ હતી, પરંતુ બંનેનું મિલન થઈ શક્યું ન હતું. બંનેએ અનુક્રમે પાલિ અને અર્ધમાગધી જેવી લોકભાષાઓમાં ઉપદેશ પ્રબોધ્યો હતો. તેથી તેઓ જનસામાન્ય સુધી પહોંચી શક્યા હતા. બંનેએ સમાજમાં એકસરખા કુરિવાજોનો અનુભવ કર્યો અને ફલતઃ પોતાના નૂતન પંથોનું પ્રવર્તન કર્યું. ભારતવર્ષમાં સમાંતરે ઉદભવેલા બંનેના સંપ્રદાયોએ 'અહિંસા' ને પોતાનો મુખ્ય સંદેશ બનાવ્યો છે.

તેમ છતાં જૈન ધર્મ ભારતમાં ફેલાયો અને ટકી રહ્યો; જ્યારે બૌદ્ધ ધર્મ ખાસ કરીને અગ્નિ એશિયાઈ દેશોમાં વધુ પ્રસર્યો. પરંતુ આજે ભારતમાં જૈનો કરતાં બૌદ્ધોની વસતિ બમણી છે. ૨૦૧૧ ના આંકડા અનુસાર ભારતમાં બૌદ્ધોની વસતિ ૮૪.૪૩ લાખ (કુલ વસતિના ૦.૭૦ ટકા) અને જૈનોની વસતિ ૪૪.૫૨ લાખ (૦.૩૭ ટકા) જેટલી છે. બહુમતી પ્રજા બૌદ્ધ ધર્મી હોય એવો ભારતમાં એકમાત્ર જિલ્લો 'લડાખ' છે.

તિબેટમાં વસતા ૬૦ લાખ અને ભારતમાં દેશનિકાલ એક લાખ તિબેટીઓના બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામાને દુનિયાભરના બૌદ્ધો પોતાના આધ્યાત્મિક દિવ્યાત્મા માને છે. બૌદ્ધ ધર્મના 'યલો હેટ' નામક સંપ્રદાયના વડા તરીકે દલાઈ લામા બુદ્ધના અવતાર ગણાય છે.

ભારતમાં જગદગુરુ શંકરાચાર્યની જેમ દલાઈ લામા (અર્થ પ્રજ્ઞાસાગર) એ વ્યક્તિનું નહીં, પદનું નામ છે. વર્તમાન ૧૪મા દલાઈ લામા તરીકે ૧૯૪૦ થી તેન્ઝિન ગ્યાત્સો (જન્મ ૧૯૩૫) નિયુક્ત થયેલા છે. ચીની આક્રમણના પગલે તિબેટ છોડી ૩૧ મી માર્ચ, ૧૯૫૯ થી ભારતમાં રાજયાશ્રય મેળવ્યો છે. તેઓ જ્યાં રહે છે તે ધર્મશાલા (હિમાચલ પ્રદેશ) ભારતમાં બૌદ્ધ ધર્મનું મુખ્યમથક બન્યું છે.

## ● બૌદ્ધ ધર્મનાં તીર્થસ્થાનો :

આજે પણ ભારતમાં તથાગતની પાવન સ્મૃતિ જાળવતાં કેટલાક ઐતિહાસિક સ્મારકો દર્શકો અને પર્યટકોને ભૂતકાળની ઝાંખી કરાવે છે. અખંડ ભારતનાં બૌદ્ધ ધર્મનાં અને બુદ્ધના જીવન સાથે સંકળાયેલાં ચાર મુખ્ય સ્થાનોમાં જન્મભૂમિ લુમ્બિનીવન (નેપાળ), જ્ઞાનભૂમિ બુદ્ધગયા (બિહાર), ધર્મપ્રવર્તનભૂમિ સારનાથ અને નિર્વાણભૂમિ (કુશીનગર (બંને ઉત્તરપ્રદેશ) નો સમાવેશ થાય છે.

અન્ય દર્શનીય બૌદ્ધસ્થાનોમાં દેવદહનગર (નેપાળ), સાંચી (મધ્યપ્રદેશ), અજંતા-ઈલોરા (મહારાષ્ટ્ર), લેહ (લડાખ),

ધર્મશાલા (હિમાચલ પ્રદેશ), કોસામ્બી, વારાણસી, શ્રાવસ્તી (ત્રણે ઉત્તરપ્રદેશ), ગયા, નાલંદા, પાટલીપુત્ર, રાજગિર, વિક્રમશીલા, વૈશાલી (તમામ બિહાર) ઉલ્લેખનીય છે. આમાં સાંચી સ્તૂપ (૧૯૮૯), લુમ્બિનીવન સંકુલ (૧૯૯૭) અને બુદ્ધગયાના મહાબોધિ મંદિર (૨૦૦૨) ને યુનેસ્કો દ્વારા વિશ્વ વારસા સ્થળ (વર્લ્ડ હેરિટેજ સાઈટ) નો દરજ્જો પ્રાપ્ત થયો છે.

બુદ્ધદશા પછી ભગવાને પોતાના પ્રથમ પાંચ શિષ્યો સમક્ષ જ્યાં પહેલી વખત 'ધર્મચક્ર પ્રવર્તન' ના નામે વિખ્યાત દીર્ઘ ઉપદેશ કર્યો હતો તે સારનાથ ખાતે તેમનો ભવ્ય સ્તૂપ ઊભો કરવામાં આવ્યો છે, જેમાં બુદ્ધના અવશેષો સાચવી રખાયા છે. મૌર્ય સમ્રાટ અશોકે (ઈ.પૂ. ૩૦૪-૨૩૨) લુમ્બિનીવન ખાતે 'કીર્તિસ્તંભ' અને સારનાથ ખાતે 'સિંહસ્તંભ' ઊભા કરાવ્યા હતા, જેના પરથી રાષ્ટ્રધ્વજનું 'અશોકચક્ર' અને દેશનું રાષ્ટ્રિય પ્રતીક 'ત્રિમૂર્તિ' સિંહાકૃતિ' પસંદ કરવામાં આવેલ છે.

તથાગત બુદ્ધ સંબંધી અનેક લેખોનું શિર્ષક બનેલી વિખ્યાત પંક્તિ (ભલે ઊગ્યાં વિશ્વે...) કવિ સુન્દરમ્ (૧૯૦૮-૯૧) ના નવ કડી વાળા શિખરિણી કાવ્ય 'બુદ્ધનાં ચક્ષુ' ની પ્રથમ કડીની પ્રથમ પંક્તિ છે. તે પૂરી કડીનો પાઠ આ મુજબ છે...

***ભલે ઊગ્યાં વિશ્વે, નયન નમણાં એ પ્રભુ તણાં,***
***ઊગ્યાં ને ખીલ્યાં ત્યાં કિરણકણી આછેરી પ્રગટી;***
***પ્રભા ત્યાં ફેલાઈ જગત પર દિવ્યા મુદતણી,***
***હસી સૃષ્ટિ હાસે, દલ કમલનાં ફુલ્લ બનિયાં!***

- **ફિલ્મોમાં બુદ્ધનો સંદેશ :**

આપણે ત્યાં સમયાંતરે રૂપેરી પડદે પણ બુદ્ધનો સંદેશ પ્રસરતો રહ્યો છે. અત્યાર લગી બુદ્ધ વિષયક કે બુદ્ધ સંદર્ભિત છ જેટલાં હિન્દી ચલચિત્રો સર્જાયા છે તેની વર્ષવાર માહિતી આ મુજબ છે...

મૂંગાં ચલચિત્રોમાં હિન્દુસ્તાન સિનેમા ફિલ્મ કંપની તળે દાદાસાહેબ ફાળકેનું 'ભગવાન બુદ્ધ' (૧૯૨૩), માદન થિયેટર્સનું 'લાઈફ ઑફ લોર્ડ બુદ્ધ' (૧૯૨૪) અને ગ્રેટ ઈસ્ટર્ન ફિલ્મ કોર્પોરેશન તળે હિમાંશુ રોય-ફ્રાન્ઝ ઓસ્ટિનનું 'લાઈટ ઑફ એશિયા' (૧૯૨૬, હિમાંશુ રોય-સીતાદેવી) નો સમાવેશ થાય છે.

જ્યારે બોલતાં ચિત્રોમાં મુરલી મૂવિઝ તળે નંદલાલ જશવંતલાલનું 'આમ્રપાલી' (૧૯૪૫, પ્રેમ અદીબ-સવિતાદેવી), ઈગલ ફિલ્મ્સ તળે લેખ ટંડનનું 'આમ્રપાલી' (૧૯૬૬, સુનિલ દત્ત-વૈજયંતીમાલા) અને ધર્મપથ ક્રિએશન્સ તળે અલાની શ્રીધરનું 'તથાગત બુદ્ધ' (૨૦૦૮, સુનિલ શર્મા-કૌશારાચ) નો સમાવેશ થાય છે.

*'શિવમ્' ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

# પ્રાર્થના

સવારના પહોરમાં એલાર્મ ઘડિયાળના અવાજથી હું સખત ચીડાઈ જાઉં છું. મારા પર ચારે તરફ ચાદર વીંટાળી દઉં છું. સવારના પહોરમાં આ અવાજ મને સૌથી ખરાબ અને કર્કશ લાગે છે : 'છતાં હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું સાંભળી તો શકું છું! જગતમાં એવા હજારો માણસો છે જે સાંભળી પણ નથી શકતા.'

સવારમાં ઊગતા સોનેરી સૂર્યની સાથે આકાશમાં કેટલા અવનવા રંગો ફેલાતા હોય છે! એ વેળા હું ઊંઘતો હોઉં છું. એ સ્વર્ગીય દશ્યો જોવાની હું પરવા પણ કરતો નથી. 'છતાં હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું જોઈ તો શકું છું! જગતમાં હજારો અંધ માણસો છે, એ તો કંઈ પણ જોઈ નથી શકતા.'

સવારે ઊઠી ગયા પછી પણ ખાટલો છોડતાં મને ખૂબ જ આળસ આવે છે. માંડ માંડ હું ઊભો થાઉં છું. 'છતાં હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું ઊભો તો થઈ શકું છું! જગતમાં હજારો માણસો એવા છે કે વર્ષોથી ખાટલાવશ છે.'

ઊઠ્યા પછીની મારી સવાર પણ ધમાલભરી જ હોય છે. બાથરૂમમાં ઘૂસેલું બાળક જલદી નીકળે જ નહીં, નાસ્તો તૈયાર ન હોય, પત્નીની બૂમાબૂમ, ઘરડાં માતા-પિતાના આરોગ્યની ફરિયાદો વગેરે...વગેરે... 'છતાં હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે તે મને કુટુંબ તો આપ્યું છે! કંઈ કેટલાયે માણસોને તો સાવ એકલવાયું જીવન જ જીવવું પડતું હોય છે.'

મારું ઘર આમ જોઈએ તો સાવ સામાન્ય છે. ફિલ્મો કે મેગેઝિનમાં આવતાં ઘર જેવું એ જરા પણ ન લાગે. ફર્નિચર પણ સાવ સામાન્ય જ છે, તો પણ હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે મારે પોતાનું ઘર તો છે! હજારો માણસોને ઓઢવા માટે આભ અને પાથરવા માટે પૃથ્વી સિવાય કંઈ પણ મળતું નથી. એ લોકો કરતાં તો હું કેટલો બધો ભાગ્યશાળી છું!!!

મારા ઘરે બનતું ભોજન પણ કોઈ રેસ્ટોરાં કે હોટલ જેવું ક્યારેય નથી હોતું. મિષ્ટાન્ન પણ ક્યારેક જ બને છે, પણ છતાં 'હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે તું મને ભોજન તો આપે છે! અસંખ્ય માણસો રોજ ભૂખ્યા જ સૂઈ જાય છે.'

મારું કામ પણ રોજ એનું એ જ - મોનોટોનસ - અકળાવનારું હોય છે. છતાં 'હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે તેં મને બેકાર તો નથી બનાવ્યો!!'

અને અંતમાં હે પ્રભુ! મારું જીવન મારા સપનાના જીવન જેવું નથી જ. મેં જેવું જીવન કલ્પ્યું હતું તેવું મારું જીવન જરાય પણ નથી. છતાં 'હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું જીવું તો છું...!! મારી સાથેના કેટલાય લોકોને તો જિંદગી જ નસીબ નથી થઈ...!"

તારો આભાર હું માનું તેટલો ઓછો છે પ્રભુ! તેં મને કેટલું બધું આપ્યું છે! જોવા અને ગણવા બેસું છું તો તેં મને બધું જ આપેલું છે. તારો આભાર ભગવાન!

***– ડૉ. આઈ. કે. વીજળીવાળા***

પ્રવાસ

# અતીતમાં ભૂસકો!

હરેશ ધોળકિયા

અને ટેકરા પર ચડી પછી પાંચ હજાર વર્ષ અતીતમાં કૂદકો માર્યો.

અચાનક એવી તક ઊભી થઈ કે કેટલાક મિત્રો તૈયાર થયા અને ધોળાવીરા જોવા જવાનું નક્કી કર્યું. મોટા ભાગનું કચ્છ જોયું હતું, પણ, ખબર નહીં કેમ, ધોળાવીરા જોવાનો પ્રસંગ ઊભો જ થતો ન હતો. કેટલીય વાર નક્કી કર્યું, તૈયારી પણ કરી, પણ મેળ જ ન બેસતો અને કાર્યક્રમ રદ થઈ જતો. પણ આ વખતે કુદરતની કૃપા થઈ અને કાર્યક્રમ ગોઠવાઈ ગયો.

સાથે મળી એક ગાડીમાં બધા ઊપડ્યા. ધૂળેટીનો રંગીન દિવસ હતો. તેથી રસ્તામાં ટ્રાફિક પણ તુલનાત્મક રીતે શાંત હતો. શાંતિથી અને ઝડપથી ગાડી દોડતી હતી. દુધઈ રસ્તે ભચાઉથી થોડે દૂર આવેલ યુરો કંપની પાસેથી ગાડીએ વળાંક લીધો અને રાપર તરફ દોડવા લાગી. પહેલાં તો એ માર્ગ ખૂબ ટૂંકો હતો. ત્યારે માડં ગાડી ચાલી શકતી. તેમાં વળી ઠેકઠેકાણે ઘેટાં-બકરાંના ટોળાં આવતા જ રહેતાં હોય. એટલે ગાડીને ફરજિયાત ધીમે થવું પડે. પણ હવે એ માર્ગ સરકારની કૃપાથી સારો થઈ ગયો છે અને વરસાદ પછી પણ ટક્યો છે, બોલો! તેથી ગાડી સરળતાથી દોડતી હતી. પણ રસ્તામાં ધૂળેટી જ નડી. નાનાં ગામો આવે કે ત્યાંના નાના મોટા છોકરાઓ રસ્તામાં લાકડાં કે પથ્થર મૂકી દે અને ગાડીને અટકાવે અને પૈસાની ભીખ માગે. એકાદ બે ગામને તો ટાળ્યાં, પણ એકાદ બેને ટાળી ન શક્યા અને ભીખ આપવી પડી. નવાઈ લાગતી હતી કે માતા પિતાઓ કે ગામવાળાઓ આવી ભીખને અટકાવતા કેમ ન હતા! વટથી ભીખ માગતા હતા! એકવીસમી સદીમાં.

પણ એ બધું પસાર કરતા રાપર પહોંચ્યા અને સીધા નીલપર ગયા. ત્યાં થોડો વિશ્રામ કરવાનો હતો. નીલપરની "ગ્રામ સ્વરાજ સંઘ" સંસ્થા જે વિરલ ગાંધીનિષ્ઠ સંસ્થાઓ બચી છે તેમાંની એક છે. તેના મૂળ સ્થાપક શ્રી મણિભાઈ સંઘવી તો હવે નથી, પણ તેમનાં સંતાનો અને પુત્રી-જમાઈ બરાબર સંભાળે છે. ત્યાંની શાળામાં રાપરના પછાત વર્ગોનાં બાળકો ભણતાં રહ્યાં છે અને આજે પણ ભણે છે. આ સંસ્થા જો ન હોત તો આજે પણ આ વર્ગોનાં બાળકો પછાત જ હોત. તેને બદલે અહીં ભણેલ બાળકો મોટાં થઈ અધિકારીઓ પણ બનેલ છે. આ બધાનું સ્વાગત માણ્યું. જમ્યા અને સંસ્થા દર્શન કર્યા. ખૂણામાં રહીને જે સર્જનાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓ થાય છે તે જોઈએ તો થાય કે કામ તો આવી જ સંસ્થાઓ કરે છે. કશું પણ નાટક કર્યા વગર. ક્યારે છાપામાં નથી આપતા. નથી કોઈ ઢંઢેરો પીટતા. ચૂપચાપ કામ કરે રાખે છે અને તે પણ પરિણામલક્ષી. સલામ ભરવાનું મન થાય. ભરી પણ!

ત્યાંથી હવે ધોળાવીરા તરફ ગાડી દોડવા લાગી. પણ લ્યો! વૈશ્વિક અદ્ભુત સ્થળ એવાં ધોળાવીરા તરફ જવાનો રસ્તો તદ્દન સ્થાનિક કક્ષાનો છે. રાપર બહાર નીકળીએ અને આગળ ચાલીએ તો વહેમ પડે કે કારમાં જઈએ છીએ કે ઘોડિયામાં હીંચકા ખાઈએ છીએ. દસની સ્પીડથી ગાડી આગળ જ ન વધે. વર્ષોથી મોટી મોટી વાતો કરનાર અને આ સ્થળનું દરેક સ્થળે ગૌરવ લેનાર સરકાર ત્યાં જવાનો સરખો રસ્તો પણ આજ સુધી બાંધી શકી નથી. આજ સુધીના એક પણ ધારાસભ્યને કેમ આ વિચાર નહીં આવ્યો હોય? નવા ચૂંટાયેલ ધારાસભ્ય માત્ર આ રસ્તો સરસ કરાવવાનું નક્કી કરે તો તેણે કામ કર્યું કહેવાશે. માંડ માંડ આગળ વધતા હતા. ક્યારેક વળી સારો રસ્તો આવે તો થોડી ઝડપ વધે, પણ ફરી પાછા એના એ! "ઠુમક ચલત રામચન્દ્ર" ગાતા ગાતા માંડ ત્રણ કલાકે પહોંચ્યા.

પહેલાં તો ધોળાવીરા પહોંચ્યા. ત્યાંથી પૂછતા પૂછતા પ્રાચીન નગરની હડપ્પન સાઈટ પાસે પહોંચ્યા. હજી ગરમી ન હોવા છતાં લાંબી મુસાફરીના કારણે પરસેવો વળતો હતો. ચારેબાજુ સૂમસામ હતું. એક વૃક્ષ નીચે બે ચાર જણ ઊભા હતા. નીચે ઉતરીને તેમના પાસે ગયા. એક બુઝુર્ગ ભાઈ આવ્યા અને માહિતી આપી. પછી કહ્યું કે ગાઈડ છે. જરૂર પડશે તો માર્ગદર્શન આપશે. અમે તેને સ્વીકારી લીધા. જો કે તેને બીજા સાથે વ્યવસાયિક રકઝક થઈ, પણ તે જ આવ્યા. તેણે સામેના ટેકરા તરફ આંગળી ચીંધી અને અમે બધા તેના પર ચડ્યા. એક જ પળમાં પાંચ હજાર વર્ષના અતીતમાં કૂદકો મારી દીધો.

ધોળાવીરામાં જે સંસ્કૃતિ મળી છે તે તો કદાચ મોહન-જો-ડેરોથી પણ જૂની છે. ભારતની પ્રાચીનતમ સંસ્કૃતિનાં અવશેષો છે. આ અકસ્માતે શોધાયેલ આ સંસ્કૃતિ વિશ્વમાં અદ્ભુત મનાય છે. કહેવાય છે કે મોહન-જો-ડેરોનો વિસ્તાર તો નાનો છે, પણ અહીં તો વિસ્તાર ઘણો જ મોટો છે. વિશ્વના સંશોધકો અહીં આવે છે અને તેને સમજવાનો પ્રયાસ કરે છે. અલબત્ત, તેમને સરકાર તરફથી કોઈ જ સગવડ આપવામાં આવતી નથી. ગામવાળા જ મદદ કરે છે. હમણાં વળી થોડે દૂર રતનપર પાસે

આવેલ રામકૃષ્ણ હાઈસ્કૂલમાં એક સરસ "ફ્લેમિંગો" નામનું ગેસ્ટ હાઉસ તૈયાર કરેલ છે. ત્યાં રહેવાની સરસ સગવડ કરી છે. તેથી વાંધો આવતો નથી.

અમે જેવા ટેકરા પર ચડ્યા કે સામે...અહોહો...મોટું સરોવર દેખાયું. ત્યારનું. વચ્ચે જવાનો રસ્તો અને બે બાજુ સરોવર હતું. તેની દિવાલ ખરેખર પાંચ હજાર વર્ષ જૂની જેવી જ દેખાતી હતી. સામે નગરનો કિલ્લો હતો. અંદર રાજાનો મહેલ હશે એવી કલ્પના કરાઈ છે. ગાઈડ એક પછી એક બતાવતો હતો. એક મહત્ત્વની બાબત એ હતી કે આ નગર ખોદાવાની શરૂઆત થઈ ત્યારે આ ગાઈડ તે ખોદકામ કરવામાં સામેલ હતો. તેથી તે સમગ્ર નગરની દરેક બાબતને જાણતો હતો. અને સદ્ભાગ્યે વાચાળ હતો. તેથી લાંબું લાબું સમજાવતો હતો. વચ્ચે વચ્ચે કેમ કામ થયું હતું અને કેમ અટકી ગયું તેની વાતો પણ કરતો હતો.

પણ ચારે તરફ નજર ફરતી હતી તેમ તેમ આ નગર ધીમે ધીમે ખુલ્લું થતું હતું. મન પાંચ હજાર વર્ષ દૂર ચાલ્યું ગયું હતું અને કલ્પના કરતું હતું કે આ નગરમાં ત્યારે કેવું સામાજિક અને રાજકીય જીવન હશે. રાજકીય તો ઠીક, પણ સામાજિક જીવન બાબતની કલ્પના રોમાંચિત કરતી હતી. ઈતિહાસ અને મનોવિજ્ઞાન કહે છે કે ત્યારે લગ્ન વ્યવસ્થા તો હતી નહીં. જેને જેની સાથે સંબંધ રાખવો હોય તે બાબતે સ્વતંત્રતા હતી. તો આ નગરમાં લોકો કેમ રહેતા હશે! માતૃપ્રધાન વ્યવસ્થા હશે? બાળકો કોનાં ગણાંતાં હશે? કોણ ઉછેરતું હશે? બાપ જવાબદારી લેતા હશે? બાપને ખબર હશે કે આ તેનું જ બાળક છે? કે પછી એ મા નક્કી કરતી હશે? સ્ત્રીઓ માટે સંઘર્ષ થતા હશે? મનોવિજ્ઞાની ફ્રોઈડ તેનાં અદ્ભુત પુસ્તક "ટોટેમ્સ એન્ડ ટેટૂઝ" માં કહે છે કે સંબંધો બધા વચ્ચે હતા. ગમે તે ગમે તેના સાથે સંબંધ રાખી શકતું હતું. તે તો એમ પણ કહે છે કે સંતાનો મોટાં થતાં ત્યારે તેમની નજર પણ પ્રથમ તો મા તરફ જ જતી હતી. તેથી કહેવાતા પિતા અને સંતાનો વચ્ચે પણ સંઘર્ષ થતો હતો. અહીં પણ આવું જ હશે? અહીં અનેક નાનાં મોટાં ઘરો હતાં. તેથી, સંભવ છે, દરેક ઘરમાં એક કુટુંબ રહેતું હોય. પણ તે આજની વ્યાખ્યા પ્રમાણેનું કુટુંબ હશે? કે પછી થોડા પુરુષો અને એકાદ સ્ત્રી રહેતી હશે? ઘરોનાં અવશેષો જોતાં જોતાં આ વિચારો આવતા હતા. નગર જીવન સ્વસ્થ હશે? સમાજના અન્ય લોકોના પરસ્પરના "આવા" સબંધોમાં રાજા પણ કૂદી પડતો હશે? અને તો પુરુષો સ્ત્રીઓ શું કરતાં હશે? સ્ત્રીઓ સામાન્ય વ્યક્તિને છોડી રાજાને પસંદ કરતી હશે? સગવડભર્યું અને વૈભવી જીવન જીવવા માટે? સેંકડો સવાલો ઊભા થતા હતા આ અવશેષો સામે જોતાં જોતાં.

અહીં પણ રાજાના મહેલથી લોકોનાં ઘર દૂર દેખાતાં હતાં. તો શું રાજાનું-કે સરદારનું મહત્ત્વ વધારે હશે? રાજા કે સરદાર ઉંચા સ્થળે રહેતો દેખાયો અને સામાન્ય પ્રજાનાં ઘરો ટેકરા નીચેની જમીન પર હતાં. પાસેથી સંભવ છે સિંધુ જેવી કોઈ નદી વહેતી હશે. તેમાં પૂર આવતું હશે તો રાજાને તો કંઈ નહીં થતું હોય, પણ પ્રજાને તકલીફ થતી હશે? પણ આ સંસ્કૃતિ નાશ પામી ત્યારે સમગ્ર નગર પૂરની હડફેટમાં આવી ગયું હશેને! અવશેષો કહેતાં હતા કે બધાની સ્થિતિ સરખી જ થઈ હશે. તો શું પાણીનાં પૂર એટલાં ઉંચાં ચડ્યાં હશે કે રાજાના મહેલને પણ ખલાસ કરી નાખ્યો હશે? સંશોધકોને પણ આના જવાબ નથી મળ્યા હજી સુધી. માત્ર નગર હોવાનો જ પુરાવો મળ્યો છે. લિપિ મળી છે પણ ઉકેલાઈ નથી. એટલો જ ખ્યાલ આવે છે કે તે સમયના સંદર્ભમાં આ નગર આધુનિક હતું. વ્યવસ્થિત નગર રચના હતી. વ્યવસ્થિત શેરીઓ, સુંદર ગટર રચના અને પાણી નિકાલની વ્યવસ્થા હતી. કૂવા વગેરે પણ હતા. પાણી વધે તો નાલીઓ દ્વારા સરોવરમાં ચાલ્યું જાય તેવી વ્યવસ્થા પણ દેખાતી હતી. આજે છે તેવી એકે એક વ્યવસ્થા ત્યાં જોવા મળતી હતી. એટલે વિચાર એ આવતો હતો કે તો પછી આજે આપણે આધુનિક કે આ પાંચ હજાર વર્ષ જૂના લોકો આધુનિક? આપણી અદ્ભુત અને બિનકાર્યક્ષમ નગરપાલિકાઓ કરતાં તો આ પાંચ હજાર વર્ષ જૂની નગરપાલિકાઓ - અથવા તેનું જે નામ હોય - વ્યવસ્થિત અને કાર્યક્ષમ હતી. આપણે ખોટો વટ પડાવીએ છીએ! નગર રચના જોતાં તો લોકો એક આયોજનબધ્ધ નગરમાં રહેતા હતા.

ટેકરા પરથી નીચે રમતનું મેદાન બતાવ્યું. અહો! અહીં રથદોડ થતી હશે, તલવારની પટ્ટાબાજી થતી હશે, બીજી રમતો અહીં રમાતી હશે. જોતાં જોતાં જાણે રથો દોડવાના ગડગડાટ સંભળાતા હતા. તલવારોના ખડખડાટ સંભળાતા હતા. રમતે રમતે ધૂળથી ઢંકાઈ જતા ખેલાડીઓના ચહેરાઓ તરવરતા હતા. ગઢ પર બેસી રાજા-રાણી આ જોતાં હશે. ક્યારેક તેમનો પુત્ર પણ તેમાં કૂદી પડતો હશે. સૂનાંસટ મેદાનમાંથી અનેક અવાજો સંભળાતા હતા. આજે પણ જાણે અવકાશમાં તરતા હતા. અહીં જ મેળા ભરાતા હશે? તહેવારો ઉજવાતા હશે? કેટકેટલી બાબતો આ મેદાન અને અહીંનું આકાશ સાચવીને બેઠાં હતાં? આવનાર

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

સમયમાં કયા સેટેલાઈટ તેને પકડી શકશે? અને ત્યારે જ તેનાં રહસ્યો ખુલશે. વર્તમાન ટેકનોલોજીને આ અવશેષો પડકાર ફેંકતાં હતાં કે ચાલો, તમે અમે પાંચ હજાર વર્ષ જૂનાં છીએ તે તો શોધી કાઢ્યું, પણ હવે એવાં સૂક્ષ્મતમ સાધનો શોધો જે ત્યારના અવાજો પકડી શકે અને લિપિને ઉકેલી શકે. આંખો ચારે તરફ ફરતી હતી ત્યારે મગજમાં સેંકડો-હજારો પ્રશ્નો ઠેકડા મારતા હતા. સમાજ જીવન, ધર્મ, સ્ત્રીઓની સ્થિતિ, ગુલામોની સ્થિતિ, શિક્ષણ, આરોગ્ય...અનેક મુદ્દાઓ જવાબ માગતા હતા. પણ અહીં તો મૌન અવશેષો હતા. બધું કહેવા આતુર હતા, પણ સાંભળનાર વિજ્ઞાની હજી આવ્યો ન હતો.

આખું નગર ફર્યા. ઉપર-નીચે, આડા અવળા ફરતા રહ્યા. એક એક ચીજ જોતા રહ્યા. કલ્પનાઓ કરતા રહ્યા. સંશોધકો જેવી તાલીમબદ્ધ આંખ ન હતી તેથી બધામાં સમજ પડતી ન હતી. પણ પુરાતત્ત્વશાસ્ત્રીઓને તો અહીં ખજાનો જ મળતો હશે. તેમના આનંદનો પાર નહીં રહેતો હોય. નગર આયોજકોને અહીં ખૂબ શીખવા મળતું હશે - આ પ્રાચીન લોકો પાસેથી. કદાચ તેમના આયોજનથી શરમાતા પણ હશે કે આ લોકો તેમના કરતાં - કોઈ પણ ટેકનોલોજી અને સગવડ વગર-આધુનિક હતા.

એકાદ કલાક સુધી આ અતીતમાં આંટા મારતા રહ્યા. રાજાથી માંડી સામાન્ય વ્યક્તિને કે ગુલામને મળતા રહ્યા. તેમની સ્થિતિની પૃચ્છા કરી, પણ બધા ચૂપ હતા. બધા બોલવા આતુર હતા, માત્ર તેમને સમજનારની રાહ જોતા હતા. તેમનો ભૌતિક તબક્કો તો અવશ્ય ખુલ્લો થઈ ગયો હતો, હવે સામાજિક કે રાજકીય કૌટુંબિક કે વ્યાપારી જીવનનો પડદો કોણ ખોલે તેની તેઓ રાહ જોતા હતા.

પણ આ એક કલાક માણ્યો. ઈતિહાસના શિક્ષક હોવાને નાતે થોડો તો ખ્યાલ હતો. પણ રૂબરૂ મુલાકાતે વધારે માહિતી આપી અને કલ્પનાને ધક્કો આપ્યો. કલ્પનાનો વિસ્ફોટ કરાવ્યો. કોઈ સર્જક અહીં આવે તો જબરી નવલકથા લખી શકે. અને આસુતોષ ગોવારીકરે તો ફિલ્મ ઉતારી જ છે ને! તેણે કલ્પનાને આકાર આપવાનો સારો પ્રયાસ કર્યો છે. આખો ટેકરો ફર્યા. ખૂણેખૂણો જોયો. દરેક પાણાને સાંભળવાનો પ્રયાસ કર્યો. તેના સામે જોઈ કલ્પના કરવાના પ્રયાસ કર્યા. આ પથ્થરો પર પણ બેસીને ત્યારનાં પ્રેમીઓએ પ્રેમ કર્યો હશેને! ત્યારનાં રૂઢિચુસ્ત વડીલો પણ આડાં આવ્યાં હશે ને! અહીંની ખાપ પંચાયતે પણ ફતવા બહાર પાડ્યા હશે ને! પ્રેમીઓ હેરાન થયાં હશે ને! કોઈ દયાળુ - લિબરલ - સરદારે તેમને રાહત આપી હશે?

પાછા વળતા હતા ત્યારે સામે કલ્પનામાં ધસમસતી નદી દેખાતી હતી. તેનાં પૂર વધતાં જ જતાં હતાં. ટેકરા પર પાણી ચડતું દેખાતું હતું. કિલ્લાની ભીંત સાથે, ઉંચાણ સાથે પાણી ટકરાતું હતું. લોકો કેમ બચવું તેની મથામણ કરતા દેખાતા હતા. પણ પાણી એટલું તો ઝડપી, ધસમસતું, ઉલળતું હતું કે લોકો લાચાર થઈ તણાયા હશે અને દરિયા ભેગા થઈ ગયા હશે! નદીનાં પૂરે એક ઉત્તમ નગરની સંસ્કૃતિને ધ્વંશ કરી નાખી હશે! પૂરનો ગડગડાટ, ઘૂંઘવાટ "દેખાતો" હતો અને મન અકળાતું હતું. આ કેવું! માણસ સદીઓ સુધી મહેનત કરી સંસ્કૃતિ ઊભી કરે અને કુદરત એક પળમાં તેને ખલાસ કરી નાખે! ભૂતકાળમાં પણ આવું થતું રહ્યું. આજે પણ થાય છે. ભવિષ્યમાં પણ થયા કરશે. આ ત્રાસમાં વર્તમાનમાં એક વધારાનું તત્ત્વ ભળ્યું છે. તે છે માણસ પોતે. તે હવે ત્રાસવાદી બન્યો છે. સ્વાર્થી બનતો જાય છે. નકરો ઉપભોક્તાવાદી બનતો જાય છે. હવે કુદરત નુકસાન કરશે તેના કરતાં માણસ વધારે નુકસાન કરશે.

ટેકરો ઉતરતાં મન ઉદાસીન થઈ ગયું. પણ સમાંતરે પાંચ હજાર વર્ષ પહેલાંની સર્જકતા જોઈ ત્યારના માનવીની પ્રતિભાનાં દર્શન થયાં જેણે ગદગદ કરી નાખ્યો. આ અવશેષોથી લઈ આજનાં મેઘા સ્માર્ટ શહેરો કહે છે કે માણસ ક્યારે કુદરતના પ્રકોપને વશ નથી થયો. તે હચમચ્યો જરૂર છે, પણ ફરી ઊભા થવાની તાકાત કેળવી છે અને પુનઃ પુનઃ સંસ્કૃતિઓ સર્જી છે. સમગ્ર વિશ્વના આ ધોળાવીરાથી આજની પળ સુધીના ઈતિહાસને એક જ લીટીમાં કહી શકાય છે કે માણસ અજેય રહ્યો છે. ગુફાવાસી રહેવામાં સંતોષ નથી માન્યો, પણ મંગળ સુધી પહોંચવાના પ્રયાસો કરતો રહ્યો છે. દરેક વખતે આ સાહસિકોને રૂઢિચુસ્તોએ હેરાન કર્યા હશે, ધર્મોએ આડખિલી ઊભી કરી જ હશે, છતાં આ સાહસિકો મક્કમ રહ્યા હશે અને આગળ વધતા જ રહ્યા હશે.

આ નગરને, તેના લોકોને, સાહસિકોને સલામ ભરતા ભરતા નીચે ઉતર્યા. શરીરને ચોક્કસ થાક લાગ્યો હતો, પણ અહીંની પ્રાચીનોની પ્રતિભાના સ્પર્શથી મન ખૂબ જ તાજું હતું.

હવે? પાછા?

ગાઈડ કહે કે પાસે જ એક ફોસીલ્સ પાર્ક છે. તે પણ જોવા જેવો છે. 'તું બતાવશે?' એમ પૂછતાં તે ચાલવા તૈયાર થયો. એટલે ફરી ગાડીમાં બેસી ગયા અને ઉપડ્યા. બહાર નીકળી પાછળની દિશામાં રવાના થયા. લગભગ સાતેક કિલોમીટર ગયા પછી અચાનક એક રસ્તો વળ્યો અને પાર્ક તરફ જવા લાગ્યો. થોડો કાચો હતો પછી સિમેન્ટનો શરૂ થયો. પણ બાપ રે! તદ્દન ટૂંકો! એક ગાડી માંડ માંડ ચાલી શકે. સામે જો બીજી ગાડી આવે તો કોઈ આગળ વધી ન શકે. છેક સામે સુધી એક ગાડીને પાછળ જવું પડે. આવો રસ્તો તૈયાર કરનાર પ્રત્યે ખૂબ "માન" થયું. રસ્તાના બન્ને ખૂણા પણ એવા કે જરા ખસ્યા કે ગાડી ઊંધી જ વળી જાય. આર.ટી.ઓ.એ અહીં નવા ડ્રાઈવરની પરીક્ષા લેવી જોઈએ એમ થયું! ડ્રાઈવરે ખૂબ કુશળતાથી ગાડી ચલાવી. સદ્ભાગ્યે કોઈ ગાડી સામે ન આવી. ઉંચા નીચા વળાંક લેતા છેવટે પહોંચ્યા. અચાનક એક નાના મેદાન પાસે જઈ ગાડી ઊભી રહી. નીચે ઉતર્યા.

અચાનક સામે નજર પડી. અહોહો! હું ભૂલથી અમે જગન્નાથપુરીના દરિયા કિનારે તો નહોતા પહોંચી ગયા ને? સામે વિશાળ દરિયો લહેરાતો હતો. અહીં દરિયો? ગાઈડે કહ્યું આ

દરિયો નથી, આ તો રણ છે. રણમાં અલબત્ત દરિયાનું પાણી છે. આ રણ પચાસ કિલોમીટર સુધી પથરાયેલ છે અને સમગ્ર પાણીથી જ ભરેલ છે. પણ દશ્ય કલ્પનાતીત અદ્ભુત હતું. સૂરજ ઢળતો હતો. તેનાં લાલ કિરણો આ પાણી પર પડતાં હતાં. પાણી દરિયા જેવું જ બ્લ્યુ હતું. આંખો તેના પરથી ખસતી ન હતી. એક પળમાં ધોળાવીરા ભૂલાઈ ગયું અને આ રણ પર નજર ચોંટી ગઈ.

નજર થોડી ખસી. ત્યાં વળી નવું જ દશ્ય દેખાયું. પુષ્કળ પથ્થરો દેખાયા. હં...આ જ ફોસીલ્સ પાર્ક લાગે છે. આ પાછો "વૂડ ફોસીલ્સ પાર્ક" છે. એનો અર્થ એ થયો કે આ જે પથ્થરો દેખાય છે તે હકીકતે પહેલાં વૃક્ષનાં લાકડાં હતાં. પછી પાકતાં પાકતાં આવા પથ્થર જેવાં બની ગયાં હશે. પણ તેમનો આકાર! જાણે મોડર્ન આર્ટનાં શિલ્પો! દરેક પાસે ગયા. ખૂબ નજીકથી જોયા. દરેકનો આકાર વિશિષ્ટ. દરેક બીજાથી અલગ. નાના, મોટા, પહોળા, લાંબા, ઉંચા...બધા જ આકારો હતા. પાછા કાળા ડિબાંગ હતા. પાછળ રણની ભૂખરી જમીન અને બ્લ્યુ પાણીના બેક ગ્રાઉન્ડના કારણે તેમની કાળાશ ઝળકી ઉઠતી હતી. કયો પથ્થર જોવો અને કયો ન જોવો તેની આંખ મૂંઝવણ અનુભવતી હતી. રોમાંચ અનુભવાતો હતો. એક એક પથ્થરને જોયા. તેમનો સ્પર્શ કર્યો અને દરેક સ્પર્શ માત્ર રોમાંચ જ નહોતો જન્માવતો, પણ યુગો પાછળ લઈ જતો હતો.

કારણ? આ ફોસીલ્સ પાર્ક અતિ અતિ જૂનો છે. કેટલો જૂનો? શ્વાસ થંભી જશે આંકડો સાંભળશું તો. તે જૂનો છે સોળ કરોડ વર્ષ! તે સમયને "જુરાસિક સમય" કહે છે. તેથી આ પાર્કને પણ જુરાસિક પાર્ક પણ કહે છે. ત્યારે હજી માનવ આવ્યો ન હતો. પણ ત્યારે ડાયનાસોર પ્રાણીઓ હતાં. એંસી ફીટ લાંબાં કે ઉંચાં! એટલાં જ વૃક્ષો ઉંચાં. અહીં એવાં એક જુરાસિક વૃક્ષનું થડ પણ જોવા મળ્યું. આ પથ્થરો પણ એટલા જૂના હતા.

પાંચ હજાર વર્ષ જૂનાં અવશેષો જોઈ રોમાંચ અનુભવેલ. તો પછી સોળ કરોડ વર્ષ પ્રાચીનતમ અવશેષો જોઈને શું થાય! શરીર-મનની દરેક દરેક નસ રણઝણી ઉઠી, હણહણી ઉઠી, ધણધણી ઉઠી, નૃત્ય કરી ઉઠી. મનનાં જ્ઞાનતંતુઓ આ સોળ કરોડ વર્ષ એટલે કેટલાં જૂનાં તે નક્કી કરવામાં તદન નિષ્ફળ રહ્યાં. જેમ આકાશનાં ઊંડાણ વિશે વિચારવામાં નિષ્ફળતા મળે, તેમજ આ સોળ કરોડ વર્ષ એટલે કેટલાં-તે નક્કી કરવામાં પણ મને હાથ ઊંચા કરી દીધા. વર્તમાન છ-સાત દાયકાને સમજવામાં પણ જ્યાં નિષ્ફળતા મળતી હોય. તે પણ ન સમજાતા ન હોય, ત્યાં સોળ કરોડ વર્ષ! ઉપનિષદના શબ્દો યાદ આવ્યા "સત્યં જ્ઞાનં અનંતમ્!" ઈશ્વર વિશે જેમ વિચારતાં નિઃશબ્દ થઈ જવાય, તેમ આ સમય વિશે પણ નિઃશબ્દ જ થઈ જવાય. અને થઈ જ ગયા. બોલી જ ન શક્યા. અનિર્વચનીય થઈ ગયા. વૃક્ષો, પથ્થરો, અફાટ રણ, તેમાં રહેલ બ્લ્યુ પાણી...શું જોવું અને શું ન જોવું તે નક્કી કરી શકાતું ન હતું. તેથી 'આ જોવું કે તે જોવું' એમ ગુંચવાતી આંખો બેકાબૂ થઈ ગોળ ગોળ ફરતી હતી. પરિણામે ઉંચી નીચી અને ખરબચડી જમીન પર ચાલવું મુશ્કેલ બનતું હતું. દારૂડિયાની જેમ ચાલતા હતા, ઠેસો જ ખાતા હતા. સમતુલા ન ગુમાવી બેસાય તેનો પ્રયાસ કરતા હતા. પણ કમબખ્ત આ દશ્યો સ્થિર રહેવા દેતાં ન હતાં. મંદિરમાં જેમ મૂર્તિની પ્રદક્ષિણા કરીએ તેમ આ પથ્થરો અને વૃક્ષની પ્રદક્ષિણા કર્યા કરતા હતા. દરેક એંગલથી બધાં નવાં, અદ્ભુત, સૌંદર્યમય દેખાતાં હતાં. સમગ્ર દશ્ય જાણે કોઈ મહાન ચિત્રકારે દોર્યું હોય તેવું સૌંદર્યજ્યોત સમાન હતું. સૂર્ય અસ્ત પામતો હતો. ચેતવણીઓ આપતો હતો, પણ પગ ખસવા તૈયાર જ ન હતા. ગાઈડ પણ ચેતવતો હતો કે પાછા વળીએ. પગ માંડ ખસતા હતા. જાણે આ બધા પથ્થરો પગની સાંકળ બની ગયા હતા. પણ કમને પણ પાછા ફર્યા અને સૂરજ અને દરિયા છાપ રણ સામે જોતા જોતા પરાણે ગાડીમાં બેઠા." કણ કણ મેં ભગવાન હૈ" નો અહેસાસ અહીં પળેપળ થતો હતો. વાતાવરણમાં કેવળ ને કેવળ સૌંદર્ય નીતરતું હતું. પ્રકૃતિને આદરપૂર્વક વંદન કરી પાછા વળ્યા.

ફરી આ ટૂંકા રસ્તા પર થઈ વળાંક લેતા લેતા મૂળ માર્ગ પર આવી ગયા. ફરી ધોળાવીરા નગર પસાર કર્યું. બધા થાક્યા હતા. ચાની તલપ લાગી હતી. ગાઈડે આંગળી ચીંધી સામે ભૂંગાં બતાવ્યાં અને કહ્યું કે તે રેસ્ટોરાં છે. ગાડી ત્યાં પહોંચી અને તેના કેમ્પસમાં ઊભી રહી. રેસ્ટોરાંના માલિક આવ્યા. મહેન્દ્રસિંહ નામ. પરિચય થતાં ઉદગાર નીકળી ગયા - "અરે, આ તો વેલુભાના પુત્ર." વીસમી સદીના સાતમા દાયકામાં વડીલ કાંતિપ્રસાદ અંતાણી સાથે ખડીરમાં ફરેલ ત્યારે આ વેલુભાને ઘેર આવ્યા હતા. તેમની સાથે ઓળખાણ થયેલ. પછી પણ વારંવાર ભુજમાં તેમનાં દર્શન થયા કરે છે. ખડીરના અગ્રણી. વર્ષો સુધી બેન્કના ચેરમેન. આજે પણ. મજા પડી ગઈ. મિત્રે ફોન કરતાં થોડી જ પળોમાં વેલુભા આવી પહોંચ્યા અને બધાને જોઈ આનંદમાં આવી ગયા. તેમની આસપાસ બધા ગોઠવાઈ ગયા. વાતો જામી. ચા આવી. બધાએ ધરાઈને પીધી. ભૂતકાળને વાગોળ્યો. તેમની વર્તમાનની પ્રવૃત્તિઓ જાણી. તેમણે તો ઘેર ચાલવા આગ્રહ કર્યો. પણ અંધારું વધતું હતું. રતનપર પહોંચવાનું હતું. એટલે વિનયપૂર્વક ના પાડી. તેમને ગાડીમાં બેસાડી દીધા અને ધોળાવીરામાં તેમના ઘેર ઉતારી દીધા. થોડી પળો ખડીરની મહેમાનગતિની અનુભૂતિ કરી.

અંધારું થઈ ગયું હતું. ગાડી દોડાવી દીધી. એક વળાંક લીધો અને લ્યો! સામે ગોળમટોળ ચન્દ્રે દર્શન દીધાં. અરે! આજે તો પૂનમ. પણ ચન્દ્ર હજી ક્ષિતિજ પર હતો. તેથી થોડો ઝાંખો હતો. પણ થોડી જ પળોમાં ક્ષિતિજથી ઉપર આવી જશે અને પોતાની શીતળ આભા પ્રસરાવવા લાગશે. બધાનાં મન ફરી રોમાંચિત થઈ ગયાં. આજ સવારથી સૌંદર્યસ્નાન કરતા હતા. તેમાં આ શિખરરૂપ હતું. તરુણ-તરુણી જેમ એકબીજા તરફ તાકી તાકીને જોઈ રહે, તેમની નજર સ્થિર, અચળ, સ્તબ્ધ થઈ જાય, તેવી જ સ્થિતિ

ગાડીમાં બેઠેલ બધાની હતી. બધા એકીટસે ચન્દ્ર તરફ જોતાં હતાં.

અર્ધોએક કલાક પછી ગેસ્ટ હાઉસ દેખાયું. મૂળે તે રામકૃષ્ણ હાઈસ્કૂલ. ગ્રામ સ્વરાજ સંઘે શરૂ કરેલ. રામકૃષ્ણ આશ્રમ, રાજકોટે મદદ કરેલ. બીજાં પણ ટ્રસ્ટોએ સાથ આપેલ. પણ પછી આર્થિક કારણોસર યુરોને સોંપાઈ ગઈ છે. આજે તે ચલાવે છે. ભૂકંપ પછી તેનો જે ભાગ જર્જરિત થઈ ગયો તેને લાલ રાંભિયા અને મિત્રોએ ફરી તૈયાર કર્યો અને ગેસ્ટ હાઉસમાં ફેરવી નાખ્યો. અત્યંત આધુનિક છતાં સાંસ્કૃતિક માહોલ સર્જે છે આ ગેસ્ટ હાઉસ. તેમાં થતી આવક શાળાના વિકાસમાં ઉપયોગમાં લેવાય છે. દરવાજા પાસે તેનો સંચાલક અમારી રાહ જોતો હતો. તેણે હાથ હલાવી અમારી ગાડી રોકી. અમે ઉતર્યા. અંદર સરસ રૂમોમાં પ્રવેશ્યા. રાતે આરામ કર્યો.

બીજી સવાર ઊગી. અજવાળું થયું. સરસ આરામ મળી ગયો હતો. ઝાંખાં અજવાળામાં શાળાના કમ્પાઉન્ડમાં આંટો માર્યો. ચારે તરફ નાના નાના ઓરડાઓ હતા. શાળાના અલગ અલગ રૂમો હતા. પુસ્તકાલય, પ્રયોગશાળા, વર્ગખંડો વગેરે હતા. હોળી સબબ રજા આપી હતી. તેથી બાળકોની ચહલપહલ ન હતી. સર્વત્ર શાંતિ હતી. એકાદ બે સ્ટાફનાં સંતાનો તેમનાં ઘરો બહાર ઊભાં હતાં. અમને જોઈ નવાઈ પામતાં હતાં. સૂતેલ કૂતરાં પણ આ અજનબીને જોઈ વિચારમાં પડી ગયાં હતાં. થોડી પળ તાકીને જોતાં હતાં, પણ પછી રજાનો મૂડ હોવાથી ભસવાનું માંડી વાળી ફરી માથું ઢાળી દેતાં હતાં. એક ખૂણામાં શાળાનો પ્રાર્થના ખંડ હતો. તેમાં પ્રવેશ કર્યો. તે પ્રાર્થના ખંડ હોવા સાથે મંદિરનો ભાગ પણ ભજવતો હતો. અંદર શ્રી રામકૃષ્ણ પરમહંસની નાનકડી પણ સુંદર મૂર્તિ હતી. શ્રીરામકૃષ્ણ સામે નજર પડે કે તેમનું સ્મરણ થાય કે તરત સમગ્ર વ્યક્તિત્વ હચમચી ઊઠે. પરમ તત્ત્વનાં બધાં જ રૂપોનો સાક્ષાત્કાર કરનાર આ વિભૂતિનું સ્મરણ માત્ર મનને દિવ્યતાનો સ્પર્શ કરાવે છે. તેમની વાણીથી મન ગદગદ થઈ ઉઠે છે. દરેક આથમતો સૂર્ય તેમના વલવલાટનું સ્મરણ કરાવે છે. સાધક અવસ્થામાં રોજ સાંજે આથમતા સૂર્યને જોઈ તે માથું ભીંતમાં પછાડતા અને રડતા કે, "અરે, આજનો દિવસ ઈશ્વરનું દર્શન કર્યા વિનાનો ગયો." આવા અદ્‌ભુત સાધક, અદ્‌ભુત સિધ્ધ જો આવો કઠોરાં કઠોર સાધના પછી આમ કહે તો આપણું શું? માથું શરમથી ઝૂકી જાય.

મૂર્તિ સામે ચૂપચાપ ઊભા રહ્યા. પ્રભાતના પહોરમાં દર્શન આપવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી. તેમના જેવી તીવ્રતમ ભક્તિ અને વલવલાટ આપવાની વિનંતી કરી. વાતાવરણ પૂર્ણ શાંત હતું. રામકૃષ્ણના હોઠ પરનું સ્મિત ચિતને પ્રસન્ન કરતું હતું. એક શાળામાં ઊભવા-ફરવાનો એક વિશિષ્ટ આનંદ હતો જે વર્ષો સુધી માણ્યો હતો. આજે તે ફરી માણવા મળ્યો હતો તેથી સરસ્વતી દેવીનો આભાર માનતા હતા. શાળા જેવું પવિત્ર સ્થળ વિશ્વમાં ક્યાંય નથી. આ પવિત્રતામાં સ્નાન કરવાનો લહાવો લેતા હતા. રામકૃષ્ણ-સરસ્વતી – બન્નેનું સાંનિધ્ય માણતા માણતા ફરી ગેસ્ટ હાઉસમાં આવ્યા અને તૈયાર થઈ ભુજ તરફ જવા નીકળ્યા.

વચ્ચે આવતાં ગામો કે એકાદ સ્થળ જોતા જોતા રવેચી પાસે આવ્યા. ત્યાં ગયાં. અહીં પણ પરિવર્તનની ઝલક દેખાતી હતી. આગળ જોયેલ ત્યારે જૂનું લાગતું હતું. અત્યારે અહીં આધુનિકતાનો સ્પર્શ જોવા મળતો હતો. અહીંનું તળાવ કમળથી ભરપૂર છે. પણ અત્યારે કેવળ પાંદડાં હતાં, કમળ ન હતાં.

અહીંથી નક્કી કર્યું કે ચાલો, એકલનું રણ જોતા જઈએ. તેની પ્રશંસા બહુ સાંભળતા હતા. એટલે તે બાજુનો રસ્તો લીધો. સુવઈ થઈ છેક વણોઈની વાંઢ પહોંચ્યા. ત્યાં પૂછતાં જવાબ મળ્યો કે અમે થોડા આગળ આવી ગયા હતા. થોડા પાછળ જઈ આવતા કાચા રસ્તા પર વળી જવું. પાછા વળ્યા. કાચો રસ્તો આવ્યો. થોડે ગયા કે એક કોઝ વે આવ્યો. તે જોતાં જ થડકી ઉઠ્યા. તદ્દન તૂટી ગયો હતો. ગાડી માટે જવું મુશ્કેલ જ ન હતું, નામુમકીન હતું. ડ્રાઈવર હિંમત કરવા તૈયાર હતા. પણ અમે તૈયાર ન હતા. રસ્તો પણ ટૂંકો. કેમ ગાડી પાછી વાળવી તે પણ સમસ્યા હતી. જાણે અમરનાથના રસ્તા પર બીક લાગે તેવી બીક લાગતી હતી. મહામુશ્કેલીએ ગાડી વાળી. ફરી એક ભયંકર ખરાબ રસ્તાનો અનુભવ કર્યો. ખરેખર રાપર તાલુકો ગુજરાતના વિકાસનો અદ્‌ભુત નમૂનો હતો! તેને સુધારવાની જાણે કોઈને પડી જ ન હતી અને પાછા બણગા ફૂકતા હતા કે જુઓ અમારો વિકાસ!

હવે ગાડી ફરી દોડવા લાગી. રામવાવ, કૂકા થઈ ગાડી ખારોઈ પહોંચી. અરે, અહીં તો પેલું કુદરતી ઉપચાર કેન્દ્ર આનંદધામ! બધાને તે જોવાની ઇચ્છા થઈ. બપોર થઈ ગઈ હતી. સારવાર તો બંધ હશે. છતાં હિંમત કરી ગયા. પણ તેમના વ્યવસ્થાપક શ્રી સંજયભાઈએ હાર્દિક સ્વાગત કર્યું. સેન્ટર વિશે સમજાવ્યું. દરેક ટ્રીટમેન્ટના ખંડ બતાવ્યા. સારવારો સમજાવી. રહેવાના રૂમો બતાવ્યા. બધું જ સુંદર અને સુઘડ હતું. એલોપથીથી થાકી જવાય તો સ્વસ્થ થવા માટે આ ઉત્તમ કેન્દ્ર હતું. આખા ભારતમાંથી લોકો અહીં સારવાર લેવા આવે છે. એક મુલાકાત લેવા જેવું સ્થળ છે. આનંદધામની મુલાકાત આનંદમય નીવડી.

બસ! આ જોવા માટે છેલ્લું સ્થળ હતું. હવે તો બસ ભુજ જ! બેક ટુ પેવેલિયન! ખુદ ગાડી પણ ભુજ પહોંચવા ઉતાવળી હતી. ડ્રાઈવર સૂચના આપે તે પહેલાં તે જ દોડવા લાગી. ■

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

હાસ્ય

# મરણોત્સવ

વિનોદ ભટ્ટ

સમય બદલાવા માંડ્યો છે. ગુજરનાર દાદાજી જો સારો એવો દલ્લો છોડતા ગયા હોય તો તેમના વારસદારો તેમની સ્મશાન યાત્રાથી માંડીને તે બેસણા સુધી - ના, બેસણું નહીં પ્રાર્થનાસભા સુધીનું બધું ધામધૂમથી ઊજવે છે. આ અમૂલ્ય અવસરનું વિડિયો શૂટિંગ પણ કરવામાં આવે છે અને એ પત્યા પછી કુટુંબનાં સભ્યો અંદર અંદર સંતોષ પણ વ્યક્ત કરે છે કે ચાલો, દાદાજીનું બેસણું તો જાણે રંગચંગે પતી ગયું. તેમનાં બારમાં તેરમામાંય જયાફત ઉડાવીશું, જલસા કરીશું. દાદાજીએ જવા અગાઉ બધાંને રડારોળ કરવાની સાફ ના પાડી હતી, પણ મને ડર હતો કે વહાલી ફોઈ પોચાં છે એટલે કદાચ તેઓ પોક મૂકશે. પણ તેઓ પ્રમાણમાં કાઠાં નીકળ્યાં. દાદાજીએ 'વિલ' માં એમનું ધ્યાન બરાબર રાખ્યું હશે.

આવા જ એક નિ:સંતાન બુઝુર્ગના બેસણામાં હાજરી આપવા આ લખનાર ગયો હતો. ત્યાં આઈસ્ક્રીમ પીરસાતો હતો, બેસણામાં આવનારના હાથમાં, ઘરના જ એક સભ્યની સૂચના પ્રમાણે યુનિફોર્મવાળા વેઈટરો આઈસક્રીમનું કોડિયું પકડાવી દેતા. આગંતુક સહેજ ક્ષોભ સાથે આ આઈસ્ક્રીમ લેવાની આનાકાની કરે તો એનો સંકોચ દૂર કરવા પરિવારનો એ સભ્ય પ્રસન્નતાથી કહેતો કે 'લો તમ-તમારે. મોટા બાપા તો ગ્રીન ગાર્ડન (ગુજરાતી : લીલી વાડી) મૂકીને જાતરાએ ગયા છે. એમને રાજા-રાણી આઈસ્ક્રીમ બહુ ભાવતો, એટલે તેઓ તો અમને કહેતા ગયા છે કે મારા બેસણામાં આવનાર તમામને રાજા-રાણી ખવડાવજો; તો જ મારા આત્માને ઉપર શાંતિ મળશે.' એટલે પછી ગુજરનારના આત્માને પ્રભુ ચિરશાંતિ આપે, એકાદ જણના આઈસ્ક્રીમ નહીં ખાવાથી એ આત્મા અશાંત થઈ અહીં-તહીં કે કોઈ આઈસ્ક્રીમ પાર્લરની આસપાસ ભટક્યા ન કરે એ માટે થઈને બેસણહારો આઈસક્રીમને ન્યાય આપીને જતો.

એ ભાઈએ મને પણ આઈસ્ક્રીમ લેવા આગ્રહ કર્યો. વેઈટર મને કોડિયું પકડાવવા જતો હતો. મેં સવિનય ના પાડી. માહિતી આપી કે મને ડાયાબિટીસ છે. મને માફ કરો, મારાથી નહીં લેવાય, મને તાણ ન કરો, પ્લીઝ 'અરે, એમ તે કંઈ માફ કરાતા હશે! પ્લીઝ-બ્લીઝ છોડો...' તેઓ બોલ્યા : 'મરવાનું તો જીવનમાં એક જ વાર છે. એમ ડાયાબિટીસથી ક્યાં સુધી ગભરાતા ફરશો? મોટા બાપાને પણ સિવિઅર ડી.બી. (ડાયાબિટીસ) હતો, તેઓ તો રાખ ને ધૂળ બધું જ ઝાપટ્યા કરતા. એમાં તો તેઓ ગયા.' આમ બોલી તેમણે તેમના મોટા બાપાની પાછળ- પાછળ મનેય ત્યાં મોકલી આપવાનો સંકલ્પ જાહેર કર્યો. છેવટે એમના મોટા બાપાનું નહીં, પણ એમનું મન રાખવા મારે એક ચમચી આઈસ્ક્રીમ તો ચાખવો જ પડ્યો.

અને હવે તો સદ્‌ગતના બેસણાની જાહેરખબર છાપામાં આપવામાં આવે છે. જેમાં ગુજરનારને નહીં ઓળખનારાઓને પણ માહિતી આપવામાં આવે છે કે મરનારે પોતે સમાજમાં કેટલા ડોક્ટરો વકીલો તેમજ આર્કિટેક્ટસ છોડી મૂક્યા છે. આ ઉપરાંત કુટુંબમાં કેટલાં દીકરા-દીકરીઓ યુ.એસ.એ. ખાતે છે, ત્યાં તેઓ કઈ કંપનીમાં મજૂરી કરે છે એની વિગત બિનજરૂરી હોવાથી એનો ઉલ્લેખ જાહેરખબરમાં કરવામાં આવતો નથી.

લગભગ એંસી-નેવું વર્ષ અગાઉ તો છાપું વાંચવું એ લકઝરી ગણાતું, અમુક ભણેલગણેલ ધનિક લોકોને જ છાપું વાંચવું પરવડતું, આ કારણે અખબારોમાં બેસણાની જાહેરખબર છપાવવાનો રિવાજ ન હતો ને ગણ્યા-ગાંઠ્યા શ્રેષ્ઠીઓને ત્યાં ફોનની સગવડ હતી. શહેર-આખું પોળોમાં વસેલું હતું. પોળમાં કોઈને ત્યાં મરણ થાય પછી પોળનો ફેમિલી બાર્બર (વાળંદ) એકબીજા સાથે વ્યવહારથી જોડાયેલી એક પછી એક એમ આસપાસની પાંચેય પોળોમાં જઈ આ સમાચાર પહોંચાડી આવે, જીવતાજાગતા છાપાની કામગીરી બજાવે અને જોતજોતામાં લોકો મરનારા ઘર પાસેના ચોકઠામાં જમા થઈ જતા.

પણ ગામડાંઓની વાત સાવ અલગ હતી. મૃત્યુ એક મહોત્સવ નહીં પણ એક અતિ ગંભીર શોકગ્રસ્ત ઘટના લેખાતું.

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

આવા પ્રસંગે ગુજરનારનાં તમામ સગાં-સ્નેહીઓને માફકસર રડવું ન પણ આવે. ખોટેખોટું રડવાનું ય ઘણાંને ન ફાવે, આ કારણે મરનાર પાછળ રાજીયો ગાનાર ભાડૂતી માણસોને બોલાવવાના. ભાડે આવેલ આ વ્યક્તિઓ થોડા પૈસા લઈને મૃત્યુના શોકને વધુ ઘેરો બનાવતી. કવિ હોમરના નોંધ્યા પ્રમાણે એના વખતમાં પણ ગ્રીક પ્રજામાં શોકનું વાતાવરણ જમાવવા માટે રડનાર માણસો ભાડે લાવવાની પ્રથા હતી. ગામમાં એક માણસના પાછા થવાથી આખા ગામને શોક પડતો. ગરુડ પુરાણમાં લખ્યું છે કે જે ગામમાં માણસ ગુજરી ગયો હોય તેને સ્મશાને લઈ જવામાં ન આવે ત્યાં સુધી ગામના લોકોને ખાવું નહીં.

પરંતુ આનું જાણે સાટું વાળવું હોય એમ આ માણસનાં બારમા-તેરમા પર ગામ ધુમાડાબંધ જમતું. કેટલીકવાર તો જમનારા મરનારનાં ઘર-બારને ખેતીવાડી પણ જમી જતા. એક ફરજ લેખે ન્યાત-જાતના લોકોને જમાડવાની પ્રથા હતી.

લગ્નપ્રસંગે કંકોતરી લખાય છે એ રીતે મૃત્યુનિમિત્તે કૃષ્ણાક્ષરી અર્થાત્ કાળોતરી લખવામાં આવતી. આજથી લગભગ પોણા બસો વર્ષ પહેલાં સુરતથી અમદાવાદના એક સદ્‌ગૃહસ્થ પર લખવામાં આવેલ એક કૃષ્ણાક્ષરીનો અંશ : 'બાઈ અજ્ઞાનતા (મરનારની દીકરી અને કલ્યાણરાયની વહુ) ને રોવા-કૂટવા દેશો નહીં. હવે તો હિંમત રાખીને ઘરની લાજ રાખી આબરૂ પ્રમાણે નાતમાં ખરચ કરવો. પાંચ-દસ રૂપિયા વત્તા થાય તો એની ચિંતા કરવી નહીં, કેમ કે એ તો રળતે-ખપતે મળશે, પણ મા-બાપનું કારજ ફરી આવનાર નથી. રૂ. ૫૦૦ ની કિંમતનું ઘર છે, ઘરેણું રૂ. ૨૦૦ નું છે તથા વાસણ કૂસણ થઈને સામાન રૂ. ૧૦૦ નો છે. એ રીતે એકંદરે રૂ. ૮૦૦ ની મતા છે. પણ સુરતની નાત ત્રણ દિવસ જમાડવામાં રૂ. ૧૧૦૦ નો ખરચ થશે. માટે રૂ. ૩૦૦ વ્યાજે ઉપાડવા પડશે, તે હમણાં તો છોકરાં ન્હાનાં છે, પણ તે મ્હોટાં થશે એટલે રળી ખપીને દેવું વાળશે. એની કોઈ ચિંતા રાખવી નહીં. કહેવત છે કે જેને બાળા તેને શા દુકાળા? માટે જેને દીકરા છે એને દેણાનો શો ભાર? કાલે સવારે વાળી દેશે. માટે તમે ખરા સગા હો તો કારજ સુધારવા આવી પહોંચજો. ને આ કાગળ વાંચીને પાણી પીવા રોકાયા વગર આવી જજો. તમે આવશો નહીં તો નાતનો અપજશ તમારે માથે બેસશે. અમારે લેવાદેવા નથી.'

*લી. ભવાનીરામ મંછારામ*

પણ ઉપરોક્ત પત્રમાં ઉપર કે નીચે ક્યાંય એવું નથી લખ્યું કે 'લૂગડા ઉતારીને વાંચજો...' જોકે ખરેખર તો અહીં ન્યાત જમાડનારનાં લૂગડાં શબ્દાર્થમાં ઊતરી જવાનાં હોય છે. ■

## એક કોમનમેનની અનકોમન કહાની!!

એક સાવ સામાન્ય સ્થિતિના ભાઈ સુરેન્દ્રનગર એસ.ટી. ડેપોમાં કંડક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. મર્યાદિત આવક અને બે દિકરા તથા એક દિકરીની જવાબદારી. આવી પરિસ્થિતિમાં પણ એમણે શરૂ કરેલી એક સેવાની નાની પણ પ્રેરણાદાયી પ્રવૃત્તિથી પરિચિત થવા જેવું છે. સુરેન્દ્રનગર-અમદાવાદ રૂટની બસમાં કંડક્ટર તરીકેની એમની ફરજ. બપોરના ૧ વાગે સુરેન્દ્રનગરથી બસ રવાના થાય અને સાંજે ૭ વાગે પરત આવે. એકવાર ઉનાળામાં બસમાં બેઠા જ એમને વિચાર આવ્યો કે મને આ આકરા તાપમાં તરસ લાગે છે તો આ બસના મુસાફરોને પણ તરસ લાગતી જ હશે. એમાં પણ નાના બાળકોને તો પાણીની પ્યાસ વધુ હેરાન કરતી હશે. મારે આ મુસાફરો માટે કંઈક કરવું છે.

એમણે એક નાનું સિન્ટેક્ષનું આઈસબોક્ષ ખરીદ્યું. થોડી પાણીની બોટલ પણ ખરીદી. બસ ઉપડવાની હોય એ પહેલા પાણીની બોટલ ભરીને પેલા આઈસ બોક્ષમાં ગોઠવી દે અને ૧૦ રૂપિયાનો બરફ વેચાતો લઈને બોટલની ઉપર બરફ રાખી દે જેથી પાણી ઠંડુ રહે. અમદાવાદથી પાછા આવતી વખતે પણ એ જ રીતે પાણીની બોટલો ભરીને રાખે અને ૧૦ રૂપિયાનો બરફ પણ નાંખે.

બસ ઉપડે એટલે બધાની ટિકિટ કાપી લે. પછી ફ્રી થઈને બસના બધા મુસાફરોને ઠંડુ પાણી પાવા નીકળે. નાના બાળકોને પાણી પીવામાં તકલીફ ન પડે એટલે સાથે નાની પ્યાલી પણ રાખે અને બાળકોને આ પ્યાલીમાં પાણી ભરીને આપે જેથી એને પાણી પીવામાં સરળતા રહે. સરકારે આ માટે ક્યારેય એને વધારાનો કોઈ પગાર નથી આપ્યો કે એની સેવાને બિરદાવતો એક પત્ર પણ નથી લખ્યો અને છતાંય આ માણસ એ જ ઉત્સાહ સાથે છેલ્લા ૧૨ વર્ષથી દર ઉનાળામાં અનેક મુસાફરોની તરસ છીપાવવાનું કામ કરે છે.

વઢવાણમાં રહેતા હનીફભાઈ બેલીમની આ નિસ્વાર્થ સેવાભાવનાને કોટી કોટી વંદન.

મિત્રો, મોટી મોટી કંપનીઓના 'કસ્ટમર કેર' નામના વિભાગોમાં 'કસ્ટમર' ની 'કેર' કરવાના બદલે શોષણ જ થાય છે ત્યારે હનિફભાઈ જેવી વ્યક્તિઓ 'કસ્ટમર કેર' ની સાચી વ્યાખ્યા એમના કાર્ય દ્વારા સમજાવી જાય છે. ■

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

હાસ્ય

# ક્યારેક ક્યારેક મૂંગી નાર...

નિરંજન ત્રિવેદી

એક એવી કહેવત પણ છે કે, પહેલું સુખ તે મૂંગી નાર

આમ તો માણસની સૌથી પહેલી પ્રાથમિકતા 'પ્રાયોરિટી' છે સુખી થવું. સુખની શોધમાં જ માણસ ઘણો દુઃખી થાય છે. પેલી કહેવતમાં કહેવાયું છે તેમ, જો મૂંગી નાર એ પહેલું સુખ હોય તો મિત્રો, લગ્નવિષયક જાહેરાતોમાં લખાયું હોત - જોઈએ છે યુવતી જે મૂંગી હોય : મેં ઘણાં જૂનાં છાપાં ફેંધ્યા પણ 'જોઈએ છે મૂંગી યુવતી' એવી એક પણ જાહેરાત મારી નજરે ચડી નથી. આ મારી નજરનો કસૂર પણ નથી. લોકો સુંદર યુવતી કે સંસ્કારી યુવતી, ભણેલી યુવતી એવી અપેક્ષાઓ જાહેરાતમાં દર્શાવે છે પણ મૂંગી યુવતી અંગે કોઈ જાહેરાત જોવામાં આવતી હતી. અગર મૂંગી યુવતી સુખ આપી શકતી હોય તો તે પ્રમાણે લખાયું હોત. મેં બરાબર કહ્યું ને?

પણ કેટલાક લોકો છે કે મૂંગી નારને સુખનું લક્ષણ કહે છે, તેઓ પત્ની મૂંગી હોય એને સૌભાગ્યની નિશાની ગણે છે. એ લોકો કહે છે કે, કન્યા જોઈએ છે તેની જાહેરખબરોમાં કન્યા મૂંગી હોવી જોઈએ એમ નથી લખાતું એનું કારણ છે કે, કન્યા મૂંગી હોય તો તે ઉત્તમ લક્ષણ છે એની તેમને જ્યારે ખબર પડે છે, ત્યારે તેઓ પરણી ગયા હોય છે.

મતલબ કે પરણ્યા પછી જ ખબર પડે છે કે, કન્યા સુંદર કે ભણેલી હોય એના કરતાં મૂંગી હોય તો તે વધુ સુખ આપી શકે છે. પણ એ 'પરણ્યા પછીનું ડહાપણ છે.' એટલે પછી પહેલુંસુખ તેને મૂંગી નાર એવી કહેવત વહેતી મૂકીને કે એવો પ્રચાર કરીને સંતોષ મેળવી લે છે.

ઘણા પુરુષોને ખાસ કરીને પતિઓને ભગવાનના શાણપણ અંગે શંકા જાગે છે. ભગવાને મહિલાઓને વાણી શું કામ આપી? કેટલીક મહિલાઓની વાણી એટલે મુંબઈની વર્ષારાણી કે ચેરાપુંજીની વર્ષા જેવી અતિવૃષ્ટિ જ થતી હોય. દેખાવકારો ઉપર પાણીનો મારો ચલાવવાનો પોલીસનો પ્રયોગ, એ મહિલાઓના વાણીમારોમાંથી મેળવેલી પ્રેરણા છે. છતાં સંસારમાં વાણીના મારા વચ્ચે મૌનની બીના બને જ છે.

રણમાં જેમ અમુક જગ્યાએ સૂકાભઠ્ઠ વિસ્તારમાં ક્યાંક ક્યાંક રણદ્વીપ હોય છે (ઓએસીસ) તેમ વાણીના મહાપ્રવાહ વચ્ચે મૌનરૂપ રણદ્વીપ હોય છે. સંસારમાં પતિ પત્ની વચ્ચે અબોલા થતા હોય છે. જેમાં કામચલાઉ મૂંગીનાર હોય છે. મારો એક મિત્ર ઉદાસ લાગતો હતો. મેં પૂછ્યું, 'દોસ્ત, કેમ ઉદાસ લાગે છે?'

'યાર, મારી પત્નીને ઝઘડો કર્યો અને ત્રણ દિવસના અબોલા જાહેર કર્યા.'

'તો?' મેં કાળજીભર્યા અવાજે પૂછ્યું.

'મિત્ર, કાલ સવારે જ ત્રણ દિવસ પૂરા થઈ જાય છે. એની મને ચિંતા છે.'

પત્નીનો મૌન - સમય સમાપ્ત થઈ રહ્યો હતો એનાથી એ મિત્ર ચિંતિત હતો. ત્રણ દિવસથી એના કાનને જે આરામ મળ્યો હતો તે અદ્ભુત હતો. એ સુખ હવે સમાપ્ત થશે એનો એને રંજ હતો.

મારામાં પણ મહાપુરુષોના કેટલાંક લક્ષણો મોજૂદ છે. જેમ કે, ગમે તેમ કરી પૂ. બાપુ એટલે કે ગાંધીજીની વાત લઈ આવવાની પૂ. બાપુ પણ મૌનનો મહિમા કરતા હતા અને એથી જ દર સોમવારે મૌન પાળતા હતા. આથી કસ્તુરબાને સોમવારે સારું લાગતું હશે. પણ કસ્તુરબા કરતાં પણ કોંગ્રેસીઓને સારું લાગતું હશે. એક દિવસ બાપુ ટક ટક નહિ કરે.

અમેરિકામાં ઈમિગ્રેશન લૉયર તરીકે નામના મેળવનારા અમારા ઍડવોકેટ મિત્ર રાવલે એમના સંસારની એક વાત ખૂબ ઉત્સાહપૂર્વક કરી. 'યાર, મારી પત્ની વર્ષોથી આખો શ્રાવણ માસ મૌન રાખે છે. શ્રાવણમાં બોલવાનું જ નહિ! બોલ!'

એમની પત્ની ન બોલતી હોય એમાં હું શું બોલું? હું બોલ્યો નહિ પણ મેં જોયું કે રાવલ આનાથી ખૂબ આનંદિત હતા. કોર્ટમાંથી આવતાં મોડું થાય તો પત્ની ઊલટતપાસ કરે, પણ પત્ની બોલતી જ ન હોય ત્યારે મૌન - ઊલટતપાસ ક્યાંથી સંભવે? એટલે શ્રાવણ માસમાં વકીલસાહેબ પ્રસન્ન હોય છે. એમનું પ્રિય ગીત છે 'સાવન કો આને દો' એમની લાગણી પણ પેલા ગીત જેવી છે. 'આયા સાવન ઝૂમકે...' સાવન આવશે એ અણસારથી વકીલસાહેબ અષાઢસ્ય પ્રથમ દિનથી જ ઝૂમતા હોય છે.

મેં વકીલસાહેબને પૂછ્યું, 'ક્યારેક બે શ્રાવણ હોય ત્યારે ભાભી બે માસ મૌન પાળે?' એમણે નિશ્વાસ નાંખી ના પાડી. મેં કહ્યું કે અધિક શ્રાવણમાં પણ મૌન પાળે તો એમને અધિક પુણ્ય મળે એવું સમજાવો. કોઈ જાકે ઉન્હેં સમજાએ રે...એવો ભાવ એમના ચહેરા ઉપર જોયો...ચાલો હું પણ. ■

સંસ્મરણ

# પહેલાંના વખતમાં ભણતરની સુવર્ણ યાદ

અલ્કા એ. સંઘવી

શાળાના વીતેલા દિવસોની સુવર્ણયાદ કરી મન હરખાય છે. અમે શાળાનું પ્રાથમિક જ્ઞાન માંડવીની 'શ્રી જૈન કન્યા શાળા'માં લીધું. ધોરણ-૪ સુધીનો અભ્યાસ ત્યાં થતો.

ત્યાંના કાયદા ખૂબ જ સરળ હતા. શાળાના ખૂલવાના થોડા વખત પહેલા ત્યાં પહોંચી જતા અને શાળા ખૂલવાની રાહ જોઈ બેસતા. તે ક્ષણો ખૂબ જ અગત્યની હતી કેમકે જે વિદ્યાર્થિની શાળામાં પહેલી પ્રવેશ કરે તેને ૧ નંબરની રેન્ક મળે અને પહેલા બાંકડે બેસવાનું મળે.

કાયદા પ્રમાણે દરેક વિદ્યાર્થિનીને કપાળે કંકુનો ચાંદલો અને ઉપર કેસરનો ચાંદલો ફરજિયાત હતો. જેથી શાળાએ જવા પહેલા દેરાસર જઈને જ આવવાનું. ધોરણ ૧લા અને બીજા ધોરણને જૈન સિધ્ધાંત ફરજિયાત વાંચવાનું અને એમાંથી પ્રશ્નોત્તરી કરવામાં આવે.

ત્યારબાદ સ્લેટમાં હોમવર્ક ઘરેથી લખીને આવવાનું અને એક બાજુ ભીના ચોકના પાવડરથી સરસ અક્ષરે કોપી કરવાની એટલે કે સુવિચાર લખી આવવાનું હોય. એમાં પણ ગુણવત્તા પ્રમાણે રેન્ક મળે. આંક બોલવાના અને શ્રુત વાંચનથી જ્ઞાન મેળવવાનું. પલાખાના જવાબ આપવાના. શાળા બે પાળીમાં ચાલે. પછી બપોરની પાળીમાં બાકીનું અડધું ભણતર ચાલે. વર્ગ શિક્ષિકા શ્રુત જ્ઞાન આપે અને એમાંથી પ્રશ્ન પૂછે. જે અમારે ઘરેથી તૈયાર કરીને બીજા દિવસે પૂછવામાં આવે (સ્લેટમાં લખી આવવાના).

ધોરણ-૩ અને ૪માં શ્રી મહાવીર ચારિત્ર્યના પાઠ ભણવાના અને એમાંથી પ્રશ્નો પૂછે તેના જવાબ આપવાના અને કોપી બુકમાં અક્ષરો સુધારવા માટે ડબલ અક્ષરોથી સુવાક્ય લખવાના હોય, જે કાળી શાહીથી લખવાના હોય. શાળા છૂટે એટલે દોટ મૂકીને ભાગવાનું અને બોજા વગર ઘરે જવાનું.

પાંચમા ધોરણમાં શ્રી જી.ટી. હાઈસ્કૂલમાં એડમિશન મળ્યું. ત્યાં જઈ વધારે ઉત્સાહિત થઈ ગયા કેમકે યુનિફોર્મ પહેરવાનું અને મનમાં એક અનેરો આનંદ આવે.

દરરોજ સ્કૂલમાં પ્રાર્થના, વર્તણૂક, હોમવર્કના માર્ક મળે. જે રજિસ્ટરમાં નોંધવામાં આવે. ક્યારેક મોનીટર બનવાની પણ મજા આવતી. દરરોજના માર્કસ નોંધીને દર શનિવારના દિવસે માર્કની ગણતરી કરવામાં આવે અને તે પ્રમાણે રેન્ક મળે.

ચાર અઠવાડિયાના રેન્ક ગણાય એમાં છેલ્લા શનિવારના દિવસે હોય અને કોઈક વિદ્યાર્થીએ માર્ક ગુપચાવ્યા હોય તેની તકરાર લેવાની અને તકરાર સાચી હોય તો માઈનસ મળે.

કેટલા સુંદર દિવસો હતા! ન તેડાગરની મોહતાજી, ના નાસ્તાના ડબ્બા ઘરેથી લઈ આવવાના. રીસેસમાં જેને ઘેર જવાનું હોય તે જઈને જમી આવે.

અત્યારના બાળકોને એટલો બધો ભાર હોય છે કે બાળકની મા અથવા પિતાએ બાળકને સ્કૂલ લેવા જવાની મજૂરી કરવી પડે છે. યુગ બદલાઈ ગયો છે.

યાદ આવ્યું ને ભાર વગરનું ભણતર....?

*૯, વિજય એપાર્ટમેન્ટ, કૃષ્ણબાગ,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨*

# આંજો કાગર

છેલ્લા અઠવાડિયામાં મારી તબિયત નાદુરસ્ત થઈ ગયેલ. કિડની પર પથરીની તકલીફ પડી. એ સમયે આપણા સમાજના ડૉ. હિમાંશુભાઈ શાહ (ફ્યુઝન હોસ્પિટલ) પાસે તાત્કાલિક સારવાર અર્થે પહોંચતા તેઓએ એક પારિવારિક ડૉક્ટર હોય એ રીતે સારવાર આપી અને એક પણ રૂપિયો ચાર્જ લીધેલ નથી ને મને શારીરિક રાહત કરી આપી. માટે આપણા સમાજના ડૉક્ટરો જેને આપણે આપણી ભાષામાં કહીએ કે, 'ભગવાન તો ઉપર નથી નીચે જ છે. અને હિમાંશુભાઈ જેવા ડૉક્ટર ભગવાન સમાન છે.' અમારો પરિવાર અને સ્ટાફ તેઓનો જેટલો આભાર માને તેટલો ઓછો છે. સાથે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉ. નીતુબેન અને અન્ય સ્ટાફે જે સહયોગ આપ્યો એમનો હું આભારી અને ઋણી રહીશ. 'માનવસેવા એ જ પ્રભુ સેવા' એ હિમાંશુભાઈએ સિધ્ધ કરી બતાવ્યું છે.

*બચુભાઈ પી. રાંભિયા - અમદાવાદ*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : અજ આંઉ દેરાસર વેનેને પાછો આવ્યો તે તેર આંઉ નેર્યો ક હકડો નંઢો છોકરો સાઇકલ તે ટોપલીમેં ચીકુ વકેલા નકર્યો વો. પણ થોડીવારમેં ત હકડો બાઈકવારો અનકે ટક્કર મારેને ભજે વ્યો. છોકરો છણે પ્યો ને મડે ચીકુ પણ ચગદાજે વ્યા. માડુ મડે ભેરા થે વ્યા. અતરેમેં હકડા બાપા આવ્યા ને ઇયાં આંઇ ઈજ નેરેને ઉભા પ્યા અયો પણ છોકરે કે કતરો નુકસાન થ્યો આય ઇ તા જરા વિચાર્યો. પોય બાપા છોકરે કે ૧૦ રૂા. ડેના. ઇ નેરેને બ્યા મડે પણ બ રૂપીયા - પંજ રૂપીયા ડેના ને છોકરેજો નુકસાન પૂરો થીયે એતરા પૈસા મલે વ્યા. પણ હેડો સુજાઈધલ બાપા કેર વા ને કુરો કંઇયેતા સે જરા તપાસ ત કર. બાપા ન આવ્યા વાત ત છોકરેજો કુરો થ્યો વોત?

બચુડો : (તપાસ કે ને ચેં) બાપાજી બાજુજી ગલીમેં દુકાન આય ને ઇ ફ્રુટ - શાકભાજીજો ધંધો કંઇયેતા ને જન છોકરે કે બાઇકજી ટક્કર લગી વી સે અન બાપાજો માલ ખણેને વકેલા વ્યો તે. બાપા ૧૦ રૂા.જી નોટ ડઇને પંઢજો કમ કઢાય ગેણા. બાપા ગુજરાતી અંઇ.

## ખિલજા મ ભલા

મયંક : સગાઇ અને લગ્ન વચ્ચે અંતર રાખવાનું કારણ મને સમજાતું નથી.

જયંત : સાવ સહેલું કારણ છે. પછી કોઈ એમ ન કહી શકે કે અમને બચવાનો મોકો જ ન મળ્યો.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : પત્નીને લગ્નની તારીખે પાંચમાં વર્ષે હીરાનો હાર ભેટ આપ્યો તેના બીજા દિવસથી બોલવાનું બંધ છે. છ મહિના થયા હજુ એક શબ્દ બોલી નથી.

સોહન : શું હીરાનો હાર નકલી હતો?

મોહન : ના ભાઈ ના. હાર તો અસલી હતો પણ મેં એવી શરત કરી હતી કે એક વર્ષ સુધી બોલવાનું નથી.

☺ ☺ ☺ ☺ ☺

પિતાજી : લગ્ન કરીને આવ્યા પછી પુત્રને શિખામણ આપે છે કે લગ્ન રાજકારણ જેવું છે. તેમાં અંદરોઅંદર ઝઘડા થયા કરે, બોલાચાલી થાય, નારાબાજી થાય, આક્ષેપબાજી થાય પણ એના કારણે ક્યારેય છૂટા નહીં પડવાનું.

પુત્ર : એવું કેમ ચાલે?

પિતાજી : તો પછી ખોવાઈ જવું પડે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : દુનિયાનું સૌથી સુખી કપલ કયું કહેવાય?

જનક : કાં તો પતિ બહેરો હોય, કાં તો પત્ની મૂંગી હોય તે.

☺ ☺ ☺ ☺ ☺

મનીષા : આ મારા પતિ આખો દિવસ સુનમુન બેસી રહે છે. મોઢામાંથી મગનું નામ મરી પાડતા નથી. અને રાત્રે પાર વગરનું બડબડ કરે છે. હવે મારે શું કરવાનું?

ડૉક્ટર : તમારે એમને દિવસે બોલવાની થોડી થોડી તક આપવાની...

☺ ☺ ☺ ☺ ☺

જાગૃતિ : ડૉક્ટર સાહેબ, મારા પતિ કયા રોગથી પીડાય છે એ મને સમજાતું નથી. મેં બોલવાનું ચાલુ કર્યું નથી ને ફટફટિયાની જેમ એમના નસકોરા ચાલુ થયા નથી...

ડૉક્ટર : બહેન, એ રોગ નથી; પ્રભુકૃપા છે, પરમ સુખ છે.

☺ ☺ ☺ ☺ ☺

સંજુ : તારી ઉંમર શું છે?

મંજુ : વીસ વર્ષ.

સંજુ : અરે, પાંચ વર્ષ પહેલાં પણ તે આ જ ઉંમર જણાવી હતી.

મંજુ : જોયું? છોકરીઓ જબાનની કેટલી પાકી હોય છે!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : આસામ કઇ વસ્તુ માટે જાણીતું છે?

ગટુ : મને ખબર નથી.

શિક્ષક : ચાલ તને એક ક્લુ આપું. તારા ઘરમાં જે ચા બને છે એની પત્તી ક્યાંથી આવે છે?

ગટુ : પડોશમાં આવેલા વિજય સ્ટોર્સમાંથી.

☺ ☺ ☺ ☺ ☺

મીના : તમે દર રવિવારે પંજાબી હોટલમાં જાવ છો. દોઢ-બે કલાક વેઇટિંગ હોય તો પણ બેસો છો અને પછી ત્રણ-ચાર સબ્જી-પરોઠા મંગાવો છો ને પછી થોડીક ચાખ્યા પછી બાકીની સબ્જી પેક કરાવી ઘરે લાવો છો. આમ કેમ?

લીના : આનાથી અમારે સોમવાર બપોર અને સાંજના ભોજનમાં શાકનો પ્રોબ્લેમ સોલ્વ થઈ જાય છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## NanoNine® શબ્દ રમત-૧૪૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | | ■ | ૭ | ૮ |
| ૯ | | | ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | |
| | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | | | |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ | | ■ | | ■ |
| ૨૧ | | ■ | ૨૨ | | ૨૩ | ■ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ |
| ૨૭ | | ૨૮ | ■ | ૨૯ | | ૩૦ | | ■ | ૩૧ | ૩૧A | |
| | ■ | ૩૨ | ૩૩ | | ■ | ૩૪ | ■ | ૩૫ | | | ■ |
| ■ | ૩૬ | ૩૭ | | ■ | ૩૮ | | ૩૯ | | ■ | | ■ |
| ૪૦ | | | ■ | ૪૧ | | ■ | ૪૨ | | ૪૩ | | ૪૪ |
| ■ | | ■ | ■ | | ■ | ૪૫ | ■ | ■ | ૪૬ | | |
| ૪૭ | | ૪૮ | | ■ | ૪૯ | | | ■ | ૫૦ | ■ | ■ |
| ૫૧ | | | ■ | ૫૨ | ■ | | ■ | ■ | ૫૩ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૫-૨૦૧૮)*

## આડી ચાવીઓ

૧. ખ્રિસ્તી ધર્મગુરુ (અં) (૩)
૪. કુસ્તીનો એક દાવ (૫)
૭. અમૃત, મીઠાશ, કૃપા (૨)
૯. ધાલમેલ, મહેનત, ફાંફા (૫)
૧૧. પહેલવાન, કુસ્તીબાજ (૨)
૧૨. દુ:ખ, આફત (૩)
૧૩. કાટ, કેડ, કાપ (ઇં) (૨)
૧૪. જમીનમાં કરેલું ખોદાણ, ______ ખોદે તે પડે (૨)
૧૫. પૃથ્વી, અવનિ, ઇલા (૨)
૧૬. સમૃધ્ધિ, તાલેવાન (૪)
૧૭. વચન, કોલ, પ્રસવની પીડા (૨)
૧૮. અંગ્રેજી પાંચમો મહિનો (૧)
૧૯. ડાક, પોસ્ટ (૩)
૨૧. એક વિશાળ ઘટાદાર વૃક્ષ (૨)
૨૨. નાનું સરોવર, જળાશય (૩)
૨૪. અંકોડો, માળાનો ગોળ દાણો (૩)
૨૭. એક જાતનું પહેરણ, બુશશર્ટ (૩)
૨૯. વનમાં રહેનારું (૪)
૩૦. અસ્થિર, ફરતું (૨)
૩૧. બ્રાહ્મણમાં એક નાત (૩)
૩૨. ઢોરોને પાણી પીવાનો કુંડ (૩)
૩૪. ચોથા ભાગનું (૧)
૩૫. સાકર, ખાંડ (૩)
૩૬. સમુદ્રમાં એક જાતના જીવડાએ બનાવેલું ઘર, પરવાળું (૩)
૩૭. એક કઠોળ (૨)
૩૮. અનામત માટે ______ લોકોએ આંદોલન કર્યું (૪)
૪૦. અજવાળું, પ્રકાશ, તેજ (૩)
૪૧. મંડળી, છોકરાઓની ટુલ્લી (૨)
૪૨. સમજણવાળું, શાણું (૫)
૪૬. નારાયણ નારાયણ બોલનાર દેવ, બ્રહ્માના માનસપુત્ર (૩)
૪૭. વધારે ઓછું ઝાઝું થોડું (૪)
૪૯. દૂધના માવાની એક મીઠાઈ (૩)
૫૧. આજ્ઞા, ફરમાન (૩)
૫૨. વેતન, પગાર (ઇં) (૧)
૫૩. દેહ, તન (૩)

## ઊભી ચાવીઓ

૧. હોળીનો ગુજરાતી મહિનો (૩)
૨. માથા વિનાનું શરીર (૨)
૩. તોફાન, ધિંગાણું, હુલ્લડ (૪)
૪. તમાચો, લાફો, થપાટ (૨)
૫. સુગંધ, મહેક, ખુશ્બો (૪)
૬. ઝાડની ત્વચા, છોતરું (૨)
૭. એક મહાન મોગલ બાદશાહ (૪)
૮. વીજળી, ગરમી વગેરે માપવાનું સાધન (૩)
૧૦. દુકાનનો મુખ્ય ભાગ (૨)
૧૨. સાધુ પુરુષ (૨)
૧૩. કબ્ર, થોર, મડદાને દાટી તેના પર કરેલું ચણતર (૩)
૧૪. ખનીજ કાઢવા માટેનો ખાડો, ઢોરને ખાવાનું (૨)
૧૬. માળીની સ્ત્રી (૩)
૧૭. પૂરણપોળી, ગળી રોટલી (૩)
૧૮. સંમેલન, મિજલસ, પરિષદ (૪)
૨૦. કંગાલ, રાંક, સાંકડા મનનું (૩)
૨૧. સમય, ટાઈમ, કાળ (૩)
૨૩. જંગલ, અરણ્ય (૨)
૨૫. ઓરિસ્સાના ______માં સૂર્ય મંદિર આવેલું છે (૩)
૨૬. પાણી, જળ, આંસુ (૨)
૨૭. પત્ર (૨)
૨૮. સાથે વસવું તે (૪)
૩૦. ચાર પડવાળી રોટલી (૩)
૩૧એ. ગરાસ ધરાવનારું (૫)
૩૩. એક કઠોળ (૨)
૩૪. સ્લેટ (૨)
૩૫. લાજ, લજ્જા, મર્યાદા (૩)
૩૬. પ્રજાની સત્તાથી ચાલતું રાજ્ય (૫)
૩૭. વસવાટ, મુકામ, ગંધ (૨)
૩૮. વારો, પાળ (૨)
૩૯. સેવક (૨)
૪૧. શિખર, છેક ઉપરનો ભાગ (૨)
૪૩. જનમત, લોકમત (૪)
૪૪. નકામું, બાત્તલ કરેલું (૨)
૪૫. ઓછા વજનનું (૩)
૪૭. નવી ______ નવ દિવસ (૨)
૪૮. વેદનો પહેલો અને પવિત્ર ઉચ્ચાર (૨)
૫૦. રાષ્ટ્ર, મુલક, વતન (૨)

## NanoNine® શબ્દ રમત-૧૩૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | ના | ફુ | સી | ■ | ક | વિ | ■ | પુ | ણ્ય | તિ | થિ |
| ■ | ચ | લ | ■ | ચ | ર | ણા | મૃ | ત | ■ | લ | ય |
| અ | ■ | ગુ | લા | બ | ■ | મ | ■ | ના | ■ | ક | રી |
| મ | હિ | લા | ■ | ર | મ | ણ | ■ | ■ | અ | ■ | ■ |
| ર | ■ | બી | ■ | કી | ■ | ■ | પૂ | જા | ર | ણ | ■ |
| પ | નો | ■ | ના | ■ | ■ | અ | ણી | ■ | મા | ■ | કા |
| ટો | ■ | ભા | ■ | ક | ડ | પ | ■ | ■ | ન | ■ | ર |
| ■ | રા | ત | રા | ણી | ■ | હ | વે | લી | ■ | ચું | ગી |
| ભા | ણી | ■ | હ | ■ | શ | ર | દ | ■ | કં | ગા | લ |
| ષાં | ■ | ■ | બ | ળ | ત | ણ | ■ | પોં | ગ | લ | ■ |
| ત | પ | ખી | ર | ■ | દ | ■ | રા | ખ | ના | ■ | લા |
| ર | ટ | ણ | ■ | લ | લ | ચા | વ | વું | ■ | ઢો | લી |

*માસ માર્ચ-૨૦૧૮ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૩૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. મહેન્દ્ર મહેતા - અમદાવાદ
૩. મહેન્દ્ર સંઘવી - અમદાવાદ
૪. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૫. રંજન શાહ - અમદાવાદ
૬. દમયંતી દંડ - અમદાવાદ
૭. તીર્થ સંઘવી - અમદાવાદ
૮. નીના ગોરજી - અમદાવાદ
૯. કલ્પના પોલડિયા - અમદાવાદ
૧૦. ચંદ્રકાંત લોડાયા - અમદાવાદ
૧૧. જયંતિલાલ શાહ - અમદાવાદ
૧૨. મુકેશ મૈશેરી - અમદાવાદ
૧૩. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૪. સ્મિતા શાહ - અમદાવાદ
૧૫. વર્ષા પારેખ - અમદાવાદ
૧૬. મીત મહેતા - અમદાવાદ
૧૭. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૮. નવલ શાહ - અમદાવાદ
૧૯. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૨૦. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૨૧. હર્ષા મહેતા - અમદાવાદ
૨૨. રોનક શાહ - અમદાવાદ
૨૩. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૨૪. પ્રિયંકા શાહ - અમદાવાદ
૨૫. મહેન્દ્ર પૂજ - અમદાવાદ
૨૬. ગીતા મહેતા - અમદાવાદ
૨૭. પ્રવીણા છેડા - અમદાવાદ
૨૮. મીના મહેતા - અમદાવાદ
૨૯. અલકા શાહ - અમદાવાદ
૩૦. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૩૧. હીના અશોક દોશી - અમદાવાદ
૩૨. ચેતના વોરા - અમદાવાદ
૩૩. રીશ્વા મહેતા - ગાંધીધામ
૩૪. કંચનબેન મોરબિયા - ભુજ
૩૫. હસમુખ દેઢિયા - અડાલજ
૩૬. પ્રભા શેઠિયા - વલસાડ
૩૭. શોભના દંડ - અંકલેશ્વર
૩૮. તારાબેન શાહ - નાગપુર
૩૯. એન. એચ. શાહ - નાગપુર
૪૦. ભરત શાહ - રાજકોટ
૪૧. મુકુંદ મહેતા - આદિપુર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. તીર્થ પ્રિયેશ સંઘવી – અમદાવાદ
૨. હર્ષા જયેશ મહેતા – અમદાવાદ
૩. ભરત રતિલાલ શાહ – રાજકોટ

## NanoNine *Sudoku*

*માર્ચ-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૯૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. અવંતી દંડ - અમદાવાદ
૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૩. ઉષ્મા શાહ - અમદાવાદ
૪. સ્મિતા શાહ - અમદાવાદ
૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૬. ખુશી વોરા - અમદાવાદ
૭. શાંતિલાલ શાહ - અમદાવાદ
૮. આરતી મૈશેરી - અમદાવાદ
૯. નીના ગોરજી - અમદાવાદ
૧૦. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૧. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૧૨. હર્ષા મહેતા - અમદાવાદ
૧૩. ધારા વોરા - અમદાવાદ
૧૪. રોનક શાહ - અમદાવાદ
૧૫. નયના ગોગરી - અમદાવાદ
૧૬. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૭. શ્વેતા છેડા - અમદાવાદ
૧૮. મીના મહેતા - અમદાવાદ
૧૯. ગીતા મહેતા - અમદાવાદ
૨૦. અલકા શાહ - અમદાવાદ
૨૧. કુણાલ ભરત ત્રેવાડિયા - અમદાવાદ
૨૨. જીગર દોશી - અમદાવાદ
૨૩. મહેન્દ્ર મહેતા - અમદાવાદ
૨૪. પ્રભા શેઠિયા - વલસાડ
૨૫. હેમલતા દેઢિયા - અડાલજ
૨૬. સંકેત મહેતા - ભુજ
૨૭. સોનલ શાહ - નાગપુર
૨૮. એન. એચ. શાહ - નાગપુર
૨૯. નેહલ મહેતા - ગાંધીધામ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. ભારતી લક્ષ્મીચંદ દોશી – અમદાવાદ
૨. રોનક એમ. શાહ – અમદાવાદ
૩. જીગર અશોક દોશી – અમદાવાદ

## NanoNine® Sudoku

**માર્ચ-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૯૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૬૪**

## સમર્પણ ભાવ

*સત્તા માટેની કોઈ પણ ખેંચતાણ ન હોવી જોઈએ, શક્તિ માટે અહંકાર કે મહત્વાકાંક્ષા ન હોવાં જોઈએ. કોઈ શક્તિ અથવા શક્તિઓ પ્રાપ્ત થાય તો તેમને પોતાની ન ગણવી, પરંતુ પરમાત્માના હેતુ માટે મળેલી, પરમાત્માની બક્ષિસ તરીકે ગણવી જોઈએ. ખાસ સંભાળ રાખવી કે જે શક્તિઓ પ્રાપ્ત થઈ હોય તેમનો મહાત્વાકાંક્ષા, કુસ્વાર્થ માટે દુરુપયોગ ન થાય. તેમાં ગર્વ કે મિથ્યાભિમાન ન હોવા જોઈએ. પોતે બીજાથી ચઢિયાતો છે એવી ભાવના ન રાખવી. પોતે ફક્ત પ્રકૃતિનું એક સરળ અને શુદ્ધ ચૈતસિક કારણ છે જે કોઈ પણ રીતે પરમાત્માની સેવા માટે જ યોગ્યતા ધરાવે છે, એવી ભાવના રાખવી.*

*શ્રી અરવિંદ*

*સંપાદક : રમેશભાઈ વી. દવે*

*'આગ લાગશે ત્યારે કૂવો ખોદીશું' એ માનવું જેટલું ભૂલભરેલું છે, એનાથી વધુ 'ઘડપણમાં ગોવિંદ ગાશું' એમ કહેવું ભૂલભરેલું છે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૯૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૫-૨૦૧૮સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જુલાઈ-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૯૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 9 | 6 | 7 | 8 |
| 7 | | | 6 | 8 | | 5 | | |
| | 1 | 8 | | | 4 | | 9 | |
| | 6 | | | 1 | | 8 | | 7 |
| | 8 | | 4 | | 5 | | 6 | |
| 2 | | 7 | | 3 | | | 1 | |
| | 4 | | 5 | | | 7 | 2 | |
| | | 9 | | 6 | 7 | | | |
| 5 | | 6 | 2 | | | | | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | | | | 8 | 4 |
| 9 | 2 | | | 6 | | 1 | | |
| 5 | | | 3 | | 1 | | 2 | |
| | | 7 | 6 | | | 4 | | 5 |
| 4 | | | | 1 | 5 | | | 2 |
| | 1 | 5 | | 3 | | 8 | | |
| | 6 | | 7 | | 3 | | 5 | 8 |
| 8 | | 3 | | | 2 | | | 7 |
| | 5 | | | 9 | | 3 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | | | 6 | | | 1 | |
| | | | 4 | | 8 | 7 | 9 | |
| 7 | | 3 | | | 5 | | | 8 |
| | 5 | | 8 | | | 1 | | 2 |
| 8 | | 1 | | 4 | 2 | | 7 | |
| | 9 | | | | 6 | | 5 | |
| 2 | | 9 | 3 | 5 | | 4 | | 6 |
| | | 6 | | | 4 | | | |
| | 3 | | | 8 | 7 | | 2 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | | 6 | | 5 | 4 | |
| 5 | 7 | | | | 9 | | 1 | |
| | | 1 | 5 | 2 | | | | 8 |
| | 5 | | | | 2 | 6 | | |
| 2 | 6 | 7 | 1 | | | | 3 | 9 |
| | 1 | | 9 | 4 | | | 5 | |
| 1 | | 6 | | | 5 | 8 | | |
| | | 3 | | 9 | 4 | | | 5 |
| | | 5 | 8 | | | 9 | | 3 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૯૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 1 | 8 | 5 | 9 | 3 | 4 | 2 | 6 |
| 2 | 3 | 9 | 4 | 6 | 1 | 8 | 7 | 5 |
| 4 | 5 | 6 | 2 | 8 | 7 | 9 | 3 | 1 |
| 1 | 4 | 7 | 3 | 5 | 9 | 6 | 8 | 2 |
| 3 | 6 | 5 | 7 | 2 | 8 | 1 | 4 | 9 |
| 9 | 8 | 2 | 6 | 1 | 4 | 3 | 5 | 7 |
| 6 | 7 | 1 | 8 | 3 | 5 | 2 | 9 | 4 |
| 5 | 9 | 3 | 1 | 4 | 2 | 7 | 6 | 8 |
| 8 | 2 | 4 | 9 | 7 | 6 | 5 | 1 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 5 | 9 | 2 | 3 | 8 | 6 | 7 |
| 3 | 9 | 6 | 8 | 4 | 7 | 5 | 2 | 1 |
| 8 | 2 | 7 | 1 | 6 | 5 | 4 | 9 | 3 |
| 1 | 3 | 2 | 4 | 9 | 6 | 7 | 5 | 8 |
| 7 | 6 | 4 | 3 | 5 | 8 | 2 | 1 | 9 |
| 9 | 5 | 8 | 7 | 1 | 2 | 6 | 3 | 4 |
| 5 | 4 | 3 | 2 | 7 | 1 | 9 | 8 | 6 |
| 6 | 7 | 1 | 5 | 8 | 9 | 3 | 4 | 2 |
| 2 | 8 | 9 | 6 | 3 | 4 | 1 | 7 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 6 | 2 | 4 | 1 | 9 | 5 | 8 |
| 4 | 9 | 8 | 7 | 5 | 6 | 2 | 3 | 1 |
| 2 | 5 | 1 | 3 | 9 | 8 | 4 | 7 | 6 |
| 7 | 8 | 2 | 6 | 1 | 3 | 5 | 4 | 9 |
| 6 | 4 | 5 | 8 | 7 | 9 | 1 | 2 | 3 |
| 1 | 3 | 9 | 5 | 2 | 4 | 6 | 8 | 7 |
| 9 | 2 | 3 | 1 | 8 | 5 | 7 | 6 | 4 |
| 5 | 6 | 4 | 9 | 3 | 7 | 8 | 1 | 2 |
| 8 | 1 | 7 | 4 | 6 | 2 | 3 | 9 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 3 | 2 | 4 | 5 | 8 | 7 | 9 |
| 8 | 2 | 9 | 7 | 6 | 3 | 7 | 5 | 4 |
| 4 | 7 | 5 | 8 | 9 | 1 | 2 | 3 | 6 |
| 3 | 8 | 7 | 1 | 2 | 9 | 4 | 6 | 5 |
| 9 | 4 | 2 | 5 | 8 | 6 | 7 | 1 | 3 |
| 1 | 5 | 6 | 2 | 7 | 4 | 9 | 8 | 2 |
| 5 | 3 | 4 | 9 | 1 | 8 | 6 | 2 | 7 |
| 2 | 6 | 1 | 4 | 3 | 7 | 5 | 9 | 8 |
| 7 | 9 | 8 | 6 | 5 | 2 | 3 | 4 | 1 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

આ અંક આપણા હાથમાં આવશે ત્યારે ઘણા વિદ્યાર્થીઓના હાથમાં બારમા ધોરણનું રીઝલ્ટ હાથમાં આવશે. બારમા ધોરણ પછીના વિવિધ કોર્સની માહિતી આપવાનો પ્રયત્ન કરેલ છે. આશા છે કે આ માહિતી આપણને ઉપયોગી થશે.

## મેડિકલ કોર્સ (૫ વર્ષ)

★ M.B.B.S. - એલોપથી
★ B.U.M.S. - યુનાની
★ B.H.M.S. - હોમિયોપથી
★ B.A.M.S. - આયુર્વેદિક
★ B.S.M.S. - SIDDHA
★ B.N.Y.S. - નેચરોપથી
★ B.D.S. - ડેન્ટલ
★ B.V.Sc. - વેટરનરી (પશુઓના)

## પેરા મેડિકલ ડિપ્લોમા (૨/૩ વર્ષ)

★ નર્સિંગ
★ ફાર્મસી
★ એનેસ્થેશિયા ટેકનિશિયન
★ કાર્ડિયાક કેર ટેકનિશિયન
★ કેથલેબ ટેકનિશિયન
★ ક્લિનિકલ ઓપ્થોમેટ્રી
★ ડેન્ટલ હાઈજીન
★ ડેન્ટલ મિકેનિક
★ ડેન્ટલ ટેકનિશિયન
★ હેલ્થ ઈન્સ્પેક્ટર
★ મેડિકલ ઈમેજિંગ એન્ડ ટેકનિશિયન
★ મેડિકલ લેબ ટેકનિશિયન
★ મેડિકલ રેકોર્ડ ટેકનિશિયન
★ મેડિકલ એક્સ-રે ટેકનિશિયન
★ ન્યુક્લિયર મેડિકલ ટેકનિશિયન
★ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ
★ ઓપરેશન થિયેટર ટેકનિશિયન
★ ઓપ્થેલ્મિક આસિસ્ટન્ટ
★ ફિઝિયોથેરાપિસ્ટ
★ રેડિયોગ્રાફિક આસિસ્ટન્ટ
★ રીહેબિલિટેશન થેરાપી
★ રેસ્પીરેટરી થેરાપી
★ બ્લડ ટ્રાન્સફ્યુઝન ટેકનિશિયન

## ઇન્ટીગ્રેટેડ કોર્સ
## BS / MS / M.Tech. / M.Sc. / M.A. / MBA

★ બાયોલોજીકલ સાયન્સ
★ લાઈફ સાયન્સ
★ અર્થ એન્ડ એટમોસ્ફીયરીક સાયન્સ
★ એપ્લાઈડ ફિઝિક્સ
★ મેથેમેટિક્સ
★ ફિઝિક્સ / કેમેસ્ટ્રી / મેથ્સ
★ બાયો ઈન્ફોર્મેટીક્સ / બાયો ટેકનોલોજી
★ કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ
★ જીઓ ટેકનોલોજી એન્ડ જીઓ ઈન્ફોર્મેશન
★ માસ કોમ્યુનિકેશન

## એન્જિનિયરિંગ (૪ વર્ષ)

★ એરોન્યુટીકલ એન્જિનિયરિંગ
★ એરો પેસ એન્જિનિયરિંગ
★ એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ
★ આર્કિટેક્ટ એન્જિનિયરિંગ
★ ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ
★ ઓટોમેશન એન્ડ રોબોટીક્સ એન્જિનિયરિંગ
★ એવિઓનિક્સ એન્જિનિયરિંગ
★ બાયો મેડિકલ એન્જિનિયરિંગ
★ બાયો ટેકનોલોજી એન્જિનિયરિંગ
★ સિવિલ એન્જિનિયરિંગ
★ કેમિકલ એન્જિનિયરિંગ
★ સિરામિક એન્જિનિયરિંગ
★ કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ
★ કન્સ્ટ્રક્શન ટેક મેનેજમેન્ટ એન્જિનિયરિંગ
★ ઈલેક્ટ્રોનિક એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ
★ ઈલેક્ટ્રીક એન્ડ ઈલેક્ટ્રોનિક એન્જિનિયરિંગ
★ એન્વાયરનમેન્ટ સાયન્સ એન્જિનિયરિંગ

★ ઇન્ફોર્મેશન સાયન્સ એન્જિનિયરિંગ
★ ઇન્ડસ્ટ્રીયલ સાયન્સ એન્જિનિયરિંગ
★ ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન એન્જિનિયરિંગ
★ ઇન્સ્ટુમેન્ટેશનલ ટેકનોલોજી એન્જિનિયરિંગ
★ મરીન એન્જિનિયરિંગ
★ મેડિકલ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ
★ માઇનિંગ એન્જિનિયરિંગ
★ મેન્યુફેક્ચરિંગ એન્જિનિયરિંગ
★ નેવલ આર્કિટેક્ચર
★ પોલીમર ટેકનોલોજી
★ સિલ્ક ટેકનોલોજી એન્જિનિયરિંગ
★ કાર્પેટ ટેકનોલોજી એન્જિનિયરિંગ
★ ટેક્ષટાઇલ એન્જિનિયરિંગ

## B.Sc. કોર્સ (૩ વર્ષ)

★ B.Sc. ફિઝિક્સ
★ B.Sc. કેમેસ્ટ્રી
★ B.Sc. બોટની
★ B.Sc. ઝુઓલોજી
★ B.Sc. મેથેમેટીક્સ
★ B.Sc. કોમ્પ્યુટર સાયન્સ
★ B.Sc. P.C.M.
★ B.Sc. C.B.Z.
★ B.Sc. ડાયેટિશિયન એન્ડ ન્યુટ્રાલિસ્ટ
★ B.Sc. હોમ સાયન્સ
★ B.Sc. એગ્રીકલ્ચર સાયન્સ
★ B.Sc. હોર્ટીકલ્ચર
★ B.Sc. ફોરેસ્ટ્રી
★ B.Sc. Sericulture
★ B.Sc. ઓસ્નોગ્રાફી
★ B.Sc. મેટલર્જી
★ B.Sc. એન્થ્રોપોલોજી
★ B.Sc. ફોરેન્સિક સાયન્સ
★ B.Sc. ફુડ ટેકનોલોજી
★ B.Sc. ડેરી ટેકનોલોજી
★ B.Sc. હોટલ મેનેજમેન્ટ
★ B.Sc. ફેશન ડિઝાઇન
★ B.Sc. ઇકોનોમિક્સ
★ B.Sc. માસ કોમ્યુનિકેશન
★ B.Sc. ઇલેક્ટ્રોનિક મીડિયા
★ B.Sc. મલ્ટી મીડિયા
★ B.Sc. ૩-ડી એનિમેશન

## હ્યુમેનિટીસ કોર્સ (૩ વર્ષ)

★ એડવર્ટાઇઝીંગ
★ બી.એ. જનરલ
★ ક્રિમિનોલોજી
★ ઇકોનોમિક્સ
★ ફાઇન આર્ટસ
★ ફોરેન લેંગ્વેજીસ
★ હોમ સાયન્સ
★ સોશિયોલોજી
★ ઇન્ટીરીયર ડિઝાઇન
★ જર્નાલિઝમ
★ લાઇબ્રેરી સાયન્સ
★ ફિઝિકલ એજ્યુકેશન
★ પોલીટીકલ સાયન્સ
★ સાઇકોલોજી
★ સોશિયલ વર્ક
★ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ

## મેનેજમેન્ટ કોર્સ (૩ વર્ષ)

★ બિઝનેસ મેનેજમેન્ટ
★ બેંક મેનેજમેન્ટ
★ ઇવેન્ટ મેનેજમેન્ટ
★ હોસ્પિટલ મેનેજમેન્ટ
★ હોટલ મેનેજમેન્ટ
★ લોજિસ્ટીક મેનેજમેન્ટ
★ હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ

## કોમર્સ (૩ વર્ષ)

★ C.A. – ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
★ C.M.A. કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટ
★ C.S. કંપની સેક્રેટરી / ફાઉન્ડેશન
★ B.Com. રેગ્યુલર
★ B.Com. ટેક્ષેશન / ટેક્ષ પ્રોસીજર
★ B.Com. ટ્રાવેલ એન્ડ ટુરિઝમ
★ B.Com. બેંક મેનેજમેન્ટ
★ B.Com. પ્રોફેશનલ
★ BBA / BBM રેગ્યુલર
★ BFM બેચલર ઇન ફાઇનાન્સિયલ માર્કેટસ
★ BMS બેચલર ઇન મેનેજમેન્ટ સ્ટડીઝ
★ BAF બેચલર્સ ઇન એકાઉન્ટીંગ એન્ડ ફાઇનાન્સ
★ સર્ટીફાઇડ સ્ટોક બ્રોકર એન્ડ ઇન્વેસ્ટમેન્ટ એનાલિસ્ટ
★ સર્ટીફાઇડ ફાઇનાન્સિયલ એનાલિસ્ટ
★ સર્ટીફાઇડ ફાઇનાન્સિયલ પ્લાનર
★ ઇન્વેસ્ટમેન્ટ બેન્કર

## લૉ કોર્સ

★ એલ.એલ.બી.
★ બી.એ. એલએલબી
★ બી.કોમ. એલએલબી
★ બીબીએમ એલએલબી
★ બીબીએ એલએલબી
★ બી.સી.એ.
★ બી.સી.એસ.



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **રેલવે :** એપ્રિલ મહિનાથી કચ્છ અને મુંબઈ વચ્ચે દોડતી કચ્છ એક્સપ્રેસ તથા સયાજીનગરી ટ્રેનોમાં એલ.એસ.બી. કોચ પશ્ચિમ રેલવે દ્વારા જોડવામાં આવશે. જેથી મુસાફરોને આરામદાયક મુસાફરીની સગવડ મળશે. આ કોચમાં ૮૦ જેટલી સીટની સગવડ મળશે જ્યારે થર્ડ એસીમાં ૭૨ સીટની, સેકન્ડ એસીમાં ૪૮ સીટની સગવડ થશે. જેથી વેઈટિંગ લિસ્ટનું પ્રમાણ ઘટી જશે.

★ **કચ્છ માટે નવી પાણી યોજના મંજૂર :** તાજેતરમાં કચ્છ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં રૂા. ૮૮.૦૪ લાખના ખર્ચે યોજનાઓની મંજૂરી મળેલ છે. જેમાં વાસ્મો દ્વારા ભુજ તાલુકામાં - ૨ : ગોરવાલી અને ખારોડા, ભચાઉ તાલુકામાં - ૨ : કલ્યાણપર અને બાંભણકા જ્યારે રાપર તાલુકામાં- ૧ : ખીરઈ ખાતે નવી પાણી યોજના તેમજ માંડવી તાલુકાના આશારાણી ગામની પાણી યોજનાને રૂા. ૫.૪૨ લાખની સુધરેલી મંજૂરી આપવામાં આવી હતી. સમિતિ દ્વારા અગાઉ મંજૂર યોજનાની કરાયેલ સમીક્ષા અનુસાર કુલ બાવન (૫૨) યોજનામાંથી ૩૮ યોજના પૂર્ણ થઈ ગઈ છે. ૯ યોજનામાં ૫૦ ટકાથી વધુ પ્રગતિ અને એક યોજના ૫૦ ટકા પ્રગતિમાં હોવાનું જણાવાયું હતું.

★ **સ્વજનની સેવા :** જેનરિક અને રાહત દરે મળતી દવા પણ જેમને ખરીદવાની પોષાતી ન હોય તેવા કચ્છના જરૂરતમંદ દર્દીઓને સ્વજન સંસ્થા ખરા અર્થમાં સ્વજન બની સધિયારો આપી રહી છે. છેલ્લા ચાર વર્ષથી ચાલતી આ સંસ્થાની સેવાનો કોઈ પણ નાતજાતના ભેદ વગર આશરે ચાલીસ હજાર જેટલા જરૂરતમંદ દર્દીઓએ વિનામૂલ્યે દવાઓનો લાભ મેળવેલ છે.

★ **કચ્છની હસ્તકળા ઓનલાઇન :** કચ્છના લાખોંદ નજીક આવેલા 'ખમીર' ક્રાફ્ટ કેન્દ્ર ખાતે વિશ્વપ્રસિદ્ધ ઓનલાઇન ઈ-કોમર્સ કંપની ઓઝોન ઇન્ડિયા દ્વારા કચ્છના હસ્તકલા કારીગરોને તેમના ઉત્પાદનોને સીધું તેમના પોર્ટલ પર વેચાણ કરવા માટે વિશાળ ખુલ્લી બજારનો લાભ મેળવવા એક દિવસીય તાલીમ અને માર્ગદર્શન કેમ્પ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ઓનલાઈન વેચાણ અંગેની માહિતી, વક્તવ્ય તથા વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા સમજાવ્યું હતું.

★ **મધ ઉત્પાદનમાં ૫૦ ટકા ઘટાડો :** જિલ્લા વન વિકાસ નિગમ લિ. કુદરતી ખોળે ઉછરતી એપીસ ક્લોરિયા નામની મધમાખી દ્વારા દર વર્ષે એક હજાર ક્વિન્ટલ મધનું ઉત્પાદન કરાય છે. કચ્છમાં કુદરતી મધ એકત્ર કરવાની મોસમ ખૂબ જ ટૂંકી, ૧૫મી માર્ચથી લઈ ૨૦મી એપ્રિલ સુધીની હોય છે. આ વર્ષે વન વિકાસ નિગમ ૧૫૦૦ ક્વિન્ટલ મધ એકત્ર કરવાના લક્ષ્યાંક નિર્ધારીત કર્યા પછી અત્યાર સુધી ૬૧૫ ક્વિન્ટલ મધ એકત્ર થયું છે. પરંતુ ચાલુ સાલે લાંબી શિયાળાની શીત મોસમ, વાદળછાયુ વાતાવરણ, આંબાના વૃક્ષો પર સમયસર મોર ન આવવા, દાડમ જેવા બાગાયતી પાકો પર વધુ પ્રમાણમાં છાંટવામાં આવતી રાસાયણિક દવાઓ તેમજ વન વિકાસ નિગમની નકારાત્મક નીતિઓને કારણે કચ્છમાં મધ ઉત્પાદનમાં ભારે ઘટાડો થયો છે.
કચ્છમાં કુદરતી મધના ઉજળા સંજોગો હોવા છતાં મધ એકત્ર કરવાના વ્યવસાય સાથે માત્ર અમુક જ્ઞાતિના લોકો જ સંકળાયેલા છે. જેના લીધે પણ મધનું ધાર્યું ઉત્પાદન થતું નથી.

★ **કચ્છ યુનિ.ના રાસાયણિક વિભાગ દ્વારા સંશોધન :** કચ્છી મેવો ખારેકનો છોડ ભવિષ્યમાં નર રહેશે કે માદા એવું ઐતિહાસિક લાભદાયી સંશોધન કરનાર કચ્છ યુનિવર્સિટીના રસાયણ વિભાગ એ પણ સંશોધન કરે છે કે નાના છોડમાંથી ઉત્પાદિત થનારી ખારેકમાં મીઠાશનું પ્રમાણ કેટલું રહેશે. આ સંશોધન દ્વારા નર માદાની ચકાસણીના લાભની કિંમત રૂા. ૧૦૦/- જેટલી રાખવામાં આવી છે, જે ખેડૂતોને પણ પોષાય તેમ છે.

★ **બાંધણી કારીગરના રાષ્ટ્રીય ઍવોર્ડ :** કચ્છ અંજારના હસ્તકલા બાંધણી કારીગર મહમદભાઈ ખત્રીને ગજી સિલ્ક કાપડ ઉપર બાંધણીકામ દ્વારા રાષ્ટ્રીય ઍવોર્ડ માટે ઉત્કૃષ્ટ નમૂના માટે વર્ષ ૨૦૧૬નો રાષ્ટ્રીય ઍવોર્ડ રાષ્ટ્રપતિના હસ્તે અર્પણ કરવામાં આવશે.

★ **કચ્છી રંગીન કલા - રોગનકલાને ચોથો રાષ્ટ્રીય એવોર્ડ :** વિશ્વમાં અજોડ ગણાતી કચ્છી રંગીન કલા રોગનને હસ્ત શિલ્પ વિકાસ આયુક્ત વસ્ત્ર મંત્રાલય ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬ માટેના રાષ્ટ્રીય કલા ઍવોર્ડ માટે કચ્છ નિરોણાના વતની અને રોગન કલાના કસબી હાજી આરબ હાસમ ખત્રી પસંદગી પામ્યા છે. આ કલાને અગાઉ પણ ત્રણ રાષ્ટ્રીય કલા સર્ટીફિકેટ તથા રાજ્યકક્ષાના ઍવોર્ડ મળી ચૂક્યા છે. સદીઓ પૂર્વે તુર્કી, ઈરાન અને મધ્યપૂર્વના દેશોમાંથી વાયા સિંધ પાકિસ્તાનથી આવેલ ખત્રી મુસ્લિમ

પરિવારો સાથે આ કલા કચ્છમાં આવીને પાવરપટ્ટીના નિરોણા ગામના બે ખત્રી પરિવારમાં સચવાઈ છે. ઉપરોક્ત ઍવોર્ડમાં હાજી આરબને રૂા. ૧ લાખ તથા તામ્રપત્ર રાષ્ટ્રપતિના હસ્તે અર્પણ થશે.

★ **દુષ્કાળથી થઈ સિંધુ સભ્યતા ખતમ :** ભૂસ્તરશાસ્ત્રના શોધકર્તાઓ તેમજ આઈ.આઈ.ટી. ખડગપુરના વૈજ્ઞાનિકોએ પાંચ હજાર વર્ષ દરમ્યાનના ચોમાસાની પેટર્નનો અભ્યાસ કર્યા બાદ તારણ કાઢ્યું કે ૪૩૫૦ વર્ષ પહેલાની સિંધુ ખીણ સભ્યતા પૂરા ૯૦૦ વર્ષ સુધી ચાલેલા દુકાળથી ખતમ થઈ હતી. આ સમય દરમ્યાન ઉત્તર પશ્ચિમ હિમાલયમાં નહિંવત્ વરસાદ થયો હતો જેના કારણે જે નદીઓના કાંઠે સિંધુ સભ્યતા વસી હતી તે નદીઓ સૂકાઈ ગઈ હતી તથા લોકો જ્યાં સારો વરસાદ થતો તે પૂર્વ - દક્ષિણના ભાગોમાં ચાલ્યા ગયા.

★ **કચ્છમાં બી.એસ.એન.એલ.ના લાખો મોબાઈલ ધારકો થયા :** તાજેતરમાં કચ્છ જિલ્લા ભારત સંચાર નિગમ સલાહકાર સમિતિની બેઠકમાં જણાવ્યું હતું કે કચ્છમાં પ્રિ-પેઈડ મોબાઈલ ધારકોની સંખ્યા ૨.૩૨ લાખને પાર કરી ગઈ છે. સામે લેન્ડલાઈન ધારકોની સંખ્યા ઘટીને ૩૩ હજાર જેટલી થઈ ગઈ છે.

★ **બાળસખા યોજના :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળ સખા યોજના-૩ હેઠળ રાજ્યમાં ઓછા વજન (૧.૫ કિ.ગ્રા કરતા ઓછા વજન) સાથે જન્મેલા બાળકોને ખાનગી સંસ્થાના બાળરોગ નિષ્ણાતનો એન.આઈ.સી.યુ.માં મફત સારવાર અપાવી શકાશે. જે માટે દાખલ કરવા અંગે રૂા. ૩૦ કરોડની વર્ષ ૨૦૧૮-૧૯ માટે વહીવટી મંજૂરી અપાઈ છે. જેમાં દાખલ થનાર બાળકદીઠ સારવારના ખર્ચ તેના એક સંબંધી (માતા)ને સાથે રાખવાનો (રહેવા - જમવાની વ્યવસ્થા) અને અનુસાંગીક અંદાજિત ખર્ચ પેટે એક દિવસના રૂા. ૭૦૦૦/- લેખે ૭ દિવસના રૂા. ૪૯,૦૦૦/- ચૂકવાશે. જન્મ બાદના ૨૮ દિવસના સમયમાં લાભાર્થીને અન્ય રોગ માટે ફરી દાખલ કરવાની જરૂર પડે તો તે અલગ એડમિશન ગણાશે. કચ્છમાં નીચે મુજબના છ બાળરોગ નિષ્ણાત સેવા આપવા જોડાયેલ છે : (૧) ભુજની શ્યામ મેડિકેરના : ડૉ. એકતા ઠક્કર, (૨) ગાંધીધામની તન્મેય ચિલ્ડ્રન હોસ્પિટલના : ડૉ. અલ્પેશ શાહ, (૩) ગાંધીધામની કિલ્લોલ બાળકોની હોસ્પિટલના : ડૉ. નીતિન ઠક્કર, (૪) રીલીફ ચિલ્ડ્રન હોસ્પિટલના : ડૉ. કલ્પેશ ભોજવાણી, (૫) અંજારની સ્પર્શ ચિલ્ડ્રન હોસ્પિટલના : ડૉ. અનંત હોંગલ, (૬) મુસ્કાન બાળકોની હોસ્પિટલ - અંજારના : ડૉ. પરેશ જી. દેત્રોજા.

## લઘુ કથા : ગુણકારી

*– હરિત પંડ્યા*

"અરે પ્રભા! ક્યાંથી ભૂલી પડી આજે?' બેનપણીને ઘરમાં પ્રવેશતી ભાળીને નિશાએ કહ્યું,

"ભૂલી નથી પડી. ચાહીને આવી છું અમે લાંબા પ્રવાસે ગયેલાં. પાછાં ફર્યા ત્યારે તારી કંકોતરી જોઈ. સહેજ નવરાશ મળતાં દોડી આવી તને મળવા. ચાલ, તને ખૂબ ખૂબ અભિનંદન અને ઢેર સારી શુભેચ્છાઓ, શું કામ લઈને બેઠી છું, અત્યારના પહોરમાં?" નિશાના હાથમાં કશાકનું પડીકું ભાળીને પ્રભાએ પૂછ્યું.

"આ, સંક્રાંત આવે છે, તે તલસાંકળી બનાવવી છે. એની તૈયારીમાં પડી છું" કહેતાં નિશાએ હાથમાંના પડીકાના તલ થાળીમાં કાઢ્યા.

"તે, તું કાળા તલની તલસાંકળી બનાવે છે?"

"હા. કાયમ."

"મને તો કાળા તલ દીઠે ગમતા નથી."

"સફેદ તલ કરતાં કાળા વધુ ગુણકારી, એમ વૈદો કહે છે. અમે તો દ્રાક્ષ, મરી અને મગ પણ કાળાં જ વાપરીએ છીએ. આપણે તો એના ગુણ જોવાના, એના રંગ સાથે આપણને શી લેવાદેવા" નિશાએ કહ્યું.

"નથી તારા મિસ્ટર ઘેર? ઓળખાણ તો કરાવ" નિશાની વાત પર ખાસ ધ્યાન આપ્યા વિના પ્રભાએ કહ્યું.

"એ બજાર ગયા છે. હમણાં આવવામાં." નિશાએ કહ્યું.

ત્યાં, પ્રબોધનાં પગલાં સંભળાયાં.

"આવી ગયા? થોડી વાર થઈ, નહીં?" નિશાએ કહ્યું.

"હા. બે-ચાર કામ પતાવવાનાં હતાં ને. તારા ચંપલ સંધાઈ ગયા. તારી સાડી, ફોલ બીડિંગ મૂકવા દરજીને આપેલી એય લેતો આવ્યો. ઉતરાણ માટે આપણે બેય માટે ગોગલ્સ લેવા રહ્યો એમાં સહેજ મોડું થઈ ગયું. આ બેન કોણ?" પ્રબોધની નજર પ્રભા પર પડતાં એણે નિશાને પૂછ્યું.

"આ મારી નાનપણની બેનપણી પ્રભા. અને પ્રભા, આ મારા મિસ્ટર."

નિશાના મિસ્ટર તરફ જોતાં પ્રભાએ હળવો આંચકો અનુભવ્યો. એની નજર થાળીમાંના તલ અને નિશાના પતિ પર વારાફરતી ફરતી રહી. અને એની નજરમાં નરી નફરત છલકાતી હતી.

બીજી જ પળે પ્રભાને એનો પતિ યાદ આવી ગયો. ફૂટડો, રૂપાળો, પણ...એને નિશાની ઈર્ષા થવા લાગી. એ પ્રબોધને અહોભાવથી જોઈ રહી. ■

# વયસ્ક સમિતિ

**સમિતિ તરફથી તા. ૧૩-૩-૨૦૧૮ના રોજ હેલ્પ એજ ઇન્ડિયા અને કેનેરા બેંકના સહકારથી યોજાયેલા કાર્યક્રમની તસવીરી ઝલક**




મંચસ્થ મહાનુભાવો.



દીપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો




હાસ્ય કલાકાર શ્રી સીરાજુદ્દીન રંગવાલાનું સન્માન કરતા ડાબેથી શ્રી સમાવતાર, શ્રી બાવીસી, શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી રજનીકાંત પારેખ.





કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત શ્રોતાગણ

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **મહેન્દ્ર દલસુખલાલ પુજ**
  એચ-૬, કોમલ એન્કલેવ, પી.ટી. કૉલેજ રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **વિશાલ મહેન્દ્ર શાહ**
  એ-૬૦૧, દેવ સોલીટેર, પ્રહલાદ નગર રોડ,
  ગ્રીન એકરની સામે, બંસરી બંગ્લોઝ પાસે,
  પ્રહલાદ નગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## પુત્રી જન્મ

- **સોમવાર, તા. ૨૬-૩-૨૦૧૮**
  **ચિ. હેત્વી હેમાલી વિશાલ હરખચંદ ગોસર**
  **(ગોધરા - સુરેન્દ્રનગર)**

## અવસાન નોંધ

- **શુક્રવાર, તા. ૯-૨-૨૦૧૮**
  **માતુશ્રી કુંવરબાઈ (ભચીબાઈ) રતનશી ખેરાજ વીરા (ઉં.વ. ૯૮)**
  **(દેવપુર, અમદાવાદ)**
  ***તેઓ ૮મા ઉપવાસે સંથારો સીઝવાથી અરિહંત શરણ પામેલ.***

## સાભાર સ્વીકાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં સેવા આપતા **ડૉ. દેવાંગ શાહ,** M.D. (Physician)ની પ્રેરણાથી નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન પ્રાપ્ત થયેલ છે.

★ રૂા. ૬૦,૦૦૦/- : **શ્રી નિરીશ બાબુભાઈ શાહ** તરફથી ફેફસાની કેપેસિટી માપતું PFT (પલ્મોનરી ફંકશન ટેસ્ટ)નું સ્પીડોમીટર મશીન તથા એક પ્રિન્ટર, કોમ્પ્યુટર સિસ્ટમ સાથે સપ્રેમ મળેલ છે.

★ રૂા. ૪૦,૦૦૦/- : **શ્રીમતી દીપલ ધવલ શાહ** તરફથી ફિઝિયોથેરાપી વિભાગ માટે ન્યુમેટીક કોમ્પ્રેશન થેરાપી મશીન સપ્રેમ મળેલ છે.

***સંસ્થા, ડૉ. દેવાંગ શાહ તથા ઉપરોક્ત બંને દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

★

★ શ્રી જયેશ ભવાનજી નાગડા - અમદાવાદ તરફથી તેમની દોહિત્રી ચિ. સ્વરા છાયા જસ્મિન શાહના જન્મ નિમિત્તે નીચે મુજબ દાન પ્રાપ્ત થયેલ છે.

રૂા. ૫૦૦/- શ્રી વર્ધમાન અન્નક્ષેત્ર ખાતે
રૂા. ૫૦૦/- વૈયાવચ્ચ ખાતે
રૂા. ૫૦૦/- ડાયાલિસિસ સેન્ટર ખાતે
રૂા. ૫૦૦/- વયસ્ક સમિતિ ખાતે
રૂા. ૫૦૦/- સાધર્મિક સહાય ખાતે
રૂા. ૫૦૦/- શૈક્ષણિક સહાય ખાતે
રૂા. ૫૦૦/- તબીબી સહાય ખાતે

★ રૂા. ૨૫૦૦/- શ્રી રજનીકાંત ગોહીલ તરફથી તબીબી સહાય ખાતે પ્રાપ્ત થયેલ છે.

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે ચાલતા ડાયાલિસિસ સેન્ટર ખાતે માસ એપ્રિલ-૨૦૧૮ દરમિયાન નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી કાયમી / દૈનિક તિથિનું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.*

| ક્રમ | દાતાશ્રીનું નામ | કાયમી તિથિ | દૈનિક તિથિ |
|---|---|---|---|
| ૧. | માતુશ્રી ચંદનબેન કુંવરજી નાગડા (નલિયા - અમદાવાદ)<br>હ. હીરેન કુંવરજી શાહ | તા. ૧૩-૫-૨૦૧૮ | |
| ૨. | શ્રી લાલજી વેલજી ચેરિટેબલ ટ્રસ્ટ<br>શ્રીમતી ઉંમરબેન લાલજી વેલજી શાહ એન્કરવાલાની સ્મૃતિમાં | તા. ૧૭-૫-૨૦૧૮ | |

*બાકી રહેતી તિથિઓ માટે જો કોઈ દિલાવર દાતા ઈચ્છે તો પોતાનું નામ નોંધાવી શકે છે.*

**કાયમી તિથિ : રૂા. ૧,૧૧,૧૧૧/- ● દૈનિક તિથિ : રૂા. ૧૧,૧૧૧/-**

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા યોજાઇ ગયેલ કેરિયર ગાઇડન્સ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપ - ૨૦૧૮

વર્ષ ૨૦૧૪માં શરૂ કરેલ મિશનના પરિણામરૂપે તારીખ ૧ થી ૭ એપ્રિલ, ૨૦૧૮ દરમિયાન કારકિર્દી અંગે સમજ આપવા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ફરી એક વખત પ્રો. ડૉ. જયરાજ પંડ્યાના કો-ઓર્ડિનેશન દ્વારા વર્કશોપનું આયોજન કરેલ હતું. જેનો મુખ્ય હેતુ હતો કે શ્રી કચ્છી જૈન સમાજ અને અન્ય સમાજના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને કરિયર નક્કી કરવા અંગે યોગ્ય માર્ગદર્શન મળે અને તેને લગતું જરૂરી એક્સ્પોઝર મળે. જેથી તેમને બહારની દુનિયા વિશે સમજ અને જાણકારી વધે તેવો પ્રયત્ન કરવો. વર્કશોપ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં ૨૨૫થી વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ ચૂક્યા છે.

આ મિશનનું – આ વર્કશોપનું આ પાંચમું વર્ષ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ કરિયર ગાઇડન્સ વર્કશોપમાં ત્રણ બાબતો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં કરિયર નક્કી કરવા માટે અલગ અલગ વિષયના તજજ્ઞોને આમંત્રણ અને અમદાવાદ કે આસપાસમાં આવેલ ભારતની વિશ્વવિખ્યાત એજ્યુકેશન સંસ્થાની મુલાકાત અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવી વિવિધ પ્રવૃત્તિ સાથે વર્કશોપ ખૂબ સફળ રહેલ હતો, હંમેશ કરતાં કંઈક વિશેષ...

***આ વર્ષે વર્કશોપમાં જે તજજ્ઞોને આમંત્રણ આપવામાં આવ્યું હતું તેમની માહિતી નીચે મુજબ છે :***

| *ક્રમ* | *વિષય* | *વ્યક્તિ ઓળખ* |
|---|---|---|
| ૧. | જીવનમાં આગળ કેમ વધાય? | આર.જે. વશિષ્ઠ |
| ૨. | સાયન્સ ગ્રુપ કોને લેવું? વિકલ્પો? | પ્રો. રમેશ કટારિયા |
| ૩. | કોમર્સમાં અભ્યાસ અને વિષયો | પ્રો. દીપક રાસ્તે |
| ૪. | રીસર્ચ અને સ્કોલરશિપ | ડૉ. કાજલ ગાલા |
| ૫. | આર્ટસમાં કરિયરના વિકલ્પો | પ્રિ. સિરાલી મહેતા |
| ૬. | I.T. ટ્રેન્ડ્સ | શ્રી અનિસ ચીનુભાઈ |
| ૭. | પ્રોફેશનલ કોર્સિસ – CA, CS | મૌલી શાહ |
| ૮. | એનિમેશન અને ફિલ્મ મેકિંગ | શ્રી શાશ્વત શાહ |
| ૯. | કેરિયરમાં 'A' ગ્રુપના વિકલ્પો | પ્રો. જ્વલંત વોરા |
| ૧૦. | મિડિયા અને કેરિયર | શ્રી જયજીત ત્રિવેદી (નવગુજરાત સમય) |
| ૧૧. | મેડિકલ અને પેરા મેડિકલ વિશે સમજ | ડૉ. અનુરાધા ગુર્જર |
| ૧૨. | મેડિકલ અભ્યાસ, મહેનત, વિકલ્પો | ડૉ. નીતુ પરીખ (M.D. Physician) |
| ૧૩. | ફેશન ડિઝાઇનમાં કેરિયર | રૂષિતા ગરૂડ |
| ૧૪. | ઓળખો આપણા અમદાવાદને | ઝલક પટેલ |
| ૧૫. | ફિટનેસ અને ફૂડ હેબિટ્સ | નમ્રતા શાહ |
| ૧૬. | ક્રિએટીવ થિન્કીંગ | પ્રો. જયરાજ પંડ્યા |
| ૧૭. | IIT - JEEની તૈયારી | પ્રો. રાકેશ બોથરા |
| ૧૮. | સફળ પર્સનાલિટી, એડ બનાવવી, ક્રિએટીવ રમતો | પ્રો. જયરાજ પંડ્યા |

આ ઉપરાંત વર્કશોપના વિદ્યાર્થીઓએ અમદાવાદમાં આવેલ Indian Institute of Management (IIM), National Institute of Design (NID), CEPT (Center for Environmental Planning & Technology) અને ગાંધીનગરમાં આવેલ Pandit Dindayal Petroleum University (PDPU) જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ પ્રકારનો આ પાંચમો વર્કશોપ એક સફળ આયોજનપૂર્વક ૧ એપ્રિલથી ૭ એપ્રિલ સુધી યોજાઈ ગયો. જેની વધારે માહિતી ભાગ લેનાર વિદ્યાર્થી

- વાલી જ આપી શકે. અંતિમ દિવસે સાંજે વાલીઓ સાથે એક મિટિંગનું આયોજન કરી વર્કશોપ અંગેની વિસ્તૃત માહિતી આપેલ અને તેમના અભિપ્રાય તથા સજેશન અંગેની ચર્ચા વિચારણા કરેલ. દરેક વાલીઓનો એક જ સૂર હતો કે અમારા બાળકોએ ખૂબ જ આનંદ સાથે નવી બાબતો અંગેની સમજ મેળવેલ છે. આ વર્કશોપ ફક્ત ભણતર અંગે જ મહત્ત્વનો નહીં, પરંતુ જીવન ઘડતરમાં પણ ખૂબ જ ઉપયોગી થશે. આવા પ્રકારની પ્રવૃત્તિ સમસ્ત સમાજની એક ખૂબ મોટી સેવા છે અને વિદ્યાર્થીની કારકિર્દી માટે મહત્ત્વનું પાસું છે.

આ વર્કશોપમાં ઘણા જ નવા પ્રયોગો કરવામાં આવેલ હતા :

૧. સમિતિના સભ્ય દેવેન છેડા, કે જેઓ ફેકલ્ટી તરીકે ઘણી જગ્યાએ લેક્ચર આપવા જાય છે, તેમણે "સફળ બિઝનેસમેન બનો" ઉપર વક્તવ્ય આપેલ હતું.

૨. સમિતિના નવા સભ્ય નમ્રતા દોશી, કે જેઓ Media Marketing વિશે ઘણી ઊંડી સમજ ધરાવે છે, તેમણે આધુનિક જમાનાને અનુરૂપ "સોશિયલ મીડિયા માર્કેટિંગ" વિષય ઉપર વક્તવ્ય આપેલ.

૩. સમાજના જ (અને 'સંકલ્પ'ના જૂના એક્ટીવ સભ્ય) બીના શાહે "વિદેશમાં અભ્યાસ" (Education Abroad) વિષયે ઓસ્ટ્રેલિયાથી Live Web Cam ઉપર Skype ઉપર વક્તવ્ય આપેલ હતું.

૪. બાળકોને અને કુટુંબમાં દરરોજ ન્યુઝપેપર વાંચવાની આદત નાખવા માટે દરરોજ વિદ્યાર્થી પાસેથી અત્રે મંગાવીને ન્યુઝ પેપર વંચાવવામાં આવતું હતું. (આ દરમિયાન ઘણા મા-બાપે ખુશી સમાચાર આપ્યા હતા કે હવેથી અમારા ઘરે છાપું (ન્યુઝ પેપર) વાંચવાનું શરૂ થઈ ગયેલ છે!)

૫. દરરોજ સવારે 'આદર્શ અમદાવાદ' તરફથી ટ્રેઈનિંગ પ્રાપ્ત કરેલ યોગ શિક્ષક દ્વારા યોગાસનોથી દિવસની શરૂઆત થતી હતી.

વર્કશોપના અંતિમ દિવસે ભાગ લેનાર વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. જેને માણવા અને સમિતિના કાર્યકરોને પ્રોત્સાહિત કરવા સમાજના ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સમિતિના સભ્યો હાજર રહેલ.

પણ અંતે એમ કહી શકાય કે આ પ્રકારનો આવો વર્કશોપ સમગ્ર ગુજરાતમાં, અરે મુંબઈમાં પણ ક્યાંય - આટલા દિવસનો - આટલી ઊંડાણપૂર્વક સમજ સાથે થતો નથી. અને એ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને દેશ અને સમાજના વિકાસ માટે યોગદાન આપવા બદલ જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા કહેવાય. (ડૉ. પ્રો. જયરાજ પંડ્યા દ્વારા)

આ વર્કશોપ શક્ય બનાવવા માટે કામ કરતી સમગ્ર ટીમનો ઉલ્લેખ જો અહીં ના કરીએ તો વાત એકદમ અયોગ્ય કહેવાય. શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના સભ્યોની અથાગ મહેનતના પરિણામે આ વર્કશોપ સફળ રહેલ છે. ખાસ ઉલ્લેખ કરીએ તો શ્રીમતી સ્મિતાબેન વિશાલ શાહ કે જેઓ વર્કશોપનાં પહેલા દિવસથી સવારે ૧૦ કલાકથી સાંજે ૬.૩૦ કલાકે વર્કશોપ પૂરો થાય ત્યાં સુધીની સતત ૭ દિવસ સુધી હાજર રહી પોતાની સેવા આપી હતી તે ખરેખર સરાહનીય છે.

★ ***સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલનના પાયાના કાર્યકરો :*** દેવેશ દંડ, નમ્રતા દોશી, વિપાંશી છેડા.

★ ***સહકાર :*** આશિષ દોશી, બોબી (મનીષ) શાહ, વિશાલ શાહ, રોહિત સંઘવી, રજનીકાંત પારેખ, વિમેશ શાહ.

★ ***અહેવાલ :*** હીરેન શાહ

**કાર્યક્રમની ફળશ્રુતિ :**

*(વાલીઓ અને બાળકો બંને માટે)*

૧. વિદ્યાર્થીઓને કઈ કેરિયર બનાવવી તે સમજાયું.

૨. કેરિઅર નક્કી કરવાની ખૂબી - ખામીઓ જોતા શીખ્યા.

૩. News Paper અને Googleનો ઉપયોગ કરી તથા Collegeની વિઝીટ કરી કેમ તપાસ કરવી તે જાણ્યું.

૪. જાહેરમાં બોલતાં, પ્રશ્નો પૂછતા શીખ્યા.

૫. Mobile, TV, FB, Whats App નો પ્રયોગ ઘટાડતા આવડ્યું.

## વર્કશોપમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ અને તેમના વાલીના

## વર્કશોપ અંગેના મંતવ્યો

★ **સ્મિત પૂનમભાઈ મહેતા**

Before the planning of this event, I was not insterested but after coming here, it is worth to come here and share out views.

★ **નીલય દેવેશ દંડ**

I had an estimated idea of my future, but this presentations has created a clear point of that plan and helped ahead.

★ **નિમેષ ધર્મેશભાઈ મહેતા**

I was not sure about my Engineering - IT field but after this workshop, I was sure about it. I also gained confidence and surity about being a good student in this field. I am sure this workshop will be remembered by me throughout the life.

★ **શ્રેયા સુનિલભાઈ છેડા**

It really help me to be more clear about

my career & it even developed confidence in me.

★ **ભક્તિ ગૌતમ દોલત**

This workshop has really helped me to know my ability and skill that what I can do. This workshop has helped all of us to select a proper career.

★ **શ્રેયા સંજયભાઈ જાડાવાલા**

This was the best workshop for career and guidance which helped many students every year which help the student to secure their career and achieve their goals.

★ **ખુશ્બુ પરેશ શાહ**

This workshop has really helped me to shape my career and it should be conducted every year and I really thank Kutchi Jain Seva Samaj.

★ **હેત જગત ગાંધી**

This workshop will help me to achieve my goal. Due to this workshop, I have now a clarity that what to do in future. It should be conducted after 12th also.

★ **ભક્તિ ભરતકુમાર મહેતા**

First of all I am very thankful to Shri Kutchhi Jain Seva Samaj to organize such a career guidance workshop. After completing this workshop, I am very clear about my ambitions so I am very thankful to Jayraj Sir for a proper guidance in workshop. I suggest to attend this workshop because this is a proper guidance. Thanks to Dr. Jayraj Pandya and Shri Kutchhi Jain Seva Samaj.

★ **સંયમ ચેતનકુમાર વોરા**

I had an estimated ideas of my career plan but this presentations has created a clear point of that plan & helped ahead.

★ **નેત્રી હિતેશ જીવાણી**

This workshop is helpful to me in gaining knowledge about the career options, enrollment exams and job/business opportunities. It helped me to discover career opportunities that were hardly thought about. It helped develope habit of reading and creativity.

★ **હેત જગત ગાંધીના વાલી**

મારૂં એક સજેશન એ છે કે પ્રેઝન્ટેશનનો કાર્યક્રમ પણ વર્કશોપમાં સાથે રાખો તો પ્રતિસાદ સારો મળશે.

★ **સંયમ ચેતનકુમાર વોરાના વાલી**

આ વર્કશોપ ખરેખર બાળકો માટે સારો છે. મારા મંતવ્ય પ્રમાણે ધોરણ-૧૨ પછી પણ વર્કશોપ રાખશો જેથી બાળકોને આગળ કઈ લાઈનમાં જવું તે જાણવા મળે.

***આંખો બંધ કરવાથી મુસીબત જતી નથી અને મુસીબત આવ્યા વિના આંખ ઊઘડતી નથી.***

## યુવા વિકાસ સમિતિ

### રાહત દરે નોટબુક - ચોપડા વિતરણ

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૯ અને ૧૦ જૂન, ૨૦૧૮ના રોજ રાહત દરે નોટબુક / ચોપડા વિતરણ કરવામાં આવનાર છે. જેની જાહેરાત 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૧૮ના અંકમાં કરવામાં આવેલ છે.

રાહત દરે નોટબુક / ચોપડા મેળવવા માટે ભરવાનું ફોર્મ તા. ૨૫-૫-૨૦૧૮ સુધી જ સ્વીકારવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આ અંકમાં **પાના નં.-૮૮** ઉપર આ જ ફોર્મ ફરી એકવાર આપેલ છે.

*ડૉ. કેતન શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

*સ્થળ :* શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

*ફોન સંપર્ક :* (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

*સમય :* સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી ગરીબ વિદ્યાર્થીઓનો સેમિનાર

શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ તરફથી કેરિયર ગાઈડન્સ વર્કશોપ સંપૂર્ણ થયા બાદ તા. ૮-૪-૨૦૧૮ના રોજ પાલડી ભવન ખાતે રામાપીરનો ટેકરો (નવા વાડજ) વિસ્તારમાં રહેતા અને ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા ઝુંપડામાં રહેતા બાળકોનો એક દિવસીય સેમિનાર આયોજાઈ ગયો.

૨૨ બાળકોએ (પોતાના ૧ શિક્ષક સાથે) એક આખો દિવસ સવારનાં ચા-નાસ્તો, જમવાનું અને સાંજે નાસ્તો માણવા સહિત, કારકિર્દી અંગેનું માર્ગદર્શન મેળવ્યું.

તેઓના પ્રશ્નો, વિચારો અને સામાન્ય જ્ઞાન તેમનાં માહોલને અનુરૂપ હોવા છતાં, કેટલાક વિદ્યાર્થીઓમાં ખૂબ જ સારી સમજ અને ચમક જોવા મળી હતી.

શ્રી માનવ સાધના ટ્રસ્ટ તરફથી આ સેમિનારના બદલામાં આખીયે કેરિયર ગાઈડન્સ વર્કશોપ દરમિયાન માત્ર રૂા. ૨૦/- પ્રતિ કિ.મી.ના દરે એક સ્કૂલ બસ મોકલવામાં આવી હતી, તે આપણા બાળકોને બધી જ એજ્યુકેશનલ ઇંન્સ્ટિટ્યૂટ્સમાં ફેરવવામાં કામ લાગી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી વિમેશ શાહ દ્વારા ગોઠવવામાં આવેલ હતું કે જેઓ શ્રી માનવ સાધના ટ્રસ્ટ સાથે સંકળાયેલા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય કલગીમાં એક વધુ પીંછુ ઉમેરાયું છે. હવે આ દર વર્ષે કાયમ રહેશે એવી આશા રાખીએ છીએ.

***<u>ખાસ નોંધ</u>*** : ૧૦-૧૨ વર્ષથી આપણી સંસ્થા સાથે સંકળાયેલા ડૉ. જયરાજ પંડ્યાએ કોઈપણ ચાર્જ કે ફી લીધા વગર આ સેમિનાર પીરસ્યો હતો.

***અહેવાલ : પ્રદીપ મહેતા, દેવેન છેડા***

## "સરસ્વતી સન્માન"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીને હાર્દિક અભિનંદન પાઠવે છે. બાળવર્ગથી ઉચ્ચ શિક્ષણ સુધીના ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીને સમાજના નિયમાનુસાર પુરસ્કાર આપવામાં આવે છે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને વિશિષ્ટ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે. જેની કાર્યવાહી પુરસ્કાર સમિતિ દ્વારા થાય છે.

આ અંકમા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવા માટેના ફોર્મ અન્યત્ર છાપવામાં આવ્યા છે. ફોર્મ ભરતી વખતે સૂચનાઓ વાંચવા વિનંતી. ધોરણ બાળવર્ગથી ૭મા ધોરણ સુધી ફોર્મ - A અને ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટે ફોર્મ - B એમ અલગ અલગ ફોર્મ છે. તો જે તે ધોરણ મુજબ ફોર્મ ભરવા વિનંતી.

***ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૧-૭-૨૦૧૮ સુધીની જ છે જેની ખાસ નોંધ લેવી.***

ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટે માર્કશીટનું બીડાણ જરૂરી છે. માર્કશીટ જો મોડી આવવાની હોય તો પણ ફોર્મમાં નોંધ લખીને ફોર્મ સંસ્થાની ઓફિસ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે પહોંચતા કરશો. માર્કશીટ પછીથી મોકલી આપશો.

બાળવર્ગથી ધોરણ-૭ અને ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટેના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે આપવામાં આવશે. તો સભ્યોને ખાસ વિનંતી કે તે જ દિવસે પોતાના પુરસ્કાર મેળવી લેવા. પછીથી ક્ષમા.

***<u>નોંધ</u> : ફોર્મમાં નોંધણી ક્રમાંકમાં A લખેલ છે તે બાળવર્ગથી ધોરણ-૭ સુધી અને B લખેલ છે તે ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગના વિદ્યાર્થીઓ માટેના ફોર્મ છે.***

***Aમાં માર્કશીટની જરૂર નથી.***

***Bમાં માર્કશીટની અવશ્ય જરૂર છે.***

***પંકજ મેઘજી ગોગરી, કન્વીનર - પુરસ્કાર સમિતિ***

## રાષ્ટ્રની સંપત્તિ

**સુભાષચંદ્ર બોઝ આઈ.એ.એસ.ની પરીક્ષા આપી રહ્યા હતા. મૌખિક પરીક્ષામાં તેઓ બધા પ્રશ્નોના સહેલાઈથી ઉત્તર આપી રહ્યા હતા. પરીક્ષકને થયું, આ તો બધા જવાબ આપી દેશે, તો પરીક્ષા બરાબર નહીં ગણાય. આથી તેમણે એક વીંટી મૂકી અને કહ્યું, 'મિસ્ટર બોઝ, આ વીંટીમાંથી પસાર થઈ જાઓ.' બોઝ ક્યાં પાછા પડે તેવા હતા! તેમણે એક કાગળનો ટુકડો લઈ તેના ઉપર પોતાનું નામ લખ્યું. પછી તે કાગળ વાળીને વીંટીમાંથી પસાર કરી દીધો.**

**મૌખિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી લેખિત પરીક્ષા આપવાની હતી. તેમને પ્રશ્નપત્ર આપવામાં આવ્યું. લખતા લખતા એક વાક્ય આગળ તેઓ અટક્યા અને કહ્યું, 'આ વાક્ય ખોટું છે. તેને રદ કરો તો જ પરીક્ષા આપીશ.' પરીક્ષકે કહ્યું, 'વાક્ય સાચું છે કે ખોટું તે તમારે જોવાનું નથી. તમારે તો માત્ર ભાષાંતર કરવાનું છે.' આથી બોઝે કહ્યું, 'આ વાક્ય રદ કરો, નહિંતર હું પરીક્ષા નહીં આપું.' તેમ કરવાની સ્પષ્ટ ના સાંભળી સુભાષચંદ્ર બોઝે કહ્યું, 'આવી પરીક્ષા આપીને મારે પાસ થવું નથી. તમારી આવી નોકરી કરવા હું બિલકુલ રાજી નથી.' એમ કહી તેઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્રને ફાડી નાખ્યા અને ત્યાંથી નીકળી ગયા. તેમને જે વાક્યનું ભાષાંતર કરવા આપ્યું હતું તેનો અર્થ એવો થતો હતો કે, ભારતીય સૈનિકો મોટાભાગે અપ્રામાણિક હોય છે. દેશનું આવું અપમાન સુભાષબાબુ કેવી રીતે સહન કરી શકે? રાષ્ટ્રભક્તિ અને દેશદાઝ ધરાવતા આવા યુવાનો જ રાષ્ટ્રની સાચી સંપત્તિ ગણાય છે.**

***– રોહિત દવે***

## વયસ્ક સમિતિ

સમિતિ તરફથી તા. ૧૩-૩-૨૦૧૮ના રોજ હેલ્પ એજ ઇન્ડિયા અને કેનેરા બેંકના સહકારથી એક કાર્યક્રમ યોજાઈ ગયો.

સૌપ્રથમ સ્ટેજ ઉપર સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા અને માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહને આમંત્રિત કરવામાં આવેલ હતા. ત્યારબાદ સમાજ સુરક્ષાના અધિકારી શ્રી મનીષભાઈ કાપડિયા, હેલ્પ એજ ઇન્ડિયાના ગુજરાત સ્ટેટના જોઈન્ટ ડાયરેક્ટર અને હેડ શ્રી અનિલકુમાર મેસી, કેનેરા બેંકના ગુજરાત રીજીઅનના હેડ અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર શ્રી એમ.ટી. બાવીસ્કર અને અમદાવાદ મેગા સિટી સિનિયર સિટીઝન ક્લબના શ્રી ઈન્દ્રવદન સી. શાહને સ્ટેજ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા.

સૌપ્રથમ વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત પારેખે સૌને આવકાર્યા હતા. ત્યારબાદ સ્ટેજ પર બિરાજમાન મહાનુભાવોએ દીપ પ્રગટાવીને કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી.

હેલ્પ એજ ઇન્ડિયાના શ્રી અનિલકુમાર મેસી તરફથી સ્ટેજ પર બિરાજમાન સર્વે મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજના હોદ્દેદારો દ્વારા શ્રી મનીષભાઈ કાપડિયા, શ્રી અનિલકુમાર મેસી, શ્રી એમ.ટી. બાવીસ્કર અને શ્રી આઈ.સી. શાહ સાહેબનું મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. તો હેલ્પએજ ઇન્ડિયા અને કેનેરા બેંક — બંનેના હોદ્દેદારો તરફથી સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા અને માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહનું ટોકન ઓફ લવ આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

હેલ્પ એજ ઇન્ડિયા દ્વારા યોજાયેલ નિબંધ, ચિત્રકામ અને પ્રોજેક્ટ હરીફાઈ જેનો વિષય હતો "When I will be 64"ના ૧૧ જજોને હેલ્પેજ ઇન્ડિયા દ્વારા ટ્રોફી આપી બહુમાન કરવામાં આવેલ હતું.

જજોને આ ટ્રોફી હેલ્પેજ ઇન્ડિયાના અનિલકુમાર મેસી, આનંદ કુનિલાય અને આશિષ મેકવાન દ્વારા; કેનેરા બેંકના બાવીસ્કર દ્વારા, આઈ.સી. શાહ દ્વારા, સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા, માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ, સમાજના વડીલ શ્રી મગનભાઈ સંઘવી, શ્રી હીરજીબાપા, શ્રી મીરાંબેન દંડ અને શ્રીમતી હંસાબેન સાવલા દ્વારા અર્પણ કરવામાં આવેલ.

ત્યારબાદ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહે સૌને આવકારીને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા.

સમાજ સુરક્ષાના અધિકારી શ્રી મનીષ કાપડિયાએ સરકારશ્રી તરફથી વડીલોને મળતી સગવડો અને કાનૂની સહાય અંગે માર્ગદર્શન આપેલ હતું તેમજ કોઈપણ વડીલને કોઈપણ જાતની સમસ્યા હોય તો તેના સમાધાન માટે કોઈપણ સમયે મદદ કરવા માટે તત્પરતા બતાવી હતી.

શ્રી એમ.ટી. બાવીસ્કરે કેનેરા બેંકની વિવિધ પ્રવૃત્તિઓ અંગે તેમજ વડીલો માટે મેડીક્લેઈમ અંગે માહિતી આપી હતી.

શ્રી અનિલકુમાર મેસીએ હેલ્પએજ ઇન્ડિયાની વડીલો વિશેની જુદી જુદી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી તેમજ ભારતમાં હાલની વડીલોની સ્થિતિ અને ભવિષ્યમાં પડનારી તકલીફો અને તેના નિવારણ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે વડીલોની સમસ્યા અંગે છણાવટ કરી સંસ્થા તરફથી મેડિકલ સેન્ટરમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં વડીલોને પ્રાધાન્ય આપવા માટેની જાહેરાત કરી હતી.

ખૂબ જ ઊંચા ગજાના હાસ્ય કલાકાર શ્રી સિરાઝુદ્દીન રંગવાલાએ સમગ્ર પ્રેક્ષકોને પોતાની કલાથી પ્રભાવિત કર્યા હતા.

અંતમાં સૌ ભોજન લઈને છૂટા પડ્યા હતા.

***(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૭૬)***

★

તા. ૧૭-૩-૨૦૧૮ને શનિવારના રોજ સવારે ૯ વાગે પાલડી ભવનથી રમણિકલાલ ગોસરના સંગાથે ભક્તિમય વાતાવરણમાં સૌ ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર પહોંચ્યા.

ખૂબ જ આધુનિક ટેકનિક અને આર્કિટેક્ટથી શોભતી ભવ્ય ઈમારતમાં પ્રવેશ બાદ સૌને દૃશ્ય - શ્રવણ યંત્ર આપવામાં આવ્યા. તે પહેરીને મહાત્મા ગાંધીના જીવન ચરિત્ર પર આધારિત આ પ્રદર્શન જોયું. જેમાં જગ્યાએ જગ્યાએ ૨-ડી, થ્રી-ડી અને ફોર-ડી દૃશ્ય શ્રવણ જોઈ - સાંભળી સૌ વડીલો ભાવવિભોર થઈ, શાળા કૉલેજ દરમિયાન સ્વાતંત્ર્યનો ઈતિહાસ, વીરોની અમરગાથા, દાંડીકૂચ યાત્રા, સરદારનો સંઘર્ષ વગેરેના અભ્યાસની યાદ તાજી કરી. પ્રદર્શન જોયા બાદ સૌ શાહીબાગ ભવન ખાતે આવ્યા. કેટલાકે 'કચ્છ મ્યુઝિયમ' નિહાળ્યું. આરામ બાદ સૌ સરદાર પટેલ સ્મારક આવ્યા. અહીં સરદાર પટેલની આઝાદી માટેના સંઘર્ષ અને જિંદગી ન્યોચ્છાવરીનું ચલચિત્ર જોયું. તેમના જીવનના તબક્કાવાર જગ્યાના ફોટોગ્રાફ્સ, મોડેલ સિક્કાઓ, તેમને મળેલી ભેટો, રાજાઓ સાથે કુનેહબુદ્ધિથી અખંડ ભારત બનાવ્યાની ગાથાના ચિત્રો, શિલ્પો અને અંતમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો ની મજા માણી. ત્યારબાદ સૌ પાલડી ભવન પરત આવ્યા. સાંજના જમણ માટે ભદ્રાબા વાઘેલા તરફથી સહયોગ સાંપડ્યો હતો. સૌ વડીલોએ તે જાહેરાતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતી.

### આગામી કાર્યક્રમ

તા. ૧૩-૫-૨૦૧૮ને રવિવારના રોજ સાંજે ૪.૩૦ વાગ્યાથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આગામી કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં અદ્‌ભુત ક્લીપનો કાર્યક્રમ, હાસ્ય કલાકાર અને હાઉસી ગેમની મજા માણીશું. ભોજન બાદ છૂટા પડીશું.

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

# મેરેજ બ્યુરો સમિતિ

## રવિવાર, તા. ૨૨-૪-૨૦૧૮ના રોજ ટાઉન હોલમાં થયેલ કાર્યક્રમ અંગેનો અહેવાલ



લાયન્સ ક્લબ ઓફ સરખેજ તથા સપ્તપદી મેરેજ બ્યુરો — આ સંસ્થાઓ તરફથી સમસ્ત જૈન સમાજ માટે જીવનસાથી પસંદગી મહાસંમેલન તા. ૨૨-૪-૨૦૧૮ રવિવારે આયોજન કરવાનું અને તેમાં સંયુક્તપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પણ જોડાવવા માટેનો પ્રસ્તાવ માર્ચ-૨૦૧૮ના બીજા સપ્તાહમાં આવેલ. આ સૂચનને પૂજ્ય શ્રી હીરજીબાપાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો પાસે મૂક્યો અને એમણે પણ આ પ્રસ્તાવને વધાવી લીધો.

આ મહાસંમેલનમાં આપણી સંસ્થામાંથી પણ દીકરા તથા દીકરીઓ ઉમેદવારી કરી શકે. અત્યારની પરિસ્થિતિમાં પહેલાની જેમ પારિવારિક સ્તરે એકબીજાને આંગળી ચીંધવાની પ્રથા લુપ્ત થવાને આરે છે તેવા સમયે આપણી સામાજિક સંસ્થા આમાં આગેવાની લઈ ઉમેદવારો માટે મધ્યસ્થી સ્વરૂપે રહીએ તેવા હકારાત્મક અભિગમ સાથે આપણે પણ આ મહાસંમેલનમાં જોડાયેલ. આપણી સંસ્થા તરફથી ખૂબ જ ટૂંકા સમયમાં ૯૩ દીકરા-દીકરીઓએ ઉમેદવારી નોંધાવેલ હતી.

આ મહાસંમેલનમાં સંયુક્તપણે કુલ્લે ૩૮૮ ઉમેદવારો જોડાયા. જેના થકી આપણા ઉમેદવારોને પણ ઘણી વધારે પસંદગી મળી શકેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી બાપા, આપણી સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ, માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ, આમંત્રિત ટ્રસ્ટ મંડળ અને કારોબારીના સભ્યો તેમજ મેરેજ બ્યુરો સમિતિના સભ્યો તથા વોલન્ટીયર્સ — એમ બહોળી સંખ્યામાં બધાએ હાજરી આપી.

ટાઉનહોલ ખાતે બરાબર બપોરે ૨.૩૦ વાગે શ્રી હીરજીબાપા તથા મંચસ્થ સર્વે મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી પ્રોગ્રામ શરૂ કરાયો.

શ્રી હીરજીબાપાને લાયન્સ ક્લબ - સરખેજ તથા સપ્તપદી મેરેજ બ્યુરોએ 'સમાજરત્ન' ઍવોર્ડથી સન્માનિત કરેલ અને લાયન્સ ક્લબ ઓફ નરોડાએ પણ હીરજીબાપાના ઘણા વર્ષો જૂના ઈતિહાસનું સંસ્મરણ કરી બાપાને સન્માનિત કર્યા. ત્યારબાદ આપણી સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ તથા માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહનું પણ શાલ તથા પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું.

આપણી સંસ્થા વતી સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે એક ટૂંકુ પ્રવચન આપેલ. અન્ય મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરી કાર્યક્રમ તેના મૂળ ઉદ્દેશ તરફ આગળ વધ્યો.

આવેલ ઉમેદવારોને પોતાના પરિચય માટે વારાફરથી સ્ટેજ ઉપર બોલાવવામાં આવ્યા. ઉમેદવાર દીકરા, દીકરીઓએ પોતપોતાનો ટૂંકમાં પરિચય આપી અને પસંદગી પણ જણાવેલ. પસંદગીના પાત્રો સાથે શક્ય હોય તેટલી મિટિંગો પણ બેક સ્ટેજમાં ચાલુ કરાવેલ. આમ, મિટિંગો તથા પરિચય બંને સાથે ચાલુ રહ્યા. આ તમામ કામગીરીમાં લાયન્સ ક્લબ - સરખેજ તથા સપ્તપદી મેરેજ બ્યુરોવાળા શ્રી મહેન્દ્રભાઈ મોદી અને એમની















ટીમનો ખૂબ જ સારો સાથ-સહકાર રહ્યા. આપણી સંસ્થા તરફથી શ્રીમતી વીણાબેન સંઘવી, શ્રી ગિરીશભાઈ દેઢિયા તથા તેમની ટીમની કામગીરી ખૂબ જ ઉત્તમ પ્રકારની રહી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે અગાઉ કરેલા પાંચ સંમેલનમાં મળેલી સફળતા પ્રમાણે અત્યારે પણ દીકરા - દીકરીઓએ કરેલી મિટિંગોનું પરિણામ એક કે બે મહિનામાં આવે અને કરેલી અથાગ મહેનતનું યોગ્ય ફળ મળે એવી ભાવના સાથે સાંજે ૬.૩૦ વાગ્યા પછી બધા ભોજન લઈને છૂટા પડ્યા.

## બાલ સમૃદ્ધિ યોજના સમિતિ

સમિતિ દ્વારા વેકેશનના સદુપયોગ નિમિત્તે તા. ૧૫-૫-૨૦૧૮થી તા. ૧૯-૫-૨૦૧૮ના રોજ બપોરે ૩ થી ૫ દરમિયાન ધોરણ-૩ થી ઉપરના વિદ્યાર્થીઓ માટે ચિત્રકામનો એક વર્કશોપ – નવનીત ભવન, આણંદજી કલ્યાણજી બ્લોક્સ, બહેરામપુરા, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે.

ભાગ લેવા ઈચ્છનાર વ્યક્તિએ પોતાના નામ પાલડી ભવન ખાતે નોંધાવવા વિનંતી છે.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧, ૪૮૯૦ ૬૦૦૨, ૪૮૯૦ ૬૦૦૩

★

બાલ સમૃધ્ધિ યોજના સમિતિ દ્વારા તા. ૫-૬-૨૦૧૮, મંગળવારના રોજ સવારે ૧૦.૦૦થી ૧૨.૩૦ સુધી ISROની મુલાકાત યોજવામાં આવેલ છે. ફક્ત પચાસ જણાને જ લઈ જવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર રૂા. ૫૦/- ભરીને પોતાના નામ નોંધાવવા વિનંતી છે.

નામ નોંધાવનાર વ્યક્તિઓએ ઈસરો - જોધપુર ખાતે સવારે ૧૦.૦૦ વાગે પોતાની રીતે આવવાનું રહેશે. સમિતિ તરફથી કોઈ સગવડ કરેલ નથી.

*મગનલાલ સંઘવી, કન્વીનર - બાલ સમૃધ્ધિ યોજના સમિતિ*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## "ચાલો, Tech Savvy થઈએ" – કાર્યક્રમ



શુક્રવાર, તા. ૨૩-૩-૨૦૧૮ના રોજ બપોરના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે "ચાલો, Tech Savvy થઈએ" કાર્યક્રમ આયોજિત કરાયો હતો. આધુનિક Tech Savvy જિંદગી સાથે કદમ મિલાવવા ઈચ્છતી બહેનોએ ઉત્સુકતાપૂર્વક ભાગ લીધો અને ઉમંગભેર છૂટા પડ્યા હતા.

Ms. નમ્રતા બ્રિજેશ દોશીએ (IT જાણકાર - સમાજની દીકરી) મોબાઈલની Apps – જેવી કે Paytm, UBER, Amazon India વગેરે વાપરતા practically શીખવ્યું હતું. મોબાઈલની Apps ને સ્ક્રીન પર લાવી, Log-in થી શરૂ કરીને છેક Amazon ની ખરીદી સુધી Step by step વિસ્તારથી શીખવ્યું હતું, જે ઘણું કપરું કામ હતું.



કાર્યક્રમના ઉત્તરાર્ધમાં Ms. ગુંજલ આશિષ શાહ (IT જાણકાર અને સમાજની પુત્રવધૂ)એ બહેનોને Google Search ની મદદથી દુનિયાની મહત્તમ વસ્તુઓની જાણકારી મેળવતા અને GPSથી કોઈ પણ જગ્યાનું એડ્રેસ શોધતા શીખવ્યું હતું.

બહેનો ખરા અર્થમાં practically શીખ્યા હતા કેમકે સ્ક્રીન ઉપર બદલાતી Slide સાથે જ, તેઓ પોતાના મોબાઈલમાં એ જ App Operate કરતા શીખ્યા હતા. બહેનોને personally Guide કરવા વોલન્ટિયર્સની ટીમ પણ હાજર હતી.



નમ્રતા દોશી અને ગુંજલ શાહની મહેનતને લીધે સૌને ક્લાસરૂમમાં ભણતા હોવાનો અહેસાસ થયો હતો. હવે રીક્ષાની બદલે UBER બુક કરાવીને Paytm થી પેમેન્ટ જાતે કરી શકે તેવી ટ્રેનિંગ આપવામાં આવી હતી.

બંને Expert બહેનોનું બહુમાન શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલાના હસ્તે કરાયું હતું.

*સુલુ જલદીપ શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

*હૃદયથી નમવું જરૂરી છે, ખાલી માથું નમાવવાથી પરિણામ નથી આવતું.*

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શરૂ કરે છે

**● વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ ●**

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

**સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ ● સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે, પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. તેવા સંજોગોમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમજ અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

**મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગના મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે, તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ આ ઉપરાંત અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ કરવામાં આવશે.

**ખાસ સુચના :** આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. — edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ અને સમય : સોમથી શનિ : સવારે ૧૧થી ૫.

(એક સિટિંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

## WHO IS A PSYCHOLOGIST?

A psychologist is an expert in the study of human behaviour. A child psychologist specialises in understanding the thought process and actions of children. They help children in dealing with learning issues, disabilities and other psychological disorders such as anxiety or depression. In addition to this, a psychologist also performs the following duties :

★ Address a student's academic, behavioural, emotional and social needs.

★ Help deal with various stressors in life. e.g. Exam stress, peer pressure, bullying etc.

★ Guidance to parents and all those related to the child to understand the child's psyche.

★ Guide students to discover and polish their competencies to excel in life.

★ Help children deal with adolescent issues.

★ Help children and adolescents dealing with family - related issues, such loss, illness or divorce.

Shri Kutchi Jain Seva Samaj, Education and Overall Development wing, bring forth a new service : Guidance and Counselling especially for children, students and parents. Starting from February 2017, Psychologist Disha Chhadva will be available at the Bhavan on every 3rd Sunday of the month from 10 a.m. to 1 p.m.

***Date*** : 2nd Sunday of every month.
***Venue*** : Shri Kutchi Jain Seva Samaj, Paldi.
***Time*** : 10 a.m. to 1 p.m.
***Contact*** : 98250 61160

***"We know what we are, but we don't know what we can become!"***

# ઊડતી નજરે....

## માસ માર્ચ-૨૦૧૮ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ........ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૧૪,૨૪૬** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૭૧૬** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૬૦** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ **૨૦** | |
| | ● | સોનોગ્રાફી ........ **૧,૪૭૪** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ **૨૭** | |
| | ● | બોડી ચેક-અપ ........ **૬૬૩** | |
| | ● | અન્ય ........ **૧૧,૨૮૬** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૮૭૪** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૩૯૬** | **૩,૨૭૦** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૧,૯૮૨** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૫,૨૪૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૬૯૭** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........ **૯૫૦** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૫૨૮** | **૯,૩૯૭** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૩૯૯** | **૩૯૯** |
| | | માસ માર્ચ-૨૦૧૮ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | **૨૭,૩૧૨** |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૯૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# યુવા વિકાસ સમિતિ

## નોટબુક - ચોપડા વિતરણ ફોર્મ

ફોર્મ નં. : ____________
(સંસ્થાએ ભરવાની વિગત)

સભ્યનું નામ : ________________ વસતિપત્રક ક્રમાંક નં. : ____________

રહેઠાણનું સરનામું : ________________

________________

ફોન : ____________ મોબાઈલ : ____________

વિદ્યાર્થીનું નામ : (૧) ________________ ઉંમર : ________ ધોરણ : ________

(૨) ________________ ઉંમર : ________ ધોરણ : ________

(૩) ________________ ઉંમર : ________ ધોરણ : ________

(૪) ________________ ઉંમર : ________ ધોરણ : ________

| નોટબુક ચોપડાની વિગત | પ્રતિ ડઝનનો રાહત ભાવ | | કુલ ડઝન | | રકમ (રૂપીયામાં) |
|---|---|---|---|---|---|
| ★ A-4 ચોપડા (૧૪૦ પાના) | રૂા. ૨૫૬/- | X | | = | |
| ★ A-5 નોટબુક (૧૭૬ પાના) | રૂા. ૨૦૦/- | X | | = | |
| | | | | કુલ રકમ... | |

કુલ રકમ (શબ્દોમાં) : રૂપીયા ________________

ફોર્મ ભર્યાની તારીખ : ____________ રસીદ નંબર : ____________ સભ્યની સહી ____________

CUT FROM HERE

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૮માં બાળવર્ગથી ધોરણ-૭ સુધીના પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક

A –

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

વર્ષ ૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : __________ મોબાઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ __________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________

______________________ પીન __________ ફોન __________

તા. – – ૨૦૧૮ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય M / F | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળાનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.

★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને મોકલવી.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૭-૨૦૧૮**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૧-૭-૨૦૧૮** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબીડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

(૪) ફોર્મ તા. ૩૧-૭-૨૦૧૮ સુધી જ સ્વીકારવામાં આવશે.

*પંકજ મેઘજી ગોગરી, કન્વીનર - પુરસ્કાર સમિતિ*

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૮માં ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક
**B –**

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________________
(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

વર્ષ ૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : __________ મોબાઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ __________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________________

______________________________ પીન __________ ફોન __________

તા. – – ૨૦૧૮ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય M / F | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |

**★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદ્દબાત્તલ થશે.**

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૦૭-૨૦૧૮**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૧-૦૭-૨૦૧૮** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૮થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) ફોર્મ તા. ૩૧-૭-૨૦૧૮ સુધી જ સ્વીકારવામાં આવશે.

(૫) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૬) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ખ) (i) ધો. ૮થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓનાં ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૭) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પંકજ મેઘજી ગોગરી,* કન્વીનર - પુરસ્કાર સમિતિ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
માતુશ્રી કંકુબેન કાનજીભાઇ રવજી (નાની ખાખરવાલા))
**શ્રી કચ્છી જૈન સેવા ભવન**
એસ.ટી. સ્ટેન્ડ પાસે, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
પાલડી, અમદાવાદ.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**
શાહીબાગ, અમદાવાદ.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
**શ્રી નવનીત ભવન (આવાસ યોજના)**
બહેરામપુરા, અમદાવાદ.


V-TRANS
Driving Excellence
Unique Features
WIDE NETWORK TO OVER 400 LOCATIONS ACROSS INDIA
BEST IN INDUSTRY INFRASTRUCTURE & IT SUPPORT
RUNS ON PROVEN SYSTEMS & EFFICIENT OPERATIONS
MOVING OVER 10 MILLION PARCELS, WEIGHING OVER 15 LAC TONS WORTH Rs. 35,000 Cr
MODERN, GPS SUPPORTED FLEET OF MORE THAN 800 VEHICLES
ETHICAL ORGANIZATION WITH CORE VALUES, VISION 2020, PURPOSE & QUALITY ASSURANCE
TRUSTED BY OVER 1 MILLION SATISFIED CUSTOMERS FROM ACROSS SME, LARGE & MNC SECTORS
WINNERS OF SEVERAL NATIONAL EXCELLENCE AWARDS
Our Offerings
END TO END MARINE TRANSIT INSURANCE COVER FOR ALL GOODS BOOKED THROUGH US
SPEEDY CLAIM SETTLEMENT
24 X 7 CCTV SURVEILLANCE AT MAJOR HUBS & BRANCHES
100% COMPUTERIZED & DIGITAL ENVIRONMENT
ISO 9000:2008 CERTIFIED COMPANY & FULLY COMPLIANCE DRIVEN
DEDICATED KEY & CORPORATE ACCOUNTS MANAGEMENT
SPECIALISTS IN SAFE, SPEEDY & COST FRIENDLY PARCEL MANAGEMENT AND CUSTOMIZED OFFERINGS
NATIONAL AWARD WINNING CUSTOMER SERVICES TEAM
TOTAL PEACE OF MIND
To know more about us, call us today
CORPORATE OFFICE : V-Trans India Limited, 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management


BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61, Dr. S.S. Rao Road
near Gandhi Hospital, Parel, Mumbai - 400012
Tel: (022) 24124595, 24168645, 24115010, 24104290
blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

